શ્રી શ્રાવક ધર્મ વિધિ

વિવેચક :- મુનિ શુભંકર વિજય

॥ શ્રી નેમિ-વિજ્ઞાન ગ્રન્થમાલા : રત્ન ૧૨ મું ॥
॥ સૂરિસમ્રાટ્ શ્રીવિજયનેમિસૂરીશ્વર-ગુરુભ્યો નમઃ ॥

શ્રી શ્રાવકધર્મ વિધાન

[૧૪૪૪ ગ્રંથના રચયિતા સુગૃહીતનામધેય સૂરિપુરંગવ
શ્રીહરિભદ્રસૂરિવર વિરચિત પંચાશક મહાગ્રંથાન્તર્ગત
પ્રથમ પંચાશકના વિવરણ સ્વરૂપ]

★

—: વિવરણ કર્તા :—

શાસનસમ્રાટ્ જગદ્‌ગુરુ ભટ્ટારકાચાર્ય મહારાજ **શ્રીમદ્ વિજયનેમિ**
સૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર શાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય
મહારાજ **શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી** મહારાજના
પટ્ટધર પ્રાકૃત સાહિત્ય વિશારદ પૂજ્ય આચાર્ય
મહારાજશ્રી **વિજયકસ્તૂરસૂરીશ્વરજી**
મહારાજના વિનેય શિષ્ય મુનિ
મહારાજ **શ્રીયશોભદ્રવિજયજી**
મહારાજના શિષ્ય

મુનિ શુભંકરવિજયજી

★

—: પ્રકાશક :—

શેઠ ઝવેરચન્દ રામાજી ઝવેરી.
મુ. નવસારી.

*

મૂલ્ય ૩-૮-૦

મુદ્રકઃ—ગોવીંદલાલ મોહનલાલ જાની.
ક્રોશ્રા પ્રીન્ટરી, રતનપોળ—અમદાવાદ.

શ્રી નેમિ-વિજ્ઞાન ગ્રંથમાલા

મુખ્ય પ્રાપ્તિસ્થાન
ઝવેરી જીવણભાઇ છોટાલાલ
સંઘવી.
૬, ડોશીવાડાની પોળ
અમદાવાદ.

પ્રાપ્તિસ્થાન
શાહુ જશવંતલાલ ગિરધરલાલ
૬, ૧૨૩૮ કૃપાસુરચંદની પોળ
અમદાવાદ.

શ્રી વીર નિ૰ સંવત ૨૪૭૫
મહા સુદ પૂર્ણિમા

વિક્રમ સંવત ૨૦૦૫
ઇસ્વી સન ૧૯૪૯

પ્રકાશકીય નિવેદન.

શ્રી નેમિ વિજ્ઞાન ગ્રંથમાલાનું આ 'શ્રાવક ધર્મ વિધાન' નામાંકિત બારમું ગ્રંથરત્ન પ્રકાશિત કરતાં અમો હર્ષ અને કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

જે ગ્રંથના આધારે આ પુસ્તિકા રચાઈ છે, તેના આદ્યપ્રણેતા તો મહાન સૂરિપુંગવ અનેકાનેક ગ્રંથ વિરચિતા શ્રીમાન્ હરિભદ્રસુરીશ્વરજી મહારાજ છે કે જેમનું ઋણ જૈન સંઘ કોઇ કાલે ફેડી શકે એમ નથી. આ તો માત્ર તે દિશામાં એક નાનો સરખો પ્રયાસ છે.

બીજી હર્ષની વાત તો એ છે કે અમારા અત્યંત આગ્રહથી સૂરિસમ્રાટ્ જગદ્‌ગુરૂ તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય મહારાજાધિરાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટાલંકાર શાન્તમૂર્તિ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર પ્રાકૃતવિદ્વિશારદ આચાર્ય મહારાજ શ્રીમદ્વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિનયનિધાન શિષ્ય રત્ન મુનિરાજ શ્રીયશોભદ્રવિજયજી મહારાજ સાહેબના શિષ્ય વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રીશુભંકરવિજયજી મહારાજ સાહેબે આ કાર્ય હાથ ધરી ખૂબ ચીવટથી પાર પાડયું છે, તેથી તેઓ સહુના અમો ઋણી છીએ.

આ પુસ્તિકાની અંદર સમ્યક્ત્વ સહિત શ્રાવકોપયોગી બાર વ્રતોની સમાજના વિશ્રમ અને વિદેશી-વિધર્મી સંસ્કારોની અસરને કારણે શોકાતુર બનેલ જન સમુદાયની મનોદશા અને મનોવૃત્તિને લક્ષમાં લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી છે.

તેમજ ભક્ષ્યાભક્ષ્ય વિચાર પણ પ્રશ્નોત્તરીના રુપમાં ચર્ચી વ્યવહારમાં કેવી રીતે તે અમલી કરી શકાય તેનો

અનુસંધ કરવામાં આવ્યો છે, સાથેજ માર્ગદર્શક ટિપ્પણો પણ આપવામાં આવી છે.

છેવટે આ પુસ્તક પ્રકાશનમાં પ્રથમ આર્થીક સહાયક ગોધરાના જાણીતા દાનવીર સદ્‌ગૃહસ્થ શ્રાદ્ધવર્ય શ્રોફ છોટાલાલભાઇના સ્મરણાર્થે તેમના સુપુત્ર રમણલાલ છોટાલાલભાઈએ આપેલ. રુ. ૬૦૦) તેમજ, અન્ય સદ્‌ગૃહસ્થોએ આપેલ ઉદાર સહાયને અમો સાભાર સ્વીકાર કરીએ છીએ. લી. પ્રકાશક.

આ ગ્રન્થ પ્રકાશન કરવામાં દ્રવ્ય સહાય કરનાર ઉદાર દીલ શ્રાદ્ધવર્યોની શુભ નામાવલી.

રુ.	
૬૦૦	ગોધરા નિવાસી સ્વ૦ શ્રોફ છોટાલાલ મનસુખલાલના (જેઓ અનેક ધાર્મિક સંસ્થાઓમાં તથા મેનેજીંગ કમિટિમાં અગ્રગણ્ય હતા અને જેમનું ધાર્મિક અને સદાચારી જીવન અતિ પ્રશંસનીય હતું તેમના) સ્મરણાર્થે તેમના સુપુત્ર પરીખ રમણલાલ છોટાલાલ તરફથી.
૪૦૦	અમદાવાદ કીકાભટ્ટની પોળના ઉપાશ્રય તરફથી.
૧૦૧	સીસોદરાવાળા શેઠ પાનાચંદ ગુલાબચંદના સ્મરણાર્થે. હા. વાલાજી દલાજી.
૫૧	અમદાવાદ સ્વ૦ શેઠ દલપતભાઇ મગનભાઇના ધર્મપત્ની લક્ષ્મીબેન તરફથી.
૫૧	સુરતવાલા સંઘવી ચીમનલાલ ખીમચંદ તરફથી.

જગદ્‌ગુરુ–શાસનસમ્રાટ્‌–સૂરિચક્રચક્રવર્તિ તપાગચ્છાધિપતિ–
પ્રૌઢપ્રભાવશાલી ભટ્ટારકાચાર્યદેવ

શ્રીમાન વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ.

सूरिसम्राट् जगद्वन्द्य–विजयनेमिसूरिराट् ।
राजते राजतेजौभी–राजमानो धरातले ॥

शान्तमूर्ति परमपूज्य प्रातःस्मरणीय जैनाचार्य

श्रीमान् विजयविज्ञानसूरीश्वरजी महाराज

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પ્રાકૃતવિદ્વિશારદ

આચાર્ય શ્રીમદ્વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ

જન્મઃ વિ. સં. ૧૯૫૭ પોષ વદ ૧ અમદાવાદ.

દીક્ષાઃ વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ ૩ મેવાડ

સુરિપદઃ વિ. સં. ૨૦૦૧ ફાગણ વદ ૪ ભુરાનપુર

શ્રેષ્ઠિવર્ય છોટાલાલ મનસુખલાલ (ગોધરા)

જન્મ: સંવત ૧૯૩૭ના અષાડ વદ ૩
દેહાવસાન: સંવત ૨૦૦૪ના ચૈત્ર સુદ ૭

આ પ્રકાશનમાં પ્રથમ સહાયક

પ્રસ્તાવના.

આ ચાર ગતિ રૂપી અનાદિ સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવતા જીવોના દુઃખનો અંત આવે છે કે નહિ ? આ પ્રશ્નના જવાબમાં શ્રીતીર્થંકર દેવોએ જણાવ્યું છે કે જીવોના આ દુઃખોનો અંત અવશ્ય આવે છે, એટલુંજ નહિ, પરંતુ અનંત સુખના સ્થાન રૂપ મોક્ષની પ્રાપ્તિ પણ તે જીવો મેળવી શકે છે. પરંતુ તે મેળવવાને માટે યોગ્યતા તથા પ્રયત્નાદિકની જરૂર છે. અથવા તો જે ભવ્ય જીવો છે અને જેમને સંસારમાં ચરમ પુદ્ગલ પરાવર્ત બાકી છે તેવા જીવો મોક્ષે જઈ શકે છે. વળી તે મોક્ષને માટે ઉપાય તરીકે જ્ઞાન અને ક્રિયાનો સંયોગ જણાવ્યો છે. એટલે કે જ્ઞાન અને ક્રિયાવડે મોક્ષ મેળવી શકાય છે. તે મોક્ષની પ્રાપ્તિ માટે જ્ઞાન ક્રિયાયુક્ત બે માર્ગો શ્રી જિનેશ્વર દેવે જણાવ્યા છે. તેમાંના પ્રથમ માર્ગ ઉપર ચાલવાથી જલદીથી મોક્ષ મેળવી શકાય છે, પરંતુ તે માર્ગ સામાન્ય કોટિના જીવોને અઘરો લાગે છે અને તેથી તે ટુંકા માર્ગે જનારાની સંખ્યા પ્રમાણમાં ઓછીજ હોય છે. આ ટુંકો માર્ગ તે પાંચ મહાવ્રતોની આરાધના રૂપે સાધુધર્મ જણાવ્યો છે. આ માર્ગે જવાને સામાન્ય કોટિના જીવો અશક્ત હોવાથી શ્રીજિનેશ્વર દેવોએ તેવા જીવોને માટે પણ બીજા પ્રકારનો લાંબો છતાં સહેલાઈથી જઇ (આચરી) શકાય તેવો શ્રાવક ધર્મ અથવા દેશવિરતિ ધર્મ જણાવ્યો છે. તેમાં સ્થૂલ પ્રાણાતિપાતાદિક પાંચ અણુવ્રતો, દિક્‌પરિમાણાદિ ત્રણ ગુણવ્રતો અને સામાયિકાદિ ચાર શિક્ષાવ્રતોની આરાધના કરવાની જણાવી છે. આ બીજા પ્રકારના જીવોને અનુલક્ષીને તેઓને આ ધર્મ સાધવામાં ઉપયોગી થાય તેવું જ્ઞાન મળી શકે તે હેતુ લક્ષમાં રાખીને પૂર્વાચાર્યોએ અનેક ગ્રન્થોની રચના કરી છે.

ઉપર જણાવેલ મોક્ષપ્રાપ્તિના હેતુને લક્ષમાં રાખીને ૧૪૪૪ ગ્રન્થના કર્તા પ્રસિદ્ધ આચાર્ય મહારાજ **શ્રીહરિભદ્રસૂરીશ્વરજી**

(જેમનો ટુંકો પરિચય આગળ આપવામાં આવેલ છે) એ પંચાશક નામના ગ્રન્થની રચના કરી છે. દરેક વિષય ઉપર લગભગ પચાસ પચાસ ગાથાઓ હોવાથી તે **પંચાશક** નામથી પ્રસિદ્ધ છે. તેમાં તેઓશ્રીએ દેશવિરતિ શ્રાવકોના ઉપકાર માટે શ્રાવક ધર્મ વિધિ નામનું પ્રથમ પંચાશક (પચાસ ગાથાવાળું) બનાવ્યું છે. અને તે ગાથાઓ ઉપર પ્રસિદ્ધ ટીકાકાર **શ્રીઅભયદેવસૂરીશ્વરે** ટીકાની રચના કરી છે. પરંતુ તે ટીકા સંસ્કૃતમાં હોવાથી તેનો લાભ તે ભાષાના જાણનાર સિવાય બીજા જીવો લઈ શકે નહિ, તેથી તે ઉપયોગી ગ્રન્થનો લાભ બીજા અનેક જીવો પણ લઈ શકે અને તે ગ્રન્થ વાંચી (સમજી) તે દ્વારાએ દેશવિરતિ ધર્મની આરાધના કરીને આત્મહિત સાધી શકે તે હેતુને લક્ષમાં રાખીને, શાસન સમ્રાટ્ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિ સૂરીશ્વરજીના શિષ્યરત્ન શાન્તમૂર્તિ આચાર્ય મહારાજ શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજીના વિદ્વાન પટ્ટશિષ્ય પ્રાકૃત વિશારદ આચાર્ય મહારાજ શ્રીવિજયકસ્તૂરસૂરીશ્વરજીના શિષ્યરત્ન મુનિરાજ શ્રીયશોભદ્રવિજયજીના વિદ્વાન શિષ્ય રત્ન મુનિ મહારાજ શ્રીશુભંકરવિજયજીએ તે પ્રથમ પંચાશકના આધારે આ **શ્રાવકધર્મ વિધાન** નામના ગુજરાતી ગ્રન્થની ઘણાજ વિસ્તારપૂર્વક રચના કરી છે.

આ શ્રાવક ધર્મ વિધાન નામના ગ્રન્થમાં કઈ કઈ બાબતો આપેલી છે તે જણાવતાં પહેલાં મૂલ ગ્રન્થકાર આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીનું ટૂંક વર્ણન આપવું ઉચિત હોવાથી અહીં તે જણાવાય છેઃ-

મૂલ ગ્રન્થકાર આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજીનો પરિચય.

આ મહાપુરૂષનો જન્મ મેવાડમાં આવેલ ચિત્રકૂટ (ચિતોડ) નગરમાં રાજપુરોહિતને ત્યાં થયો હતો. તેઓશ્રી બાળપણમાંજ વ્યાકરણ, કાવ્ય, ન્યાય, સાહિત્ય વગેરેનો અભ્યાસ કરી ચૌદ વિદ્યાના પારગામી થયા હતા. પરંતુ તેમને જ્ઞાનનો અભિમાન હતો. તેથી તેમણે

એવી પ્રતિજ્ઞા કરી હતી કે જેનું કહેલું હું ન સમજું તેનો હું શિષ્ય થાઉં. એક વખત રાજમંદિરથી ઘેર આવતાં રસ્તામાં એક જૈન ઉપાશ્રય આવતો હતો ત્યાં સાધ્વીજી સ્વાધ્યાય કરતા હતા અને તે સાધ્વી તે વખતે "**चक्किदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की। केसवचक्की केसव दुचक्की केसी य चक्की य ।**" એ ગાથાનો પાઠ કરતાં હતાં. આ ગાથા સાંભળીને હરિભદ્રે તેનો અર્થ વિચાર કરવા છતાં નહિ સમજી શકવાથી જ્ઞાનના ગર્વ રહિત થઈ સાધ્વીજી પાસે જઈને કહ્યું કે આ ગાથાનો અર્થ સમજાવી મને આપનો શિષ્ય બનાવો એમ કહી પોતે કરેલી પ્રતિજ્ઞા જણાવી. સાધ્વીથી દીક્ષા અપાય નહિ એવો જૈનાચાર જણાવી સાધ્વીજી હરિભદ્રને શ્રીજિનદત્તાચાર્ય પાસે લઈ ગયા. તેમણે ગાથાનો અર્થ સમજાવ્યો તેથી હરિભદ્રે તેમની પાસે દીક્ષા લીધી. અને પુરોહિત મટીને જૈન સાધુ થયા. હરિભદ્રે સાધ્વીજીને પોતાના ધર્મ જનની તરીકે સ્વીકાર્યા અને તેમની યાદગીરી માટે પોતાને તે સાધ્વીજીના નામ ઉપરથી **याकिनी महुत्तरासूनु** એ પ્રમાણે તેમણે રચેલા ગ્રંથોમાં ઓળખાવ્યા છે.

દીક્ષા લીધા પછી હરિભદ્ર મુનિ પોતાની તીવ્ર બુદ્ધિથી થોડા વખતમાં જૈન આગમોનો અભ્યાસ કરીને વિદ્વાન બન્યા એટલે ગુરૂએ તેમની યોગ્યતા જોઈને આચાર્ય બનાવ્યા. તેમણે ૧૪૦૦ અથવા ૧૪૪૦ ગ્રંથોની રચના કરેલી કહેવાય છે. પરંતુ હાલમાં તો તેમાંના લગભગ ૬૦ ગ્રંથો ઉપલબ્ધ છે. જે ગ્રન્થો દ્રવ્યાનુયોગાદિ ચારે અનુયોગ ઉપર રચેલા છે. વળી અનેકાન્ત જયપતાકા, ષડ્દર્શનસમુચ્ચય વગેરે દર્શન શાસ્ત્રો પણ તેમણે રચ્યા છે. તેમજ યોગબિન્દુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગવિંશિકા વિગેરે યોગનાં ગ્રન્થો તેમણે રચ્યા છે. કહેવાનો સાર એ છે કે તેઓ દરેક વિષયમાં પ્રખર વિદ્વાન હતા, વળી તેમના વખતમાં ચૈત્યવાસી જૈન સાધુઓમાં પેઠેલા સડા સામે તેમણે ઘણો વિરોધ કર્યો હતો અને તે વિષે "સંબોધ પ્રકરણ" નામનો તેમનો ગ્રન્થ સાક્ષી રૂપ છે.

આ આચાર્યશ્રી ક્યા કાળમાં વિદ્યમાન હતા તેનો ચોકસ કાળ જણાયો નથી, તો પણ તેઓ આઠમા સૈકામાં લગભગ ૭૦૦ થી ૭૭૦ સુધીમાં થયા છે એમ તો ઐતિહાસિક પુરાવાઓ ઉપરથી સાબીત થયું છે. તેમના જીવન ચરિત્રની માહિતી પુરી પાડનાર મુખ્યત્વે ત્રણ ગ્રન્થો છે—શ્રીભદ્રેશ્વરસૂરિકૃત **૧ કથાવલિ**, તે લગભગ વિક્રમના બારમા સૈકામાં રચાએલ છે. શ્રી પ્રભાચંદ્રસૂરિકૃત **૨ પ્રભાવક ચરિત્ર** વિ૰ સં૰ ૧૩૩૪માં રચાએલ છે. શ્રી રાજશેખર સૂરિકૃત **૩ પ્રબંધકોશ** વિ૰ સં૰ ૧૩૦૫માં રચાએલ છે.

આ ત્રણ ગ્રન્થકારોના આધારે તેમનું જીવનચરિત્ર જણાવ્યું છે. તેમાં પણ તેમના શિષ્યો સંબંધમાં પ્રભાવક ચરિત્રકાર અને પ્રબંધ કોશકાર જણાવે છે કે— તેમને હંસ અને પરમહંસ નામના બે શિષ્યો હતા. આ બંને શિષ્યો તેમના ભાણેજ હતા. મામાના ઉપદેશથી તેમણે તેમની પાસે દીક્ષા લીધી. જૈનાગમોનો અભ્યાસ કર્યો. તે વખતે બૌદ્ધોનું ઘણું જોર હોવાથી તે શિષ્યોએ બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કરવા બૌદ્ધ મઠમાં જવા માટે ગુરૂ પાસે માગણી કરી; પરંતુ તે વખતે ભિન્ન મતવાળાઓ વચ્ચે ઘણો દ્વેષ ભાવ ચાલતો હોવાથી ગુરૂએ તેમને ત્યાં ન જતાં પોતાની પાસે રહીનેજ અભ્યાસ કરવાનું કહ્યું. પરંતુ તેમણે ગુરૂ પાસેથી પરાણે આજ્ઞા મેળવી અને બૌદ્ધ વિદ્યાપીઠમાં જઈ અભ્યાસ કરવા લાગ્યા. ત્યાં ઘણાં વર્ષો સુધી અભ્યાસ કર્યા પછી તેઓ જૈનો છે એવી ખબર પડી જવાનું જાણીને તેઓ ત્યાંથી નાશી છુટ્યા. પણ બૌદ્ધોના કુલપતિના કહેવાથી બૌદ્ધ રાજાએ બંનેને પકડવાને લશ્કર મોકલ્યું. તેમાં હંસ મરાયો અને પરમહંસ સુરપાળ નામના રાજાની મદદથી ગુરૂ પાસે પહોંચ્યો અને પોતાની વીતક વાત કહીને મરણ પામ્યો. બૌદ્ધોથી પોતાના બંને પ્રિય શિષ્યોનો નાશ થયો જાણીને તેમજ જૈન ધર્મની હીલણા જાણીને તેમણે બૌદ્ધોના કુલપતિને વાદમાં હરાવવા બૌદ્ધ નગર તરફ

વિહાર કર્યો. સુરપાળ રાજાની રાજધાનીમાં આવી તેમણે બૌદ્ધાચાર્યને શાસ્ત્રાર્થ માટે કહેણ મોકલ્યું. બૌદ્ધાચાર્યે જો હારે તેને તેલની ઉકળતી કઢાઇમાં હોમવાની શરતે વાદ કરવાનું કબુલ કર્યું. સુરપાળ રાજાની સભામાં વાદ થયો તેમાં બૌદ્ધાચાર્યે ક્ષણિકવાદનું સ્થાપન કર્યું. તેનું આચાર્યશ્રીએ અકાટ્ય યુકિત પૂર્વક ખંડન કર્યું. સભામાં બૌદ્ધાચાર્યની હાર થવાથી તેમને ઉકળતી કઢાઇમાં હોમાવું પડયું. એ પ્રમાણે બીજા પણ પાંચ છ બૌદ્ધાચાર્યોને પણ વાદમાં હારવાથી હોમાવું પડયું. એવામાં તેમના આજ્ઞા ગુરૂ જિનભદ્રસૂરિએ મોકલેલા બે શિષ્યોએ ગુરૂએ લખેલી ગાથાઓ તેમને આપી તે વાંચવાથી હરિભદ્રસૂરિનો ક્રોધ શાંત થયો. અને શાસ્ત્રાર્થ બંધ થયો. આ પ્રમાણે પ્રભાવક ચરિત્રમાં કહ્યું છે.

આ બાબતમાં પ્રબંધ કોશકાર એમ કહે છે કે તેમનો શિષ્ય પરમહંસ ગુરૂ પાસે પહોંચતાં પહેલાંજ રાત્રે દરવાજા બંધ થઈ જવાથી દરવાજા પાસે સૂતો તે વખતે બૌદ્ધ રાજાના સિપાઈઓએ તેનો શિરચ્છેદ કર્યો હરિભદ્રસૂરિને ખબર પડવાથી તેમણે તેલની કઢાઇઓ ઉકળાવી. પછી આકાશ માર્ગે બૌદ્ધ સાધુઓને પક્ષીના રૂપે ખેંચી લાવીને હોમવા લાગ્યા. તેમના ગુરૂને આ વાતની ખબર પડવાથી તેમણે બે શિષ્યોને ચાર ગાથાઓ આપીને મોકલ્યા. તે વાંચવાથી તેમનો ક્રોધ શાંત થયો. અને તેના પ્રાયશ્ચિત્ત રૂપે ૧૪૪૦ ગ્રન્થોની રચના કરી.

કથાવલિકાર તેમના શિષ્યની બાબતમાં નીચે પ્રમાણે કહે છેઃ— તેમને જિનભદ્ર અને વીરભદ્ર નામના બે વિદ્વાન શિષ્યો હતા. તે વખતે ચિતોડમાં બૌદ્ધોનું ઘણું પ્રાબલ્ય હતું. તેઓ હરિભદ્રના જ્ઞાનની ઘણી ઇર્ષ્યા કરતા હતા. તે બૌદ્ધોએ તેમના તે બંને શિષ્યોને મારી નાખ્યા. આ વાત જાણીને શ્રી હરિભદ્રસૂરિ ઘણા દીલગીર થયા અને અનશન કરવાનું નક્કી કર્યું. પરંતુ શ્રીસંઘે તેમને પ્રવચનના પ્રભાવક જાણીને અનશન કરતા રોકયા. ત્યાર પછી તેમણે જે ગ્રન્થો રચ્યા તેમાં

તેને અન્તે પોતાના પ્રિય શિષ્ય અને ભાણેજનો વિરહ જણાવવાને **ભવવિરહ** એવું પોતાનું **ઉપનામ** રાખ્યું.

આ પ્રમાણે ગ્રન્થકારોનો શિષ્યોની બાબતમાં મતભેદ છતાં તે બંનેનો બૌદ્ધોના હાથથી નાશ થયો તે વાત ચોક્કસ છે. કથાવલિકારે તો આચાર્યશ્રીને છેલ્લા શ્રુતધર જણાવ્યા છે. જો કે હાલમાં તેમનાં ૧૪૪૦ ગ્રન્થો વિદ્યમાન નથી તેમ છતાં તેમનું રચેલું ઘણું વિશાલ સાહિત્ય ઉપલબ્ધ છે. જેમાંનું ઘણું છપાયું છે. કેટલુંક છપાયું નથી. અને કેટલાક ગ્રન્થોનાં તો નામ માત્રજ મળ્યાં છે. એ પ્રમાણે મૂલ ગ્રન્થકારનો ટુંક પરિચય જાણવો. (આ પરિચય શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી છપાએલ આચાર્યશ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટક પ્રકરણમાં આપવામાં આવેલ તેમના જીવન ચરિત્ર ઉપરથી લેવામાં આવેલ છે.)

હવે આ ગ્રન્થમાં મુખ્ય મુખ્ય વિષયો કયા છે તે કાંઈક વિસ્તારથી જોઈએ. આ ગ્રન્થ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચાએલો છે. તેમાં પ્રથમ વિભાગમાં **૧ સમ્યકત્વનું સ્વરૂપ** બીજા વિભાગમાં **૨ બાર વ્રતો** રૂપ **દેશવિરતિનું** વિસ્તારથી સ્વરૂપ તથા ત્રીજા વિભાગમાં **૩ શ્રાવકની કરણી** (દિનચર્યા તથા રાત્રિચર્યા) સમજાવેલ છે. આ ઉપરાંત તે તે વિષયોને લગતા બીજા અનેક પ્રશ્નો અને તેના ઉત્તરો તથા પરિશિષ્ટો પણ આપવામાં આવ્યા છે. આ દરેક વિભાગનું કાંઈક સ્વરૂપ આ પ્રમાણે:—

(૧) સમ્યકત્વ સ્વરૂપ વિભાગ—જો કે આ ગ્રન્થમાં મુખ્યતા શ્રાવક ધર્મની છે (તેથી મંગલાચરણ કર્યા બાદ આચાર્યશ્રીએ શ્રાવક કોને કહેવાય અથવા શ્રાવક નામ શાથી છે તે જણાવ્યું છે) પરંતુ તે શ્રાવક ધર્મની આરાધના પણ સમ્યકત્વ પૂર્વક હોય તોજ લાભદાયી અથવા ફળદાયી થાય છે તેથી અથવા તો શ્રાવક વ્રતો રૂપી વૃક્ષનું સમકિત રૂપી મૂળ છે. જેમ મૂળ વિના વૃક્ષ ટકી શકતું નથી તેમ સમકિત રૂપી મૂળ વિના શ્રાવક ધર્મ ટકી શકતો

નથી. તેથીજ સમકિત મૂલ બાર વ્રત ઉચ્ચરવામાં આવે છે. આ હેતુથી શ્રાવક ધર્મ સમજાવતાં પહેલાં ગ્રન્થકાર મહારાજે સમકિતનું સ્વરૂપ સમજાવ્યું છે. આ વિભાગમાં–સમકિત કોને કહેવાય? પ્રથમ કયું સમકિત થાય? તે સમકિત કોને હોય? જીવને સમકિત હશે કે નહિ તે શાથી જણાય? આ સમકિતના કેટલા પ્રકાર છે? તે સમકિતને કયા કર્મો રોકે છે? સમકિત પામેલા જીવનું સ્વરૂપ કેવું હોય? તેની પ્રાપ્તિ થાય ત્યારે કર્મોની કેટલી કેટલી સ્થિતિ હોય? સમકિતની પ્રાપ્તિ સાથે દેશવિરતિની પ્રાપ્તિ થાય કે કેમ વગેરે હકીકતો ઘણી સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે. તે ઉપરાંત સમકિત કઈ વસ્તુ છે? તે દ્રવ્ય છે? ગુણ છે કે પર્યાય? સમકિત થવામાં કેટલા જ્ઞાનની જરૂર હોય? નવ તત્ત્વમાંથી સમકિત કયા તત્ત્વમાં ગણાય? સમકિતની પ્રાપ્તિ કેવા ક્રમે થાય? કયા કયા સમકિત જીવને એક ભવમાં તથા અનેક ભવમાં કેટલી વાર પ્રાપ્ત થાય? કયા સમકિતથી જીવને મોક્ષ પ્રાપ્તિ થાય? વગેરે ઘણી બીના જણાવવામાં આવી છે.

(૨) દેશવિરતિ વિભાગમાં—આ વિભાગમાં દેશવિરતિ શાથી કહેવાય છે. તેમાં પાંચ અણુવ્રતો કયા કયા છે તે જણાવીને અણુવ્રત શાથી કહેવાય છે, ગુણવ્રત તથા શિક્ષાવ્રત એ નામો પણ કયા હેતુથી કહેલા છે તે સમજાવ્યું છે. તે ઉપરાંત આ બારે વ્રતો અનુક્રમ વાર સમજાવીને દરેક વ્રતના કેટલા કેટલા અતિચારો છે, અતિચાર કોને કહેવાય, અતિચારથી વ્રત ભંગ કેમ નહિ તે બીના જણાવી છે.

આ દરેક વ્રતનો ટુંક સાર આ પ્રમાણેઃ—

૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત—પ્રાણાતિપાત કોને કહેવાય? શ્રાવકના વ્રતોને સ્થૂલ વિશેષણ શા માટે? શ્રાવક કયા જીવોની કેટલી અહિંસા પાળી શકે? પ્રાણાતિપાતનું વર્જન શા માટે કરવું? શ્રાવકનાં વ્રતો સાધુનાં મહાવ્રતોની જેમ જાવજ્જીવ સુધી હોય કે અમુક મુદ્દતનાં? દેશવિરતિમાં અતિચાર કયારે ગણાય તથા વ્રત-

ભંગ કયારે ગણાય? આ વ્રતના પાંચ અતિચારનું સ્વરૂપ. આ અતિચારો કયા કર્મના ઉદયથી લાગે? શ્રાવકે અહિંસા પાળવા કેવી કેવી જયણા રાખવી વગેરે જણાવ્યું છે.

૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત—આ વ્રતમાં કન્યા આદિ સંબંધી પાંચ મોટાં જૂઠનો ત્યાગ કરવો તે ઉપરાંત બીજાં પણ ત્યજી શકાય તેવાં જૂઠનો ત્યાગ કરવો. વળી કયા કયા ભાંગે આ વ્રત લેવાય છે. તથા આ વ્રતમાં પણ પાંચ અતિચારો લાગે છે તેનો ત્યાગ કરવાનું જણાવ્યું છે.

૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત— અદત્ત એટલે ચોરી તેનો સ્થૂલથી ત્યાગ કરવાનું આ વ્રતમાં જણાવ્યું છે. આ વ્રતમાં કઈ કઇ મોટી ચોરીનો શ્રાવકે અવશ્ય ત્યાગ કરવો જોઈએ. ચોર કેટલા પ્રકારના છે તે તથા આ વ્રતમાં પાંચ અતિચારો શાથી લાગે તે સમજાવ્યું છે.

૪ સ્વદારા સંતોષ પરસ્ત્રીગમન વિરમણ વ્રત—આ વ્રતમાં સ્વદારા કોને કહેવાય તથા પરસ્ત્રી કોને કહેવાય તે વિસ્તારથી સમજાવ્યું છે. પર સ્ત્રીના ત્યાગમાં સ્વસ્ત્રી સંતોષનો સમાવેશ નથી તે જણાવી આ વ્રતમાં કયા કયા મૈથુનનો ત્યાગ કરવો. વળી આ વ્રત શ્રાવક કયા કયા પ્રકારે ઉચ્ચરી શકે. સામાન્યથી આ વ્રતમાં પાંચ અતિચારો છે, છતાં આ વ્રત કઈ કઈ રીતે ઉચ્ચરનારને કયા કયા અતિચારો લાગે વગેરે યથાર્થ સમજુતી પૂર્વક કહેલું છે. તે ઉપરાંત આ વ્રત ઉચ્ચરનાર સ્ત્રીઓએ પણ આ વ્રત કેવી રીતે પાલવું. તેને પણ પાંચ અતિચારોમાંથી કયા અતિચારો કયારે લાગે તે સમજાવ્યું છે.

૫ સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત—આ વ્રતમાં શ્રાવકે પોતાની પાસે રાખવા યોગ્ય ધન ધાન્યાદિકના ઉપયોગનું પરિમાણ કરવું. આ પરિમાણ કરવાથી તેને શો લાભ થાય છે. મુખ્યત્વે નવ પ્રકારના પરિગ્રહો છે તે જણાવીને આ વ્રતમાં કયા અતિચારો કયારે લાગે

છે અને વ્રત ભંગ કયારે થાય છે તે સમજાવ્યું છે, વળી પરિગ્રહના નવ પ્રકાર છતાં અતિચારો પાંચ જ કેમ તે પણ હેતુ પૂર્વક સમજાવ્યું છે.

૬ **દિક્‌પરિમાણ (૧) ગુણવ્રત**—આ વ્રતમાં છ દિશાઓમાં જવા આવવાનો નિયમ કરવાનો છે. એટલે આ ચૌદ રાજલોકમાંથી પોતે વધારેમાં વધારે ચારે દિશામાં તથા ઉપર નીચે જવાનો અમુક યોજનાદિ વડે નિયમ કરે છે, એટલે તે નિયમ કરેલ ભૂમિ બહારના બધા પાપસ્થાનકોનું વર્જન થાય છે. અને ઉપરનાં પાંચે અણુવ્રતોના પાલનમાં આ વ્રત ઉપયોગી થાય છે માટે ગુણવ્રત કહેલું છે, તે સમજાવીને આ વ્રતમાં પણ પાંચ અતિચારો લાગે છે તે શાથી લાગે છે તે સમજાવ્યું છે.

૭ **ભોગોપભોગ વિરમણ (૨) ગુણવ્રત**—આ વ્રતમાં ભોગ અને ઉપભોગની વસ્તુઓનું પ્રમાણ કરવાનું હોય છે. તેમાં ભોજન આશ્રી પાંચ અતિચારો અને કર્મ (કર્માદાન) આશ્રી ૧૫ અતિચારોનું સ્વરૂપ વિસ્તાર પૂર્વક જણાવ્યું છે. આ ઉપરાંત ૨૨ અભક્ષ્યો, ચલિત રસ અભક્ષ્ય વસ્તુઓ, વ્યવહારૂ વનસ્પતિઓમાં સચિત્ત અચિત્તનો વિચાર, બત્રીસ અનંતકાયનું સ્વરૂપ, આ વ્રતમાં ધારવામાં આવતા ૧૪ નિયમોનું સ્વરૂપ, અણાહારી વસ્તુઓ વગેરે વિસ્તાર પૂર્વક જણાવેલ છે.

૮ **અનર્થદંડ વિરમણ (૩) ગુણવ્રત**—આ ત્રીજા ગુણવ્રતમાં અનર્થ એટલે પ્રયોજન વિના કરવામાં આવતી નિરર્થક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. તેમજ આ વ્રતના પાંચ અતિચારોનું સ્વરૂપ સમજાવી તેનું વર્જન કરવાનું જણાવ્યું છે.

૯ **સામાયિક (૧) શિક્ષાવ્રત**—આ પહેલા શિક્ષાવ્રતનું સ્વરૂપ જણાવતાં સામાયિક શાથી કહેવાય તે સમજાવી ઋદ્ધિવંત શ્રાવકનો

તથા અલ્પર્દ્ધિક શ્રાવકનો સામાયિક વિધિ સમજાવ્યો છે. ત્યાર પછી આ વ્રતના પાંચ અતિચારોનું સ્વરૂપ સમજાવ્યું છે.

૧૦ દેશાવકાશિક (૨) શિક્ષાવ્રત—આ વ્રત મુખ્યત્વે છઠ્ઠા વ્રતના સંક્ષેપ રૂપ છે તે જણાવી તેમાં ગૌણ પણે સર્વ વ્રતોના સંક્ષેપ પણ છે તે જણાવ્યું છે. ત્યાર પછી આ વ્રતમાં પણ પાંચ અતિચારોનો ત્યાગ કરવાનું જણાવ્યું છે.

૧૧ પૌષધોપવાસ (૩) શિક્ષાવ્રત—આ શિક્ષાવ્રતમાં પૌષધ કોને કહેવાય તે સમજાવી તેના આઠ પ્રકારો તથા પાંચ અતિચારોનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે.

૧૨ અતિથિ સંવિભાગ (૪) શિક્ષાવ્રત—અતિથિ સંવિભાગ કોને કહેવાય તે સમજાવી, તેનો વિશેષ વિધિ, આ વ્રતના ત્રણ પ્રકાર તથા પાંચ અતિચારોનું સ્વરૂપ સમજાવ્યું છે.

આ ઉપરાંત સમકિત તથા બાર વ્રતની સમીક્ષા કરવામાં આવી છે.

(૩) શ્રાવક કરણી વિભાગમાં—શરૂઆતમાં સમકિત અને બારવ્રતની સમીક્ષા આપવામાં આવી છે. જેમાં વ્રતના પચ્ચક્ખાણની પેઠે અતિચારોનું પચ્ચક્ખાણ કેમ નથી કરાતું તે જણાવી સમકિત અને દેશ વિરતિ શાથી પમાય, તેઓ સુરક્ષિત કેમ રહે, તેઓમાં કેવો પ્રયત્ન કરવો, તેમનો વિષય કેટલો છે, સમકિત અને બાર વ્રતોના ઉપાયો કયા છે તે વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. તે વ્રતના પરિણામ શાથી ઉત્પન્ન થાય, તે સાચવી રાખવાના ઉપાય વગેરે જણાવી સંલેખના વ્રતનું સ્વરૂપ તથા તેના અતિચારો જણાવ્યા છે. વળી શ્રાવકે કેવા ગામમાં રહેવું, તે જણાવી શ્રાવકનું પ્રભાત કાર્ય વિસ્તારથી સમજાવ્યું છે. તેમાં શ્રાવક નવકાર મંત્રના સ્મરણ પૂર્વક પાછલા પહોરે જાગે ત્યારે કેવી ભાવના ભાવે અને દિવસના અંતે સૂતી વખતે કેવી કેવી ભાવનાઓ ભાવે તે વિસ્તારપૂર્વક સમ-

જાગ્યું છે. તે ઉપરાંત શ્રાવકનો સંધ્યાવિધિ જણાવ્યો છે. આ સાથે મનુષ્યના ભવની દુર્લભતા જણાવનારાં દશ દૃષ્ટાન્તો ટુંકાણમાં આપ્યાં છે. ત્યાર પછી ક્ષણ લાભદીપનાનું સ્વરૂપ વિસ્તારથી જણાવીને દેશ-વિરતિ શ્રાવક પોતે સર્વવિરતિ ચારિત્ર લેવાને કયારે શકિતમાન થશે તેની ભાવના ભાવવાનું જણાવ્યું છે. તેમાં મુનિ મહાત્માઓનો ઉગ્રત-વિહાર અલ્પ ઉપધિ વગેરે બીના જણાવી છે. છેવટે આ ભાવના-ઓનું ફળ સંવેગના ઉત્પત્તિ છે તે જણાવી ગ્રન્થની સમાપ્તિ કરવામાં આવી છે.

આ પ્રમાણે આ ગ્રંથમાં શ્રાવકને ઉપયોગી ઘણી ઘણી બીનાઓ વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવી છે. માટે ધર્મ શ્રદ્ધાળુ શ્રાવકને માટે આ ગ્રન્થ ઘણોજ ઉપયોગી છે, તેથી દરેક શ્રાવકે આ ગ્રન્થ વાંચી તેનું અવશ્ય મનન કરવું જોઈએ. અને તેથી પોતાના દેશ-વિરતિ ગુણમાં નિર્મળતાનો લાભ મેળવવો. અંતમાં જણાવવાનું કે વિદ્વાન મુનિ મહારાજ **શ્રી શુભંકરવિજયજીએ** આ ગ્રન્થમાં શ્રાવકને દરેક વિષય સારી રીતે સમજાય તે માટે ઘણા પ્રશ્નો તથા ઉત્તરો આપ્યા છે. અને તેથી ગ્રન્થની ઉપયોગિતામાં ઘણો વધારો કર્યો છે, તે જણાવી વિરમું છું. એજ.

[લી૦ આ ગ્રન્થ મનન પૂર્વક વાંચી સમકિતી શ્રાવકો દેશવિરતિ અંગીકાર કરનાર થાઓ. અને દેશવિરતિ શ્રાવકો પોતાના વ્રતો પાલવામાં પ્રમાદ રહિત થાઓ એવી આકાંક્ષા રાખનાર—
માસ્તર મંગલદાસ મનસુખરામ શાહ.
(શેઠ દલપતભાઈ મગનભાઈ શારદાભુવનના ધાર્મિક શિક્ષક.)

વિષયાનુક્રમણિકા.

ગાથાંક	વિષય	પૃષ્ઠાંક
	સમ્યક્ત્વ ભૂમિકા	
૧—૨	મંગલાચરણ તથા અભિધેયાદિ, શ્રાવક શબ્દની વ્યાખ્યા વિગેરે	૧—૧૫
	સમ્યક્ત્વનું સ્વરૂપ	
૩—૬	સમકિત કોને કહેવાય સમકિતમાં ઉપજતા શુશ્રૂષાદિ ગુણો. સમકિત પ્રાપ્તિ વખતે અણુવ્રત અંગીકાર કરવાની ભજના શાથી, કર્મની કેટલી સ્થિતિ હોય ત્યારે દેશાવરતિ પ્રાપ્ત થાય વિગેરે.	૧૫-૩૭
	સમકિત પરિશિષ્ટ	
	સમકિત દ્રવ્ય છે કે ગુણ છે? તથા સમકિત કેવા રીતે પ્રાપ્ત થાય. તથા ઉપશમાદિ પાંચ પ્રકારના સમકિતનું સ્વરૂપ અને પ્રશ્નોત્તરો વગેરે	૩૭-૬૩
	દેશવિરતિ વિભાગ	
૭	બાર વ્રતોનાં નામ.	૬૪-૬૭
૮-૧૦	સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું સ્વરૂપ તથા તેના અતિચારાદિ.	૬૭-૮૪
૧૧-૧૨	સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતનું સ્વરૂપ તથા તેના અતિચારાદિ.	૮૪-૯૨
૧૩-૧૪	સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતનું સ્વરૂપ તથા તેના અતિચારાદિ.	૯૨-૧૦૦

૧૫–૧૬	સ્વદારા સંતોષ પરસ્ત્રી વિરમણ વ્રતનું સ્વરૂપ તથા તેના અતિચારાદિ.	૧૦૧–૧૧૭
૧૭–૧૮	સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રતનું સ્વરૂપ તથા અતિચારાદિ.	૧૧૮–૧૨૯
૧૯–૨૦	છઠ્ઠા દિગ્ વિરમણ તનું સ્વરૂપ તથા અંતચારાદિ.	૧૨૯–૧૩૯
૨૧–૨૨	સાતમા ભોગોપભોગ વ્રતનું સ્વરૂપ તથા અતિચારાદિ.	૧૩૯–૧૬૨
	ભોગોપભોગ વિરમણ વ્રતનું પરિશિષ્ટ.	૧૬૨–૨૧૯
૨૩	અનર્થદંડ વિરમણ વ્રતનું સ્વરૂપ.	૨૨૦–૨૨૪
૨૪	અનર્થદંડ વિરમણ વ્રતના પાંચ અતિચારો	૨૨૪–૨૨૮
૨૫	સામાયિક વ્રતનું સ્વરૂપ	૨૨૮–૨૩૩
૨૬	સામાયિક વ્રતના પાંચ અતિચારો	૨૩૪–૨૩૮
૨૭	દેશાવકાશિક વ્રતનું સ્વરૂપ	૨૩૮–૨૪૦
૨૮	દેશાવકાશિક વ્રતના પાંચ અતિચારો	૨૪૧–૨૪૪
૨૯	પોષધોપવાસ વ્રતનું સ્વરૂપ	૨૪૫–૨૪૯
૩૦	પૌષધોપવાસ વ્રતના પાંચ અતિચારો	૨૪૯–૨૫૪
૩૧	અતિથિ સંવિભાગ વ્રતનું સ્વરૂપ.	૨૫૫–૨૬૦
૩૨	અતિથિ સંવિભાગ વ્રતના પાંચ અતિચાર	૨૬૦–૨૬૨
૩૩ થી ૪૧	**સમ્યક્ત્વ અને બાર વ્રતની સમીક્ષા**	**૨૬૩–૨૮૨**
૩૩	વ્રતની પેઠે અતિચારોનું પચ્ચક્ખાણ શાથી નથી.	૨૬૩–૨૬૫
૩૪	સમ્યક્ત્વ અને વ્રતની પ્રાપ્તિના ઉપાય	૨૬૬–૨૭૧
૩૫	સમ્યક્ત્વ અને વ્રતની સ્થિરતાના ઉપાય	૨૭૧–૨૭૩
૩૬–૩૭	વ્રત પરિણામ ઉત્પન્ન કરવાના તથા સાચવવાના ઉપાય	૨૭૩–૨૭૫

૩૮	વ્રતના પ્રયત્નોનું ફળ	૨૭૫–૨૭૬
૩૯	બાર વ્રતોનો કાલ	૨૭૬–૨૭૭
૪૦	સંલેખના વ્રતનું સ્વરૂપ	૨૭૮–૨૭૯
૪૧	શ્રાવકે કેવા સ્થળમાં રહેવું.	૨૮૦–૨૮૨
૪૨ થી ૫૦	**શ્રાવકની દિનચર્યા વગેરે.**	**૨૮૨–૩૫૧**
૪૨–૪૫	શ્રાવકની પ્રભાત ચર્યાથી સંધ્યા ચર્યા સુધીનું વર્ણન.	૨૮૨–૨૯૬
૪૬	શ્રાવકનો નિદ્રા વિધિ.	૨૯૭–૩૦૩
૪૭–૪૮	નિદ્રામાંથી જાગે ત્યારે શ્રાવક કઈ કઈ ભાવનાઓ ભાવે તે જણાવે છે.	૩૦૩–૩૨૯
૪૯	શ્રાવકે સવારે ચિંતવવાની બીજી ભાવનાઓ તથા તેનું ફળ.	૩૩૦–૩૪૬
૫૦	ઉપસંહાર.	૩૪૬–૩૫૦
	પ્રશસ્તિ.	૩૫૧

શ્રી શ્રાવક ધર્મ વિધાન

વિવેચક :— મુનિ શુભંકર વિજય

શ્રી શ્રાવકધર્મ વિધાન

લેખક : શુભંકરવિજયજી

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

अनन्तलब्धिनिधानाय श्रीगौतमगणधराय नमः

॥ जगद्गुरु-शासनसम्राट्-आचार्य श्रीमद् विजय

नेमिसूरीश्वरपादपद्मेभ्यो नमः ॥

श्री श्रावक धर्म विधान.

वर्धमानं जिनं नत्वा नेमिसूरिं जगद्गुरुम् ।
श्राद्धधर्मविधानेऽस्मिन्, भाषाटीका विरच्यते ॥१॥

ત્રણ જગતના તારણહાર દેવાધિદેવ શ્રીજિનેન્દ્ર ભગવંતોએ સંસારી જીવોનાં જીવન અતિ કષ્ટમય અનુભવ્યાં છે અને તે પ્રમાણે સર્વ જીવોની આગળ સ્પષ્ટપણે પ્રરૂપ્યાં છે—જાહેર કર્યાં છે. એ કષ્ટમય સંસારી જીવનમાંથી બચવાના ઉપાય તરીકે જ્ઞાન દર્શન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પણ દર્શાવ્યો છે. સંસારી જીવનમાં પણ મુખ્યત્વે ગૃહસ્થજીવન અત્યન્ત ઉપાધિમય અને સતત પ્રવૃત્તિમય છે. ગૃહસ્થ જીવનમાં સાંસારિક પ્રવૃત્તિઓમાંની એવી એક પણ પ્રવૃત્તિ નથી કે જે પ્રવૃત્તિ તે સમયે વા પરિણામે તાત્વિક દુઃખ-

વાળી ન હોય, અર્થાત્ દરેક સાંસારિક પ્રવૃત્તિ પ્રવૃત્તિકાળે અથવા પરિણામે તત્ત્વથી દુઃખવાળી છે. એ દુઃખમાંથી બચવાના ઉપાય તરીકે શ્રીજિનેશ્વરોએ અતિ સમર્થ વા અતિ સંસ્કારી જીવોને માટે ગૃહસ્થ જીવનનો ત્યાગ અને સાધુ જીવન આદરવાનો માર્ગ દર્શાવ્યો છે. જે માર્ગમાં સાંસારિક જીવનના કાંટા દૂર થઇ વૈરાગ્યથી શાન્તિસુખ અનુભવાય છે. પરન્તુ જે જીવો એવો સર્વ ત્યાગ કરી સાધુ જીવન સ્વીકારી શકતા નથી, તેવા અસમર્થ ને અશક્ત જીવોને દુઃખમાંથી બચાવવાના ઉપાય તરીકે **પરમ** કૃપાળુ શ્રી જિનેન્દ્ર દેવોએ **ગૃહસ્થધર્મ વા શ્રાવકધર્મ** દર્શાવ્યો છે, કે જે ધર્મ સ્વીકારવાથી અનેક નિરૂપયોગી અને કંટાલ પ્રવૃત્તિઓ દૂર થઈ જાય છે. અને તેથી ગૃહસ્થ જીવનની અશાન્તિ સેંકડે સવા છ ટકા જેટલી અથવા રૂપિએ એક આની જેટલી ઓછી થઈ જાય છે, તેમજ અભયદાન પણ રૂપિયે એક આની જેટલું ખુલ્લું થઇ જાય છે. એ અલ્પ શાન્તિ અથવા અલ્પ અભયદાનનું પણ એ સામર્થ્ય છે કે —વર્તમાન કર્મસ્થિતિમાંથી જો સંખ્યાત સાગરોપમ માત્ર સ્થિતિ ઓછી થઇ જાય તો સાધુ જીવનની પરમ શાન્તિ પણ અવશ્ય પ્રાપ્ત કરે છે કે જે સાધુ જીવનમાં અભયદાન સંપૂર્ણ સોએ સો ટકા જેટલું છે. એવા એ શ્રાવક ધર્મમાં સ્થૂલ અહિંસા આદિ બાર વ્રત–નિયમો છે, તેમજ એ બાર વ્રતમાં અનુગત ઉપનિયમો પણ ઘણા છે કે જેટલા શક્તિ અનુસારે સ્વીકારી શકાય તેટલા સ્વીકારવા યોગ્ય છે. એ અલ્પ વા સ્થૂલ વ્રત નિયમોવાળો ધર્મ તે **શ્રાવક ધર્મ** અથવા

દેશવિરતિ ધર્મ કહેવાય છે. પુનઃ એ અલ્પ નિયમો ઉપનિયમો સ્વીકારવાને પણ અસમર્થ હોય તો તેવા તદ્દન અસમર્થ–અશક્ત જીવોને પણ બચવાના ઉપાય તરીકે પરમ કૃપાળુ શ્રીજિનેન્દ્રોએ **સમ્યક્ત્વ ધર્મ** દર્શાવ્યો છે, કે જે ધર્મથી જીવો સત્ય શું ? અસત્ય શું ? ધર્મ શું અધર્મ શું ? હિતકર શું ? હેય જ્ઞેય ઉપાદેય શું ? ઇત્યાદિ સાચા ખોટાના વિવેક–સંસ્કારવાળો થાય છે. આ જીવ જો કે કર્મના બળથી વ્રતાદિ આદરવામાં અશક્ત છે. પરન્તુ વ્રત નિયમોને વિધેય તરીકે (આદરવા યોગ્ય છે એમ) સ્વીકારવામાં વા માનવામાં તો અશક્ત નથી જ, (અને એ બાબતમાં પણ જો અશક્ત હોય તો તે શ્રાવક પણ નથી જ.) એ રીતે વિચારતાં શ્રાવક કેવળ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યક્ત્વ સહિત અણુવ્રતધારી એમ બે પ્રકારના છે, ત્યાં શ્રીહરિભદ્રસૂરિજીએ સ્વોપજ્ઞ પંચાશકજીમાં એ બન્ને પ્રકારના શ્રાવકનું સ્વરૂપ શ્રાવકના લક્ષણ સહિત જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે પ્રથમ શ્રાવક શબ્દનો અર્થ, ત્યારબાદ શ્રાવકનો પ્રથમ ધર્મ સમ્યક્ત્વ તેનું સ્વરૂપ ને ત્યારબાદ શ્રાવક ધર્મનાં બાર વ્રત તેમજ તે વ્રતોમાં ઉપજવા યોગ્ય અતિચારો અથવા ટાળવા યોગ્ય અતિચારો તે સર્વનું સવિસ્તર સ્વરૂપ આ ગ્રંથમાં કહેવાય છે, તે આ પ્રમાણે—

नमिऊण वद्धमाणं, सावगधम्मं समासओ वोच्छं ।
सम्मत्ताई भावत्थ–संगयं सुत्तणीईए ॥१॥

नत्वा वर्धमानं श्रावकधर्मं समासतो वक्ष्ये ।
सम्यक्त्वादिभावार्थसंगतं सूत्रनीत्या ॥ १ ॥

ગાથાર્થઃ—શ્રી વર્ધમાન સ્વામીને નમસ્કાર કરીને સમ્યક્ત્વની આદિવાળો અને ભાવાર્થ સહિત એવો શ્રાવક ધર્મ અથવા સમ્યક્ત્વાદિ ભાવાર્થવાળો શ્રાવક ધર્મ અથવા સમ્યક્ત્વાદિ ભાવોના વિષયવાળો અથવા ભાવાર્થયુક્ત સમ્યક્ત્વાદિ શ્રાવક ધર્મને સંક્ષેપથી અને સૂત્રની નીતિ વડે (સૂત્રને અનુસારે) કહીશ. ॥૧॥

ભાવાર્થ—પરમ પ્રભાવક ચૌદસો ચુમ્માલીસ ગ્રન્થના કર્તા મહાન બુદ્ધિવૈભવવાળા સર્વશાસ્ત્રના પારંગત શ્રીહરિભદ્રસૂરિ ભગવાન શ્રાવકધર્મનું સ્વરૂપ કહેવાના પ્રારંભમાં પ્રથમ મંગલાચરણ તરીકે શ્રી મહાવીર સ્વામીને નમસ્કાર કરે છે. સર્વ શિષ્ટ પુરૂષોની એ પરંપરાગત પ્રણાલિકા છે કે કોઇ પણ ગ્રન્થના પ્રારંભમાં અથવા માંગલિક કાર્યના પ્રારંભમાં ઇષ્ટદેવને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ કરવું જોઇએ. તે પ્રમાણે આ આચાર્યે પણ મંગલાચરણ કરીને આ ગ્રન્થમાં કયો વિષય કહેવાનો છે તેની સૂચના તરીકે **सावगधम्मं**= શ્રાવકધર્મ કહીશ એમ જણાવ્યું. પુનઃ એ શ્રાવકધર્મ સમ્યક્ત્વની આદિવાળો છે. અર્થાત્ શ્રાવકધર્મમાં પહેલું સમ્યક્ત્વ ને ત્યાર બાદ શ્રાવકનાં વ્રત હોય છે.

પ્રશ્નઃ—શ્રાવકધર્મમાં સમ્યક્ત્વ પહેલું શા કારણથી ?

ઉત્તરઃ—સર્વ ધર્મમાં સમ્યક્ત્વ (સર્વજ્ઞ શ્રદ્ધા આગમ શ્રદ્ધા વા તત્ત્વાર્થ શ્રદ્ધા) પ્રથમ છે. કારણ કે યમ નિયમોરૂપ ધર્મો મતિકલ્પિત નથી પરન્તુ કોઈ મહાપુરૂષના દર્શાવેલા છે, તે મહાપુરૂષ પર જો વિશ્વાસ જ ન હોય તો તેના

દર્શાવેલા યમ નિયમો આદરવાથી શું ? માટે પ્રથમ તો મહાપુરૂષની પ્રતીતિરૂપ શ્રદ્ધા ને ત્યારબાદ તે મહાપુરૂષના વચન પ્રમાણે ચાલવા રૂપ ધર્મ હોય છે. જેને એવા મહાપુરૂષો પ્રત્યે વિશ્વાસ નથી તે કયો ધર્મ કરશે ? કયા યમ નિયમો આદરશે ? એવા અવિશ્વાસુને માટે તો એકજ માર્ગ એ છે કે તે પોતાનો મતિકલ્પિત ધર્મ કરશે, અને જો સ્વમતિકલ્પિત ધર્મ આદરે તો તે મિથ્યાદૃષ્ટિ જ જાણવો. કારણ કે એ સ્વમતિકલ્પિત ધર્મ કરનાર શું પૂર્વે અનેક મહાન યોગીશ્વરો–મહાત્માઓ થઈ ગયા તેમનાથી પણ અધિક બુદ્ધિમાન છે ? પૂર્વના મહા યોગીશ્વરોએ શું કોઈ સમ્યક્ધર્મ નથી દર્શાવ્યો કે સ્વમતિકલ્પિત ધર્મ આદરવાની જરૂર પડે છે ? માટે એવા મિથ્યાદૃષ્ટિનો મતિકલ્પિત ધર્મ તે વાસ્તવિક ધર્મ નથી, માટે પહેલું સમ્યક્ત્વ ને ત્યાર બાદ સ્થૂલ અહિંસા આદિ શ્રાવકધર્મ છે, તેથી ગાથામાં **सम्मत्ताई**=સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મ કહ્યો તે યથાર્થ છે. અને તે શ્રાવકધર્મ **समासओ**=સંક્ષેપથી કહેવાનો છે.

પ્રશ્નઃ—" સંક્ષેપથી કહીશ " એમ શા માટે ?

ઉત્તરઃ—જીવો બે પ્રકારના છે. ધર્મનું સ્વરૂપ અતિ વિસ્તારથી સમજવાની રૂચિવાળા તે વિસ્તારરૂચિ, અને ટુંકાણમાં સમજવાની રૂચિવાળા તે અલ્પરૂચિ વા સંક્ષિપ્ત રૂચિ જીવો. તેથી અહિં અત્યંત વિસ્તારથી ધર્મસ્વરૂપ કહેતાં સંક્ષિપ્ત રૂચિવાળાને બોધ થાય નહિં માટે સંક્ષિપ્ત રૂચિવાળા જીવોને બોધ થવાને અર્થે શ્રાવકધર્મનું સ્વરૂપ

સંક્ષેપથી કહીશ. અને તે પણ ભાવાર્થ સહિત કહીશ, અર્થાત્ ધર્મનું તાત્પર્ય શું ? તે સમજાવવા પૂર્વક કહીશ.

પ્રશ્નઃ—તમો શ્રાવક ધર્મનું સ્વરૂપ ભલે કહો, પરન્તુ તમો સર્વજ્ઞ નથી તેમ વીતરાગ પણ નથી, તેથી તમારો કહેલો શ્રાવકધર્મ વિસંવાદવાળો અને આશંકાવાળો હોય તે સંભવિત છે, જેથી વિસંવાદ રહિત અને શંકા રહિત નિઃશંકપણે જેઓ શ્રાવક ધર્મ સમજવાની ઇચ્છાવાળા છે તેઓને તમારો કહેલો આ શ્રાવકધર્મ ઉપયોગી નહિ થાય.

ઉત્તરઃ—ના, એમ નહિ, કારણ કે હું જે શ્રાવકધર્મ કહીશ તે મારી સ્વમતિકલ્પનાથી નિશ્ચિત કરેલો નહિ કહું પરન્તુ **सुत्तणीईए**– સૂત્રની નીતિ વડે કહીશ, અર્થાત્ ગણધરાદિ મહાપુરૂષોએ કહેલાં જે આગમો તેને અનુસારે કહીશ. જો હું મારી સ્વતંત્ર કલ્પનાથી નિશ્ચિત કરેલો શ્રાવકધર્મ કહું તો અવશ્ય અનાદરણીય થાય, માટે (શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે) સૂત્રાનુસારે કહેલો–કહેવાતો આ શ્રાવકધર્મ શ્રોતાઓને આદરણીય છે.

એ પ્રમાણે પહેલી ગાથામાં ગ્રન્થકર્તાએ પ્રથમ મંગલાચરણ કરીને ત્યારબાદ અભિધેય–વિષય, ગ્રન્થ બનાવવાનું પ્રયોજન અને ગ્રન્થનો સંબંધ એ ત્રણ અનુબંધ દર્શાવ્યા.

અવતરણઃ—પહેલી ગાથામાં “ **सावगधम्मं वोच्छं**— શ્રાવકધર્મ કહીશ ” એમ કહ્યું, ત્યાં પ્રથમ શ્રાવક શબ્દનો અર્થ શું તે દર્શાવાય છે—

परलोयहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ।
अइतिव्वकम्मविगमा, सुक्कोसो सावगो एत्थ ॥२॥

ગાથાર્થઃ—જે જીવ અતિ તીવ્ર (સંક્લિષ્ટ) કર્મના નાશથી ઉપયોગવાળો થયો છતાં પરલોકને હિતકારી એવું જિનવચન સમ્યક્ પ્રકારે સાંભળે તે અહિં ઉત્કૃષ્ટ શ્રાવક જાણવો. ॥૨॥

ભાવાર્થઃ—અહિં 'શ્રુ' ધાતુ ઉપરથી સાંભળે તે શ્રાવક, શું સાંભળે? જિનવચન, કોણ સાંભળે? જો—જે કોઈ જીવ.

પ્રશ્નઃ—" જે કોઈ જીવ જિનવચન સાંભળે તે શ્રાવક " એમ કહેવામાં જે કોઇ " એટલે શું? જે કોઇ તે કોણ?

ઉત્તર—શ્રાવક કુળમાં ઉત્પન્ન થયેલો જીવ જ શ્રાવક કહેવાય એમ નહિ, પરન્તુ ક્ષત્રિયથી આરંભીને કોઇ પણ કુળમાં વા જાતિમાં વા વંશમાં ઉત્પન્ન થયેલો જીવ જિનવચન સાંભળે તો તે શ્રાવક કહેવાય, જેથી બ્રાહ્મણના કુળમાં જ ઉત્પન્ન થયેલો જીવ જેમ વ્યવહારમાં બ્રાહ્મણ કહેવાય, અને અન્ત્યજ કુળમાં ઉત્પન્ન થયેલો જીવ જેમ વ્યવહારથી અન્ત્યજ કહેવાય, તેમ શ્રાવક કુળમાં ઉત્પન્ન થયેલો જ શ્રાવક કહેવાય એમ ધર્મની—ગુણની[1] અપેક્ષાએ નથી, ધર્મની અપેક્ષાએ તો ક્ષત્રિય હોય કે બ્રાહ્મણ હોય કે અન્ત્યજ હોય ગમે તે કુળમાં જન્મેલો હોય, પરન્તુ

परलोकहितं सम्यग् यो जिनवचनं शृणोति उपयुक्तः ।
अतितीव्रकर्मविगमात् स उत्कृष्टः श्रावको अत्र ॥२॥

૧ અહિં શ્રાવકનો શબ્દાર્થ તત્ત્વદૃષ્ટિએ કહેવાય છે.

જિનવચનને સમ્યક્ પ્રકારે સાંભળે તે શ્રાવક કહેવાય. અહિં સાંભળવું એ ક્રિયા કોઇ પણ શ્રોત્રેન્દ્રિય લબ્ધિવાળાને (કર્ણેન્દ્રિયવાળા સર્વ જીવોને) હોય છે અને શ્રાવકપણું સાંભળવાની ક્રિયાની અપેક્ષાવાળું છે તો એ રીતે કર્ણેન્દ્રિય વાળા સર્વે જીવોને શ્રાવક તરીકે ગણવાનો પ્રસંગ આવે અને એમ બધા કર્ણેન્દ્રિયવાળાને શ્રાવક કહેવાય નહિ. માટે એ સાંભળવાની ક્રિયા પણ અમુક વિશેષતાવાળીજ હોવી જોઈએ, તે કારણથી ગ્રન્થકર્તાએ **जिणवयणं**-જિનવચન સાંભળે તે શ્રાવક પરન્તુ કોઇપણ વચન વા ભાષા માત્ર સાંભળવાથી શ્રાવક ન ગણાય એમ કહ્યું. અહિં જિનવચન એટલે શ્રીસર્વજ્ઞ ભગવંતોનું વચન અથવા આગમ તે સાંભળવાથીજ શ્રાવક ગણાય, પરન્તુ અલ્પજ્ઞોનાં વચન સાંભળવાથી અથવા અપ્રમાણ પુરૂષોનાં વચન સાંભળવાથી શ્રાવક ન ગણાય, કારણ કે એવાં વચનો સાંભળવાથી આત્માને કંઇ પણ લાભ થતો નથી એટલું જ નહિ પરન્તુ ભવવૃદ્ધિ રૂપ વિપરીત ફળ થાય છે. માટે અલ્પજ્ઞને અપ્રમાણ પુરૂષોનાં વચન સાંભળવાં ઉચિત નથી.

પ્રશ્નઃ—જિનવચનજ સાંભળવા યોગ્ય છે, અને તે સાંભળવાથી જ શ્રાવક કહેવાય એમ શા માટે ?

ઉત્તર—**परलोयहियं**—પરલોકમાં હિતકારી હોય તો જિનવચનજ હિતકારી છે, કારણકે જિનેન્દ્ર ભગવંતો સર્વજ્ઞ હોવાથી તેમનાંજ વચન સંપૂર્ણ સત્ય છે. માટે જિનવચન સાંભળવાથીજ શ્રાવક ગણાય.

પ્રશ્ન—જિનવચનને પરલોક હિતકારી વિશેષણ કહ્યું તો પરલોકને અહિતકારી પણ જિનવચન હોય ?

ઉત્તર—ના. જિનવચન અહિતકારી છે જ નહિ, છતાં પરલોકહિતકારી વિશેષણ કહ્યું તે સ્વરુપદર્શક વિશેષણ છે. જેમ અગ્નિને ઉષ્ણ વિશેષણ સ્વરુપદર્શક છે તેમ. અથવા બીજી રીતે વિચારીએ તો જિનવચન પરલોકહિતકારી ને આલોકહિતકારી એમ બે પ્રકારનાં છે. તેમાં આવશ્યક આદિ શાસ્ત્રો તે પરલોકહિતકારી ને જ્યોતિષ નિમિત્ત ઈત્યાદિ જૈનશાસ્ત્રો આલોકહિતકારી છે, જો કે જ્યોતિષપ્રાભૃતાદિ શાસ્ત્રો અપેક્ષાએ પરલોકહિતકારી છે, પરંતુ મુખ્યવૃત્તિએ તો આલોકહિતકારી જ છે, માટે જ્યોતિષ પ્રાભૃતાદિ શાસ્ત્રોરૂપ આલોકહિતકારી જિનવચન સાંભળે તે શ્રાવક નહિ પરન્તુ આવશ્યક આદિ શાસ્ત્રોરૂપ પરલોકહિતકારી જિનવચન સાંભળે તે શ્રાવક કહેવાય.

પ્રશ્ન:—તમો કહો છો કે અપેક્ષાએ (અભિપ્રાય વિશેષ-અમુક અભિપ્રાયથી) જ્યોતિષપ્રાભૃતાદિ શાસ્ત્રો પરલોકહિતકારી છે. તો એ ઉપરથી એમ સમજાય છે કે અભિપ્રાય વિશેષથી પણ જે પરલોકહિતકારી હોય તે પરલોકહિતકારીજ છે, તો એ રીતે અભિપ્રાય વિશેષથી (અપેક્ષા વિશેષથી) સર્વ કુશાસનો (કુશાસ્ત્રો) પણ પરલોકહિતકારી છે એમ માની લ્યો. કારણકે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

जे जत्तिया य हेऊ, भवस्स ते चेव तत्तिया मोक्खे।
गणणाईया लोया, दोण्ह वि पुण्णा भवे तुल्ला ॥१॥

ये यावन्तश्च हेतवो भवस्य ते चैव तावन्तो मोक्षे।
गणनातीता लोका द्वयोरपि पूर्णा भवन्ति तुल्याः॥

અર્થઃ—જગતમાં જે અને જેટલાં [1]કારણો સંસારનાં છે તે અને તેટલાંજ કારણો મોક્ષનાં છે. જેથી એ બન્નેનાં સંપૂર્ણ કારણો અસંખ્યાત લોકાકાશના પ્રદેશ જેટલાં છે અને પરસ્પર તુલ્ય છે. ॥૧॥

ઉત્તરઃ—વાત સત્ય છે કે અપેક્ષાએ જે સંસારનું કારણ છે તે મોક્ષનું પણ કારણ છે, અને એ રીતે અપેક્ષાએ જ્યોતિષાદિ જૈનવચનો પરલોકહિતકારી છે, પરન્તુ અહિં તો અપેક્ષા વિના જે સાક્ષાત્ પરલોક હિતકારી જિન વચન સાંભળે તે શ્રાવક એ સ્પષ્ટાર્થ છે, તેથી સાધુનાં અનુષ્ઠાનોવાળું અને શ્રાવકનાં અનુષ્ઠાનોવાળું આવશ્યકાદિ ધર્મશાસ્ત્ર રૂપ જિન વચન જે સાંભળે તે શ્રાવક. એ કારણથી આ ગ્રન્થકર્તાએજ અન્ય ગ્રન્થમાં કહ્યું છે કે—

संपन्नदंसणाई, पइदियहं जइजणा सुणेई य ।
सामायारिं परमं, जो खलु तं सावयं बिंति ॥१॥

અર્થઃ—જેણે દર્શનાદિ (સમ્યક્ત્વાદિ) પ્રાપ્ત કર્યું છે એવો જે જીવ પ્રતિદિવસ સાધુની પાસેથી સામાચારી (સાધુ શ્રાવકની ક્રિયાઓ) સાંભળે તે પરમશ્રાવક કહેવાય.

એ રીતે **परलोयहियं** વિશેષણની સાર્થકતા દર્શાવીને હવે **सम्मं** વિશેષણની સાર્થકતા કહે છે.

संपन्नदर्शनादिः प्रतिदिवसं यतिजनात् शृणोति च ।
सामाचारीं परमां यः खलु तं श्रावकं ब्रुवन्ति ॥

૧ અહિં કારણો એટલે સ્થિતિબંધના તથા અનુભાગબંધના અધ્યવસાયો જાણવા.

પ્રશ્નઃ—ગાથામાં **सम्मं**=સમ્યક્ પ્રકારે સાંભળે તે શ્રાવક એમ કહેવાથી શું વિશેષતા ?.

ઉત્તરઃ—**सम्मं**=સમ્યક્ પ્રકારે એટલે અશઠ ભાવે–સરલ હૃદયથી સાંભળે તે શ્રાવક, પરંતુ હૃદયની વક્રતા, ગુરૂ અને શાસ્ત્ર પ્રત્યેની અપમાન દૃષ્ટિથી જિનવચન સાંભળે તે શ્રાવક ન કહેવાય. અથવા કોઇ એમ કહે કે કપિલ આદિકનાં વચનો પણ પરલોક હિતકારી છે, કારણકે **जावंति बंभलोओ चरगपरिव्वायउववाओ** (ચરક પરિવ્રાજકનો ઉપપાત–ઉપજવું **यावत्**=પાંચમા બ્રહ્મદેવલોક સુધી છે, અર્થાત્ ચરક ને પરિવ્રાજક દર્શનવાળા પોતાના દર્શનમાં કહેલી ઉત્કૃષ્ટ ક્રિયાના બળથી પાંચમા દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. એ રીતે એ દર્શનોનાં વચનો પણ સદ્ગતિ આપનારાં હોવાથી પરલોક હિતકારી છે તો તે કપિલાદિવચનોને સાંભળનારો શ્રાવક નહિ ને જિનવચન સાંભળનારો જ શ્રાવક એમ શા માટે ? આ શંકાના સમાધાન તરીકે પણ એ **सम्मं** વિશેષણ છે તે આ પ્રમાણે–**सम्मं**=સમ્યક્ એવું જે પરલોકહિત તેને સાંભળનારો તે શ્રાવક, પરન્તુ અસમ્યક્ પરલોકહિતને સાંભળનારો તે શ્રાવક નહિ. તાત્પર્ય એ છે કે જિનવચન જેમ પરલોક હિતકારી છે તેમ કપિલાદિ વચનોને પણ પરલોક હિતકારી માની લઇએ, પરન્તુ તફાવત એ છે કે જિનેન્દ્રવચન જેવું સમ્યક્ પરલોક હિત-

---

यावद् ब्रह्मलोकं चरकपरिव्राजक-उपपातः ।

કારી છે તેવું કપિલાદિ વચન સમ્યક્ પરલોક હિતકારી નથી, કારણકે જિનેન્દ્રવચન સાક્ષાત્ અથવા પરંપરાએ (શીઘ્ર અથવા વિલંબે) મોક્ષનું કારણ છે માટે સમ્યક્ પરલોક હિતકારી છે, અને કપિલાદિવચન સાક્ષાત્ વા પરંપરાએ પણ મોક્ષનું કારણ ન હોવાથી સમ્યક્ પરલોક હિતકારી નથી. તે કારણથી સમ્યક્ પરલોક હિતકારી જિનવચન સાંભળે તે જ શ્રાવક.

પુનઃ **उवउत्तो**—ઉપયોગવાળો થઇને સાંભળે તે શ્રાવક, પરન્તુ ઉપયોગ રહિત સાંભળે તે નહિ, કારણકે ઉપયોગ વિનાનું નિરર્થક છે. કહ્યું છે કે—

निद्दाविगहापरिवज्जिएहिं, गुत्तेहिं पंजलिउडेहिं ।
भत्तिबहुमाणपुव्वं, उवउत्तेहिं सुणेयव्वं ॥१॥

અર્થઃ—નિદ્રા વિકથા વર્જીને ગુપ્તિવંત થઇને (મન વચન કાયાની એકાગ્રતા કરીને) અને બે હાથની અંજલિ જોડીને એવી રીતે ઉપયોગવાળા થઇને જિનવચન ભક્તિ બહુમાન પૂર્વક સાંભળવું (એ જિનવચન શ્રવણનો વિધિ કહ્યો.)

પ્રશ્નઃ—વ્યવહારથી ઉપયોગવાળો થઇને અને વ્યવહારથી હૃદયની સરળતા વાળો થઇને તો અભવ્ય જીવ પણ કોઇક અવસ્થામાં જિનવચન સાંભળે છે તો તે પણ શ્રાવક કહેવાય કે નહિં?

निद्राविकथापरिवर्जितै र्गुप्तैः प्राञ्जलिपुटैः ।
भक्तिबहुमानपूर्वं उपयुक्तैः श्रोतव्यम् ॥

ઉત્તરઃ—ના. **अइतिव्वकम्मविगमा**=અતિ તીવ્ર કર્મના નાશથી ઉપયોગાદિ વિશેષણ પૂર્વક જિનવચન સાંભળે તે શ્રાવક કહેવાય, પરંન્તુ અત્યંત સંક્લિષ્ટ કર્મ વિદ્યમાન હોય ને ઉપયોગાદિ પૂર્વક જિનવચન સાંભળે તો પણ તે શ્રાવક ન કહેવાય. કારણકે જ્ઞાનાવરણીય આદિ કર્મો અતિ તીવ્ર હોય તો જીવના મલિન પરિણામ હોય છે તેથી કદાચ જિનવચન સાંભળે તો પણ વ્યવહારથી ઉપયોગાદિ વિશેષણ પૂર્વક (અભવ્યવત્) સાંભળે, પરન્તુ તેવી રીતે સાંભળવાથી કંઈ અર્થ સરતો નથી, જેથી તાત્વિક રીતે ઉપયોગાદિ-પૂર્વક જિનવચન સાંભળવું તો ત્યારેજ બની શકે કે જ્યારે જ્ઞાનાવરણીયાદિ કર્મોની તીવ્રતા નાશ પામે.

પ્રશ્નઃ—જ્ઞાનાવરણીયાદિ કર્મોની તીવ્રતા ને મન્દતા ક્યારે ને કઈ રીતે સમજવી.

ઉત્તરઃ—જ્ઞાનાવરણીયાદિ સાત કર્મોની સ્થિતિ ઉત્કૃષ્ટ જે ૩૦ કો૦ કો૦ સાગરોપમ આદિ છે તેમાંથી ૧ કોડાકોડી સાગરોપમથી કંઈક ઓછી રહે એટલે અન્તઃ કોડા કોડી સાગરોપમ જેટલી થાય ત્યારે કર્મોની મન્દતા જાણવી. અને એથી અધિક સ્થિતિ હોય તો તીવ્રતા જાણવી. કહ્યું છે કે—

सत्तण्हं पगडीणं अब्भिंतरओ उ कोडिकोडीए ।
काऊण सागराणं, जइ लहति चउण्हमन्नयरं ॥१॥

અર્થઃ—શ્રુત સામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ

सप्तानां प्रकृतीनां अभ्यन्तरतस्तु कोटिकोट्याः ।
कृत्वा सागराणां यदि लभते चतुर्णामन्यतरत् ॥

સામાયિક ને સર્વવિરતિ સામાયિક, એ ચાર સામાયિકમાંનું કોઈ પણ એક સામાયિક જીવ જો પામે તો આયુષ્ય સિવાયની સાત કર્મ પ્રકૃતિઓની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમની અંદર કરીને જ (અર્થાત્ અન્તઃ કો૦ કો૦ સા૦ જેટલી સ્થિતિ કરીને જ) પામે. ॥૧૧॥

એ પ્રમાણે અતિ કિલષ્ટ કર્મના નાશથી જે જીવ ઉપયોગ પૂર્વક પરલોકને હિતકારી એવું જિનવચન સમ્યક્ પ્રકારે સાંભળે સ=તે જ અહિં **उक्कोसो**=ઉત્કૃષ્ટ શ્રાવક એટલે મુખ્ય શ્રાવક કહેવાય. એ વિશેષણોમાંના એક પણ ન્યૂન વિશેષણથી જિનવચન સાંભળનારો જીવ (ભાવ) શ્રાવક ન કહેવાય.

અથવા **सुक्कोसो**=પદમાં **स उक्कोसो** એવો પદચ્છેદ ન કરતાં **सुक्को सो** એવો પદચ્છેદ કરીએ તો **सुक्को** એટલે શુક્લપાક્ષિક અને **सो**=તે. અર્થાત્ તે પૂર્વોક્ત વિશેષણોવાળો શુક્લપાક્ષિક જીવ જિનવચન સાંભળે તે **श्रावक** કહેવાય. અહિં જે જીવનો અર્ધ પુદ્ગલપરાવર્તનથી ઓછો સંસાર બાકી હોય તે જીવ શુક્લપાક્ષિક કહેવાય, અને એથી અધિક સંસાર જેને ભમવાનો છે તે કૃષ્ણપાક્ષિક જીવ કહેવાય. શ્રાવકધર્મ સંબંધિ અન્ય ગ્રંથમાં આ સ્થાને પૂર્વોક્ત વિશેષણ રહિત સામાન્ય માત્ર શ્રવણ કરવાથી નામ શ્રાવક ઇત્યાદિ શ્રાવકના અનેક પ્રકાર કહ્યા છે. (અને અહિં તો ભાવ શ્રાવકનો જ અર્થ હોવાથી નામશ્રાવક આદિ પ્રકાર કહ્યા નથી.)

અવતરણઃ—પૂર્વ ગાથામાં સમ્યક્ત્વાદિ શ્રાવક ધર્મ કહીશ એમ કહ્યું તેમાં પ્રથમ શ્રાવક શબ્દનો અર્થ કરીને હવે આ ગાથામાં **સમ્યક્ત્વ** શબ્દનો અર્થ કહેવાય છે—

तत्तत्थसद्दहाणं, सम्मत्तमसग्गहो न एयम्मि ।
मिच्छत्तखओवसमा, सुस्सुसाई उ होंति दढं ॥३॥

ગાથાર્થ—તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યક્ત્વ, અને તે મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી થાય છે. એ સમ્યક્ત્વમાં અસદાગ્રહ (કદાગ્રહ) ન હોય, અને શુશ્રૂષા આદિ (ધર્મશાસ્ત્ર સાંભળવું ઇત્યાદિ) અત્યન્ત હોય છે. ॥૩॥

॥ સમ્યક્ત્વનું સ્વરૂપ ॥

ભાવાર્થઃ—તાત્ત્વિક અર્થોની એટલે જીવ અજીવ આદિ તાત્ત્વિક પદાર્થોની શ્રદ્ધા-પ્રતીતિ એટલે જીવ અજીવ આદિ પદાર્થો છે જ અને તે જે પ્રમાણે સર્વજ્ઞ ભગવંતોએ દર્શાવ્યા છે તે પ્રમાણે જ છે, પરન્તુ બીજી રીતે નથી એવી હૃદયમાં સંપૂર્ણ ખાત્રી થવી તે **સમ્યક્ત્વ**. કારણ કે એ ખાત્રીમાં જીવના બોધનું **સમ્યક્**=સમ્યક્ પ્રકાર, **ત્વ**=પણું છે માટે સમ્યક્ત્વ. અહિં "સમ્યક્ત્વ" એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે તેથી કેવળ જૈનદર્શનમાં જ સમ્યક્ત્વ છે એમ એકાન્તે નથી, પરંતુ જૈનદર્શન સિવાયના કોઇ પણ દર્શનવાળા જીવને "સર્વજ્ઞ હોવા જોઇએ અને સર્વજ્ઞોએ કહેલું એ જ સત્ય બીજું નહિ જ." એવો હૃદયગત

तत्त्वार्थश्रद्धानं सम्यक्त्वमसद्ग्रहो न एतस्मिन् ।
मिथ्यात्वक्षयोपशमात् शुश्रूषादयस्तु भवन्ति दृढम् ।

સંસ્કાર જો દૃઢ હોય તો તેઓને પણ સમ્યક્ત્વ હોય છે, કારણ કે જગતમાં જે સદ્ગુણ છે તે અમુક દર્શનમાં જ હોય અન્યત્ર ન જ હોય એમ એકાન્ત નથી. જેમ દુન્યવી કહેવત છે કે "પાળે તેનો ધર્મ ને મારે તેની તલવાર" એ કહેવત પ્રમાણે જે પાળે તેનો ધર્મ છે. પરન્તુ ધર્મ કઇ વસ્તુ ? વા સદ્ગુણ કોને કહેવાય ? એ બાબત તો શ્રી સર્વજ્ઞોને જ આધીન છે. સર્વજ્ઞ કહે એજ ધર્મ અને તેવી પૂર્ણ ખાત્રી તે સમ્યક્ત્વ–એ તાત્પર્ય.

પ્રશ્નઃ—જીવ અજીવ આદિ પદાર્થોને તાત્ત્વિક પદાર્થો કેમ કહ્યા ?

ઉત્તરઃ—જીવ અજીવ આદિ પદાર્થો શ્રીસર્વજ્ઞે દર્શાવ્યા છે માટે તાત્ત્વિક પદાર્થો છે. નહિતર અરૂપી પદાર્થોને કોણ જાણે ને કોણ કહે ? તેમજ સૂક્ષ્મરૂપી પદાર્થો જે યાન્ત્રિક વિજ્ઞાન બળથી પણ ન જાણી (જોઇ) શકાય તેવા સૂક્ષ્મ ને ઇન્દ્રિયઅગોચર પદાર્થોને સર્વજ્ઞ વિના કોણ જાણે ને કોણ કહે ? જો કહો કે ઇન્દ્રાદિ દેવો જાણતા હશે તો તેમ પણ નથી, કારણ કે ઇન્દ્રાદિ દેવો પણ સર્વજ્ઞ નથી.

અથવા **तत्वार्थश्रद्धानं** એ પદનો તત્ત્વથી એટલે ભાવથી અર્થાનું પદાર્થોનું શ્રદ્ધાન–શ્રદ્ધા તે સમ્યક્ત્વ એવો પણ અર્થ થાય.

પ્રશ્નઃ—તત્વાર્થ શ્રદ્ધા તો ગોષ્ઠામાહિલ્લ આદિ નિન્હવોને (શાસ્ત્રનો વિપરીત અર્થ કરી તેમાં કદાગ્રહ

રાખનાર તે નિન્હવ, તેઓને) પણ હોય છે. કારણ કે જીવ–અજીવ આદિ તત્ત્વભૂત પદાર્થોને તો તેઓ પણ સ્વીકારે છે.

ઉત્તરઃ—સમ્યક્ત્વમાં કેવળ તત્વાર્થ શ્રદ્ધા હોય એટલું જ નહિ પણ તે તત્ત્વાર્થ શ્રદ્ધાનું વા સમ્યક્ત્વનું એ ફળ છે કે **एयम्मि असग्गहो ण**=એ શ્રદ્ધામાં અસદ્ગ્રહ–દુરાગ્રહ ન હોય, અર્થાત્ જ્ઞાનાવરણીયના ઉદયે કદાચિત્ વિપરીત અર્થ સમજાયો હોય તો "આ અર્થ હું કરું છું વા સમજું છું તે પ્રમાણેજ છે બીજી રીતે નથીજ" આવો દુરાગ્રહ હોય નહિ. પરન્તુ પોતાનાથી વિશેષ જ્ઞાનવંત જો બીજી રીતે અર્થ કરતા હોય તો તે સ્વીકારી લેવો, અથવા તો પોતાને સમજાએલો અર્થ નિશ્ચિત ન ગણવો, પરન્તુ "મને આ પદનો અર્થ આ રીતે સમજાયો છે છતાં જો એ અર્થ બીજી રીતે થતો હોય તો તે પ્રમાણ છે" એ રીતે માધ્યસ્થ્ય વૃત્તિ રાખવી જોઇએ. નિન્હવોમાં પોતાને સમજાય એવા અર્થમાં માધ્યસ્થ્ય વૃત્તિ હોય નહિ માટે નિન્હવોને જીવાજીવાદિ પદાર્થોની શ્રદ્ધા હોવા છતાં તે શ્રદ્ધા સમ્યક્ ન હોવાથી તેઓને સમ્યક્ત્વ ગણાય નહિ. તાત્પર્ય એ કે દુરાગ્રહવાળી શ્રદ્ધા પણ સમ્યક્ત્વ ન ગણાય, પરન્તુ દુરાગ્રહ વિનાની તત્ત્વાર્થશ્રદ્ધા તેજ **સમ્યક્ત્વ**.

પ્રશ્નઃ—તત્ત્વાર્થ શ્રદ્ધા (જીવાજીવાદિ પદાર્થોનું જ્ઞાન) હોવા છતાં પણ દુરાગ્રહ હોય તેનું શું કારણ ? કે જે દુરાગ્રહના પ્રભાવે જીવાદિ પદાર્થોનું વિસ્તૃત જ્ઞાન હોવા

છતાં પણ સમ્યક્ત્વ ન હોય (અથવા તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન ગણાય.)

ઉત્તરઃ—મિથ્યાત્વ મોહનીય કર્મ કે જે મોહનીય કર્મના ૨૬ વા ૨૮ ભેદમાંનું એક છે, તેના ઉદયથી જીવમાં દુરાગ્રહ સદાને માટે પ્રવર્તે છે, અને દુરાગ્રહ પ્રવર્તતાં સમ્યક્ત્વનો અભાવ હોય છે; માટે દુરાગ્રહનો અભાવ અને દુરાગ્રહના અભાવથી ઉત્પન્ન થયેલી સમ્યક્ તત્ત્વ શ્રદ્ધા રૂપ સમ્યક્ત્વ તે मिच्छत्तखओवसमा=મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી (તથાવિધ ઉદયના અભાવથી થાય છે. અર્થાત્ મિથ્યાત્વમોહનીયના ક્ષાયેપશમાદિકથી એટલે ક્ષયથી, ઉપશમથી વા ક્ષયોપશમથી) જીવમાં દુરાગ્રહ વર્તતો નથી તેથી જીવાજીવાદિ પદાર્થોની શ્રદ્ધા-પ્રતીતિ પણ નિર્મળ હોવાથી સમ્યક્ શ્રદ્ધા વર્તે છે અને એ સમ્યક્ શ્રદ્ધા તે જ **સમ્યક્ત્વ.**

પ્રશ્નઃ—જીવાજીવાદિ પદાર્થની સમ્યગ્ શ્રદ્ધા તે સમ્યક્ત્વ એ વાત તો ઠીક, પરંતુ સમ્યક્ત્વમાં જીવાજીવાદિ પદાર્થનું કેટલું જ્ઞાન હોવું જોઇએ તેનો કંઈ નિયમ છે? જીવવિચાર જેટલું? કે લઘુપ્રકરણ જેટલું? કે ત્રણ ભાષ્ય સહિત ૭ પ્રકરણ જેટલું? કે બૃહત્સંગ્રહણી ક્ષેત્રસમાસ સહિત ૯ પ્રકરણ જેટલું? કે છ કર્મગ્રંથ જેટલું? કે અગિઆર અંગ જેટલું? કે ૪૫ આગમ જેટલું? કે ૮૪ આગમ જેટલું? કે તે તે કાળે વર્તતા સર્વ શ્રુત જેટલું?

ઉત્તરઃ—સમ્યક્ત્વમાં આટલું જ્ઞાન હોવું જ જોઇએ એવો કંઇ પણ નિયમ નથી, પરંતુ "સર્વજ્ઞભાષિત વચન એ જ સત્ય" એવો હૃદયસંસ્કાર અત્યંત દૃઢ હોવો જોઇએ; એ જ તાત્ત્વિક સમ્યક્ત્વ છે. કહ્યું છે કે—

सव्वाइ जिणेसरभासिआइं वयणाइं नन्नहा हुंति ।
इअ बुद्धी जस्स मणे सम्मत्तं निच्चलं तस्स ॥१॥

અર્થઃ—જિનેશ્વરનાં કહેલાં સર્વે વચનો સત્ય જ છે પરન્તુ અન્યથા નથી (અસત્ય નથી) એવી બુદ્ધિ જેના હૃદયમાં હોય તેને દૃઢ સમ્યક્ત્વ હોય છે ॥૧॥ તથા

जीवाइनवपयत्थे जो जाणइ तस्स होइ सम्मत्तं ।
भावेण सद्दहंतो अयाणमाणे वि सम्मत्तं ॥२॥

અર્થઃ—જીવ આદિ નવ પદાર્થોને (નવ તત્ત્વોને) જે જીવ જાણે તેને સમ્યક્ત્વ હોય છે, વા થાય છે, અને જીવાદિ પદાર્થ ન જાણતો હોય તો ભાવવડે (હૃદય ગત દૃઢ સંસ્કાર વડે) એ નવ પદાર્થની શ્રદ્ધા કરતો (સર્વજ્ઞ-ભાષિત સ્વરૂપવાળા જીવાદિ ૯ પદાર્થો છે જ તથા સ્વર્ગ નરક ઇત્યાદિ છે જ એમ ખાત્રી પૂર્વક માનતો) જીવ અજ્ઞાની હોય (જીવાજીવાદિ પદાર્થોનું સવિસ્તર સ્વરૂપ ન જાણતો હોય) તો પણ તેને સમ્યક્ત્વ હોય છે ॥૨॥

सर्वाणि जिनेश्वरभाषितानि वचनानि नान्यथा भवन्ति॥
इति बुद्धिर्यस्य मनसि सम्यक्त्वं निश्चलं तस्य ॥
जीवादिनवपदार्थान् यो जानाति तस्य भवति सम्यक्त्वम्।
भावेन श्रद्दधानो-अजानन्नपि सम्यक्त्वम् ॥

એ પ્રમાણે સમ્યક્ત્વમાં જ્ઞાનનો નહિ પણ શુદ્ધ સંસ્કારનો જ નિયમ છે.

પ્રશ્નઃ—જો સમ્યક્ત્વમાં જ્ઞાનનો કંઇ નિયમ નથી તો સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની કહેવાય કે અજ્ઞાની?

ઉત્તરઃ—વિશિષ્ટ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ કોઇ અજ્ઞાની ને કોઇ જ્ઞાની. અને મતિજ્ઞાનની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ જીવ નિયમા જ્ઞાની છે, કારણકે એ જીવનું મતિજ્ઞાન કદાચ બહુ ક્ષયોપશમવાળું ન હોય તોપણ શુદ્ધ સંસ્કારવાળું હોવાથી એ જીવ જ્ઞાની છે. મતિજ્ઞાનાવરણના અતિક્ષયોપશમથી દુન્યવી વિજ્ઞાનવાળી બુદ્ધિ એ લોક વ્યવહારે સૂક્ષ્મબુદ્ધિ કહેવાય, પરન્તુ એ તાત્ત્વિક સૂક્ષ્મ બુદ્ધિ નથી, કારણ કે ઘણાં વ્યાકરણો ભણેલા, ઘણાં ન્યાયશાસ્ત્રો ભણેલા, ઘણાં દર્શનશાસ્ત્રો ભણેલા, અને સભાઓમાં મોટા મોટા વાદવિવાદોથી પ્રતિવાદીઓને પરાજય પમાડી લોકમાં પોતાની બુદ્ધિનો મહાન વૈભવ દેખાડનારા તેઓમાં મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જો કે ઘણો છે તો પણ એ અશુદ્ધ ક્ષયોપશમ છે, કે જે ક્ષયોપશમથી સત્ શું અસત્ શું? હિતકર શું ને અહિતકર શું! શુદ્ધ શું ને અશુદ્ધ શું? દેવ કોણ કુદેવ કોણ? ધર્મ કોણ અધર્મ કોણ? એ વસ્તુઓને શુદ્ધપણે સમજી શકતા નથી. જો સમજી શકતા હોય તો તે મોટા બુદ્ધિ વૈભવોવાળા ભણેલા ગણેલા જીવો સંસારીને પણ દેવ ગુરૂ માને ખરા? હિંસાને પણ ધર્મ માને ખરા? નજ માને. વળી દુનિયામાં મોટો મનાતો જે બુદ્ધિવૈભવ જીવહિંસાને ધર્મ

માનવાનું શીખવી રહ્યો હોય, સ્ત્રીલોલુપીઓને દેવ ગુરૂ માનવાનું શીખવી રહ્યો હોય, સ્વર્ગ નરક આદિ તો જીવને સારા માર્ગે ચાલવામાં પ્રીતિ અને ભય ઉપજાવવા કલ્પી કાઢેલાં છે એમ શીખવી રહ્યો હોય, ઈશ્વર થઇને પુનઃ અનીશ્વર થવાનું શીખવી રહ્યો હોય, તો એવી વિપરીત શિક્ષાવાળા મહાન્ બુદ્ધિવૈભવને પણ સમ્યગ્બોધ વા તાત્વિક જ્ઞાન કેમ કહેવાય ? તાત્વિક જ્ઞાન વા સમ્યગ્બોધ તો તેજ છે કે ભલે બુદ્ધિ અલ્પ હોય વા ઘણી હોય પરન્તુ પૂર્વોક્ત પ્રકારવાળો વિપરીત સંસ્કાર ન હોય, તે કારણથી અલ્પબુદ્ધિવાળો પણ સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની છે અને મહાબુદ્ધિવાળો જીવ પણ વિપરીત સંસ્કાર વડે અજ્ઞાની છે. શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે કે અભવ્યો ૯ પૂર્વ સુધીનો અભ્યાસ કરે તોપણ અજ્ઞાની કહેવાય, અને સમ્યગ્દૃષ્ટિ જીવ નવકાર સરખો ન શીખ્યો હોય તોપણ જ્ઞાની કહેવાય.

સમ્યક્ત્વનું ફળ.

પ્રશ્નઃ—સમ્યક્ત્વનું ફળ શું ?

ઉત્તરઃ—सुस्सूसाई उ होंति दढं=સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી શુશ્રૂષા એટલે ધર્મશાસ્ત્ર સાંભળવાની ઇચ્છા કામીના સુરસંગીતના શ્રવણ રસથી પણ અધિક હોય. ઇત્યાદિ ગુણ ઉત્પન્ન થાય છે કે જે ચોથી ગાથામાં કહેવાશે.

[૧] પ્રશ્નઃ—તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન કહ્યું, અને

---

૧. અહિંથી શ્રી પંચાશકજીની વૃત્તિનો ભાવાર્થ છે.

શ્રદ્ધાન-શ્રદ્ધા એ તથાપ્રત્યય (જિનેશ્વરોએ જેમ કહ્યું તેમજ છે એવો ખાત્રીવાળો બોધ) છે. અને તથાપ્રત્યય એ માનસિક અભિલાષ છે, અને માનસિક અભિલાષ જીવને અપર્યાપ્ત આદિ અવસ્થામાં હોઇ શકતો નથી અને સમ્યક્ત્વ તો અપર્યાપ્તાદિ અવસ્થામાં પણ રહેલું છે. કારણ કે સમ્યક્ત્વનો કાળ ૬૬ સાગરોપમ જેટલો સાદિ સાન્ત અને સિદ્ધને સાદિ અનન્ત કહ્યો છે. તો ૬૬ સાગરોપમમાં અપર્યાપ્તાવસ્થા અનેક વાર પ્રાપ્ત થાય છે, તેમજ સિદ્ધને તો મન છે જ નહિ તો મનોવિજ્ઞાન રહિત અપર્યાપ્તા જીવમાં અને સિદ્ધોમાં સમ્યક્ત્વ કે જે માનસિક અભિલાષરૂપ છે તે કેમ હોય ?

ઉત્તર—તત્ત્વાર્થ શ્રદ્ધા એ સમ્યક્ત્વનું કાર્ય છે. અને સમ્યક્ત્વ તો મિથ્યાત્વના ક્ષયોપશમાદિકથી ઉત્પન્ન થવા યોગ્ય જીવનો રૂચિ રૂપ આત્મ પરિણામ છે. સિદ્ધાન્તમાં કહ્યું છે કે—**से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणीयकम्माणुवेयणोवसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आयपरिणामे पण्णत्ते**=પ્રશસ્ત સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય ઉપશમ અને ક્ષય એ ત્રણથી ઉત્પન્ન થયેલો અને ઉપશમ સંવેગ આદિ લિંગ-લક્ષણવાળો શુભ આત્મપરિણામ તે સમ્યક્ત્વ કહ્યું છે. એ કારણથી જ મનોવિજ્ઞાન રહિત એવા સિદ્ધ વિગેરેને (સિદ્ધને અને અપર્યાપ્તને) સમ્યક્ત્વ કહેલું છે.

तच्च सम्यक्त्वं प्रशस्तसम्यक्त्वमोहनीयकर्माणुवेदनोपशमक्षयसमुत्थः प्रशमसंवेगादिलिङ्गः शुभ आत्मपरिणामः प्रज्ञप्तम् ॥

વળી અહિં બીજી વાત એ છે કે—સમ્યક્ત્વ હોય તોજ તત્ત્વાર્થની શ્રદ્ધા થાય છે, અને તત્ત્વાર્થની શ્રદ્ધા હોય તો સમ્યક્ત્વ હોય છે જ. એ પ્રમાણે શ્રદ્ધાવંત જીવોને સમ્યક્ત્વ અવશ્ય હોય એમ દર્શાવવાને કાર્યમાં કારણનો ઉપચાર કરીને તત્ત્વાર્થ શ્રદ્ધા તે સમ્યક્ત્વ એમ (ગાથામાં) કહ્યું છે. [અહિં તત્ત્વશ્રદ્ધા એ કાર્ય છે ને સમ્યક્ત્વ એ કારણ છે.]

પ્રશ્નઃ—કદાગ્રહ એ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી હોય છે, માટે મિથ્યાત્વના ક્ષયોપશમાદિ વડે સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયે કદાગ્રહ ન હોય એમ જે કહ્યું તે તો વાસ્તવિક છે, પરન્તુ सुस्सूसाई ઇત્યાદિ વચનથી શુશ્રૂષાદિ ગુણો દૃઢ થાય એમ કહ્યું તે યુક્ત નથી, કારણ કે શુશ્રૂષાદિ ગુણો જ્ઞાનના અને ચારિત્રના અંશ રૂપ છે, તેથી એ ગુણો જ્ઞાનાવરણીય ચારિત્રમોહનીય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પામવા યોગ્ય છે પરન્તુ મિથ્યાત્વના ક્ષયોપશમાદિથી નહિ, તો સમ્યક્ત્વમાં શુશ્રૂષાદિ ગુણો અવશ્ય હોય એમ કેમ બની શકે ?

ઉત્તરઃ—સમ્યક્ત્વ પ્રગટ થવામાં કારણભૂત મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ જે વખતે થાય છે તે વખતે (તેને અનુસરતો) જ્ઞાનાવરણનો ક્ષયોપશમ, અને અનન્તાનુબન્ધી કષાય રૂપ ચારિત્રમોહનીય આદિ કર્મોનો પણ ક્ષયોપશમ અવશ્ય થાય છે જ, તે કારણથી સમ્યક્ત્વ પ્રગટ થયે શુશ્રૂષાદિ ગુણો પણ પ્રગટ થાય છે, જેમ કેવલજ્ઞાન જો કે કેવ-

લજ્ઞાનાવરણીયના ક્ષયથીજ પ્રાપ્ત થવા યોગ્ય છે, તોપણ કષાયમોહનીયનો સંપૂર્ણ ક્ષય થયા બાદ કેવલજ્ઞાનાવરણીયનો સંપૂર્ણ ક્ષય થયે કેવળજ્ઞાન થાયછે. કહ્યું છે કે— **केवलियनाणलंभो नण्णत्थ खए कसायाणं** [કેવળજ્ઞાનની પ્રાપ્તિ કષાયના ક્ષય વિના થતી નથી.] અથવા જેમ સમ્યક્ત્વ ગુણ મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમાદિકથી પ્રગટ થવા યોગ્ય છે, તોપણ અનન્તાનુબંધિ કષાયોના ક્ષયોપશમાદિ પૂર્વક જ પ્રગટ થાય છે પરન્તુ અનન્તાનુબંધીના ઉદયમાં સમ્યક્ત્વ ગુણ પ્રગટ થતો નથી. ભાષ્યમાં કહ્યું છે કે—

पढमिल्लुयाण उदए नियमा संजोयणाकसायाणं ।
सम्मद्दंसणलंभं, भवसिद्धियावि न लहंति ॥१॥

અર્થઃ—પહેલા સંયોજના કષાયોના (અનંતા૦ના) ઉદયમાં સમ્યક્દર્શનનો લાભ ભવ્ય જીવો પણ પામતા નથી.

પ્રશ્નઃ—શુશ્રૂષાદિ ગુણોમાં વૈયાવૃત્ય ગુણ તપનો ભેદ હોવાથી ચારિત્રના અંશરૂપ છે, અને સમ્યક્ત્વ પ્રગટ થતાં વૈયાવૃત્ય ગુણ પણ પ્રગટ થાય તો અવિરતિ ગુણસ્થાનનો પણ અભાવ થાય, કારણ કે અવિરતિ ગુણસ્થાનમાં માત્ર સમ્યક્ત્વ જ હોય છે, પરન્તુ ચારિત્ર હોય નહિ, અને પૂર્વોક્ત રીતે તો વૈયાવૃત્ય રૂપ ચારિત્ર પણ પ્રાપ્ત થયું.

ઉત્તરઃ—ના. એમ નહિ. સમ્યક્ત્વમાં વૈયાવૃત્ય નિયમ રૂપ ચારિત્ર અતિ અલ્પ અંશવાળું હોવાથી ચારિત્રની

प्रथमानामुदये नियमात् संयोजनाकषायाणाम् ।
सम्यग्दर्शनलाभं भवसिद्धिका अपि न लभन्ते ॥

વિવક્ષામાં (ગણત્રીમાં) નથી, જેમ સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિયોને સંજ્ઞા માત્ર હોવા છતાં પણ (હેતૂપદેશિકી સંજ્ઞા છે તો પણ) વિશિષ્ટ સંજ્ઞાના (દીર્ઘકાલિકી સંજ્ઞાના) અભાવે અસંજ્ઞી કહ્યા છે. વિરતિપણું તો મહાવ્રતો વા અણુવ્રતો રૂપ મોટા ચારિત્રના સદ્ભાવે જ ગણાય છે, કારણ કે એકાદિ સોનૈયાથી ધનવાન કહેવાય નહિ, એકાદિ પશુ રાખવા વડે ગોધનવાળો ગણાય નહિ, (અને અલ્પ રૂપ વડે રૂપવાન્ ગણાય નહિ) તેમ અતિ અલ્પ ચારિત્ર વડે વિરતિવંત ગણાય નહિ.

પ્રશ્નઃ—સમ્યક્ત્વ સાથે શુશ્રૂષાદિ ગુણો અવશ્ય હોય એમ સંભવિત નથી, કારણ કે અનેકાન્તિક છે (શુશ્રૂષાદિ ગુણો હોય અને ન પણ હોય). તે આ પ્રમાણે—ઉપશાન્ત-મોહ આદિ શ્રેણિગત ગુણસ્થાનવાળા જીવોને સમ્યક્ત્વ છે પરંતુ શુશ્રૂષાદિ ગુણો નથી, કારણ કે એ જીવો અત્યંત ધ્યાનસ્થ છે, તો એવી ધ્યાન દશામાં શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા વૈયાવૃત્યનો નિયમ ઇત્યાદિ કેવી રીતે હોય ?

ઉત્તરઃ—જો કે ઉપશાન્તમોહ આદિ ગુણસ્થાનોમાં ધ્યાનસ્થ જીવોને શુશ્રૂષા આદિ ગુણો સાક્ષાત્ (દેખીતી રીતે) નથી, કારણ કે કૃતાર્થ થયેલા છે, પરન્તુ ફળરૂપે વિદ્યમાન છે, કારણકે શુશ્રૂષાદિ ગુણોનું એ ઉપશાન્તમોહત્વાદિ ફળ છે માટે અનેકાન્તિક કેમ કહેવાય ? અથવા બીજી રીતે વિચા-રીએ તો અહિં શ્રાવક ધર્મનો અધિકાર ચાલે છે માટે શ્રાવકપણાની અવસ્થામાં જે સમ્યક્ત્વ છે તે સમ્યક્ત્વમાં (શ્રાવકને) શુશ્રૂષા આદિ ગુણો દૃઢ—અત્યન્ત હોય છે. માટે

સમ્યક્ત્વમાં શુશ્રૂષાદિ ગુણો અવશ્ય હોય છે એમ કહેવામાં કંઈ પણ વિરોધ નથી. ॥૩॥

અવતરણ:—સમ્યક્ત્વમાં શુશ્રૂષા આદિ ગુણોની અવશ્ય ઉત્પત્તિ કહીને હવે તે શુશ્રૂષા આદિ ગુણો કયા ? તે નામ પૂર્વક દર્શાવાય છે—

॥ સમ્યક્ત્વમાં અવશ્ય ઉપજતા શુશ્રૂષા આદિ ગુણો ॥

सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहा समाहीए ।
वेयावच्चे णियमो, वयपडिवत्तीए [इ] भयणाउ ॥४॥

ગાથાર્થ:—શુશ્રૂષા, ધર્મરાગ, સમાધિપૂર્વક ગુરૂદેવોની (દેવગુરૂની) વૈયાવૃત્યનો નિયમ, (એ ત્રણ અવશ્ય હોય), અને વ્રત અંગીકાર કરવાની ભજના હોય. ॥૪॥

ભાવાર્થ:—શુશ્રૂષા એટલે ધર્મશાસ્ત્ર સાંભળવાની ઇચ્છા. તે ચતુરાઈવાળા કામી યુવકને દેવ સંગીત સાંભળવાનો જેટલો રસ હોય તેથી પણ અધિક રસ સમ્યગ્દૃષ્ટિ જીવને શાસ્ત્ર સાંભળવામાં હોય, તથા શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એ બે ધર્મમાં શ્રુતધર્મનો રાગ તો શુશ્રૂષા ગુણમાં ગણાયો, તેથી અહિં ધર્મરાગ એમ કહેવાથી ચારિત્રધર્મનો રાગ ગણવો. અર્થાત્ કર્મના બલવત્તરપણાથી સમ્યગ્દૃષ્ટિ જીવ જો કે ચારિત્રધર્મ અંગીકાર કરી શકતો નથી, પરન્તુ ચારિત્રધર્મનો રાગ એવો હોય કે વનમાં ભટકતાં ભૂખ્યા થયેલા બ્રાહ્મણને

शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथा समाधिना ।
वैयावृत्त्ये नियमो व्रतप्रतिपत्तौ भजना तु ॥

ઘેબર ખાવાનો જેવો અભિલાષ હોય તેથી પણ અધિક અભિલાષ હોય. તથા ગુરૂ એટલે ધર્મનો ઉપદેશ આપનારા આચાર્ય વિગેરે અને દેવ તે અરિહંત ભગવંત એ બન્નેની વૈયાવૃત્ય (સેવા, ભક્તિ, પૂજા) કરવાનો યથાસમાધિ (યથાશક્તિ) નિયમ હોય. એ પ્રમાણે સમ્યક્ત્વ સાથે એ શુશ્રૂષા ધર્મરાગ અને દેવગુરૂની વૈયાવૃત્યનો નિયમ એ ત્રણ તો અવશ્ય હોય અને વ્રત એટલે (સ્થૂલ હિંસાનો ત્યાગ, સ્થૂલ અસત્યનો ત્યાગ, સ્થૂલ ચોરીનો ત્યાગ, સ્થૂલ પરસ્ત્રી ત્યાગ ને સ્થૂલ પરિગ્રહ ત્યાગ એ) પાંચ અણુવ્રતો વિગેરે (બાર વ્રતો) ને અંગીકાર કરવાની ભજના હોય અર્થાત્ કોઈ સમ્યગ્દૃષ્ટિ વ્રત અંગીકાર કરે અને કોઇ ન પણ[1] કરે. ॥૪॥

અવતરણઃ—સમ્યક્ત્વમાં શુશ્રૂષા આદિ ત્રણ અવશ્ય હોય તે વાસ્તવિક છે, પરન્તુ સ્થૂલ અહિંસા આદિ વ્રતો

---

૧. વ્રત અંગીકાર ન કરે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનવાળો અવિરતિ શ્રાવક ગણાય, અને શ્રાવકનાં વ્રત અંગીકાર કરે તો તે વ્રતો જો સમ્યક્ત્વાનુગત અધ્યવસાયવાળાં (પરિણામવાળાં) હોય તો અવિરતિ શ્રાવક ગણાય, અને દેશવિરતિ અનુગત અધ્યવસાયવાળાં હોય તો દેશવિરતિ શ્રાવક ગણાય. કારણ કે સમ્યક્ત્વ માત્રના યોગથી અણુવ્રતોનું પાલન તે દેશવિરતિ નહિ, પરન્તુ દેશવિરતિ યોગ્ય પરિણામના યોગેજ અણુવ્રતોનું પાલન તે દેશવિરતિ ગણાય.

(અણુવ્રતો) અંગીકાર કરવાની ભજના (અનાવશ્ય) કેમ? તેના ઉત્તર તરીકે ગ્રન્થકર્તા કહે છે—

जं सा अहिगयराओ कम्मखओवसमओ ण य तओवि।
होइ परिणामभेया, लहुं ति तम्हा इहं भयणा ॥५॥

ગાથાર્થઃ—જે કારણથી વ્રત અંગીકાર કરવાનો પરિણામ કર્મના અધિક ક્ષયોપશમથી થાય છે, અને સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે તે અધિક પરિણામ નથી જ થતો. કારણકે વ્રતપરિણામ (શીઘ્ર=)સમ્યક્ત્વના પરિણામની પછી થાય છે, તે કારણથી અહિં વ્રતના સંબંધમાં ભજના કહી છે (અર્થાત્ પ્રથમ સમ્યક્ત્વ પરિણામ. ત્યાર બાદ વ્રતપરિણામ) ॥૫॥

ભાવાર્થઃ—અહિં કહેવાનું તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વ પ્રાપ્તિને માટે જીવના જે શુભ પરિણામ જોઇએ તેથી પણ અધિક શુભ પરિણામ થાય તો જ વ્રતપ્રાપ્તિ થાય છે. તે કારણથી સમ્યક્ત્વપ્રાપ્તિ વખતે વ્રતની પ્રાપ્તિ અવશ્ય કેમ હોય? જો કોઇ જીવને સમ્યક્ત્વપ્રાપ્તિ વખતે જ વ્રતના અધિક શુભ પરિણામ થઇ જાય તો સમ્યક્ત્વપ્રાપ્તિ ને વ્રતપ્રાપ્તિ એ બન્ને સમકાળે પણ થાય; તે કારણથી સમ્યક્ત્વમાં વ્રતપ્રાપ્તિ ભજનાએ કહી છે.

વળી બીજી વાત એ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કારણભૂત દર્શનમોહનીયનો ક્ષયોપશમાદિ છે અને વ્રતની પ્રાપ્તિમાં કારણભૂત ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ છે,

---

यत् सा अधिकतरात् कर्मक्षयोपशमतः न च ततोऽपि।
भवति परिणामभेदात् लघु इति तस्मादिह भजना ॥

એ પ્રમાણે બે ગુણ પ્રાપ્તિનાં કારણ પણ ભિન્ન ભિન્ન છે. તેથી આ બન્ને કર્મનાં ક્ષયોપશમ એક સાથે (સમકાળે) થાય ને ન પણ થાય; માટે વ્રતપ્રાપ્તિની ભજના છે. પુનઃ સમ્યક્ત્વપ્રાપ્તિમાં કારણભૂત જે ક્ષયોપશમ (જેટલો ક્ષયોપશમ) ઉપયોગી છે તેથી પણ અધિક તે ક્ષયોપશમ થાય તો પણ વ્રતની પ્રાપ્તિ થાય નહિ (પરન્તુ સમ્યક્ત્વની શુદ્ધતાજ વધતી જાય) કારણકે વ્રતનું કારણભૂત કર્મ જુદું જ છે માટે.

પ્રશ્નઃ—સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિના ક્ષયોપશમો જીવને ગમે તે વખતે થાય કે અમુક વખતેજ થાય ? અને અમુક વખતેજ થતા હોય તો તેનું કારણ શું ?

ઉત્તરઃ—જીવમાં ભવ્યત્વ નામનો અનાદિ પારિણામિક સ્વભાવ છે, કે જે સ્વભાવ વડે જીવ દેવ ગુરૂ આદિ સામગ્રીના યોગે પરિવર્તન પામે છે એટલે મિથ્યાત્વાદિ દુર્ગુણો તજીને સમ્યક્ત્વાદિ સદ્‌ગુણો પામે છે. તે ભવ્યત્વ સ્વભાવની સ્થિતિ પરિપકવ થાય ત્યારે દેવ ગુરૂ આદિ સામગ્રીના યોગે જીવના માનસિક પરિણામો સહજે પરિવર્તન પામે છે, અને તે સાથે તેને અનુસરતી શુભ ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે, અને દેવ ગુરૂની સેવાના અભ્યાસથી ક્રમે ક્રમે ઘણા વિલંબે વા અલ્પ કાળે સમ્યક્ત્વાદિ ગુણ પ્રાપ્ત કરે છે, અને જગતમાં જે જીવો અનાદિથી અભવ્ય સ્વભાવવાળા છે, તે જીવોમાં એવું પરિવર્તન અનન્ત કાળે પણ થતું નથી. જેમ સાધ્ય રોગ ઔષધપ્રયોગે ઉપશાન્ત થવાના સ્વભાવવાળો છે, ને

અસાધ્ય રોગ સેંકડો પ્રયોગે પણ ઉપશાન્ત થવાના સ્વભાવવાળો નથી.

પ્રશ્નઃ—ભવ્યત્વ પરિપકવ થવાનો સમય કયારે?

ઉત્તરઃ—અનાદિ કાળમાં અનન્ત પુદ્ગલપરાવર્ત જેટલો અનંતાનંત કાળ વ્યતીત થઇને જ્યારે છેલ્લો એક પુદ્ગલ પરાવર્ત (ચરમાવર્ત) સંસાર બાકી રહે ત્યારેજ ભવ્ય જીવમાં એ પરિવર્તની શરૂઆત થાય છે, તેમાં પણ પહેલા (શરૂઆતના) સાધિક અર્ધ પુદ્ગલ પરા૦ સુધી તો દેવ ગુરૂની સેવાનો અભ્યાસ માત્ર આલુ રહે અને તેટલો કાળ વ્યતીત થયા બાદ (પહેલો અર્ધ ભાગ વીત્યા બાદ તો તે જીવ પૂર્વાભ્યાસના યોગે અવશ્ય સમ્યક્ત્વ પામેજ, અને તે ગુણ પણ અન્તર્મુહૂર્ત માત્ર રહીને પુનઃ શીઘ્ર નષ્ટ થાય છે, પરન્તુ હવે ઉત્કૃષ્ટથી છેલ્લો અર્ધ પુદ્ગલપરાવર્ત વીત્યે મોક્ષે અવશ્ય જશે. એ અન્તર્મુ૦ સમ્યક્ત્વ પામીને કોઇ જીવ તો એ સમ્યક્ત્વ સાથેજ વ્રતના પરિણામ પણ પામે છે, જેથી સમ્યક્ત્વ ને વ્રત બન્ને સમકાળે પ્રાપ્ત કરે છે, પરન્તુ એવા જીવો અલ્પ હોય છે.

પ્રશ્નઃ—પુદ્ગલપરાવર્ત એટલે કેટલો કાળ?

ઉત્તરઃ—અનન્ત અવસર્પિણી ને અનન્ત ઉત્સર્પિણીનો એક પુદ્ગલપરાવર્ત થાય, તેવા અનન્ત પુદ્ગલ પરાવર્તો પૂર્વકાળમાં વીત્યા છે ને ભવિષ્યકાળમાં વીતશે.

અવતરણઃ—વળી અહિં સમ્યક્ત્વ જો કે ગ્રન્થિભેદથી જ થાય છે તેમાં વ્રતો આદરવા યોગ્ય છે એવો અધ્યવસાયમાત્ર

वर्ते छे, परन्तु जेटली कर्मस्थिति शेष रहे सम्यक्त्व थाय तेटलीज कर्मस्थिति शेष रहे व्रतप्राप्ति थती नथी, परन्तु एथी पण अल्प स्थिति शेष रहे त्यारे व्रतप्राप्ति थाय छे. माटे सम्यक्त्वयोग्य परिणामथी व्रतयोग्य परिणाम भिन्न अने अधिक विशुद्ध छे तो ते अधिक विशुद्ध परिणाम कई रीते? ने केटला तफावतवाळो ? एे प्रश्नना उत्तर तरीके ग्रन्थकर्ता कहे छे—

सम्मा पलियपुहुत्तेऽवगए कम्माण भावओ होंति ।
वयपभितीणि भवण्णवतरंडतुल्लाणि णियमेण ॥६॥

गाथार्थः—सम्यक्त्व योग्य कर्मस्थितिमांथी पृथक्त्व पल्योपम (२ थी ९ पल्योपम) जेटली कर्मोनी स्थिति व्यतीत थाय त्यारे भवसमुद्रमां नौका सरखां अणुव्रत विगेरे नियमा–अवश्य भावथी प्राप्त थाय छे. ॥ ६ ॥

भावार्थः— सम्यक्त्वमां ज्ञानावरणीयादि कर्मोनी जे स्थितिसत्ता (अन्तः कोा० कोा० सागरोा०) छे तेमांथी २ थी ९ सुधीना पल्योपम जेटली स्थिति खपावे त्यारे अणुव्रतो पामे. (एमां पल्योपम ते असंख्य वर्ष प्रमाणेनो काळ छे के जे सिद्धान्तमां कूवानी उपमाथी प्रसिद्ध छे. ते पल्योपम पण उद्धार पल्योपम इत्यादि त्रण मुख्य भेदवाळा छे तेमांथी अहिं सूक्ष्म अद्धा पल्योपम जाणवो.) एे सामान्यथी कहीने हवे किंचित् विशेषथी कहेवाय छे.

सम्यक्त्वात् पल्यपृथक्त्वेऽपगते कर्मणां भावतो भवन्ति॥
व्रतप्रभृतीनि भवार्णवतरण्डतुल्यानि नियमेन ॥६॥

જીવ જ્યારે સમ્યક્ત્વ પામવાની સન્મુખ થાય છે ત્યારે પ્રથમ તો મોહનીયાદિ કર્મોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કો૦ કો૦ સાગરોપમ આદિ છે તેઘટાડીને એક કો૦ કો૦ સાગરોપમમાંથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી કરે તે અન્તઃકો૦ કો૦ સાગરો૦ સ્થિતિ કહેવાય, એટલી સ્થિતિ **યથાપ્રવૃત્તકરણ** નામના કરણ વડે કરે. (કરણ એટલે આત્મપરિણામ.) ત્યાર બાદ એ વિશુદ્ધ પરિણામમાં વર્તતાં રાગદ્વેષની ગ્રંથિ–ગાંઠ (ઘણા ચીકણા રાગ દ્વેષ કે જે જીવને આગળ વધવા ન દે) સમ્યક્ત્વ ન પામવા દે એવા રાગદ્વેષ ઉદય થવાનું સ્થાન વા પ્રસંગ આવે, ત્યાં જે જીવ તે ઘન રાગ દ્વેષમાં સપડાઈ જાય તે ગ્રંથિસ્થાને જ અટકી રહે, કોઇ જીવ ગ્રંથિથી પાછો વળી જાય (અર્થાત્ એથી પણ વિશેષ રાગદ્વેષથી અશુભ પરિણામવાળો થઇ કર્મની ઘણી સ્થિતિ બાંધે) ને કોઈ મહાભાગ્યશાળી જીવ અત્યંત વીર્યોલ્લાસ રૂપ અપૂર્વકરણવડે (અર્થાત્ યથાપ્રવૃત્તના અધ્યવસાયથી અનંતગુણ વિશુદ્ધ અધ્યવસાયવડે) તે ગ્રંથિ ભેદીને ત્રીજું અનિવૃત્તિકરણ નામનું કરણ (કે જે અપૂર્વકરણથી અનંતગુણ વિશુદ્ધ પરિણામવાળું છે તે) પામીને ત્યાર બાદ સમ્યક્ત્વ પામે. એ વખતે જે કર્મસ્થિતિ વર્તે છે તેમાંથી પણ જો એથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિનો નાશ થાય તો જીવ સ્થૂલ અહિંસા આદિ પાંચ અણુવ્રતો દિક્‌પરિમાણાદિ ત્રણ ગુણવ્રતો ને સામાયિક આદિ ચાર શિક્ષાવ્રતો પામે. ને એમાંથી પણ અતિ દીર્ઘ કર્મસ્થિતિ નાશ પામે તો સંપૂર્ણ અહિંસા આદિ પાંચ મહાવ્રતો પણ પામે. વળી

એ અણુવ્રતો અને મહાવ્રતો દ્રવ્યથી નહિ પરન્તુ ભાવથી= ભાવથી પ્રાપ્ત થાય. દ્રવ્યથી અણુવ્રતો અને મહાવ્રતો તો સમ્યગ્દૃષ્ટિ યોગ્ય કર્મ સ્થિતિથી અત્યંત દીર્ઘ સ્થિતિ હોય તો પણ પામે છે અને તે જીવ અનાદિકાળમાં અનન્તી વાર પામ્યો છે અને ભવિષ્યમાં ભવ્ય જીવને અનંતી વાર પામવાની ભજના પણ છે. અભવ્ય જીવ તો ભૂત કાળે અનન્તી વાર પામ્યો છે અને ભાવી કાળે અનન્તી વાર પામશે. કહ્યું છે કે—

सव्वजियाणं जम्हा, सुत्ते गेविज्जगेसु उववाओ ।
भणिओ जिणेहि सो न य लिंगं मोत्तुं जओ भणियं ॥१॥
जे दंसणवावन्ना, लिंगग्गहणं करेंति सामन्ने ।
तेसिंपि य उववाओ, उक्कोसो जाव गेविज्जा ॥२॥

અર્થ:—જે કારણથી સર્વ જીવોનો ગ્રૈવેયકમાં જે ઉપપાત (ઉપજવું) સૂત્રમાં કહેલ છે, તે લિંગને મૂકીને [સાધુના વેષ સિવાય] નથી કહ્યો. કારણ કે સિદ્ધાન્તમાં કહ્યું છે કે—॥૧॥

સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા જે જીવો શ્રમણપણામાં સાધુનું લિંગ ગ્રહણ કરે છે તેઓનો પણ ઉપપાત-ઉપજવું ઉત્કૃષ્ટથી ગ્રૈવેયક [નવમા ગ્રૈ.] સુધી હોય છે. ॥૨॥

તાત્પર્ય કે—એ પ્રમાણે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિ જીવોને અણુવ્રતો વા મહાવ્રતો દ્રવ્યથી હોય

सर्वजीवानां यस्मात् सूत्रे ग्रैवेयकेषु उपपातः ।
भणितो जिनैः स न च लिङ्गं मुक्त्वा यतो भणितम् ॥१॥
ये दर्शनव्यापन्ना लिङ्गग्रहणं कुर्वन्ति श्रामण्ये ।
तेषामपि च उपपात उत्कृष्टो यावत् ग्रैवेयकान् ॥२॥

છે એટલું જ નહિ, પરન્તુ સમ્યગ્દૃષ્ટિ અવિરતિવંત જીવોને પણ અણુવ્રતો ને મહાવ્રતો દ્રવ્યથી હોય છે. કારણ કે કર્મસ્થિતિ ઘણી છે. માટે જ સમ્યક્ત્વ યોગ્ય સ્થિતિ-સત્તામાંથી પૃથક્ત્વ પલ્યોપમ સ્થિતિસત્તા ઘટે ત્યારે જ ભાવથી અણુવ્રતો પ્રાપ્ત થાય છે, અને તે અણુવ્રતો અવશ્ય ભવસમુદ્ર તરવામાં [1]નૌકા સરખાં છે. અહિં અવશ્ય નૌકા સરખાં કહેવાનું કારણ એ કે એથી પણ અધિકાધિક કર્મ સ્થિતિ ઘટતાં બીજા વિશેષ ગુણો રૂપ મહાન્ જહાજો ભવસમુદ્ર તરવા માટે છે, તે આ પ્રમાણે—

सम्मत्तम्मि उ लद्धे, पलियपुहुत्तेण सावओ होज्जा।
चरणोवसमखयाणं सागरसंखंतरा हुंति ॥१॥

અર્થઃ—વળી સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ પૃથક્ત્વ પલ્યોપમે શ્રાવક (દેશવિરતિ) થાય, અને સર્વવિરતિ ચારિત્ર,

---

૧. દેશવિરતિથી ભવસમુદ્ર તરવામાં (મોક્ષ પ્રાપ્તિમાં) ઘણો વિલંબ થાય છે માટે નૌકા—નાવડી સરખું દેશવિરતિ છે ને સર્વવિરતિ વિગેરેથી ભવસમુદ્ર શીઘ્ર તરાય છે માટે સર્વવિરતિ વિગેરે મહાન જહાજ તુલ્ય (સ્ટીમર તુલ્ય) છે. અહિં દેશવિરતિથી ભવસમુદ્ર તરવાનું કહ્યું તે ઘણી વાર દેશવિરતિઓ પામીને અન્તે તો સર્વવિરતિથી જ ભવસમુદ્ર તરાય છે એમ જાણવું. પરન્તુ મોક્ષે જતાં સુધી દેશવિરતિજ હોય એમ નહિ.

सम्यक्त्वे तु लब्धे पल्यपृथक्त्वेन श्रावको भवेत्।
चरणोपशमक्षयाणां सागरसङ्ख्यान्तरा भवन्ति ॥१॥

ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિ એ સર્વ સંખ્યાત સાગરોપમને [1]અન્તરે થાય છે. ॥૧॥

વળી પૃથકત્વ પલ્યોપમ આદિ સુધી વેદવા યોગ્ય કર્મનો નાશ કોઈક જીવને વીર્યના ઉલ્લાસથી કરણાન્તર પ્રવર્તતાં (બીજાં કરણો અપવર્તનાદિ પ્રવર્તતાં) અતિ શીઘ્ર કાળમાં (અન્તર્મુ૦માં) પણ થાય છે. કહ્યું છે કે—

एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुयजम्मेसु ।
अण्णयरसेढिवज्जं, एगभवेणं च सव्वाइं ॥१॥

અર્થ:—એ પ્રમાણે દેવના ભવોમાં અને મનુષ્યના ભવોમાં સમ્યક્ત્વ પતિત ન થાય તો (એ ભવોમાં) કોઈ પણ એક શ્રેણિ વર્જીને (ઉપ૦શ્રેણિ પામે તો ક્ષપક નહિ ને ક્ષપક પામે તો ઉપશમ નહિ એ રીતે કોઇ પણ એક શ્રેણિ વર્જીને) બાકીના સર્વ ભાવો (શ્રુત સામાયિક, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ ને

---

૧. દેશવિરતિ યોગ્ય સ્થિતિસત્તામાંથી સંખ્યાત સાગરો૦ સ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિ, તેમાંથી પણ સંખ્યાત સાગરો૦ ઘટતાં ઉપશમ શ્રેણિ, ને તેમાંથી પણ સંખ્યાત સાગરો૦ ઘટતાં ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય–એ ભાવાર્થ.

एवमप्रतिपतिते सम्यक्त्वे देवमनुजजन्मसु ।
अन्यतरश्रेणिवर्जं एकभवेन च सर्वाणि ॥१॥

એક શ્રેણિ એ પાંચ ભાવો) અનેક ભવમાં મળીને પામે છે. (એ જઘન્ય પરિણામવાળા જીવ આશ્રયી કહ્યું) અને (ઉત્કૃષ્ટ પરિણામવાળા જીવની અપેક્ષાએ વિચારીએ તો) એકજ ભવમાં સર્વે ભાવો પણ પ્રાપ્ત કરે છે (અર્થાત્ શ્રુતસામાયિકાદિ પાંચે ભાવો ઉત્કૃષ્ટાધ્યવસાયી જીવને એકજ ભવમાં પ્રાપ્ત થઇ જાય છે.) ॥૧॥

પ્રશ્ન—જો સમ્યક્ત્વ સહિત જીવ દેશોન નવ પલ્યોપમ આયુષ્યવાળા દેવભવમાં ઉપજે તો આયુષ્ય પૂર્ણ થતાં ૯ પલ્યોપમ કર્મસ્થિતિ ઘટી જવાથી ત્યાંથી મનુષ્ય ભવમાં ઉપજી દેશવિરતિ પામે. પરન્તુ નવ પલ્યોપમથી અધિક આયુષ્યવાળા દેવભવમાં ઉપજે તો નવ પલ્યોપમ પૂર્ણ થતાં કર્મસ્થિતિ પણ ત્યાં સુધીમાં ૯ પલ્યોપમ જેટલી ઘટી જાય, અને એટલી સ્થિતિ ઘટતાં તે દેવને દેશવિરતિ પ્રાપ્ત થવી જોઇએ, અને દેવને દેશવિરતિ તો હોય નહિ, માટે તો **सम्मत्तम्मि उ लद्धे पलियपुहुत्तेण सावओ होज्जा**= [સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ એથી નવ પલ્યોપમે શ્રાવક થાય] એમ કહ્યું તે કેવી રીતે ઘટે ?

ઉત્તરઃ—દેવ ભવમાં સમ્યક્ત્વ સહિત ઉપજેલો દેવ સમ્યક્ત્વ યોગ્ય કર્મસ્થિતિમાંથી જેટલી ઘટાડતો જાય છે તેટલી [વા તેથી અધિક) નવી કર્મસ્થિતિ બાંધતો જાય છે. જેથી પરિણામે સમ્યક્ત્વ યોગ્ય સ્થિતિ સત્તા ઘણા સાગરોપમો સુધી પણ તેટલી ને તેટલી કાયમ જ રહે છે. જેથી સમ્યક્ત્વ પ્રાયોગ્ય જે અન્તઃ કો૦ કો૦ સાગરોપમ

સ્થિતિ છે તેમાંથી પૃથક્ત્વ પલ્યોપમ જેટલો નાશ થયા પામતો નથી, તેથી દેવભવમાં દેશવિરતિની પ્રાપ્તિ થતી નથી.

એ પ્રમાણે સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા સાથે દેશવિરતિની પ્રાપ્તિની ભજના કહી તે યુક્ત છે. ॥૬॥

॥ इति सम्यक्त्वस्वरूपम् ॥

सम्यक्त्व परिशिष्ट (सप्रश्नोत्तर)

પ્રશ્ન—સમ્યકત્વ એ શું વસ્તુ છે ? એ કોઇ પદાર્થ છે કે પદાર્થનો ગુણ છે ? કે પદાર્થની ક્રિયા છે ?

ઉત્તરઃ—જે વસ્તુ જેવા સ્વરૂપે જગતમાં છે તે વસ્તુને તેવા સ્વરૂપે ખાત્રી પૂર્વક સમજમાં ઉતારવી, તે સમ્યક્ત્વ અને તે આત્માનો એક ગુણવિશેષ છે.

પ્રશ્નઃ—સમ્યક્ત્વ એ જીવ કહેવાય કે અજીવ ?

ઉત્તરઃ—સમ્યક્ત્વ એ આત્માનો શ્રદ્ધા ગુણ હોવાથી જીવ છે અજીવ નહિ.

પ્રશ્ન—એવો સમ્યક્ શ્રદ્ધા ગુણ જૈન દર્શનમાં હોય કે અન્યદર્શનમાં પણ હોય ?

ઉત્તરઃ—જૈન દર્શનમાં વિશેષતઃ હોય, અને અન્ય-દર્શનમાં અલ્પ પ્રમાણમાં હોય, પરન્તુ સર્વથા ન હોય એમ

નહિજ. કારણ કે અન્યદર્શનમાં પણ વસ્તુ સ્વરૂપના શોધક અને સ્વદર્શનનો મોહ ન રાખતાં જગતમાં જે સાચું તે મ્હારૂં એમ માનનારા કોઈક હોઈ શકે છે.

પ્રશ્નઃ—જૈન દર્શનમાં સત્ય તત્ત્વો છે તેનું શું પ્રમાણ ?

ઉત્તરઃ—સ્થૂલ બુદ્ધિથી એટલું જ વિચારીએ કે અસત્ય બોલવાનું પ્રયોજન કંઇક અજ્ઞાનથી અથવા કંઇક સ્વાર્થને માટે, કંઇક સ્હેમાં તણાવાથી, કંઇક મોહથી અને કંઇક સ્વમાન પોષવાને હોય છે. જેથી એવા દુર્ગુણોનો સર્વથા ક્ષય કરીને જે પરમાત્માઓ સંપૂર્ણ જ્ઞાની થયા છે, નિઃસ્વાર્થી બન્યા છે, કોઈની સ્હેમાં કે શરમમાં તણાય એવા નથી, નિર્મોહી વીતરાગ છે, અને સર્વથા અભિમાન રહિત હોવાથી જેમને સ્વમાન પોષવાનું રહ્યું નથી, એવા પરમેશ્વરોને અસત્ય બોલવાનું કયું કારણ છે ? અસત્યના ઉપાદાન કારણ વિના અસત્યની ઉત્પત્તિ કઇ રીતે હોય ? માટી રૂપ ઉપાદાન કારણ વિના ઘટની ઉત્પત્તિ હોય નહિ, તેમ અજ્ઞાન ક્રોધ માન લોભ ભય હાસ્ય ઇત્યાદિ રૂપ અસત્યનાં ઉપાદાન કારણ વિના અસત્યની પણ ઉત્પત્તિ ન જ હોય. તેથી વીતરાગ પરમાત્માઓનું વચન અસત્ય હોય નહિ. અને સર્વજ્ઞ વીતરાગ એજ જિન [રાગદ્વેષ જીતનાર] છે, અથવા અરિહંત છે, માટે તે જિનનાં વા અરિહંતનાં વચનો સર્વથા સત્ય હોવાથી જૈન દર્શનનાં તત્ત્વો સત્ય હોઇ શકે છે. [માટે જિન વચનોની શ્રદ્ધા તે પણ સમ્યક્ત્વ કહેવાય.]

પ્રશ્નઃ—અમુકને સમ્યક્ત્વ છે એવી ખાત્રી થઇ શકે કે નહિ ?

ઉત્તરઃ—ના. તથા પ્રકારના અતિશય શ્રુતજ્ઞાનીઓ વા વિશિષ્ટ અવધિજ્ઞાનીઓ વા મનઃપર્યવજ્ઞાનીઓ વા કેવળજ્ઞાનીઓ સિવાય સમ્યક્ત્વની ખાત્રી ન થઇ શકે. કારણ કે કર્મના અને મનના પરમાણુઓ જોવા જેટલું જેનું અતિશાયી જ્ઞાન છે તે જ્ઞાનીઓ સમ્યક્ત્વ ગુણને પુદ્ગલાલંબનથી સમ્યક્ત્વગુણ જાણે છે. અને કેવળજ્ઞાની પરમાત્માઓ તો આત્માના જ [પુદ્ગલાલંબન વિના] સાક્ષાત્ ગુણને જાણે છે દેખે છે, માટે વર્તમાનમાં તેવું વિશિષ્ટ જ્ઞાન ન હોવાથી સમ્યક્ત્વ ગુણની ખાત્રી ન જ થાય, પરન્તુ દેવ પૂજા, ગુરૂપૂજા, શાસન પ્રભાવના ઇત્યાદિ શુભ પ્રવૃત્તિઓમાં નિર્દંભપણું છે એમ આપણને સંભવિત હોય તો અનુમાનથી આ જીવમાં સમ્યક્ત્વગુણ હશે એમ સમજી શકાય.

પ્રશ્નઃ—બીજા જીવના સમ્યક્ત્વ ગુણની ખાત્રી ભલે ન કરી શકાય પરન્તુ પોતાના સમ્યક્ત્વગુણની ખાત્રી પોતે કરી શકે કે નહિ ? બીજો પુરૂષ સત્ય બોલ્યો છે કે અસત્ય તેની ખાત્રી આપણે ન કરી શકીયે, પરન્તુ પોતે સત્ય બોલ્યો હોય તો પોતાને સત્યની ખાત્રી હોય છે જ.

ઉત્તરઃ—સમ્યક્ત્વની બાબતમાં પોતે પોતાની પણ પૂર્ણ ખાત્રી ન કરી શકે. કારણ કે પોતાના સમ્યક્ત્વની ખાત્રી માટે પણ પોતાને તેવું અતિશાયી જ્ઞાન નથી, માટે

વર્તમાન સમયમાં મારામાં સમ્યક્ત્વ છે એમ જાણવાનું વા કહેવાનું સાહસ ન કરવું. સમ્યક્ત્વની કરણીઓ દંભ રહિત કરવી ઇત્યાદિ શુભ યોગમાં પ્રવૃત્તિજ ચાલુ રાખવી શ્રેય છે.

પ્રશ્નઃ—નવતત્ત્વમાંથી સમ્યક્ત્વ કયા તત્ત્વમાં ગણાય?

ઉત્તરઃ—જીવતત્ત્વ, સંવરતત્ત્વ, નિર્જરાતત્ત્વ અને મોક્ષતત્ત્વમાં ગણાય. કારણકે જીવતત્ત્વના ૧૪ ભેદમાં સંજ્ઞિ-પંચેન્દ્રિયાદિમાં સમ્યક્ત્વ ગુણ હોય છે માટે જીવતત્ત્વમાં, અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયેજ ભાવસંવર ને ભાવનિર્જરા ગણાય માટે સંવર ને નિર્જરા તત્ત્વમાં ગણાય. મિથ્યાદૃષ્ટિનો સંવર અને નિર્જરા તે તાત્ત્વિક સંવર અને નિર્જરા નથી. મોક્ષમાં તો સમ્યક્ત્વગુણ ક્ષાયિક ભાવે પ્રથમથીજ (અંતિમાદિ ભવમાંજ) પ્રગટ થયેલ હોવાથી પ્રવર્તે છે.

પ્રશ્નઃ—સંવર તત્ત્વના ૫૭ ભેદમાં કે નિર્જરા તત્ત્વના ૧૨ ભેદમાં સમ્યક્ત્વ એવો કોઇ ભેદ નથી તો સમ્યક્ત્વને સંવર નિર્જરામાં કેવી રીતે ગણવું?

ઉત્તરઃ—૫૭ ભેદમાં ને ૧૨ ભેદમાં સર્વમાં સમ્યક્ત્વ અનુગત–અન્તર્ગત છે, માટેજ એ સર્વ ભેદો તાત્ત્વિક છે, અને જો જુદો ભેદ હોત તો શેષ સર્વ ભેદો મિથ્યાસ્વરૂપ થઇ જાત, માટે એ ભેદોમાં સમ્યક્ત્વ વ્યક્તિભેદ તરીકે નથી પરન્તુ સર્વગત છે, જેથી એક પણ ભેદ સમ્યક્ત્વ રહિત નથી. જેમ અસ્તિઆદિ સપ્તભંગીમાં **સ્યાત્** પદ સર્વાનુગત છે. તથા જેમ શ્રાવકનાં ૧૨ વ્રતમાં સમ્યક્ત્વ સર્વાનુગત છે, તેમ સંવર અને નિર્જરા સંપૂર્ણ (સર્વ ભેદ) સમ્યક્ત્વમય છે.

પ્રશ્નઃ—સમ્યક્ત્વનો મૂળ હેતુ અને ઉત્તર હેતુ કોણ?

ઉત્તરઃ—તથાવિધ ભવ્યત્વ કે જે અનાદિ પરિણામી જીવસ્વભાવ છે તે મૂળ હેતુ છે, અને અર્હંત્પ્રતિમાનાં દર્શન પૂજા ગુરૂદર્શનાદિ અને શાસ્ત્રશ્રવણ ઇત્યાદિ ઉત્તર હેતુઓ સહકારી કારણ વા અપેક્ષા કારણ રૂપ છે. અભવ્યમાં અને ઘણા ભવ્યોમાં તથાવિધ ભવ્યત્વ રૂપ જીવસ્વભાવ ન હોવાથી તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી.

પ્રશ્નઃ—છ દ્રવ્યમાં સમ્યક્ત્વ કયું દ્રવ્ય?

ઉત્તરઃ—છ દ્રવ્યમાં સમ્યક્ત્વ કોઈ પણ દ્રવ્ય નથી, કારણ કે એ ગુણ છે દ્રવ્ય નથી, પરન્તુ ગુણ ગુણીની અભેદ વિવક્ષા વિચારીએ તો સમ્યક્ત્વ એ જીવ દ્રવ્ય છે (ભેદ વિવક્ષાએ જીવ દ્રવ્યનો ગુણ છે).

પ્રશ્નઃ—સંસારમાં ભ્રમણ કરતા જીવને કયા ક્રમથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય?

ઉત્તરઃ—જીવને જ્યારે છેલ્લો ૧ પુદ્ગલપરાવર્ત બાકી રહે ત્યારે તેમાં કોઇ પણ વખતે મોક્ષનો અભિલાષ અને માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય. એ પહેલાં જીવને મોક્ષાભિલાષ હોય નહિ. તેમજ માર્ગાનુસારિતા પણ ન હોય. દ્રવ્યથી દેવપૂજા ગુરૂપૂજા આદિક હોય તે કેવળ સંસારસુખને અર્થે હોય. દ્રવ્યચારિત્રની પણ અનેક વાર પ્રાપ્તિ હોય તે પણ કેવળ સંસારસુખને અર્થેજ. (જેમ અભવ્ય જીવને દેવગુરૂ પૂજા અને ચારિત્રની પ્રાપ્તિ સંસારસુખ અને માન મહત્તાદિ માટે હોય છે તેમ.) એ રીતે અનંત પુદ્ગલપરાવર્ત પ્રમાણ

અનાદિ ભૂતકાળ વ્યતીત થઇ જ્યારે ચરમાવર્ત (મુક્તિ જવાને માટે છેલ્લો ૧ પુદ્ગલપરાવર્ત ઉત્કૃષ્ટથી બાકી) રહે ત્યારે માર્ગાનુસારીતા અને મોક્ષાભિલાષ પ્રાપ્ત થતાં એ બે ગુણપૂર્વક યોગબીજના સ્વરૂપવાળાં દેવપૂજા ગુરૂપૂજા ને ધર્માનુષ્ઠાનો પ્રાપ્ત થાય ને મિત્રાદિ દૃષ્ટિઓ પામે. એ મિત્રાદિ દૃષ્ટિઓ યોગબીજને ગ્રહણ કરે છે, તેથી મોક્ષના અવન્ધ્ય કારણરૂપ છે, અર્થાત્ એ દૃષ્ટિઓ વડે જીવ અવશ્ય મોક્ષ પામશેજ. કહ્યું છે કે—

करोति योगबीजानामुपादानमिह स्थितः ।
अवन्ध्यमोक्षहेतूनामिति योगविदो विदुः ॥१॥

અર્થઃ—અહિં પહેલી મિત્રા દૃષ્ટિમાં વર્તતો જીવ યોગનાં બીજ ગ્રહણ કરે છે (યોગનાં બીજ પામે છે), કે જે યોગબીજો મોક્ષનાં અવન્ધ્ય હેતુ છે. એમ યોગના જાણકાર (યોગીઓ) કહે છે. યોગનાં બીજ કયાં તે કહે છે—

जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं, योगबीजमनुत्तमम् ॥२॥

અર્થઃ—શ્રીજિનેશ્વરોમાં પ્રીતિ આદિવાળું કુશળ ચિત્ત, તેમને નમસ્કાર (સ્તુતિ સ્તવનાદિ વચન યોગવાળો નમસ્કાર) અને અતિશુદ્ધ પંચાંગ પ્રણામ વિગેરે (કાયિક નમસ્કાર) એ પ્રમાણે ત્રણ પ્રકારના શુભયોગ તે યોગનું પ્રધાન બીજ છે,

(એ ત્રણે અથવા પ્રત્યેક પણ યોગનું બીજ છે) એટલે મોક્ષને મેળવવા માટે જે શુભ અનુષ્ઠાનની આવશ્યકતા છે તે શુભાનુષ્ઠાનનું આદિ કારણ છે. અનાદિ યથાપ્રવૃત્તિકરણમાં વર્તતાને અશુદ્ધ નમસ્કારાદિ અનેક વાર હોય છે. પરન્તુ તે યોગ બીજને ઉત્પન્ન કરતા નથી. એ યોગનાં બીજ ક્યારે ઉત્પન્ન થાય ? તે કહે છે—

चरमे पुद्गलावर्ते तथाभव्यत्वपाकतः ।
संशुद्धमेतन्नियमात् नान्यदाऽपीति तद्विदः ॥२॥

અર્થઃ—એ પ્રકારનું શુદ્ધ યોગબીજ છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં તથાપ્રકારના ભવ્યત્વ પરિપાકથી અવશ્ય (અવશ્ય શુદ્ધ) થાય છે, બીજા કોઇ પણ વખતમાં આ શુદ્ધ યોગબીજ ઉત્પન્ન થતું નથી, કારણ કે છેલ્લા પુ૦ પરા૦ પહેલાં જીવના પરિણામ સંક્લિષ્ટ હોય છે, અને ભાવીમાં અત્યંત વિશુદ્ધ અધ્યવસાય હોય છે, તેથી શુદ્ધ યોગબીજનો ઉત્પત્તિનો (અથવા મિત્રાદૃષ્ટિની ઉત્પત્તિનો) કાળ આજ છે. (અર્થાત્ કેરી આદિ ફળને પાકવાના આરંભકાળ સરખો આ ચરમ પુ૦ પરા૦ તથાભવ્યત્વના પરિપાકનો પ્રારંભ કાળ છે. મોક્ષ ફળની અભિસન્ધિ પણ અહિંથીજ શરૂ થાય છે. આહારાદિ ૧૦ સંજ્ઞાઓનો વિષ્કંભ (રોકાણ), વ્યક્ત ચેતના, ધર્મયોગીઓનાં દર્શન, વૈયાવૃત્ય આદિ અનેક ધર્માનુષ્ઠાનો અહિંથીજ અભિસંધિજપણે શરૂ થાય છે. જો કે એ ધર્માનુષ્ઠાનો પૂર્વકાળમાં સર્વથા ન હોય એમ નહિ.

પરન્તુ યોગબીજભાવવાળાં હોય છે. અહિંથી તો યોગબીજ રૂપે જ શરૂ થાય છે. વળી મિથ્યાત્વ જો કે અનાદિ કાળથી જીવને છે, પરન્તુ ગુણસ્થાન સ્વરૂપે નહોતું તેજ મિથ્યાત્વ હવે આ વખતે (પહેલી દૃષ્ટિમાં) ગુણસ્થાન રૂપે વર્તે છે. અર્થાત્ મિથ્યાત્વની "મિથ્યાત્વ ગુણસ્થાન" એ સંજ્ઞા છેલ્લા પુ૦ પરા૦ માં હોય છે. તે પૂર્વે કેવળ મિથ્યાત્વ કહેવાય છે. તથા ત્રણ અવંચક યોગ પામવાની શરૂઆત હોવાથી શુભયોગનાં દેવગુરૂ આદિ શુભ સાધનો પણ અહિંથીજ શરૂ થાય છે. આ વખતે કરેલી દેવપૂજા ગુરૂદર્શન આદિ કંઈક સાર્થક થતાં જાય છે. કારણ કે ગ્રંથિભેદની નજીકનું યથાપ્રવૃત્ત કરણ અહિં પ્રવર્તે છે. અથવા એ યથાપ્રવૃત્ત કરણમાં વર્તતો જીવ પૂર્વોક્ત સદ્‌ગુણોવાળો થાય છે. આ દૃષ્ટિમાં વર્તતા જીવનો બોધ ઘાસના 'અગ્નિના તણખા' સરખો હોય છે.

॥ ઇતિ ૧ મિત્રાદૃષ્ટિ ॥

ત્યાર બાદ મિત્રાદૃષ્ટિના અભ્યાસમાં અનેક ભવો સુધી વર્તતો જીવ તારાદૃષ્ટિ નામની બીજી દૃષ્ટિમાં પ્રવેશે છે. જેમાં જીવનો બોધ 'છાણાના અગ્નિ' સરખો હોય છે, યમ નિયમની ઉત્પત્તિ અહિં થાય છે.

॥ ઇતિ ૨ તારા દૃષ્ટિ ॥

ત્યાર બાદ તારા દૃષ્ટિના અભ્યાસમાં કંઇક કાળ સુધી વર્તતો જીવ અનુક્રમે બલાદૃષ્ટિ નામની ત્રીજી દૃષ્ટિ પામે

છે, જેમાં જીવનો બોધ 'કાષ્ટના અગ્નિ'ના પ્રકાશ સરખો (બળતા કોયલાના પ્રકાશ સરખો) હોય છે. અહિં તત્વ-જાણવાની પરમ ઇચ્છા પ્રાપ્ત થાય છે ને અનુષ્ઠાનોમાં ત્વરા હોતી નથી, તેથી પ્રણિધાન પૂર્વક અનુષ્ઠાન પ્રવર્તે છે.

॥ ઇતિ ૩ જલા દૃષ્ટિ ॥

ત્યાર બાદ જલા દૃષ્ટિના અભ્યાસમાં કંઇક કાળ સુધી વર્તતાં ચોથી દીપ્રા દૃષ્ટિ નામની દૃષ્ટિ પામે છે. જેમાં જીવનો બોધ 'દીવા'ના પ્રકાશ સરખો હોય છે. એમાં ધર્મની પ્રિયતા પ્રાણથી પણ અધિક વર્તે છે. ગુરૂભક્તિના પ્રભાવથી શ્રીતીર્થંકરનું દર્શન સમાપત્તિ આદિ ભેદવાળું થાય છે. તથા વ્યાવહારિક વેદ્ય સંવેદ્ય પદથી (હેય જ્ઞેય ઉપાદેયને હેય જ્ઞેયાદિપણે સમજવાથી) સૂક્ષ્મ બોધની પ્રાપ્તિ થાય છે. તેથી ધર્મ અધર્મ સર્વજ્ઞ ઇત્યાદિ વિભાગોને તત્વથી વા તર્કથી સમજી શકે છે.

॥ ઇતિ ૪ દીપ્રા દૃષ્ટિ ॥

એ રીતે દીપ્રા દૃષ્ટિમાં કંઇક કાળ સુધી વર્તતો અને આશયમાં વધતો જીવ પાંચમી સ્થિરા દૃષ્ટિ પામે છે. એમાં જીવનો બોધ 'રત્ન'ના પ્રકાશ સરખો હોય છે. ગ્રંથિ ભેદ થવાથી એમાં સમ્યક્ત્વ વર્તે છે. જેથી વેદ્યસંવેદ્ય પદ પણ વ્યવહારથી નહિ પરન્તુ અન્વયાર્થ પ્રમાણે તાત્વિક વર્તે છે. ॥ ઇતિ ૫ મી સ્થિરા દૃષ્ટિ ॥

એ પ્રમાણે સમ્યક્ત્વ પામવાનો અનુક્રમ કહ્યો.

॥ સમ્યક્ત્વમાં કર્મની સ્થિતિ ॥

સાત કર્મની (આયુષ્ય વિના ૭ ની) સ્થિતિસત્તા જે ૩૦ કો૦ કો૦ સાગરોપમ, ૨૦ કો૦ કો૦ સા૦, ૭૦ કો૦ કો૦ સા૦ છે તે સર્વ તૂટીને ૧ કો૦ કો૦ સા૦ થી કંઈક ઓછી (અન્તઃ કો૦ કો૦ સા૦) સ્થિતિ બાકી રહે ત્યારે પ્રથમ અન્તર્મુહૂર્ત પ્રમાણ વિશુદ્ધિ પ્રાપ્ત થઈ. ત્યાર બાદ અન્તર્મુ૦ પ્રમાણ યથાપ્રવૃત્ત કરણ, અન્તર્મુ૦ પ્રમાણ અપૂર્વકરણ અને અન્તર્મુ૦ પ્રમાણ અનિવૃત્તિકરણ રૂપ અધ્યવસાયો પ્રવર્તી રહયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, જેથી સમ્યક્ત્વ કાળમાં સાત કર્મની સ્થિતિસત્તા અન્તઃ કો૦ કો૦ સા૦ પ્રમાણ જઘન્ય ને ઉત્કૃષ્ટ હોય, (જઘ૦ થી ઉ૦ અધિક હોય).

સમ્યક્ત્વમાં ૮ કર્મનો સ્થિતિબંધ

સાત કર્મનો સ્થિતિબંધ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તઃ કો૦ કો૦ સાગરોપમ પ્રમાણ હોય, (જઘન્યથી ઉત્કૃષ્ટ સંખ્યાત ગુણ હોય) અને આયુષ્ય કર્મનો સ્થિતિબંધ અતિ જઘન્ય નહિ તેમ અતિ ઉત્કૃષ્ટ નહિ એવો હોય, (સમ્ય૦ પતિત થયા બાદ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ હોય પણ ઉત્કૃષ્ટ રસ બંધ ન હોય–ઇતિ કર્મગ્રન્થ. અને ઉ૦ સ્થિતિબંધ ન હોય–ઇતિ સિદ્ધાન્ત).

સમ્યક્ત્વમાં આયુર્બન્ધ

સમ્યક્ત્વમાં વર્તતો મનુષ્ય અને તિર્યંચ વૈમાનિક દેવનુંજ આયુષ્ય બાંધે, અને દેવ તથા નારકી મનુષ્યનુંજ આયુષ્ય બાંધે.

સમ્યક્તવમાં રસબન્ધ વિગેરે (ઘાતી તથા સ્થાન ભેદે)

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાં વિશુદ્ધિમાં, યથાપ્ર૦માં, અપૂર્વક૦માં, અનિવૃતિ કરણમાં ને સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રારંભમાં બંધાતી સર્વઘાતી પ્રકૃતિઓનો રસબંધ સર્વઘાતી બંધાય, અને બંધાતી દેશઘાતી પ્રકૃતિઓનો રસબન્ધ પણ સર્વઘાતીજ બંધાય, ઉદયમાં સર્વઘાતી પ્રકૃતિઓનો સર્વઘાતી રસ ઉદયમાં આવે અને દેશઘાતી પ્રકૃતિઓનો દેશઘાતી રસ ઉદયમાં આવે છે. (એ રસબંધ ને રસોદય અનાદિથી જે રીતે છે તે રીતે જ આવે છે, તફાવત એજ કે કંઈક મન્દ પ્રવર્તે.) તથા અઘાતી પ્રકૃતિઓનો રસબંધ ને રસોદય બન્ને અઘાતી હોય છે. એ ઘાતી આશ્રયી બંધોદય સત્તા કહી, હવે સ્થાન આશ્રયી આ પ્રમાણે–બંધાતી અશુભ પ્રકૃતિઓનો રસબંધ ચતુઃસ્થાનીને બદલે દ્વિસ્થાની બંધાય, સત્તામાં ચતુઃસ્થાનની સત્તા બદલીને દ્વિસ્થાન સત્તા થતી જાય, અને ઉદયમાં યથા સંભવ.

નિસર્ગ સમ્યક્ત્વ અને અધિગમ સમ્યક્ત્વ.

જેમ માર્ગમાં ભૂલા પડેલા જીવને કવચિત્ સ્વતઃ માર્ગ પ્રાપ્ત થઇ જાય ને કોઇક તો ભોમીયાને પૂછીને માર્ગ મેળવી શકે તેમ સમ્યક્ત્વ પણ કોઇક જીવને સ્વભાવે જ કર્મસ્થિતિ અલ્પ થતાં પ્રાપ્ત થઇ જાય, તે નિસર્ગ સમ્યક્ત્વ. અને કોઇક જીવને ગુરૂભક્તિ શાસ્ત્રશ્રવણ દેવદર્શન ઇત્યાદિ નિમિત્તોથી પ્રાપ્ત થાય તે અધિગમ સમ્યક્ત્વ.

સમ્યક્ત્વ ૫ પ્રકારનું (તેનો સંક્ષિપ્ત અર્થ)

૧. ઉપશમ સમ્યક્ત્વ—૪ અનંતાનુબંધી કષાય અને

૩ દર્શન મોહનીય એ મોહનીય કર્મની ૭ પ્રકૃતિઓ ઉપશાન્ત થવાથી એટલે રસોદય ને પ્રદેશોદય બન્નેનો અભાવ થવાથી ઉપશમસમ્ય૦ પ્રાપ્ત થાય છે.

૨. ક્ષયોપશમ સમ્ય૦—એજ ૭ મોહનીયમાં સમ્યક્ત્વ મોહનીયનો રસોદય અને શેષ ૬ પ્રકૃતિઓનો પ્રદેશોદય વર્તતાં ક્ષયોપ૦ સમ્ય૦ હોય છે.

૩. ક્ષાયિક સમ્ય૦—એ સાતે પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થવાથી ક્ષા૦ સમ્ય૦ થાય છે.

૪. મિશ્ર સમ્યક્ત્વ—મિથ્યાત્વનાં અર્ધશુદ્ધ પુદ્ગલો તે મિશ્ર સમ્ય૦ એમાં સત્ય તત્ત્વો ઉપર ન રાગ ન દ્વેષ એવો અન્તર્મુ૦માત્ર વિલક્ષણ પરિણામ વર્તે છે.

૫. સાસ્વાદન સમ્ય૦—અનન્તાનુબન્ધિ કષાયના ઉદયવાળું ઉપશમ સમ્યક્ત્વ. (અહિં ઉપ૦ સમ્ય૦નો જે અન્તર્મુ૦ કાળ છે તે જઘન્યથી ૧ સમય ને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો બાકી રહે તેવખતે કોઇકને અનન્તાનુ૦નો ઉદય થાય છે, તેથી એ પતિતઉપ૦સમ્ય૦નું નામ સાસ્વાદન છે અને અહિંથી હવે તે જીવ અવશ્ય મિથ્યાત્વેજ જવાનો છે.

ગ્રંથિભેદથી જ સમ્યક્ત્વ પ્રાપ્તિ.

મિથ્યાત્વ, ૯ નોકષાય, ૪ કષાય એ ૧૪ પ્રકારનો અભ્યન્તર ગ્રન્થિ (અન્તર્ગાંઠ) કહેવાય છે, તે ગાઢ રાગદ્વેષાનુગત અભ્યન્તર ગ્રન્થિનો ભેદ બીજા અપૂર્વકરણમાં થાય છે. ત્યાર બાદ અનિવૃત્તિકરણ પામ્યા બાદ જીવ ઉપશમ વા ક્ષયોપ૦ સમ્ય૦ પામે છે, ત્યાં અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ગ્રન્થિભેદ

કરીને ઉપ૦સમ્ય૦ પામે એ કર્મગ્રંથનો અભિપ્રાય છે, અને ક્ષયોપશમ સમ્ય૦ પામે એ સિદ્ધાન્તનો અભિપ્રાય છે.

અભવ્ય જીવ ગ્રંથિ ભેદ નજીક અનન્ત વાર આવે, કોઇ અભવ્ય જીવ શ્રીતીર્થંકર ભગવંતની ઋદ્ધિ જોઇને "ધર્મથી પણ આવા પ્રકારનો સત્કાર, દેવઋદ્ધિ, ચક્રવર્તિપણું ઇત્યાદિ વૈભવ પ્રાપ્ત થાય છે" એ પ્રમાણે ઉત્પન્ન થયેલી બુદ્ધિવડે ગ્રંથિસ્થાન નજીક આવે છે, ત્યાં વૈભવને અર્થે દીક્ષા અંગીકાર કરી અનેક કષ્ટાનુષ્ઠાનો કરવાથી અજ્ઞાન સ્વરૂપ શ્રુતસામાયિકનો (શ્રુતધર્મનો) લાભ પામે છે, ૧૧ અંગ ભણી બારમા અંગમાં સાધિક ૯ પૂર્વ સુધી ભણે છે, અને ઉત્કૃષ્ટ પરિણામે યતિક્રિયાના બળથી નવમા ગ્રૈવેયકે ઉપજે છે, છતાં મોક્ષાભિલાષશૂન્ય હોવાથી એ પણ મિથ્યા ક્રિયા છે. એ પ્રમાણે અભવ્ય જીવ અનન્તી વાર ગ્રન્થિ નજીક આવે છે અને અનન્ત વાર નવમા ગ્રૈવેયકમાં પણ ઉપજે છે, પરન્તુ મોક્ષાભિલાષના અભાવે ગ્રન્થિભેદ કરી શકતો નથી અને ગ્રન્થિભેદના અભાવે સમ્યક્ત્વ પણ પામી શકતો નથી.

અનાદિ કાળમાં પ્રથમ સમ્યક્ત્વ.

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ કર્મગ્રંથને મતે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પામે છે, અને સિદ્ધાન્તના મતે પ્રથમ ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે છે. બન્ને સમ્યક્ત્વની પ્રાપ્તિ ત્રણ કરણ પૂર્વકજ છે, તફાવત એ જ કે ક્ષયોપ૦ સમ્ય૦ પામે તો ત્રણ પુંજની રચના ઉપશમ સમ્યક્ત્વમાં થાય.

ત્રણ પુંજની રચન

ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તે જ સમયથી (ક્વચિત્ અનિવૃત્તિના અન્ત્ય સમયે) મિથ્યાત્વનાં પુદ્ગલો ત્રણ વિભાગમાં વ્હેંચાય છે. જેમાં મિથ્યાત્વનો રસ અપવર્તાઇને અર્ધ માદક સ્વભાવવાળો થાય તેવા મિથ્યાત્વ પુદ્ગલોનું નામ મિશ્ર સમ્યક્ત્વ વા મિશ્રપુંજ, મિથ્યાત્વનો માદક ભાવ સર્વથા અપવર્તાઇને શુદ્ધ પુદ્ગલો થાય તેનુ નામ સમ્યક્ત્વમોહનીય વા સમ્યક્ત્વ પુંજ વા શુદ્ધ પુંજ છે, અને જે મિથ્યાત્વ પુદ્ગલોમાં માદક ભાવ જેવો છે તેવોજ કાયમ રહ્યો હોય તો તે મિથ્યાત્વ પુંજ કહેવાય. અહિં મિથ્યાત્વ પુંજ તો પ્રથમથી છે જ, અને નવી રચના માત્ર બે પુંજનીજ થઇ છે, તો પણ સંખ્યામાં ત્રણ પુંજ થવાથી "ત્રણ પુંજની રચના" એ વ્યપદેશ રૂઢ છે.

સમ્યક્ત્વની અન્યોન્ય પરાવૃત્તિ વા સંક્રાન્તિ.

ઉપશમ સમ્યક્ત્વથી જીવ ક્ષયોપશમ સમ્ય૦ પામે, સાસ્વાદન સમ્ય૦ પામે,મિશ્ર સમ્યક્ત્વ પામે. અથવા મિથ્યાત્વ પણ પામે.ક્ષયોપશમ સમ્યક્ત્વથી જીવ ઉપશમ સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ પામે, અથવા મિથ્યાત્વ અથવા મિશ્રસમ્ય૦ પામે (વેદકથી ક્ષાયિક જ પામે). ક્ષાયિક સમ્ય૦થી જીવ અન્ય કોઇ પણ સમ્યકત્વ વા મિથ્યાત્વ ન પામે, માટે એ સમ્યક્ત્વ અપ્રતિપાતી છે. મિશ્ર સમ્ય૦ થી જીવ ક્ષયોપ૦ અથવા મિથ્યાત્વ પામે, સાસ્વાદન સમ્ય૦થી કેવળ મિથ્યાત્વ ભાવ અવશ્ય પામે, અને મિથ્યાત્વથી મિશ્ર સમ્ય૦ અથવા ક્ષયોપ૦ સમ્ય૦ અથવા ઉપશમ સમ્ય૦ પામે.

નિશ્ચય સમ્યક્ત્વ ને વ્યવહાર સમ્યક્ત્વ

જ્ઞાન દર્શનાદિમય આત્માનો શુદ્ધ પરિણામ (કે જે દર્શનમોહનીય આદિ આવરણ કર્મોના ઉપશમ ક્ષય વા ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ હોય) તે નિશ્ચય સમ્યક્ત્વ, અને એ નિશ્ચય સમ્યક્ત્વની ઉત્પત્તિના હેતુઓ [શ્રુતશ્રવણ ગુરૂ દર્શન દેવપૂજા જિનપ્રતિમા ઇત્યાદિ] તે વ્યવહાર સમ્યક્ત્વ છે. અથવા જે નિશ્ચય સમ્યક્ત્વ તે ભાવ સમ્ય૦ ને વ્યવહાર સમ્યક્ત્વ તે દ્રવ્ય સમ્ય૦ પણ કહેવાય.

સમ્યક્ત્વનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સતત કાળ.

ઉપશમ સમ્યક્ત્વનો જઘન્ય કાળ અને ઉત્કૃષ્ટ કાળ પણ અન્તર્મુ૦ છે. ક્ષયોપશમ સમ્ય૦નો જઘ૦ કાળ અન્તર્મુહૂર્ત્ત, અને ઉત્કૃષ્ટકાળ કંઈક અધિક ૬૬ સાગરોપમનો છે. ક્ષાયિક સમ્ય૦ સાદિ અનન્ત છે. મિશ્રનો કાળ જ૦ને ઉ૦ અન્તર્મુ૦ છે. સાસ્વાદનનો કાળ જઘન્યથી ૧ સમય, ઉત્કૃષ્ટથી ૬ આવલિકા છે. વેદક સમ્યક્ત્વ કે જે ક્ષાયિક પામતાં ક્ષયોપ૦ નો અન્ત્ય સમય છે તે ૧ સમયમાત્ર છે. મિથ્યાત્વનો કાળ અભવ્યની અપેક્ષાએ અનાદિ અનન્ત અને ભવ્યની અપેક્ષાએ અનાદિ સાન્ત તથા સાદિ સાન્ત. સાદિ સાંત ભાંગાનો જઘ૦ અન્તર્મુ૦ ને ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત છે.

એક ભવમાં અને અનેક ભવમાં કયું સમ્યક્ત્વ કેટલી વાર પામે ?

ઉપશમ સમ્યક્ત્વ એક ભવમાં બે વાર પામે, અને

અનેક ભવમાં ૫ વાર પામે. ક્ષયોપ૦ સમ્ય૦ એક ભવમાં ઘણી હજાર વાર પામે, ને અનેક ભવમાં અસંખ્ય હજાર વાર પામે. ક્ષાયિક સમ્યક્ત્વ એક ભવમાં વા અનેક ભવમાં પણ એકજ વાર પામે. વેદક સમ્યક્ત્વ પણ એક વા અનેક ભવમાં એક વાર પામે. સાસ્વાદન એક ભવમાં બે વાર અને અનેક ભવમાં ૫ વાર પામે. મિથ્યાત્વની પ્રાપ્તિ ક્ષયોપ૦ સમ્ય૦ તુલ્ય. મિશ્રસ૦ ની પ્રાપ્તિ જો કે સ્પષ્ટ કહી નથી, તોપણ ક્ષયોપ૦ સમ્ય૦ વત્ સંભવે.

સમ્યક્ત્વચ્યુકત ભવસંખ્યા, અને મોક્ષનું અંતર.

ઉપશમ સમ્યક્ત્વ પાંચ ભવમાં પામે, સાસ્વાદન પણ પાંચ ભવમાં પામે, ક્ષયોપ૦ સમ્ય૦ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જે અસંખ્યાત સમય તેટલા ભવમાં પામે, વેદક ૧ ભવમાં પામે, ક્ષાયિક ૧ ભવમાં પામે, (મિશ્રના ભવ ક્ષયોપ૦ સમ્ય૦વત્ સંભવે), મિથ્યાત્વના ભવ પણ ક્ષયોપ૦ સમ્ય૦વત્.

ઉપશમ સમ્યક્ત્વ પામ્યા બાદ જઘન્યથી મુક્તિ-અન્તર અન્તર્મુ૦ ને ઉત્કૃષ્ટ અન્તર અર્ધ પુદ્ગલપરાવર્ત રૂપ અનન્ત કાળથી કંઇક ન્યૂન. એ પ્રમાણે ક્ષયોપશમ સમ્ય૦ ને મિશ્રસમ્ય૦માં પણ સિદ્ધિનો અન્તર કાળ જાણવો. ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા બાદ જીવ તેજ ભવમાં ત્રીજે વા ચોથે વા પાંચમે ભવે પણ મુક્તિ પદ પામે, જેથી વચ્ચે મોટા આયુષ્યવાળો સર્વાર્થસિદ્ધિનો એક જ ભવ રવાથી બે મનુષ્ય ભવાધિક ૩૩ સાગરોપમનું અન્તર જાણવું. સર્વાર્થસિદ્ધ

સિવાયનો દેવભવ પણ એકજ વાર આમ. તેથી વચ્ચે એક દેવ ભવ વા નરક ભવ કરવાથી ત્રીજે ભવે મુક્તિ પામે. યુગલિકમાં જાય તો યુગલિકથી દેવ થઇ મનુષ્ય થઈ મુક્તિ પામતાં ચોથે ભવે મુક્તિ પામે. અથવા કૃષ્ણવત્ નરકમાં જઈ મનુષ્ય થઇ દેવમાં જઈ મનુષ્ય થઈ મુક્તિ પામે તો પાંચ ભવ થાય, અથવા શ્રીદુઃપ્રસહ સૂરિવત્ મનુષ્યથી દેવથી મનુષ્યથી પુનઃ દેવથી મનુષ્ય થઇ મુક્તિ પામે તો પણ પાંચ ભવ થાય છે.

સમ્યક્ત્વના ૬૭ બોલ વા લક્ષણો.

(પ્રવ૦ સારો૦માંથી ઉદ્ધૃત.)

૪ શ્રદ્ધા–૩ લિંગ–૧૦ વિનય–૩ શુદ્ધિ–૫ અતિચાર (દૂષણ)–૮ પ્રભાવના–૫ ભૂષણ–૫ લક્ષણ–૬ જયણા–૬ આગાર (૬ છીંડી)–૬ ભાવના–૬ સ્થાન–એ ૬૭ લક્ષણ વડે વિશુદ્ધ સમ્યક્ત્વ હોય છે, તેનો સંક્ષિપ્તાર્થ—

૪ શ્રદ્ધા—જીવ અજીવ આદિ પરમાર્થોનો–તત્વોનો સંસ્તવ–પરિચય–અભ્યાસ–તે **પરમાર્થસંસ્તવ**, સમ્યક્ પ્રકારે દેખેલા (જાણેલા) છે પરમાર્થ જેમણે એવા આચાર્યોની (ગુરૂની) સેવા તે **સુદૃષ્ટપરમાર્થસેવા**, સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા નિન્હવો તે **વ્યાપન્નદર્શની**, તેના પરિચયનો ત્યાગ તે **વ્યાપન્નદર્શનવર્જન**, અને અન્ય દર્શનોના શાક્યાદિ સાધુઓ-વિગેરેના પરિચયનો ત્યાગ કરવો તે **કુદર્શનવર્જન** એ ચાર પ્રકારની શ્રદ્ધા જાણવી. એમાં પ્રથમ એના પરિચયથી સમ્યક્ત્વ શુદ્ધ થાય છે, અને ત્રીજા ચોથાના પરિચયથી સમ્યક્ત્વ

મલિન વા ભ્રષ્ટ થાય છે માટે એનો સંગ કરવો ને એનો સંગ વર્જવો.

૩ લિંગ—ધર્મશ્રવણની ઉત્કટ ઇચ્છા તે **શુશ્રૂષા**, ચારિત્રધર્મનો રાગ તે **ધર્મરાગ** (શ્રુતધર્મનો રાગ શુશ્રૂષામાં અન્તર્ગત છે માટે અહિં ચારિત્ર ધર્મનો રાગ તે ધર્મરાગ કહ્યો છે). ને દેવગુરૂની ભક્તિ વૈયાવૃત્યનો શક્તિ અનુસારે નિયમ રાખવો તે **દેવગુરુવૈયાવૃત્યનિયમ**. એ પ્રમાણે સમ્યક્ત્વનાં ૩ લિંગ–ચિન્હ છે, અર્થાત્ એ ૩ ચિન્હથી આ જીવ સમ્યગ્દૃષ્ટિ છે એમ ઓળખી શકાય છે.

૧૦ વિનય— અરિહંત–સિદ્ધ–ચૈત્ય–શ્રુત–ધર્મ–સાધુ આચાર્ય–ઉપાધ્યાય–પ્રવચન–અનેદર્શન. એ ૧૦ પદનો વિનય કરવો. એટલે એ ૧૦ ની ભક્તિ પૂજા, બહુમાનહાર્દિક અનુરાગ, વર્ણસંજ્વલના (પ્રશંસા), અવર્ણવાદનો ત્યાગ અને આશાતનાનો ત્યાગ કરવો એમ પાંચ રીતે દશ પદનો વિનય કરવો.

૩ શુદ્ધિ–જગતમાં અરિહંત દેવ, અરિહંતનું પ્રવચન અને સાધુ આદિ એ ત્રણજ સાર છે, શેષ સર્વ અસાર છે, એમ ચિંતવવાથી સમ્યક્ત્વ શુદ્ધ થાય છે.

૫ અતિચાર (દૂષણ)—સર્વજ્ઞ વચનમાં સંશય તે શંકા. અન્ય દર્શનોમાં અભિલાષ થવો તે કાંક્ષા, સદાચારી સાધુઓ વિગેરેની નિન્દા તિરસ્કાર કરવો તે વિચિકિત્સા, અન્ય દર્શનની પ્રશંસા કરવી તે અન્ય પ્રશંસા, અને અન્ય દર્શનીનો સંસ્તવ પરિચય વા આલાપ સંલાપ ઇત્યાદિ. એ પાંચ પ્રકારની પ્રવૃત્તિઓ સમ્યક્ત્વને મલિન કરનાર હોવાથી અતિચાર (દૂષણ) રૂપ છે.

૮ પ્રભાવના—બહુશ્રુત મુનિ શાસનના પ્રભાવક છે, ૧ ધર્મકથાથી (ધર્મોપદેશ આપવાની લબ્ધિથી) શાસન પ્રભાવના થાય છે, અનેક જીવો ધર્મ પામે છે, ૨ વાદી, પ્રતિવાદી, સભ્ય ને સભાપતિ એ ચાર અંગવાળી સભામાં પ્રતિવાદીઓને જીતવામાં સામર્થ્યવાળી વાદ લબ્ધિથી પણ શાસન પ્રભાવના થાય છે. ૩ જ્યોતિષ નિમિત્ત શુકન અંગલક્ષણ ભૂગર્ભ આકાશગર્ભ ઇત્યાદિ વિજ્ઞાન તે નિમિત્ત કહેવાય, તેથી શાસન પ્રભાવના થાય છે. ૪ દુષ્કર તપશ્ચર્યાથી શાસન પ્રભાવના થાય છે, ૫ પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યાદેવીઓ વિગેરે દેવી તથા દેવો જેની સહાય કરવા તત્પર થાય તેવા વિદ્યામન્ત્રથી પણ શાસનની પ્રભાવના થાય છે, ૬ અંજન પાદલેપ, તિલકગુટિકા, કામણ, વશીકરણ ઇત્યાદિ સિદ્ધિઓથી શાસન પ્રભાવના થાય છે. ૭ કવિત્વ=અનેક વિચિત્ર કાવ્યો શીઘ્ર બનાવવાની શક્તિથી શાસન પ્રભાવના થાય છે. ૮ એ આઠ શક્તિઓ ધરનારા અનુક્રમે બહુશ્રુત–ધર્મકથી–વાદી–નિમિત્તી–તપસ્વી–વિદ્યાવાન્–સિદ્ધ–અને કવિ એ આઠ પ્રભાવક કહેવાય છે. બીજા પ્રકારે ૮ પ્રભાવક આ પ્રમાણે—અતિશય ઋદ્ધિવંત–ધર્મકથી–વાદી–આચાર્ય–તપસ્વી–નિમિત્તી–વિદ્યાવંત ને રાજગણસમ્મત. એ પણ શાસન પ્રભાવક છે.

૫ ભૂષણ અથવા ૫ ગુણ—જિનશાસનમાં કુશળતા, શાસનપ્રભાવના, આયતનસેવના (ચૈત્યાદિ દ્રવ્યાયતન અને સાધુ આદિ ભાવ આયતન તેની સેવા), સ્થિરતા અને ભક્તિ એ પાંચ સમ્યક્ત્વની શોભા રૂપ અલંકાર રૂપ છે.

૫ લક્ષણ—અપરાધી પ્રત્યે પણ ક્રોધ ન કરવા રૂપ

ઉપશમ, દેવ મનુષ્યનાં સુખો તજીને પણ મોક્ષનોજ અભિલાષ તે સંવેગ, નારકનાં અને તિર્યંચનાં દુઃખથી ખેદ પામવો તે નિર્વેદ, (ક્વચિત્ સંવેગ તે ભવવૈરાગ્ય ને નિર્વેદ તે મોક્ષાભિલાષ એવો વિપર્યયાર્થ પણ છે). દુઃખી જીવોને દુઃખમાંથી છોડાવવાની ઇચ્છા રૂપ અનુકંપા, (અહિં છતી શક્તિએ દુઃખી જીવોનાં દુઃખ ટાળવાનો ઉદ્યમ કરવો તે દ્રવ્ય અનુકંપા અને દુઃખીનું દુઃખ જોઇને હૃદય આર્દ્ર થવું તે ભાવ અનુકંપા. એ બન્ને પ્રકારની વા એક પ્રકારની અનુકંપા), અન્ય દર્શનનાં અન્ય તત્ત્વો સાંભળવા છતાં પણ સર્વજ્ઞોક્ત તત્ત્વો ઉપરજ પ્રતીતિ તે આસ્તિક્ય. એ સમ્યક્ત્વનાં ૫ લક્ષણ છે, કારણકે એ પાંચ વસ્તુઓ વડે બીજા જીવમાં રહેલું પરોક્ષ સમ્યક્ત્વ પણ ઓળખાય છે.

૬ જયણા—અન્ય તીર્થીઓને, અન્યતીર્થીઓના દેવોને, (મહાદેવ વિષ્ણુ બુદ્ધ આદિને) તથા અન્યતીર્થીઓએ ગ્રહણ કરેલા જિનપ્રતિમા આદિ સ્વદેવોને વંદના ન કરું, નમસ્કાર ન કરું, તેણે પ્રથમ બોલાવ્યા વિના કિંચિત ન બોલું, વારંવાર ન બોલું, આહાર આદિ ન આપું, તથા ગન્ધ પુષ્પાદિક ન મોકલું [એ ભાવનાવંતને અન્યતીર્થી સંબંધિ [1]વંદના—નમ-

---

૧ દુનિયાદારીમાં વ્યાપાર ધંધા વિગેરે કારણે પ્રણામ આદિ કરવાં એ છ એ વ્યવહાર વ્યવહારથી સાચવવા પડે તેની યતના, પરન્તુ સન્યાસી મહાદેવ આદિને નમસ્કાર આદિ કરવાથી ધર્મ થાય પુણ્ય થાય એ બુદ્ધિએ વંદનાદિ છએ વ્યવહારનો નિષેધ છે.

સત્કાર–આલાપ–સંલાપ–આહારદાન–ગંધાદિદાન એ ૬ પ્રકારની જયણા–યતના હોય છે.] અન્ય તીર્થીઓને વંદના આદિ કરવાથી બીજા દેખનારા ભદ્રિક જીવોને તેઓ પ્રત્યે (અન્યતીર્થીઓ પ્રત્યે) બહુમાન જાગે છે, તેથી તેઓ પણ અન્ય તીર્થીઓના પરિચય વિના પણ મિથ્યાત્વ પામે છે. અહિં અનુકંપા દાન તરીકે મિથ્યા દર્શનીઓને આહાર આદિ આપવાનો નિષેધ નથી, કહ્યું છે કે—

सव्वेहिंपि जिणेहिं, दुज्जयजियरागदोसमोहेहिं।
सत्ताणुकंपणट्ठा, दाणं न कहिं पि पडिसिद्धं ॥१॥

અર્થઃ—દુઃખે જીતવા યોગ્ય રાગદ્વેષ ને મોહ જેણે જીત્યા છે એવા સર્વ જિનેશ્વરોએ પ્રાણીઓની અનુકંપાને અર્થે દાન આપવાનું કયાંય પણ નિષેધ કર્યું નથી. ॥ ૧ ॥

તથા પરતીર્થિક દેવોની પૂજા માટે અને પરતીર્થીએ ગ્રહણ કરેલી જિનપ્રતિમાની પૂજા માટે ગંધ પુષ્પ આદિ પૂજા સામગ્રીઓ મોકલું નહિ, તેમજ તે દેવોનો વિનય વૈયાવૃત્ય યાત્રા સ્નાત્રાદિ કરું નહિ. એ નિયમ અંગીકાર કરવાનું કારણ એ છે કે એ પ્રમાણે કરવાથી લોકોનું મિથ્યાત્વ સ્થિર થાય છે, માટે એ ૬ યતના જાળવવી.

૬ આગાર–રાજાભિયોગ=રાજાના હઠ કદાગ્રહથી ઇચ્છા વિના પણ અન્યતીર્થીઓનો પરિચય કરવો પડે તે. ગણાભિયોગ=સ્વજન કુટુંબ વિગેરે ગણ (સમુદાયના) આગ્રહથી

सर्वैरपि जिनैः दुर्जयजितरागद्वेषमोहैः ।
सत्त्वानुकम्पनार्थं दानं न कुत्रापि प्रतिषिद्धम् ॥१॥

વિના ઇચ્છાએ કંઇ મિથ્યા ચર્યા આચરવી પડે તે, બલાભિયોગ= કોઈ બળવાનના હઠ કદાગ્રહથી મિથ્યાક્રિયા આચરવી પડે તે. દેવાભિયોગ=કુલદેવી આદિકના આગ્રહથી વિના ઇચ્છાએ મિથ્યા ક્રિયા આચરવી પડે તે, કાન્તારવૃત્તિ=કાન્તાર એટલે અટવી વિગેરે દુર્ગમ સ્થાન તેમાં વૃત્તિ=આજીવિકાને અર્થે (અટવી સરખા વિકટસ્થાનોમાં આવી પડતાં જીવન નિર્વાહની આપત્તિના વખતમાં) કોઇ મિથ્યાક્રિયા આચરવી પડે અથવા ઉપલક્ષણથી રોગ આદિ અસહ્ય પીડાના કારણે કોઈ મિથ્યા ક્રિયા ઇચ્છા વિના આચરવી પડે તે. તથા ગુર્વભિયોગ=માત પિતા વિદ્યાગુરૂ આદિક ગુરૂજનોના આગ્રહથી ઇચ્છા વિના કોઈ મિથ્યા ક્રિયા આચરવી પડે તે. એ ૬ પ્રકારના અપવાદની છૂટ રાખવી તે ૬ આગાર કહેવાય. અહિં સર્વત્ર "અભિયોગ એટલે આગ્રહથી ઇચ્છા વિનાની પ્રવૃત્તિ" એ અર્થ છે. તાત્પર્ય એ છે કે ૬ પ્રકારની યતનામાં કહ્યા પ્રમાણે પરતીર્થીકને જે વંદનાદિકનો નિષેધ કર્યો છે તે વંદનાદિ ક્રિયાઓ રાજા વિગેરે છના આગ્રહથી દ્રવ્યથી (ભાવ વિના, ઇચ્છા વિના) આચરતાં પણ સમ્યક્ત્વને હાનિ પહોંચતી નથી. એ ૬ છીંડી કહેવાય છે.

૬ ભાવના—શ્રાવકનાં ૧૨ વ્રતરૂપ વૃક્ષનું સમ્યક્ત્વ મૂળ છે એમ ચિંતવવું તે મૂળભાવના. સમ્યક્ત્વ એ ધર્મરૂપ નગરનું મુખ્ય દ્વાર છે એમ વિચારવું તે દ્વારભાવના. સમ્યક્ત્વ એ ધર્મરૂપ દેવપ્રસાદની પીઠિકા (જે ઉંચી વેદિકા સરખી પીઠબંધ-પ્રતિષ્ઠાન ઉપર પ્રાસાદ સ્થિર રહે તે પીઠિકા) છે એમ વિચારવું તે પીઠભાવના. જેમ મનુષ્ય પશુ વનસ્પતિ

આદિ જગત પૃથ્વીના આધાર વિના રહી શકે નહિ તેમ ધર્મરૂપ જગત પણ સમ્યક્ત્વરૂપ પૃથ્વીના આધાર વિના રહી શકે નહિ એમ વિચારવું તે આધારભાવના. તથા ભાજન વિના આહાર આદિ વસ્તુઓ વિનાશ પામે છે તેમ સમ્યક્ત્વરૂપ ભાજન વિના ધર્મ વસ્તુ વિનાશ પામે છે એમ વિચારવું તે ભાજનભાવના. તથા બહુ મોંઘાં મોતી રત્ન સુવર્ણ આદિ ઉત્તમ દ્રવ્યો જેમ નિધાન વિના (તે તે વસ્તુની ખાણ વિના) પ્રાપ્ત થાય નહિ તેમ ચારિત્ર ધર્મ રૂપ રત્નાદિ ધન પણ સમ્યક્ત્વ વિના પ્રાપ્ત થાય નહિ એમ વિચારવું તે નિધિભાવના. એ પ્રમાણે બાર વ્રત રૂપ શ્રાવકધર્મનું–દેશચારિત્રધર્મનું સમ્યક્ત્વ એ મૂળ છે, દ્વાર છે, પ્રતિષ્ઠાન છે, આધાર છે, ભાજન છે ને નિધાન છે.

૬ સ્થાન (૬ આસ્તિકય)—વસ્તુનો અસ્તિ ભાવ એટલે વિદ્યમાનપણું–હોવાપણું તે આસ્તિકય ૬ પ્રકારનું છે. તે આ પ્રમાણે—૧ આત્મા છે, એમ માનવું તે આત્માસ્તિકય, ૨ આત્મા નિત્ય છે એમ માનવું તે નિત્યાસ્તિકય, ૩ પુણ્ય પાપ વિગેરેનો કર્તા જીવ છે એમ માનવું તે કર્તાસ્તિકય, ૪ પુણ્ય પાપના ફળોનો ભોક્તા પણ આત્મા જ છે એમ માનવું તે ભોકતાસ્તિકય, ૫ પુણ્ય પાપનો જેમ બન્ધ છે તેમ તે બેનો મોક્ષ હોવાથી જીવનો મોક્ષ પણ છે (જો મિથ્યાત્વાદિ હેતુઓથી કર્મનો બન્ધ છે તો તેનાથી વિપરીત સમ્યક્ત્વાદિ હેતુઓથી કર્મનો ક્ષય પણ છે) એમ માનવું તે નિર્વાણાસ્તિકય, તથા સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર એ મોક્ષના ઉપાય પણ વિદ્યમાન છે એમ માનવું

તે મોક્ષઉપાયાસ્તિક્ય. એ રીતે ૬ પ્રકારની આસ્તિક્ય ભાવનાથી સમ્યક્ત્વ નિશ્ચલ થાય છે. એ પ્રમાણે સમ્યક્ત્વના ૬૭ બોલ સમાપ્ત ॥ इति सम्यक्त्व ६७ लक्षणानि ॥

॥ સમ્યક્ત્વના ૧-૨-૩-૪-૫-૬-૧૦ ભેદ ॥

એકવિધ સમ્યક્ત્વ—તત્વભૂત અર્થોની (સદ્‌ભૂત પદાર્થોની) શ્રદ્ધા તે.

દ્વિવિધ સમ્યક્ત્વ—[1]નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ એ એનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે, તથા સમ્યક્ત્વ મોહનીય કર્મના પુદ્‌ગલો તે દ્રવ્ય સમ્યક્ત્વ, અને એ પુદ્‌ગલોના આલંબનથી–સામર્થ્યથી આત્મામાં ઉત્પન્ન થયેલો તત્ત્વરૂચિરૂપ પરિણામ તે ભાવ સમ્યક્ત્વ. તથા દર્શનમોહનીયના અનુદયથી વા ઉપશમથી થયેલ ઉપશમ સમ્યક્ત્વ તથા ક્ષયથી થયેલ ક્ષાયિક સમ્યક્ત્વ એ અપૌદ્‌ગલિક સમ્યક્ત્વ, અને ક્ષયોપશમ તથા વેદક સમ્યક્ત્વ દર્શન મોહનીયના (સમ્ય૦મોહનીય પુદ્‌ગલોના) ઉદયથી થાય છે માટે એ

---

१ जं मोणं तं सम्मं, जं सम्मं तमिह होइ मोणं तु ।
निच्छओ इयरस्स उ, सम्मं सम्मत्तहेऊ वि ॥१॥

નિશ્ચય નયના મતે જે મૌન એટલે અવિકલ મુનિવૃત્ત (યથાશક્તિ યથાર્થ સંયમાનુષ્ઠાન) તે સમ્યક્ત્વ છે, અને જે સમ્યક્ત્વ છે તે મૌન જ છે. અને વ્યવહારથી તો શુભ આત્મ પરિણામ અને સમ્યક્ત્વના હેતુઓ [પ્રતિમા આદિ] તે પણ સમ્યક્ત્વ છે. પ્રથમ અર્થ કહ્યો છે તે દ્રવ્ય ભાવની અપેક્ષાએ છે.

પૌદ્ગલિક સમ્યક્ત્વ. સાસ્વાદન અને મિશ્ર એ પણ પૌદ્ગલિક છે. તથા નિસર્ગ અને અધિગમ એ બે ભેદ પૂર્વે કહ્યા છે.

ત્રિવિધ સમ્યક્ત્વ—સાધુનેજ ક્રિયા અનુષ્ઠાનવાળું સમ્યક્ત્વ તે કારક. રૂચિ માત્ર તે રોચક. તે શ્રેણિકાદિકને. અને પોતે મિથ્યાદૃષ્ટિ હોઇ અન્યને સમ્યક્ત્વ ઉત્પન્ન કરે તેવી મિથ્યા દૃષ્ટિની રૂચિ તે દીપકસમ્યક્ત્વ. [આ સમ્યક્ત્વ ઉપદેશાદિકથી વૈરાગ્ય ઉપજાવવાની શક્તિવાળા અભવ્યને વા મિથ્યાદૃષ્ટિને હોય છે]. તથા ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક એ ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ છે જેનું સ્વરૂપ પૂર્વે કહેવાયું છે.

ચતુર્વિધ સમ્યક્ત્વ—ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ ને સાસ્વાદન એ ભેદથી.

પંચવિધ સમ્યક્ત્વ—ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ, સાસ્વાદન વેદક એ ભેદથી.

ષડ્વિધ સમ્યક્ત્વ—ઉપ૦, ક્ષયોપ૦, ક્ષાયિક=૦ સાસ્વા૦, મિશ્ર, વેદક એ ભેદથી.

દશવિધ સમ્યક્ત્વ—નિસર્ગરુચિ ૧, ઉપદેશરુચિ ૨, આજ્ઞારુચિ ૩, સૂત્રરુચિ ૪, બીજરુચિ ૫, અભિગમરુચિ ૬, વિસ્તારરુચિ ૭, ક્રિયારુચિ ૮, સંક્ષેપરુચિ ૯, ધર્મરુચિ ૧૦ એ ભેદથી.

૧ નિસર્ગરૂચિ—જિનેશ્વર ભગવંતોએ કહેલા તત્ત્વોને વિષે સ્વભાવે કરીને રૂચિ થાય તે નિસર્ગરૂચિ. અથવા જિનેશ્વરે બતાવેલા જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ એમજ છે અન્યથા હોયજ નહિ. અર્થાત્ જાતિસ્મરણ જ્ઞાનની જેમ

બીજાના ઉપદેશ વિના અથવા શ્રુતજ્ઞાનના આધારે અત્યંત શ્રદ્ધા કરે તે નિસર્ગરૂચિ સમ્યક્‌ત્વ કહેવાય.

૨. ઉપદેશરૂચિ—ગુરૂ-માતા-પિતા આદિએ કહેલા વસ્તુતત્ત્વમાં જે રૂચિ ઉત્પન્ન થાય એટલે તીર્થંકર ગણધરાદિ પુરૂષોના તથા છદ્મસ્થપુરૂષોના ઉપદેશથી જીવાદિક પદાર્થોને વિષે જે રૂચિ ઉત્પન્ન થાય તે ઉપદેશ રૂચિ સમ્યક્‌ત્વ કહેવાય.

૩. આજ્ઞારૂચિ—સર્વજ્ઞની આજ્ઞા ઉપર જે ભવ્ય પુરૂષ રૂચિ કરે એટલે જે ભવ્ય, રાગ દ્વેષ મોહ તથા અજ્ઞાનથી દેશ થકી રહિતથઈ તીર્થંકર તથા ગણધર વિગેરેની આજ્ઞાવડે પ્રવચનના અર્થ થએલા છે, એમ જાણી પોતે બુદ્ધિહીન હોય તો પણ તેને યથાર્થ રીતે અંગીકાર કરે તે આજ્ઞારૂચિ સમ્યક્‌ત્વવાળો જીવ કહેવાય.

૪. સૂત્રરૂચિ—અંગ ઉપાંગ વગેરે સૂત્ર ભણતાં ભણાવતાં જે સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય છે અને અતિશય શુભ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તે સૂત્રરૂચિ કહેવાય.

૫. બીજરૂચિ—બીજની જેમ જે એક વચન (પદ) અનેક અર્થને બોધ કરનાર હોય તે બીજ વચન કહેવાય, તેવા વચનને વિષે જે રૂચિ હોય તે બીજરૂચિ સમ્યક્‌ત્વવાન્ કહેવાય છે. જેમ બીજ એક હોય છતાં અનેક બીજને ઉત્પન્ન કરે છે, તેમ આત્માને એક પદ ઉપર રૂચિ હોય તે અનેક પદની રૂચિ ઉત્પન્ન કરનારી થાય છે.

૬. અભિગમરૂચિ—અભિગમ એટલે શ્રુતજ્ઞાનના અર્થને

આશ્રીને જે વિશેષ પ્રકારનું જ્ઞાન તેને વિષે જેને રૂચિ થાય તે અભિગમરૂચિ સમ્યક્ત્વવાન કહેવાય છે.

૭. વિસ્તારરૂચિ—સાત નયો વડે સમ્પૂર્ણ દ્વાદશાંગીની વિસ્તારપૂર્વક વિચારણા કરવામાં જેની રૂચિ વૃદ્ધિ પામે છે તે વિસ્તારરૂચિ સમ્યક્ત્વવાળો કહેવાય છે.

૮. ક્રિયારૂચિ—સમ્યક્ પ્રકારે ચારિત્રના અનુષ્ઠાનો એટલે ક્રિયા તેની પ્રવૃત્તિને વિષે જે રૂચિ થવી તે ક્રિયા રૂચિ સમ્યક્ત્વ કહેવાય છે. આ સમ્યક્ત્વ જેને પ્રાપ્ત થાય છે તેને ભાવથી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર આદિ અનુષ્ઠાનને વિષે રૂચિ ઉત્પન્ન થાય છે.

૯. સંક્ષેપરૂચિ--જેનામાં વિશેષતાથી જાણવાની શક્તિ ન હોય તેથી જે સંક્ષેપથી જાણવાની રૂચિ કરે તે સંક્ષેપ રૂચિ સમ્યક્ત્વવાળો કહેવાય છે.

૧૦. ધર્મરૂચિ—ધર્મ એટલે અસ્તિકાયાદિ ધર્મ તથા શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. તેને વિષે જેને રૂચિ હોય તે ધર્મરૂચિ સમ્યક્ત્વવાળો કહેવાય છે.

સમ્યક્ત્વનું સંક્ષિપ્ત સ્વરુપ સમાપ્ત.

卐

દેશવિરતિ સ્વરૂપ.

પહેલી ગાથામાં "સમ્યક્ત્વાદિ શ્રાવક ધર્મ કહીશ" એમ કહ્યું હતું. તેમાં સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું, અને હવે દેશવિરતિ રૂપ શ્રાવક ધર્મનાં અણુવ્રત વિગેરેનું સ્વરૂપ કહેવાય છે—

पंच उ अणुव्वाइं, थूलगपाणवहविरमणाईणि ।
उत्तरगुणा तु अन्ने, दिसिव्वयाई इमेसिं तु ॥७॥

ગાથાર્થ—સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ ઇત્યાદિ અણુવ્રતો પાંચ જ છે, અને દિશિવ્રતાદિ બીજાં વ્રતો એજ પાંચ અણુવ્રતોના [મૂલ ગુણોના] ઉત્તર ગુણો છે.

ભાવાર્થ—મધ્ય ૨૨ તીર્થંકરોના શાસનમાં મુનિનાં ૪ મહાવ્રત છે, તેમ શ્રાવકનાં અણુવ્રત તે વખતે પણ ૪ નથી પરન્તુ ચોવીસે તીર્થંકરના શાસનમાં પંચ ઉ=પાંચજ અણુવ્વયાઇં=અણુવ્રતો છે. શ્રી નેમિનાથ ભગવંતના શાસનમાં શૈલક રાજાએ શ્રી નેમિનાથ ભગવંતના શિષ્ય પાસે

पञ्च तु अणुव्रतानि स्थूलकप्राणवधविरमणादीनि ।
उत्तरगुणास्तु अन्ये दिग्व्रतादय एषां तु ॥७॥

પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારનો શ્રાવકધર્મ સ્વીકાર્યો હતો એમ શૈલક રાજાના ઉદાહરણમાં કહેલું છે.

શ્રાવકનાં ૫ અણુવ્રત. (૫ મૂલ ગુણ.)

પ્રશ્ન—અણુવ્રત એટલે શું? અને તે મૂલ ગુણ કેમ કહેવાય?

ઉત્તર—અણુ,=અલ્પ, વ્રત=નિયમો તે અણુવ્રત. અર્થાત્ સાધુનાં પાંચ વ્રતો તે મહાવ્રતો છે, તેની અપેક્ષાએ શ્રાવકનાં વ્રતો અલ્પ છે માટે અણુવ્રત. અથવા સાધુ મોટા ગુણવાળા છે, તેની અપેક્ષાએ શ્રાવક અલ્પ ગુણવાળા છે, માટે અણુ એટલે અલ્પ ગુણવાળા શ્રાવકનાં વ્રત=નિયમો તે અણુવ્રત. અથવા શાસ્ત્રવિધિ પ્રમાણે ભવ્ય જનોની આગળ પહેલી પ્રરૂપણા મહાવ્રતોની હોય છે. ને મહાવ્રતો સ્વીકારવાને અસમર્થ હોય તો જ ત્યાર બાદ શ્રાવક વ્રતોનો ઉપદેશ અપાય છે, માટે મહાવ્રતોની અનુ=પશ્ચાત્ ઉપદેશાતાં વ્રત=નિયમો તે અણુવ્રત. આ સંબંધમાં કહ્યું છે કે—**जइधम्मस्सऽसमत्थे जुज्जइ तद्देसेणं पि साहूणं** (યતિધર્મનો ઉપદેશ આપતાં યતિધર્મ સ્વીકારવાને અસમર્થ હોય તો તેવા જીવની આગળ સાધુઓએ દેશવ્રતોનો ઉપદેશ આપવો પણ ઘટે છે.) માટે એ પ્રમાણે અણુવ્રતના અહિં ત્રણ અર્થ કહ્યા, અને પાંચ અણુવ્રતો તે શ્રાવકધર્મ રૂપી વૃક્ષના મૂળ સરખા હોવાથી મૂલગુણ કહેવાય છે. શેષ ત્રણ ગુણવ્રત ને ૪ શિક્ષાવ્રતો એ વૃક્ષની શાખા પ્રશાખા રૂપે વૃદ્ધિ સરખા

यतिधर्मस्य असमर्थे युज्यते तद्देशनाऽपि साधूनाम् ॥

હોવાથી વા વૃદ્ધિ કરનારા હોવાથી ઉત્તર એટલે મૂલ ગુણથી પછીના ગુણો તે ઉત્તરગુણ કહેવાય છે.

પ્રશ્નઃ—પાંચ અણુવ્રતો કયાં કયાં ?

ઉત્તરઃ—થૂલગપાણાઇવાયવિરમણાઇણિ એટલે સ્થૂલ પ્રાણિતિપાત વિરમણ વ્રત ઇત્યાદિ પાંચ અણુવ્રતો તે ૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ, ૨ સ્થૂલ મૃષાવાદ વિરમણ, ૩ સ્થૂલ અદત્તાદાન વિરમણ, ૪ સ્વદારા સંતોષ–પરસ્ત્રી ગમન વિરમણ, અને ૫ સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત.

પ્રશ્નઃ—એ પાંચ વ્રતોને સ્થૂલ કેમ કહ્યાં ?

ઉત્તરઃ—સ્થૂલ એટલે મોટું જાડું એ અર્થ છે, અને સૂક્ષ્મ એટલે ઝીણું બારીક એ અર્થ છે. ત્યાં સાધુઓનાં ૫ મહાવ્રતો બહુ સૂક્ષ્મતાવાળાં હોવાથી અને બહુ ઝીણવટવાળાં હોવાથી સૂક્ષ્મ છે, અને તે અપેક્ષાએ શ્રાવકનાં વ્રતો સ્થૂલ છે. જેમ રૂનું કાંતણ અત્યંત ઝીણા તારવાળું અને બહુ જાડા જાડા તારવાળું હોય તેમ સાધુઓના નિયમો બહુ સૂક્ષ્મ છે, અને શ્રાવકના નિયમો તેવા સૂક્ષ્મ ન હોવાથી સ્થૂલ કહેવાય છે. અથવા બીજી રીતે વિચારીએ તો સાધુની દયા સૂક્ષ્મ એટલે સ્થાવર જીવો સુધી પહોંચેલી છે, તેથી સાધુનાં વ્રતો સૂક્ષ્મ અને શ્રાવકની દયા સ્થૂલ એટલે બાદર જીવો જે [1]દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવો તે પ્રત્યેની જ છે, તેમજ એ ત્રસ જીવો પ્રત્યે પણ અમુક નિયમવાળી જ

---

૧ દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવો જ બાદર કેમ ? એકેન્દ્રિયો પણ બાદર છે તો તે કેમ ન કહ્યા ? ઉત્તરઃ—દ્વીન્દ્રિયાદિ

દયા પરન્તુ સર્વાંશે નહિ કે જે આગળ કહેવામાં આવશે. માટે શ્રાવકનાં વ્રત સ્થૂલ જીવ વિષયક હોવાથી સ્થૂલ છે. શ્રાવકને એકેન્દ્રિયની અહિંસાનો અભાવ છે.

।। ૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત ।।

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ અણુવ્રતો કહ્યાં તેમાં પહેલું અણુવ્રત સવિસ્તરપણે કહેવાય છે (શ્રાવકથી જે રીતે સ્વીકારાય તે રીતે કહે છે.)

थूलगपाणवहस्सा विरई, दुविहो य सो वहो होई ।
संकप्पारंभेहिं, वज्जइ संकप्पओ विहिणा ॥८॥

ગાથાર્થઃ—સ્થૂલ પ્રાણવધની વિરતિ તે પહેલું અણુવ્રત છે. તે પ્રાણવધ પુનઃ બે પ્રકારનો છે. સંકલ્પથી અને આરંભથી. તેમાં સંકલ્પ પ્રાણવધ વિધિ પૂર્વક વર્જે. (અર્થાત્ સ્થૂલ-હિંસા નો પણ સંકલ્પથી ત્યાગ થઇ શકે. ॥૮॥

ભાવાર્થઃ—પૂર્વે કહ્યા પ્રમાણે શ્રાવક સ્થૂલ જીવહિંસાનો એટલે દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરી શકે છે, પરન્તુ સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરી શકતો નથી,

---

જીવોને લૌકિક દર્શનીઓ પણ જીવ તરીકે જાણી શકેછે માટે બાદર, અને એકેન્દ્રિયો બાદર છે તોપણ લૌકિક દર્શનીઓ જીવ તરીકે જાણી શકતા નથી માટે. સૂક્ષ્મ એકેન્દ્રિયો તો સૂક્ષ્મ છે જ, પરન્તુ બાદર એકેન્દ્રિયોને પણ એ અપેક્ષાએ સૂક્ષ્મ જાણવા.

स्थूलकप्राणवधाद् विरतिर्द्विविधश्च स बधो भवति ।
सङ्कल्पाऽऽरम्भाभ्यां वर्जयति सङ्कल्पतो बिधिना ॥ ८ ॥

કારણ કે ગૃહસ્થ જીવનનો નિભાવ જ સ્થાવર જીવોની હિંસા પર અવલંબેલો છે. ખેતી કરવામાં પૃથ્વીની હિંસા. જળ પીવા ઢોળવામાં પાણીની હિંસા. ચૂલા સળગાવવા, ભઠ્ઠીઓ કરવી વિગેરેમાં અગ્નિની હિંસા. ધમણો ચલાવવા, પંખા નાખવા ઇત્યાદિમાં વાયુની હિંસા, અને મકાનો બાંધવાં વિગેરેમાં વનસ્પતિની હિંસા નિત્યને માટે છે. જો સ્થાવર હિંસાનો ત્યાગ કરે તો ગૃહસ્થ જીવન જ અટકી પડે. એ કારણથી ગૃહસ્થોને માટે સ્થાવરની અહિંસા અશક્ય છે.

અનંતા પ્રયત્ને અલ્પ કરે પણ સર્વથા ત્યાગ કરી શકે નહિ. અને દ્વીન્દ્રિયાદિ સ્થૂલ જીવોની-મોટા જીવોની હિંસા પણ જો કે સર્વથા ત્યાગ કરી શકે નહિ, પરન્તુ અમુક નિયમથી તો સર્વ ત્રસ જીવોની હિંસા અટકાવવી શક્ય છે. તે આ પ્રમાણે—દ્વીન્દ્રિયાદિ ત્રસ જીવોની હિંસા બે રીતે થાય છે, એક તો "આ જીવને હું હણું" એ પ્રકારે ત્રસ જીવને હણવાના જ મુખ્ય ઉદ્દેશથી ત્રસ જીવોની હિંસા થાય છે, અને બીજી રીતે આરંભ સમારંભથી એટલે ખેતર ખેડવું, ઘર બાંધવું, ચૂલા સળગાવવા ઇત્યાદિક ગાર્હસ્થિક કાર્યોમાં પ્રાસંગિક થાય છે. ખેતી વિગેરે કાર્યોમાં ત્રસ જીવોની હિંસા સાક્ષાત્ નથી. એ પ્રમાણે એ બે પ્રકારની ત્રસ હિંસામાંથી પહેલા પ્રકારવાળી ત્રસ હિંસાનો ત્યાગ શક્ય છે. પરન્તુ બીજા પ્રકારવાળી ત્રસ હિંસાનો ત્યાગ શક્ય નથી. માટે શક્ય ત્યાગવાળી પહેલી સંકલ્પિત ત્રસ હિંસાનો ત્યાગ કરે. કેવી રીતે ત્યાગ કરે? **વિહિણા** એટલે વિધિપૂર્વક ત્યાગ કરે એટલે ગુરૂની પાસે પ્રત્યાખ્યાન કરીને

ત્યાગ કરે પરન્તુ પોતાના મનમાં ધારી લેવા પૂર્વક નહિ. તે પ્રત્યાખ્યાનનો પાઠ આ પ્રમાણે—

થૂલગં પાણાતિવાયં સંકપ્પઓ પચ્ચક્ખામિ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં મણેણં વાયાએ કાયણં ન કરેમિ ન કારવેમિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ એ પ્રમાણે આવશ્યક ચૂર્ણિમાં પ્રત્યાખ્યાનનો પાઠ કહ્યો છે. શેષ વિધિ આગળ ૯ મી ગાથામાં કહેવાશે.

આઠમી ગાથામાં સ્થૂલ હિંસાનો ત્યાગ વિધિપૂર્વક કરવાનો કહ્યો, ત્યાં વિધિ વધવર્જનવિધિ અને ઉત્તરવિધિ એમ બે પ્રકારે છે, તે આ ગાથામાં દર્શાવાય છે.

गुरुमूले सुयधम्मो, संविग्गो इत्तरं व इयरं वा ।
वज्जित्तु तओ सम्मं, वज्जेइ इमे य अइयारे ॥९॥

ગાથાર્થઃ—ગુરૂની પાસે જેણે ધર્મ સાંભળ્યો છે એવો સંવિગ્ન શ્રાવક અલ્પ કાળ અથવા યાવજ્જીવ સ્થૂલ હિંસાનો ત્યાગ કરીને ત્યાર બાદ તે શ્રાવક આ આગળ કહેવાતા અતિચારોને વર્જે. (અતિચારો ૧૦ મી ગાથામાં કહેવાશે. અહિં વજ્જિત્તુ પદ સુધી વધ વર્જનવિધિ કહ્યો, અને ત્યાર બાદ ઉત્તરવિધિ કહ્યો.)

ભાવાર્થઃ—શ્રાવક સ્થૂલ હિંસા ત્યાગરૂપ પહેલું અણુવ્રત (શ્રાવકનો પહેલો યમ વા મૂલ ગુણ) અંગીકાર કરે તે

गुरुमूले श्रुतधर्मः संविग्नः इत्वरञ्च इतरं वा ।।
वर्जयित्वा ततः सम्यक् वर्जयति इमांश्चाऽतिचारान् ॥ ९ ॥

પોતાની મેળે મનમાં ધારી લઈને નહિ, તેમજ ઘરખૂણે નહિ, કારણ કે એવા છાના નિયમોનો શીઘ્ર ભંગ થવાનો સંભવ છે, અને ગુરૂની પાસે જાહેર રીતે અંગીકાર કરેલો નિયમ લજ્જા આદિ ગુણો વડે શીઘ્ર ભાગી શકાતો નથી. જીવના પરિણામ વિચિત્ર છે, અને પરિણામને પરિવર્તન કરનારા સંયોગો જગતમાં હરવખતે હાજર છે, માટે સર્વ જીવો સરખા દૃઢ પરિણામવાળા ન હોવાથી જે કોઇ પ્રતિજ્ઞા વા નિયમ કરવો તે ગુરૂ સમક્ષ જાહેર પાઠના ઉચ્ચાર પૂર્વક કરવો એજ વિશેષ યોગ્ય છે, એટલું જ નહિ, પરંતુ ધર્મશ્રવણ પણ ગુરૂ પાસેજ કરવું. પોતાની મેળે પુસ્તક વાંચીને નહિ. ગુરૂ પાસે ધર્મ સાંભળવાથી અનેક શંકાનાં સમાધાનો થાય છે. વ્રત પરિણામ ન હોય તો પ્રગટ થાય છે. વૈરાગ્ય પરિણતિ ક્રમશઃ વધતી જાય છે. માટે વ્રત અંગીકાર કરનાર શ્રાવક કેવો હોય તે સંબંધમાં ગ્રંથકર્તાએ **गुरुमूले सुयधम्मो** (ગુરૂની પાસે સાંભળ્યો છે ધર્મ જેણે) એમ કહ્યું.

પ્રશ્નઃ—ગુરૂ કોને કહેવા ?

ઉત્તરઃ—સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયાવાળા તેમજ સમ્યક્ પ્રકારે ધર્મશાસ્ત્રોના ભાવાર્થનો ઉપદેશ કરનારા એવા ગુરૂ હોય છે. કહ્યું છે કે—

धर्मज्ञो धर्मकर्ता च, सदा धर्मपरायणः ॥
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥१॥ અથવા.

जो जेण सुद्धधम्मे, निओजिओ संजएण गिहिणा वा।
सो चेव तस्स भण्णति धम्मगुरुधम्मदाणाओ ॥२॥

અર્થ:–ધર્મના જાણુ, ધર્મક્રિયા કરનાર, હંમેશાં ધર્મમાં તત્પર, અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રાર્થનો ઉપદેશ કરનાર તે ગુરૂ કહેવાય. અથવા સાધુ કે શ્રાવક જે કોઇએ જેને શ્રુત ધર્મમાં જોડ્યો હોય તેજ તેને ધર્મગુરૂ કહે છે, કારણ કે ધર્મ આપવાથી ધર્મગુરૂ ॥ ૧–૨ ॥

અહિં **गुरूमूले** એ પદ કહેવાથી ગુરૂ સિવાય અન્યની પાસે ધર્મ શ્રવણ ન કરવો એમ દર્શાવ્યું, કારણ કે અન્યત્ર વિપરીત જ્ઞાન થવાનો સંભવ છે, અને **सुयधम्मो** એ પદથી શ્રુતધર્મજ સાંભળવા યોગ્ય છે, એમ દર્શાવ્યું, કારણ કે શ્રુતધર્મ સિવાય અન્ય શાસ્ત્રો સાંભળવાથી વ્રતના પરિણામ જાગતા નથી. તેમજ "**गुरूमूले सुयधम्मो**" એ પદથી પોતાની મેળે શાસ્ત્રો વાંચી લેવાનો પણ નિષેધ દર્શાવ્યો, કારણ કે સ્વતઃ શાસ્ત્રો વાંચી લેવાથી શાસ્ત્રગત તાત્પર્ય સારી રીતે સમજાતું નથી. તેથી સદાચાર આદિ સમ્યક્ પ્રવૃત્તિ પણ થતી નથી. કહ્યું છે કે—

न हि भवति निर्विगोपकमनुपासितगुरुकुलस्य विज्ञानम्।
प्रकटितपश्चाद्भागं, पश्यत नृत्यं मयूरस्य ॥ १ ॥

અર્થ:–જેણે ગુરૂકુલની ઉપાસના નથી કરી તેવા સ્વયંજ્ઞાનીનું વિજ્ઞાન નિર્વિગોપક એટલે આત્માને ગોપવનારૂં–રક્ષણ કરનારૂં

यो येन शुद्धधर्मे नियोजितः संयतेन गृहिणा वा।
स चैव तस्य भण्यते धर्मगुरुर्धर्मदानात् ॥ २ ॥

થતું નથી. એ આખતના ઉદાહરણ તરીકે જેમાં પાછલો ભાગ પ્રગટ-ઉઘાડો થઈ જાય છે એવું મોરનું નૃત્ય-નાચ દેખો. (મોર કોઇ ગુરૂની પાસે નૃત્યકળા શીખ્યો નથી ને નૃત્ય કરવા જાય છે ત્યારે પરિણામે ગુદા ભાગ ઉઘાડો થઇ જાય છે. તેમ ગુરૂ વિનાનું જ્ઞાન પોતાના આત્માને રક્ષણ કરનારૂં થતું નથી.)

માટે ગુરૂ પાસે શાસ્ત્ર શ્રવણ કરવાથી संविग्न=મોક્ષ સુખની ઇચ્છાવાળો થયેલો અથવા સંસારથી ભય પામેલો જીવ અણુવ્રત અંગીકાર કરે. મોક્ષની ઇચ્છા રહિત વા સંસારથી નિર્ભય જીવને જો કે વ્રતની પ્રાપ્તિ હોય, પરન્તુ તે મોક્ષને આપનારી ન થાય.

પ્રશ્નઃ—શ્રાવક અણુવ્રત અંગીકાર કરે તે અલ્પ કાળ પૂરતાં કે જીવન પર્યન્ત?

ઉત્તરઃ—इत्तरं એટલે ઇત્વર કાળ એટલે અલ્પકાળ સુધી પણ અંગીકાર કરે, ને इयरं એટલે ઇતરકાળ સુધી એટલે યાવજ્જીવ (જીવન પર્યન્ત) પણ અંગીકાર કરે, અર્થાત્ કોઇ ચાર માસ માટે, કોઇ વર્ષ માટે, યાવત્ કોઇ જીવતાં સુધીને માટે પણ અંગીકાર કરે, મહાવ્રતની માફક જીવન પર્યન્ત જ નહિ. તે પ્રમાણે આ પહેલું અણુવ્રત પણ અલ્પ કાળ વા જીવન પર્યન્ત સ્વીકારે ॥ ઇતિ પ્રાણાતિપાતવર્જનવિધિ ॥

એ પ્રમાણે પહેલું અણુવ્રત અંગીકાર કરીને એ વ્રતના અતિચાર વર્જે.

॥ અતિચાર તે શું ? ॥

પ્રશ્નઃ—અતિચાર એટલે શું?

ઉત્તર—વ્રતને મલિન કરે એવું વિપરીત આચરણ તે અતિચાર. અથવા વ્રતનો સાક્ષાત્ ભંગ નહિ પરન્તુ આડકતરી રીતે ભંગ થાય તેવું આચરણ તે અતિચાર. અથવા તાત્ત્વિક દૃષ્ટિએ વ્રતનો ભંગ, પરન્તુ વ્યવહાર દૃષ્ટિએ વ્રતનો ભંગ નહિ એવું આચરણ તે અતિચાર, સાર એ કે ભંગાભંગ લક્ષણવાળો તે [1]અતિચાર. પહેલા અણુવ્રતમાં કયા કયા અતિચાર કઈ આડકતરી રીતે લાગે છે તે ૧૦ મી ગાથાના ભાવાર્થમાં કહેવાશે.

દેશવિરતિમાં અતિચારની ચર્ચા.

પ્રશ્નઃ—અતિચાર સર્વવિરતિમાં હોય કે દેશવિરતિમાં પણ ? કારણ કે અતિચારો ઉપજવામાં મૂળ કારણ સંજ્વલન કષાયનો ઉદય છે. કહ્યું છે કે—

सव्वेवि य अइयारा संजलणाणं तु उदयओ होंति ।
मूलच्छेज्जं पुण होंति बारसण्हं कसायाणं ॥१॥

સર્વે અતિચારો સંજ્વલન કષાયનાજ ઉદયથી હોય

---

૧ વ્રતનો સર્વથા ભંગ થાય એવું વિપરીત આચરણ તે અનાચાર. અને દેશથી (અલ્પ) ભંગ થાય એવું વિપરીત આચરણ તે અતિચાર.

सर्वेऽपि खल्वतिचाराः संज्वलनानां तूदयतो भवन्ति ।
मूलच्छेद्यं पुनर्भवन्ति द्वादशानां कषायाणाम् ॥ १ ॥

છે, અને બાર કષાયના ઉદયથી તો વ્રતનો મૂળથી જ છેદ (નાશ) થાય છે.

એ પ્રમાણે વિચારતાં કેવળ સંજ્વલન કષાયનો ઉદય સર્વ વિરતિવંતનેજ હોય છે. દેશ વિરતિવંતને તો પ્રત્યાખ્યાની કષાયનો (પ્રત્યાખ્યાન ને સંજ્વલન એ બન્નેનો) ઉદય હોવાથી દેશવિરતિમાં અતિચારનો સંભવ નથી. વળી એ વાત બંધ બેસતી પણ છે. કારણ કે દેશવિરતિ અલ્પવ્રત છે અને અતિચારને શાસ્ત્રમાં વ્રણ આદિ સરખા (ગડગુમડ સરખા) કહ્યા છે. તેથી બહુ ન્હાના કુંથુઆને જેમ ગડ ગુમડનો અભાવ હોય તેમ અતિ અલ્પ વ્રતરૂપ દેશવિરતિમાં પણ અતિચારનો અભાવ સંભવે. તે આ પ્રમાણે—પહેલું અણુવ્રત (સ્થૂલ અહિંસા વ્રત) [1]સ્થૂલ સંકલ્પ નિરપરાધ દ્વિવિધ ત્રિવિધ ઇત્યાદિ વિશેષણોવાળું હોવાથી અતિ સૂક્ષ્મ છે, માટે દેશપણાનો અભાવ છે (એટલે સૂક્ષ્મ વસ્તુમાં વિભાગ પડે નહિ તેથી દેશવિભાગનો અભાવ છે) તો તે દેશવિભાગની વિરાધના રૂપ અતિચાર કેવી રીતે હોય ? દેશવ્રત તો પોતેજ દેશવિભાગ છે, જેથી દેશવિભાગનો ભંગ થતાં દેશવ્રતનો સર્વથા નાશ ઘટી શકે. જેમ કુંથુનું શરીર અતિ

---

૧ શ્રાવકની અહિંસા-દયા ત્રસ જીવોની છે. તેમાં પણ સંકલ્પથી છે, સંકલ્પમાં પણ નિરપરાધીની છે. નિરપરાધીમાં પણ દ્વિવિધે ત્રિવિધે છે, અર્થાત્ ક્રમશઃ ઉતરતી ઉતરતી અહિંસા છે. આ સંબંધિ વિશેષ સ્વરૂપ શ્રાવકની સવા વિશ્વાની દયામાં દેખો.

સૂક્ષ્મ હોવાથી કોઈ વસ્તુથી દબાતાં સર્વથા નાશ પામે તેમ દેશવ્રત પણ દેશભંગ થતાં સર્વથા નષ્ટ થાય છે. અને મહાવ્રતોમાં તો અતિચાર સંભવે છે, કારણ કે મોટી વસ્તુના દેશભાગ હોવાથી તે દૂષિત વા ખંડિત થઈ શકે છે, જેમ હસ્તિના શરીરે ગડગુમડ થવાનો સંભવ છે.

ઉત્તરઃ—દેશવિરતિમાં અતિચાર ન હોય એ વાત અસંગત છે. ઉપાસક દશાંગ આદિ સિદ્ધાન્તોમાં દરેક દેશ-વ્રતના પાંચ પાંચ અતિચાર કહ્યા છે. જો કહો કે તે અતિચારો એકાન્તે વ્રતના ભંગરૂપ છે, (વ્રતના સર્વથા નાશ રૂપ છે) તો એમ કહેવું અયુક્ત છે. કારણ કે અતિચાર તે વ્રતનો ભંગજ છે એમ નહિ. પરંતુ વ્રતના ભંગનો એક ભેદ છે. (અર્થાત્ અમુક પ્રકારે ભંગ થવો તે અતિચાર ને અમુક પ્રકારે ભંગ થવો તે અનાચાર, એ રીતે અતિચાર તે વ્રતના ભંગનો એક પ્રકાર વિશેષ છે.) માટે દેશવ્રતમાં અતિચાર સંભવિત છે.

વળી અતિચાર સંજ્વલન કષાયના ઉદયથીજ હોય એમ શાસ્ત્રમાં કહ્યું છે તે વાત સત્ય છે, પરન્તુ એ વાત સર્વવિરતિના અતિચારોની અપેક્ષાએ કહી છે, પરન્તુ દેશ-વિરતિના અને સમ્યક્ત્વના અતિચારોની અપેક્ષાએ એ વાત નથી, કારણ કે "सव्वे वि य अइयारा" ઇત્યાદિ ગાથાની વૃત્તિમાં સ્પષ્ટ કર્યું છે કે—संज्वलनानामेवोदये सर्वविरतावतिचारा भवन्ति शेषोदये तु मूलच्छेद्यमेव तस्याम् (એટલે સર્વવિરતિમાં સંજ્વલન કષાયોના ઉદયથીજ અતિચાર ઉપજે

છે. શેષ કષાયોના ઉદયે તો સર્વવિરતિમાં વ્રતનો મૂળથીજ છેદ થાય છે.) એ પ્રમાણે વિચારતાં દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી. વળી એજ ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા બીજી રીતે કરીએ તો ત્રીજા કષાયના ઉદયે (પ્રત્યાખ્યાનીના ઉદયે) સર્વવિરતિનો મૂળછેદ, બીજા કષાયના ઉદયે (અપ્રત્યાખ્યાનીના) ઉદયે દેશવિરતિનો મૂળછેદ, અને પહેલા કષાય. (અનન્તાનુબન્ધી) ના ઉદયે સમ્યક્ત્વનો મૂળછેદ થાય છે. એ પ્રમાણે બીજી રીતે કરેલી વ્યાખ્યા પ્રમાણે પણ દેશવિરતિમાં અતિચારનો અભાવ નથી. તે આ પ્રમાણે—જેમ સંજ્વલન કષાયના ઉદયે સર્વવિરતિ પ્રગટ થાય છે, અને તેમાં અતિચાર પણ લાગે છે, તે પ્રમાણે પ્રત્યાખ્યાની કષાયના ઉદયે દેશવિરતિ પ્રગટ થાય છે ને તેમાં અતિચાર પણ લાગે છે. તેમજ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયે સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને તેમાં અતિચાર પણ લાગે છે. એ રીતે ન્યાય સર્વત્ર સરખો છે.

પ્રશ્નઃ—જે કષાયોદયથી ગુણપ્રાપ્તિ તે જ કષાયોદયથી અતિચાર રૂપ દોષની પ્રાપ્તિ પણ કેવી રીતે ઘટે? જે વસ્તુ જે ગુણ ઉત્પન્ન કરનારી તે જ વસ્તુ તેમાં દોષ ઉત્પન્ન કરનારી કેમ હોય?

ઉત્તર—કષાયોના ઉદય વિલક્ષણ છે. (વિચિત્ર છે) તેથી જે કષાય જે ગુણનો અવિરોધી છે, તે જ કષાય તે ગુણમાં દોષ ઉત્પન્ન કરવામાં નિમિત્તિભૂત બને છે. જેમ સંજ્વલનનો ઉદય સર્વવિરતિ ગુણનો અવિરોધી હોવા છતાં તેમાં દોષ ઉત્પન્ન કરનારો છે એમ તો તમોએ પણ સ્વીકાર્યું છે.

બીજા આચાર્યો વળી આ બાબતમાં એમ કહે છે કે— સમ્યક્ત્વના અતિચાર અનંતાનુબંધી કષાયના ઉદયથી અને દેશવિરતિના અતિચાર બીજા કષાયના ઉદયથી હોય છે, કારણ કે કષાયોનો ઉદય વિચિત્ર છે. તેથી કષાયનો ઉદય કયારેક દેશવિરાધક (દેશ વિરોધી) હોય છે તો કયારેક સર્વ વિરાધક (સર્વ વિરોધી) હોય છે માટે.

વળી તમોએ જે કુંથુઆનું દૃષ્ટાન્ત આપ્યું તે પણ અયુક્ત છે, કારણ કે બીજું દૃષ્ટાન્ત તેને બાધક પણ છે. તે આ પ્રમાણે—હસ્તિથી અત્યંત ન્હાનો મનુષ્ય છે એમ ગણીએ તો તે મનુષ્યને ગડગુમડ હોઈ શકે છે, તેમ દેશવિરતિમાં અતિચાર પણ લાગી શકે છે.

પ્રશ્ન:—સંજ્વલન કષાય દેશઘાતી હોવાથી સર્વવિરતિ ગુણનો અવિરોધી હોઇને સર્વવિરતિમાં અતિચાર ઉપજાવે તે સંગત છે, પરન્તુ બાર કષાયો તો સર્વઘાતી છે, તેથી સમ્યક્ત્વાદિ ગુણનો ભંગ કરનારા જ સંભવે.

ઉત્તર—પહેલા ૧૨ કષાયોને સર્વઘાતી કહ્યા છે તે સર્વવિરતિની અપેક્ષાએજ સર્વઘાતી છે. પરન્તુ દેશવિરતિ આદિકની અપેક્ષાએ નહિ, તેથી દેશવિરતિમાં અતિચાર હોઇ શકે છે ॥ ૯ ॥ ઇતિ ઉત્તરવિધિ.

॥ પ્રસંગથી શ્રાવકની સવા વિશ્વાની દયા ॥

૨૦ વિશ્વાનો ૧ વસો એ હિસાબે ૧ વસાની સંપૂર્ણ દયા ૨૦ વિશ્વા પ્રમાણ છે. તેમાં ત્રસ ને સ્થાવરની બન્નેની

દયાનો સમાવેશ થાય છે, ને તેવી સંપૂર્ણ ૧ વસાની દયા અથવા ૨૦ વિશ્વાની દયા મુનિ મહારાજનેજ હોય છે. શ્રાવકને કેવળ ત્રસની દયા હોય છે, જેથી સ્થાવરની દયાના ૧૦ વિશ્વા જતાં ૧૦ વિશ્વા રહ્યા. પુનઃ ત્રસની હિંસા પણ સંકલ્પથી (ઈરાદા પૂર્વક વિના અપરાધે હણવો) અને આરંભથી. (ઘર બાંધવું વિગેરે ગૃહસ્થો સંબંધિ આરંભોમાં ઈરાદાપૂર્વક નહિ પણ પ્રસંગથી ત્રસની હિંસા થાય.) તેમાં આરંભજનિત ત્રસહિંસાનો બચાવ શ્રાવકથી બને નહિ, માટે ૧૦ વિશ્વામાંથી પણ અર્ધ જતાં ૫ વિશ્વા દયા રહી. પુનઃ સંકલ્પ હિંસામાં પણ નિરપરાધીને સાપરાધી. [ગુન્હા રહિત ને ગુન્હેગાર] ત્રસ જીવોમાં નિરપરાધીની હિંસાનો ત્યાગ હોય છે. પરન્તુ અપરાધીની હિંસાનો બચાવ ન હોવાથી ૫ વિશ્વામાંથી રા વિશ્વા રહ્યા.વળી નિરપરાધી ત્રસમાં પણ સાપેક્ષ (જે ત્રસ પોતાના ઉપયોગમાં આવે તે નિરપરાધી હોવા છતાં પોતાને તાબે રાખવો, જેમકે—હસ્તિ ઉંટ આદિ વનપશુઓ નિરપરાધી છે, તોપણ તેને જરૂરી ઉપયોગ માટે ઘેર લાવી બાંધવા વિગેરે) અને નિરપેક્ષ. [એટલે પોતાના ઉપયોગ વિના કેવળ મોજશોખને માટે નિરપરાધી ત્રસની હિંસા કરવી, જેમ કે શિકાર આદિ]. તેમાં નિરપેક્ષ હિંસાનો બચાવ થઇ શકે, પરન્તુ સાપેક્ષ ત્રસહિંસાનો બચાવ ન થાય તેથી રા વિશ્વામાંથી અર્ધ ૧ા વિશ્વો દયા શ્રાવકને શેષ રહી. એ પ્રમાણે મુનિ મહારાજને સંપૂર્ણ ૨૦ વિશ્વાની દયા અને શ્રાવકને ૧ા વિશ્વાની દયા જાણવી, તેનો સંક્ષેપ આ પ્રમાણે—

ત્રસ અને સ્થાવરની દયા	૨૦ વિશ્વા
ત્રસની દયા	૧૦ વિશ્વા
સંકલ્પજનિત (આરંભજનિત નહિ) દયા	૫ વિશ્વા
નિરપરાધીની [સાપરાધીની નહિ] દયા	૨॥ વિશ્વા
સાપેક્ષ [નિરપેક્ષ નહિ]	૧॥ વિશ્વો

અવતરણ—પૂર્વ ગાથામાં "અતિચારોને વર્જવા" એમ કહ્યું તો અતિચાર કયા ? (અર્થાત્ કયા વ્રતના કયા અતિચાર ?) તે આ ગાથામાં કહે છેઃ—

बन्धवहं छविछेयं, अइभारं भत्तपाणवोच्छेयं ।
कोहाइदूसियमणो, गोमणुयाईण णो कुणइ ॥ १० ॥

ગાથાર્થઃ—બન્ધ, વધ, છવિછેદ (અંગછેદ), અતિભાર, અને ભાતપાણીનો વિચ્છેદ (ભૂખ્યા રાખવા) એ પાંચ વસ્તુ પશુ અને મનુષ્યાદિકને માટે ક્રોધાદિ દોષયુક્ત મનવાળો થઈને ન કરે. ॥ ૧૦ ॥

ભાવાર્થઃ—સ્થૂલ અહિંસા વ્રતવાળો શ્રાવક ક્રોધાદિકને વશ થઈને પશુ અને મનુષ્યાદિકને દોર વિગેરેથી બાંધે તો તે પહેલો બન્ધ અતિચાર. ચાબુક વિગેરેથી માર મારે તો વધ અતિચાર. છવિ એટલે શરીરનો છેદ કરે એટલે ચપ્પુ છરી આદિક શસ્ત્રથી અવયવો કાપે તે છવિચ્છેદ અતિચાર. પશુ તથા મનુષ્ય પાસે ગજા ઉપરાંત ભાર વહેવડાવે તે અતિભારારોપણ અતિચાર. અને આહારમાં

बंधवधं छविच्छेदमतिभारं भक्तपानव्युच्छेदम् ।
क्रोधादिदूषितमना गोमनुष्यादीनां न करोति ॥ १० ॥

અન્તરાય કરે તે ભક્તપાનવિચ્છેદ અતિચાર. આ પાંચે ક્રોધાદિકથી કરે તો અતિચાર છે, પરન્તુ પુત્રાદિકને વિનયાદિ શીખવવા માટે હિતબુદ્ધિએ બંધનાદિ કરે તો અતિચાર નથી. કારણ કે પુત્રાદિકનો પ્રાણ ચાલ્યો જાય અથવા ન ચાલ્યો જાય તેની દરકાર ક્રોધાદિ કષાયવાળાને હોતી નથી માટે તેવા નિરપેક્ષ અને નિર્દયને અતિચાર દોષ હોય છે. પરંતુ હિતદૃષ્ટિએ વધ બંધનાદિ કરનારને દિલમાં દયા હોવાથી રખેને વધુ પડતું વધ બંધનાદિ ન થાય એવી દરકાર હોય છે, માટે એ સાપેક્ષ વૃત્તિવાળાને અતિચાર દોષ લાગતો નથી.

આ બાબતમાં શ્રી આવશ્યક ચૂર્ણિમાં આ પ્રમાણે કહ્યું છે—બન્ધ દ્વિપદનો (મનુષ્યનો) ને ચતુષ્પદનો (પશુનો) હોય છે, તે પણ સનિમિત્ત અને નિનિર્મિત એમ બે રીતે હોય છે. તેમાં શ્રાવકે સનિમિત્ત બન્ધ કરવો, (કંઈ કારણસર દ્વિપદાદિકને બાંધવા પડે તો બાંધવા), પરન્તુ કંઈ પણ પ્રયોજન વિના બંધ કરવો યુક્ત નથી. વળી પ્રયોજનથી બંધ તે પણ સાપેક્ષ ને નિરપેક્ષ એમ બે પ્રકારે છે, ત્યાં હાલી ચાલી ન શકે, અગ્નિ આદિ ઉપદ્રવ વખતે બળ કરતાં પણ છૂટી ન શકે એવું અતિ દૃઢ બંધન બાંધવું તે નિરપેક્ષ બન્ધ અને સુગમતાથી હલન ચલન કરી શકે અને ઉપદ્રવના વખતમાં બળથી ઝટ છૂટો થઇ શકે એવું નરમ બંધન તે સાપેક્ષ બન્ધ. એ તો બળદ આદિ પશુઓને અંગે જાણવું. દાસ, દાસી, ચોર, ભણવામાં આળસુ પુત્ર ઇત્યાદિકને જ્યારે બાંધવામાં આવે ત્યારે તેને સ્વતઃ છૂટી

જાય એવા નરમ બંધને બાંધીને તેનું અગ્નિ આદિકથી રક્ષણ કરવાની સંભાળ રાખ્યા કરવી, કે જેથી ઉપદ્રવ વખતે વિનાશ ન પામે. વળી શ્રાવક પ્રથમ તો એવાં પશુઓ અને દાસ દાસીઓ વિગેરે રાખે કે જેને બાંધી રાખવાની જરૂર ન પડે, બાંધ્યા વિનાજ રહે, છતાં તેવા પશુ આદિ ન મળે તો એ ઉક્ત વિધિ જાણવો.

પુનઃ વધના સંબંધમાં પણ એ જ વિધિ જાણવો, પરન્તુ તફાવત એ કે—નિર્દયપણે તાડન કરવું તે નિરપેક્ષ વધ, અને સાપેક્ષ વધ આ પ્રમાણે—પ્રથમ તો શ્રાવક ભીત-પરિષદ્ હોય, (અર્થાત્ જેને દેખીને પુત્રાદિ પરિવાર ભય પામી પોતપોતાના ઉચિત કાર્યમાં રક્ત રહે,) પરન્તુ તેમ ન હોવાથી જો પુત્રાદિ વિનય ન કરે તો મર્મસ્થાન છોડીને શરીરના બીજા ભાગોમાં લાત વિગેરેથી અથવા દોર વિગેરેથી એક વાર વા અનેક વાર તાડના કરવી. એ પ્રમાણે છવિચ્છેદ એટલે અંગ છેદ પણ સાપેક્ષ ને નિરપેક્ષ છે. તેમાં હાથ, પગ, કાન, નાકને જે નિર્દયપણે છેદે-કાપે તે નિરપેક્ષ છવિછેદ, અને ગંડસ્થલ વા સાથલને અનિર્દયપણે છેદે વા બાળે તે સાપેક્ષ છવિછેદ. તથા અતિભારના સંબંધમાં પ્રથમ તો શ્રાવકે પશુઓ અથવા દાસ દાસીઓ પાસે ભાર વહેવડાવવા ઉપર આજીવિકા જ ન ચલાવવી, છતાં જો બીજી આજીવિકા-ઓના અભાવે એ આજીવિકા કરવી પડે તો ભારવાહી મનુષ્ય જેટલો ભાર પોતાની મેળે ઉપાડી શકે અને ઉતારી શકે તેટલો જ ભાર તેની પાસે વહેવડાવવો, અને પશુઓ પાસે ભાર ખેંચાવવો હોય તો જેટલો ખેંચી શકાય તેથી

કંઇક ઓછો ભાર ભરવો, અને ઉચિત વખતે હળ ગાડાંથી પશુને છૂટા પણ કરવા. (એ રીતે વચ્ચે વચ્ચે પશુઓને વિસામો આપતા જવું.) તથા ભોજનનો વિચ્છેદ–અન્તરાય તો કોઇને પણ ન કરવો. નહિતર ઘણો ભૂખ્યો થતાં મરણ પામે. એ ભક્તપાન વિચ્છેદ પણ બન્ધવત્ સપ્રયોજન ને અપ્રયોજન એમ બે પ્રકારે છે, તેમાં રોગની ચિકિત્સા માટે (પરહેજી પળાવવા) ભૂખ્યો રાખવો પડે તો સાપેક્ષ, અને અપરાધને અંગે ભૂખ્યો રાખવો પડે તો અપરાધીને શાન્તિથી આ પ્રમાણે કહેવું કે—આજ તને ભોજનાદિ આપીશ નહિ, અથવા શાન્તિ અર્થે (ઉપદ્રવને શાન્ત કરવા માટે) ઉપવાસ કરાવે. વિશેષ શું કહેવું ? જે રીતે સ્થૂલ અહિંસા વ્રતમાં અતિચાર દોષ ન ઉપજે તે રીતે યતના પૂર્વક વર્તવું.

પ્રશ્નઃ—વ્રત તો પ્રાણાતિપાત વિરમણનું (પ્રાણઘાત ન કરવાનું) છે તો બન્ધ વધ આદિકથી વ્રતમાં દોષ કઇ રીતે લાગે ? પ્રાણઘાત કરે તો જ વ્રત ખંડિત થાય, અને જો કહો કે પ્રાણાતિપાત સાથે વધ બંધાદિકનું પ્રત્યાખ્યાન છે તો વધ બંધાદિ કરવાથી વ્રતનો ભંગ જ થાય છે. વળી બીજી વાત એ છે કે જો વધ બંધનાદિકનું પણ પ્રત્યાખ્યાન હોય તો વ્રતોની સંખ્યામાં વિરોધ આવે છે, કારણ કે પાંચ અણુવ્રતોના દરેકના પાંચ પાંચ અતિચારોના પ્રત્યાખ્યાનથી ઘણાં અણુવ્રતો (૩૦ વ્રતો) થાય છે. માટે વધ બંધ આદિકને અતિચાર તરીકે ગણવા યોગ્ય નથી.

ઉત્તરઃ—એ વાત સત્ય છે, પ્રત્યાખ્યાન પ્રાણાતિ-

પાતનું જ કર્યું છે, વધ બંધાદિકનું નહિ, પરન્તુ અહિં કહેવાનું માત્ર એટલું જ છે કે પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું ત્યારે તત્ત્વથી વધ બંધાદિકનું પણ અન્તર્ગત પ્રત્યાખ્યાન થઈ ગયેલું જ જાણવું, કારણ કે વધ બંધ આદિક તે પ્રાણાતિપાતના ઉપાય છે. (વળી અમોએ વધ બંધાદિકને વ્રતભંગ નથી કહ્યો, પરન્તુ અતિચાર કહેલ છે. કેવી રીતે તે કહીએ છીએ—વ્રત બે પ્રકારે છે. ૧ અન્તર્વૃત્તિએ અને ૨ બાહ્યવૃત્તિએ. ત્યાં હું આ અપરાધી વિગેરેને મારૂં (હણું) એવી બુદ્ધિના અભાવે જે ક્રોધાદિકના આવેશમાં પ્રાણ ચાલ્યા જવાની પણ દરકાર વિના બન્ધ આદિકમાં પ્રવર્તે પરંતુ પ્રાણઘાત થયો નથી તો પણ નિર્દયપણા વડે વ્રતની અપેક્ષા રાખ્યા વિના પ્રવૃત્તિ કરી છે માટે અન્તર્વૃત્તિએ વ્રતનો ભંગ થયો ગણાય, પરન્તુ પ્રાણઘાત ન થવાથી બાહ્યવૃત્તિએ વ્રતનું પાલન થયું છે, એ પ્રમાણે વ્રતનો દેશથી ભંગ અને દેશથી અભંગ પાલન થવાથી અતિચાર કહેવાય છે. કહ્યું છે કે—

न मारयामीति कृतव्रतस्य, विनैव मृत्युं क इहातिचारः ।
निगद्यते यः कुपितो वधादीन्, करोत्यसौ स्यान्नियमानपेक्षः।१।
मृत्योरभावान्नियमोऽस्ति तस्य, कोपाद्यधीनतया तु भग्नः ।
देशस्य भंगादनुपालनाच्च, पूज्या अतीचारमुदाहरन्ति ॥२॥

અર્થ:—જેણે "મારૂં નહિ" એવું વ્રત લીધું છે તેને તે જીવ મર્યા વિના અહિં અતિચાર કેમ લાગે ? તો કહીએ છીએ કે—જે વ્રતધારી આ જીવ મરી જશે એવી અપેક્ષા

રાખ્યા વિના જ ક્રોધાદિકથી વધ આદિક કરે છે, પરન્તુ જીવનું મૃત્યુ થયું નથી, તો મૃત્યુના અભાવથી તે વ્રતધારીનો નિયમ સચવાયો છે, પરન્તુ ક્રોધાદિકના આવેશથી નિર્દયપણા વડે વધાદિ આચરેલ હોવાથી નિયમનો ભંગ થયો છે, એ પ્રમાણે નિયમનો દેશથી ભંગ અને દેશથી પાલન થવાથી એવા બંધાદિકને આચાર્યો અતિચાર કહે છે. ॥ ૧-૨ ॥

વળી વ્રતની સંખ્યા પાંચની રહેતી નથી એમ કહ્યું તે પણ અયુક્ત છે, કારણ કે વિશુદ્ધ અહિંસા આદિ વ્રતોમાં બન્ધાદિકનો અભાવ છે. એ પ્રમાણે બન્ધ આદિક પ્રવૃત્તિઓ અતિચાર છે, પરન્તુ વ્રતભંગ નથી. અહિં બન્ધ આદિ પાંચ અતિચાર તો ઉપલક્ષણ માત્ર છે, જેથી એ ઉપરાંત મન્ત્ર તન્ત્ર પ્રયોગ આદિ બીજા પણ અતિચારો જાણવાં. (અર્થાત્ પહેલું અણુવ્રત કહીને હવે અસત્યના ત્યાગ સંબંધિ કરાવવો તે પણ પહેલા અણુવ્રતના અતિચાર છે.) ॥૧૦॥

॥ ઈતિ પ્રથમ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત ॥

★

॥ બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત ॥

અવતરણ—બંધ વધ આદિ પાંચ અતિચાર સહિત પહેલું અણુવ્રત કહીને હવે અસત્યના ત્યાગ સંબંધિ શ્રાવકનું બીજું અણુવ્રત કહે છે—

थूलमुसावायस्स य, विरइ सो पंचहा समासेणं ।
कण्णागोभोमालिय-णासहरणकूडसक्खिज्जे ॥११॥

स्थूलमृषावादाच्च विरतिः स पञ्चधा समासेन ।
कन्यागोभौमालिकं न्यासहरणं कूटसाक्ष्ये ॥ ११ ॥

ગાથાર્થ—સ્થૂલ મૃષાવાદની વિરતિ–વ્રત તે સંક્ષેપથી પાંચ પ્રકારનું છે (પાંચ અતિચારવાળું છે) ૧ [1]કન્યા સંબંધિ જૂઠ, ૨ પશુ સંબંધિ જૂઠ, ૩ ભૂમિ સંબંધી જૂઠ, ૪ થાપણ ઓળવવી, ૫ ખોટી સાક્ષી પૂરવી, એ પાંચ પ્રકારનાં જૂઠ એ પાંચ અતિચાર છે. ॥૧૧॥

ભાવાર્થઃ—સ્થૂલ એટલે મોટી વસ્તુ સંબંધિ મૃષાવાદ એટલે જૂઠ બોલવું તે સ્થૂલ મૃષાવાદ અને તેનું વિરમણ–ત્યાગ તે સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત. સૂક્ષ્મ વસ્તુઓ સંબંધિ જૂઠનો ત્યાગ મહાવ્રતમાં ગણાય છે, તેની અપેક્ષાએ આ બાદર વ્રત છે.

॥ સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતના ૫ પ્રકાર ॥

૧ કન્યા સંબંધ મૃષાવાદ, ત્યાં કન્યા એટલે કુમારી, ૨ પશુ સંબંધિ મૃષાવાદ, ૩ ભૂમિ સંબંધિ મૃષાવાદ, ૪ ન્યાસાપહાર એટલે થાપણ ઓળવવી, અને ૫ ખોટી સાક્ષી પૂરવી. ત્યાં કન્યાનો વિવાહ કરવા માટે હલકી ન્યાતની હોય તેને ઉંચી ન્યાતની કહેવી, (શૂદ્રની કન્યાને ક્ષત્રિયની છોકરી કહેવી ઈત્યાદિ,) અને કોઇ કન્યાનો વિવાહ

---

૧. એ પાંચ મોટાં જૂઠનો ત્યાગ શ્રાવકથી બની શકવા યોગ્ય છે, નહિતર ત્યાગવા યોગ્ય જૂઠ તો અનેક પ્રકારનાં છે, પરંતુ જેનાથી લોકનિંદા વિશ્વાસઘાત ને રાજદંડ થાય એવાં દરેક જૂઠ શ્રાવકે ત્યાગ કરવા યોગ્ય છે. નાનાં જૂઠ બોલવાનો પ્રસંગ પગલે પગલે ઉપસ્થિત થવાથી એ સર્વનો બચાવ થવો અશક્ય છે, પરંતુ તેમાં પણ નિર્ઘૃણવૃત્તિ તો ન જ જોઇએ.

ન થવા દેવા માટે ઉંચી ન્યાતની હોય તો હલકી ન્યાતની કહેવી. (જેમ ક્ષત્રિયની છોકરીને શૂદ્રની કહેવી ઇત્યાદિ:) અથવા સદાચારી હોય તો દુરાચારી કહેવી ને દુરાચારી હોય તો સદાચારી કહેવી. ઇત્યાદિ અનેક રીતે કન્યા સંબંધિ જૂઠ જાણવું. અહિ "કન્યા" કહેવાથી કુમાર દાસ દાસી ઇત્યાદિ સર્વ દ્વિપદ સંબંધિ જૂઠ તે કન્યાલિક. તથા અલ્પ દૂધવાળી ગાયને અધિક દૂધવાળી કહેવી, ઇત્યાદિ રીતે ગાયની માફક બળદ અશ્વ ઇત્યાદિ સર્વ ચતુષ્પદોના સંબંધમાં વિપરીત બોલવું તે ગવાલીક. તથા બીજાની ભૂમિને પોતાની કહેવી ઇત્યાદિ ભૂમિસંબંધિ જૂઠનો ઉપલક્ષણથી શેષ પૃથ્વી આદિ સંબંધિ વિપરીત બોલવું તે અપદ મૃષાવાદ અથવા ભૂમિ મૃષાવાદ.

પ્રશ્નઃ—ઉપલક્ષણથી દ્વિપદાદિ ગ્રહણ કરવાનું કહો છો તો તેને બદલે પ્રથમથીજ મૃષાવાદના પ્રકાર દ્વિપદ ચતુષ્પદ ને અપદ શબ્દોથી કેમ ન કહ્યા ?

ઉત્તર—કન્યા આદિકનાં જૂઠ અતિ નિંદ્ય લોકપ્રસિદ્ધ હોવાથી કન્યાલીક આદિ પ્રકાર કહ્યા છે, પરંતુ દ્વિપદાલીક આદિ પ્રકાર નથી કહ્યા.

પ્રશ્નઃ—થાપણ ઓળવવી એ તો ચોરી હોવાથી અદત્તાદાનમાં ગણવાને બદલે અહિં મૃષાવાદમાં કેમ ગણી ?

ઉત્તરઃ—અહિં થાપણ ઓળવવી એ અદત્તાદાન જ છે, પરન્તુ એ સંબંધિ જે જૂઠ બોલવું પડે તે પ્રપંચ વચનો મૃષાવાદ છે. અને એ વિશેષતાના કારણથી જ એ પ્રકાર

જૂદો પાડયો છે. તથા ક્રોધ ઇર્ષ્યા આદિકના આવેશથી જે વાત બીજાએ અમુક રીતે સ્વીકારેલી છે તો પણ તે ખોટી ઠરાવે છે. (મેં આ વાત કરી નથી વા કહી નથી એમ બોલે.) તેમાં પોતે સાક્ષી પૂરે કે હું એનો સાક્ષી છું, એથી બીજાએ કરેલા અસત્યવાદના પાપને પોષણ મળે છે. માટે એ વિશેષતાના કારણે કૂટસાક્ષી નામનો પાંચમો મૃષાવાદ જૂદો પાડયો છે. એ રીતે પાંચ પ્રકારનો મૃષાવાદ કહ્યો. ॥ ૧૧ ॥

અવતરણ—પૂર્વ ગાથામાં બીજા અણુવ્રતના પાંચ પ્રકાર કહીને હવે આ ગાથામાં એના ૫ અતિચાર દર્શાવે છે તે આ પ્રમાણે—

इह सहसब्भक्खाणं, रहसा य सदारमंतभेयं च ।
मोसोवएसयं कूडलेहकरणं च वज्जेइ ॥१२॥

ગાથાર્થ:—આ બીજા અણુવ્રતમાં સહસાભ્યાખ્યાન (કલંક દેવું). રહસાભ્યાખ્યાન (ગુહ્ય વાત પ્રગટ કરવી,) સ્વદારા મન્ત્રભેદ, (સ્ત્રીની ગુપ્ત વાત પ્રકાશવી), મૃષા ઉપદેશ, ને કૂટ લેખકરણ (ખોટા લેખ દસ્તાવેજ કરવા.) એ પાંચ અતિચાર વર્જવા. ॥ ૧૨ ॥

ભાવાર્થ—સહસા–વિચાર્યા વિના અભ્યાખ્યાન–અછતા દોષનું આરોપણ કરવું, એટલે જેનામાં જે દોષ નથી તે દોષ કહેવો, જેમકે તું ચોર છે. તું વ્યભિચારી છે, ઇત્યાદિ

इह सहसाभ्याख्यानं रहसि च स्वदारमन्त्रभेदं च ।
मृषोपदेशकं कूटलेखकरणं च वर्जयति ॥ १२ ॥

કલંક આપવું તે ૧. સહસાભ્યાખ્યાન અતિચાર. તથા રહસા-એકાન્તના કારણથી અભ્યાખ્યાન-કંઈ ખોટું કહેવું તે. જેમકે કોઇ બે ત્રણ જણ એકાન્તમાં કંઈ સલાહ વિચાર કરતા હોય, તો તેઓને માટે આ લોકો રાજવિરૂદ્ધ વિચારે છે ઇત્યાદિ કહેવું તે રહસાભ્યાખ્યાન નામનો બીજો અતિચાર છે. તથા પોતાની સ્ત્રીએ વિશ્વાસ પામીને કંઇ છાની વાત કરી હોય ને તે બીજાને કહેવી, અથવા સ્ત્રીના ઉપલક્ષણથી) મિત્રાદિ કોઇએ પણ વિશ્વાસથી છાની વાત કહી હોય તે બીજાને કહેવી તે ૩ સ્વદારમન્ત્રભેદ નામનો ત્રીજો અતિચાર છે. તથા તમારે આ વાત આ પ્રમાણે આ પ્રમાણે કહેવી એ પ્રમાણે બીજાને ખોટું શિખવવું, (જેમ વકીલો અસીલને કોરટમાં ખોટું બોલવાનું શિક્ષણ આપે છે) તે મૃષા ઉપદેશ નામનો ચોથો અતિચાર છે. તથા લેખ દસ્તાવેજ વિગેરેમાં એવી શબ્દ પંક્તિ ગોઠવવી કે જેથી લખવા યોગ્ય અર્થથી ઉલટો અર્થ નીકળે. (અર્થાત જે બાબત જેને લખી આપવી છે તે બાબત તેને પ્રથમથી સમજાવી હોય અને સમ્મત હોય, પરન્તુ અક્ષર પંક્તિ એવી રીતે લખે કે લખી આપનારનો પોતાનો ઇષ્ટ અર્થ ઉપજે ને સહામા ધણીને નુકશાન હોય, કે જેથી તકરાર ઉપસ્થિત થાય ત્યારે લેખ વાંચતાં લખનારના લાભનો અર્થ મળે) એ પ્રમાણે પ્રપંચથી ખોટા લેખ કરવા તે કૂટલેખ નામનો પાંચમો અતિચાર છે. અહિં જૂના દસ્તાવેજ વિગેરે દબાવી રાખી તદન ખોટા દસ્તાવેજ ઉભા કરવા તે પણ કૂટલેખ અતિચાર છે, અથવા ખોટા દસ્તાવેજની તેનાજ અક્ષર સરખી નકલ ઉભી કરવી, અથવા અમુકના અક્ષર મરોડ જાણી

લઈને તેવાજ સરખા અક્ષરોના નવા દસ્તાવેજ ઉભા કરવા અથવા સહીઓ કરવી એ સર્વ કૂટ લેખ અતિચાર છે. એ પ્રકારના પાંચે અતિચારો બીજા અણુવ્રતધારીએ વર્જવા.

પ્રશ્ન—પહેલો અતિચાર જેમ અછતાદોષારોપણુનો છે તેમ બીજો અતિચાર પણ અછતા દોષારોપણુનો તુલ્ય છે તો પહેલો ને બીજો અતિચાર જૂદા કઈ રીતે ?

ઉત્તર—પહેલો અતિચાર એકાન્તના નિમિત્તવાળો નથી, તેમજ વિતર્ક રહિત છે (એટલે વિચાર કર્યા વિના એકદમ બોલવા રૂપ છે), અને બીજો અતિચાર એકાન્તના નિમિત્તવાળો ને તે પણ વિચારીને કહેવા રૂપ છે એ રીતે પહેલા બે અતિચારમાં તફાવત છે.

પ્રશ્ન—આ વ્રતમાં અસત્ય બોલવાનો ત્યાગ છે. અને અભ્યાખ્યાન તો અછતા દોષોનું આરોપણ હોવાથી અસત્ય બોલવા રૂપ છે, તો સહસા અથવા રહસા, પણ અસત્ય કથન તો છે જ, માટે સહસાભ્યાખ્યાન ને રહસાભ્યાખ્યાન એ બેને અતિચાર કેમ કહેવાય ? એ બેથી તો સત્યવ્રતનો ભંગ જ ગણાય.

ઉત્તર—એ વાત સત્ય છે, પરન્તુ અન્યને ઉપઘાતક એવું એ સહસા વચન અજાણપણાદિ કારણથી બોલી જાય તો સંક્લિષ્ટ પરિણામના અભાવે [સ્હામાનું બુરું કરવાના પરિણામના અભાવે] વ્રતની અપેક્ષા રહી છે, તેથી વ્રતનો ભંગ નથી, પરન્તુ એ વચન પરને ઉપઘાતક હોવાથી વ્રતનો

ભંગ પણ છે, જેથી એક અપેક્ષાએ ભંગ અને એક અપેક્ષાએ અભંગ હોવાથી ભંગાભંગ રૂપ અતિચાર છે. અને જો તીવ્ર સંક્લેશથી (જાણી જોઇને સ્હામાને હલકો પાડવા માટે એવાં ઉપઘાતક વચનો બોલે તો વ્રતની અપેક્ષા ન રહેવાથી વ્રતનો ભંગ જ થાય છે.

પ્રશ્ન—સ્વદારા મંત્રભેદમાં અસત્ય કથન નથી તો તે અતિચાર કેવી રીતે ?

ઉત્તર—પોતાની સ્ત્રીએ જે વાત કહી તે જ બીજાને કહેવાની હોવાથી જો કે સત્ય છે, પરન્તુ એ છાની વાત બીજાને કહેવાથી સ્ત્રી લજ્જાદિકના કારણે પરિણામે આપઘાત પણ કરે, માટે અનુવાદ કથન પણ અપેક્ષાએ વ્રતના ભંગવાળું ને અપેક્ષાએ અભંગવાળું હોવાથી સ્વદારા મંત્રભેદ ભંગાભંગ રૂપ અતિચાર છે, એકાન્તે વ્રતભંગ નથી.

પ્રશ્ન—મૃષા ઉપદેશ (બીજાને ખોટું બોલતાં શીખવવું) એ ભંગાભંગ રૂપ અતિચાર કેવી રીતે અને વ્રતભંગ કઇ રીતે ?

ઉત્તર—અસત્ય ન બોલું, અસત્ય ન બોલાવું, એ બે સંયોગી વ્રત સ્વીકાર્યું હોય અથવા અસત્ય ન બોલાવું એવું અસંયોગી વ્રત સ્વીકાર્યું હોય, તો બીજા પાસે ખોટું બોલાવતાં વ્રતનો એકાન્તે ભંગ થાય છે, પરન્તુ "હું અસત્ય ન બોલું." એવું અસંયોગી વ્રત સ્વીકાર્યું હોય તો બીજા પાસે ખોટું બોલાવવામાં એકાન્તે વ્રત ભંગ થતો નથી, તોપણ [૧]એ પ્રકારના વ્રતમાં સહસાકારથી (અકસ્માત)

---

૧. પહેલા બે પ્રકારના વ્રતમાં સહસાકાર આદિથી

બીજાને ખોટો ઉપદેશ આપે, અથવા અજાણતાં બીજાને ખોટો ઉપદેશ આપે, તો અતિચાર છે. અથવા [૨]અતિક્રમ વ્યતિક્રમ ને અતિચાર વડે પણ બીજાને મૃષાવાદમાં પ્રવર્તાવનારને અતિચાર છે. અથવા વ્રત રક્ષણની બુદ્ધિએ [૩]પર વૃત્તાન્ત કથન દ્વારા મૃષા ઉપદેશ આપનારને એ અતિચાર છે, કારણ કે વ્રતરક્ષણની બુદ્ધિ છે માટે વ્રતનો ભંગ નથી, પરન્તુ બીજાને મૃષાવાદમાં પ્રવર્તાવ્યો તેથી વ્રતનો ભંગ પણ છે માટે અતિચાર.

અતિચાર છે. ત્રીજા પ્રકારના વ્રતમાં વ્રતનો ભંગ નથી, કારણ કે મૃષોપદેશ બીજાને ખોટું બોલાવવા માટે છે, ને વ્રત પોતાને ખોટું ન બોલવાનું છે, માટે "હું અસત્ય ન બોલું" એ વ્રતવાળાને બીજા પાસે અસત્ય બોલાવવામાં વ્રતભંગ નથી.

૨. જે પ્રકારનું વ્રત અંગીકાર કર્યું તે વ્રતનો ભંગ થાય એવું ચિંતવન તે અતિક્રમ, તે વ્રતભંગ માટે પ્રવૃત્તિનો પ્રારંભ કરવો તે વ્યતિક્રમ, વ્રતભંગની નિકટ પ્રવૃત્તિ તે અતિચાર અને વ્રતભંગમાં સાક્ષાત્ પ્રવૃત્તિ તે અનાચાર. જેમ ઉપવાસમાં આહારનો ત્યાગ કરીને આહારનું ચિંતવન કરવું તે અતિચાર, આહાર માટે ઉઠવું, ચાલવું, સાધન મેળવવાં એ વ્યતિક્રમ, આહાર ખાવા બેસવું ને મુખ સુધી આહાર લાવવો તે અતિચાર, ને આહાર મુખમાં મૂકી દેવો તે અનાચાર.

૩. જો આ ત્યાગ કરેલી વસ્તુનો હું ઉપયોગ કરીશ તો અમુક પ્રકારનો ઉપદ્રવ થશે એમ વૈદ્યે અથવા જોશીએ કહ્યું છે ઇત્યાદિ પરવૃત્તાન્ત કથન અનેક રીતે સંભવિત છે.

પ્રશ્નઃ—ખોટો લેખ કરવામાં અતિચાર કઈ રીતે ? વ્રતમાં તો અસત્ય બોલવાનો ત્યાગ છે, અસત્ય લખવાનો ત્યાગ નથી.

ઉત્તરઃ—"કાયા વડે મૃષાવાદ ન કરું" એ વ્રતવાળાને તથા "કાયા વડે મૃષાવાદ ન કરું ન કરાવું" એ વ્રતવાળાને ખોટો લેખ કરવો તે વ્રતભંગ છે, એ સિવાય અન્ય પ્રકારના વ્રતવાળાને વ્રતભંગ નથી, તોપણ (પ્રથમના બે પ્રકારવાળાને) સહસાકાર વિગેરેથી અથવા આતંકમાદિકથી અતિચાર જાણવો. અથવા મૃષાવાદના ત્યાગમાં 'મૃષા—અસત્ય બોલવાનો ત્યાગ કર્યો છે પરન્તુ અસત્ય લખવાનો ત્યાગ નથી કર્યો,' આ પ્રકારના અભિપ્રાયવાળા મુગ્ધ બુદ્ધિવાળા જીવને એટલી પણ વ્રતપાલનની અપેક્ષા રહી છે માટે ખોટો લેખ બનાવવો એ અતિચાર છે. ॥૧૨॥

॥ ઇતિ દ્વિતીયાણુવ્રતે ૫ અતિચારાઃ ॥

★

॥ ત્રીજું સ્થૂલઅદત્તાદાન વિરમણુવ્રત ॥

અવતરણ—એ પ્રમાણે પાંચ અતિચાર અને પાંચ પ્રકાર સહિત બીજું સ્થૂલ અસત્ય વિરમણ વ્રત કહીને હવે સ્થૂલ અદત્તાદાન વિરમણ નામનું ત્રીજું વ્રત બે પ્રકાર સહિત કહે છેઃ—

થૂલાદત્તાદાણે, વિરઈ તં દુવિહિમો વિણિદિટ્ઠં ।
સચિત્તાચિત્તેસુ, લવણહિરણ્ણાઇવત્થુગયં ॥૧૩॥

स्थूलादत्तादाने विरतिस्तं द्विविधं मो विनिर्दिष्टम् ।
सचित्ताचित्तेषु लवणहिरण्यादिवस्तुगतम् ॥ १३ ॥

ગાથાર્થ—સ્થૂલ અદત્તાદાનની વિરતિ એ ત્રીજું અણુવ્રત છે. એમાં અદત્ત બે પ્રકારનું આ પ્રમાણે કહ્યું છે—૧ સચિત્ત અદત્ત, ૨ અચિત્ત અદત્ત. ત્યાં લુણ વિગેરે સચિત્ત પદાર્થોની ચોરી તે સચિત્તાદત્ત, ને હિરણ્યાદિ વસ્તુ સંબંધિ ચોરી તે અચિત્ત અદત્ત. (અદત્ત એટલે નહિ આપેલું લેવું તે.) ॥ ૧૩ ॥

ભાવાર્થઃ—સ્થૂલ એટલે બાદર મોટું, અદત્ત એટલે નહિ આપેલી વસ્તુ છાની લેવી તે અદત્તાદાન, ને તે પણ સૂક્ષ્મ વસ્તુના વિષયવાળું નહિ, પરન્તુ બાદર વસ્તુ વિષયિક કે જેનાથી ચોરીનો આરોપ આવે, લોકમાં ચોર ગણાય, ને રાજ્યદંડ પણ થાય, એવી મોટી ચોરીનો વિરમણ–ત્યાગ તે સ્થૂલ અદત્તાદાનવિરમણ નામનું ત્રીજું અણુવ્રત છે. અહિં અદત્ત બે પ્રકારનું છે. સ્થૂલ વસ્તુ સંબંધિ ને સૂક્ષ્મ વસ્તુ સંબંધિ. તેમાં [1]સૂક્ષ્મ વસ્તુ સંબંધિ અદત્તનો ત્યાગ ગૃહસ્થથી બની શકે એમ નથી, તે સર્વત્યાગી સાધુથી જ બની શકે એમ છે. માટે ગૃહસ્થને કેવળ સ્થૂલ વસ્તુનો અદત્ત ત્યાગ બની શકે છે, તે કરવા યોગ્ય છે.

---

૧ રસ્તામાંથી પડેલું તૃણખલું ઉપાડવું તે સૂક્ષ્મ ચોરી છે, નદી વિગેરેમાંથી પાણી લેવું ને પીવું એ પણ સૂક્ષ્મ ચોરી છે, માર્ગમાંથી ધૂળની ચપટી લેવી તે પણ સૂક્ષ્મ ચોરી છે, કોઇએ ફેંકી દીધેલી તદન નિરૂપયોગી વસ્તુ લેવી તે પણ ચોરી છે. ઇત્યાદિ સૂક્ષ્મ ચોરીઓથી લોકમાં ચોર કહેવાતો નથી, તેમ એથી રાજદંડ પણ થતો નથી

તથા બે સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત બે પ્રકારનું છે. ૧ સચિત્ત સંબંધિ, ૨ અચિત્ત સંબંધિ. ત્યાં લૂણ ફળ, દ્વિપદ, ચતુષ્પદ વિગેરે સચિત્ત વસ્તુઓની ચોરીનો ત્યાગ કરવો તે સચિત્તાદત્તાદાન વિરમણ, અને સુવર્ણ, રત્ન, પાષાણ, વસ્ત્ર ઇત્યાદિક અચિત્ત વસ્તુઓની ચોરીનો ત્યાગ તે અચિત્તાદત્તાદાન વિરમણ. અહિં સંક્ષિપ્ત ભેદ હોવાથી ત્રીજો મિશ્ર ભેદ કહ્યો નથી. જેથી મિશ્રનો બે બે પ્રકારમાં જ અન્તર્ભાવ જાણવો.

અવતરણ:—પૂર્વ ગાથામાં બીજા અણુવ્રતના બે પ્રકાર કહીને હવે આ ગાથામાં તેના ૫ અતિચાર દર્શાવે છે—

वज्जइ इह तेणाहडतक्करजोगं विरुद्धरज्जं च ।
कूडतुलकूडमाणं, तप्पडिरूवं च ववहारं ॥१४॥

માટે એવી ક્ષુદ્ર ચોરીઓ સૂક્ષ્મ ચોરી ગણાય છે, તેનો ત્યાગ સાધુથી જ થઇ શકે છે, કારણ કે સાધુને રસ્તા-માંની ધૂળની ચપટીની જરૂર હોય તોપણ પૂછયા વિના લેવાય નહિ તો બીજી વસ્તુઓની લેવાની વાતજ શી ? અને ગૃહસ્થને તો એવી સૂક્ષ્મ ચોરીઓ પગલે પગલે થયા કરે છે, તેનું પાપ બંધાય છે, પરન્તુ ગૃહસ્થથી જીવનના નિભાવ માટે એ ચોરીઓ રોકી શકાતી નથી, તેથી તેનું વ્રત પણ હોતું નથી.

वर्जयतीह स्तेनाहृततस्करयोगं विरुद्धराज्यं च ।
कूटतुलकूटमानं तत्प्रतिरूपं च व्यवहारम् ॥ १४ ॥

ગાથાર્થઃ—૧ સ્તેનાહૃત, (ચોરનો માલ લેવો,) ૨ તસ્કરયોગ, (ચોરને ચોરીની પ્રેરણા કરવી,) ૩ વિરૂદ્ધરાજ્ય, (શત્રુ રાજ્યમાં ગમનાગમન,) ૪ કૂટતૂલકૂમાન, (ખોટાં કાટલાં, ખોટાં માપ રાખવાં.) અને ૫ તત્પ્રતિરૂપ વ્યવહાર (સરખી દેખાતી વસ્તુ ભેળસેળ કરવી.) એ પાંચ અતિચાર આ ત્રીજા અણુવ્રતમાં વર્જવા. ॥ ૧૪ ॥

ભાવાર્થઃ—સ્તેન એટલે ચોર તેની આહૃત-લાવેલી વસ્તુ કંકુ ઇત્યાદિ (વસ્ત્ર આભૂષણ ઇત્યાદિ) વિના મૂલ્યે લેવી અથવા ઓછી કિંમતે મળવાના લોભથી અલ્પ કિંમત આપી ખરીદવી. તે ૧ **સ્તેનાહૃત** નામનો અતિચાર છે. તથા તસ્કર એટલે ચોર તેને યોગ-પ્રેરણા કરવી કે તું ચોરી કર એવી આજ્ઞા કરવી અથવા ચોરીના કાર્યમાં ઉત્સાહિત કરવો તે **તસ્કર યોગ** નામનો બીજો અતિચાર છે. તથા વિરૂદ્ધ એટલે પોતાના રાજ્યનો શત્રુ, તેનું રાજ્ય એટલે લશ્કર અથવા દેશ, તેમાં જવું આવવું તે **વિરુદ્ધરાજ્યગમન** નામનો ત્રીજો અતિચાર છે. તથા કૂટ એટલે જે વખતે જે પ્રમાણમાં ચાલતાં હોય તે પ્રમાણથી હીન વા અધિક પ્રમાણવાળાં તોલાં-કાટલાં રાખવાં તે કૂટતુલ, અને ચાલુ પ્રમાણથી હીનાધિક માન એટલે પાલી શેર ઇત્યાદિ માપ રાખવાં તે કૂટમાન. એ બન્ને મળીને **કૂટતુલકૂટમાન** નામનો ચોથો અતિચાર છે. તથા ચોખા ઘી આદિ દરેક પદાર્થમાં પ્રતિરૂપ-સરખી વસ્તુઓ પત્રંજી અથવા ચરબી આદિક ભેળસેળ કરીને જે વ્યવહાર-વ્યાપાર કરવો તે **'પ્રતિરૂપવ્યાપાર'** નામનો

પાંચમો અતિચાર છે. [અર્થાત્ વાંસીના ચોખામાં જીરાસાર ભેળવવી, તલના તેલમાં શીંગનું તેલ ભેળવવું, સોનામાં ત્રાંબુ ભેળવવું. ઈત્યાદિ રીતે મોંઘી કિંમતની વસ્તુમાં ભળી શકે એવી હલકી કિંમતની વસ્તુ ભેળવવી ને કિંમત મોંઘી લેવી તે પ્રતિરૂપ વ્યાપાર છે.] અથવા સાચા સોનાને બદલે નકલી સોનું વેચવું, માણેકને સ્થાને ઇમીટેશન નંગ સાચાં કહીને વેચવાં, સાચાં મોતીને બદલે ખોટાં નકલી મોતીને સાચાં કહી વેચવાં ઈત્યાદિ, નકલી વ્યાપાર **તત્પ્રતિરૂપ વ્યાપાર** છે. પ્રથમ કહ્યો તે પ્રતિરૂપ વ્યાપાર ભેળસેળ સંબંધિ છે અને આ તત્પ્રતિરૂપ વ્યાપાર ભેળસેળ રૂપ નહિ પરન્તુ સરખી બનાવટનો નકલી માલ સાચાને સ્થાને વેચવા સંબંધિ છે. એ પ્રમાણે પાંચ અતિચાર આ ત્રીજા અણુવ્રતમાં વર્જવા.

પ્રશ્નઃ—"ચોરી ન કરવી" એ વ્રતવાળાને ચોરનો માલ લેતાં અતિચાર કઈ રીતે ? પોતે ચોરી ન કરવાનો ત્યાગ કર્યો છે, પરન્તુ ચોરનો માલ લેવાનો ત્યાગ ક્યાં કર્યો છે ?

ઉત્તર—ચોરે લાવેલો માલ છાનો લેવો પડે છે માટે એ ચોરી છે, અને એ રીતે છાનો માલ લેનાર વેચનાર પણ ચોર છે, જે કારણથી કહ્યું છે કે—

चौरश्चौरापको मन्त्री, भेदज्ञः काणकक्रयी ।
अन्नदः स्थानदश्चैव, चौरः सप्तविधः स्मृतः ॥१॥

ચોર, ચોરને પ્રેરણા કરનાર, ચોરની સાથે સલાહ કરનાર, ચોરના ભેદ (મર્મ–છાની વાતો) જાણનાર, ચોરનો માલ વેચી આપનાર અને ખરીદનાર, ચોરને અન્ન આપનાર, અને ચોરને સ્થાન આપનાર એ સાત પ્રકારના ચોર કહ્યા છે. ॥ ૧ ॥

તે કારણથી ચોરી કરું તો વ્રતનો ભંગ થાય, પરન્તુ હું તો વ્યાપાર જ કરું છું, ચોરી નથી કરતો, એવા પ્રકારની બુદ્ધિવાળાને વ્રતની અપેક્ષા હોવાથી વ્રતનો ભંગ નથી, પરન્તુ ઉપર કહ્યા પ્રમાણે લોભના વશથી ચોરનો છાનો માલ લેવાથી ને વેચવાથી વ્રતનો ભંગ પણ છે; માટે વ્રતના ભંગ ને અભંગ રૂપ હોવાથી ચોરીનો માલ લેવો વેચવો તે અતિચાર છે.

પ્રશ્નઃ—ચોરને ચોરીની પ્રેરણા કરવામાં અતિચાર કેવી રીતે ?

ઉત્તરઃ—"હું ચોરી કરું નહિ ને કરાવું નહિ" એ દ્વિસંયોગી વ્રતવાળો જો ચોરને પ્રેરણા કરે (ચોરી ન કરતો હોય તો કરાવે) તો તેને વ્રત ભંગ જ થાય છે. તોપણ ચોરોને એવી પ્રેરણા કરે કે—તમે હાલ નિરૂદ્યમી થઈને આળસુ જેવા કેમ બેસી રહ્યા છો ? જો તમારી પાસે ભોજનાદિ ન હોય તો હું આપું, તમારા લાવેલ માલને કોઈ વેચી આપનાર નહિ મળે તો હું વેચી આપીશ, એવા પ્રકારનાં વચનોથી ચોરલોકોને ચોરી કરવાનો ઉત્સાહ આપે તો તત્ત્વથી જો કે ચોરી કરાવે છે, છતાં વ્રતધારી જીવ એવી કલ્પના કરે છે

કે હું તેમની પાસે ચોરી કરાવતો નથી, પરન્તુ માત્ર વચન પ્રેરણા કરૂં છું. અર્થાત્ હું સ્પષ્ટ એમ નથી કહેતો કે તમો ચોરી કરો એ આશયમાં વ્રતની અપેક્ષા રહેલી છે, માટે તસ્કર પ્રયોગ એ અતિચાર છે. (અહિં ચોરો પાસે ચોરી કરાવવા "તમો ચોરી કરો" એવાં સ્પષ્ટ વચન બોલી શકતો નથી, પરન્તુ તમો નિરૂદ્યમી કેમ બેઠા છો? ઇત્યાદિ વચનો આડકત્રી રીતે ચોરી કરાવવા માટેનાં જ છે, જેથી વ્રતનો અભંગ ને ભંગ બન્ને હોવાથી તસ્કર પ્રયોગ અતિચાર છે.)

પ્રશ્ન—વિરૂદ્ધ રાજ્યાતિક્રમ એ અતિચાર કેવી રીતે? ને એ ચોરી કઇ રીતે?

ઉત્તર—અદત્ત ચાર પ્રકારનું છે. ૧ માલિકે નિષેધેલી પ્રવૃત્તિ આદરવી તે **સ્વામિ અદત્ત**, જીવનો જીવ માલિક છે તેથી જીવના કહ્યા વિના અથવા તે જીવની સમ્મતિ વિના તે વસ્તુ લેવી અથવા સમ્મતિ વિના તે જીવને બળાત્કારે તેવી પ્રવૃત્તિમાં મૂકવો તે **જીવાદત્ત**. જિનેશ્વર ભગવંતે નિષેધેલી પ્રવૃત્તિઓ આચરવી તે **તીર્થંકરાદત્ત** અને ગુરૂએ નિષેધેલ કાર્ય કરવું તે **ગુરુ અદત્ત**. અહિં ચાલુ વિષયમાં વ્રતધારીનો માલિક જે રાજા છે, તે રાજાની શત્રુદેશમાં જવાની આજ્ઞા નથી છતાં આજ્ઞા લીધા વિના શત્રુ રાજાના દેશમાં અથવા લશ્કરમાં વ્યાપાર માટે જવું તે *સ્વામિ અદત્ત* હોવાથી ચોરી છે. (એમાં પણ વ્રતધારીને છાની આવ જા કરવી પડે છે. જો ચોરી ન હોય તો ખુલ્લી રીતે આવ જા કેમ ન કરે? માટે જે છાનું કરવું એ ચોરીનું

લક્ષણ છે.) તેમજ જો રાજાને જાણ થાય તો રાજદંડ પણ થાય. માટે **વિરૂદ્ધ રાજ્યાતિક્રમ** એ ચોરી છે, તોપણ વ્રતધારી એમ સમજે છે કે શત્રુ રાજ્યમાં છાનું ગમનાગમન વ્યાપાર માટે કરૂં છું પરન્તુ એથી રાજ્યની કોઈ વસ્તુ હું ચોરતો નથી, અથવા ત્યાં ચોરી કરવા જતો નથી એવા આશયથી વ્રતનો ભંગ નથી. પરન્તુ તાત્ત્વિક રીતે ચોરી હોવાથી વ્રતનો ભંગ પણ છે, જેથી વિરૂદ્ધ રાજ્યાતિક્રમ એ અતિચાર છે, તેમજ વિરૂદ્ધ રાજ્યાતિક્રમ કરનારને "આ ચોર છે" એમ લોકમાં કહેવાતું નથી માટે અતિચાર છે પરન્તુ વ્રતભંગ નથી, તેમ એકાન્તે વ્રતનો અભંગ પણ નથી.

પ્રશ્નઃ—કૂટ તોલ માન અને પ્રતિરૂપ વ્યવહાર એ બે અતિચાર કેવી રીતે ?

ઉત્તરઃ—ખોટાં તોલ માપથી ઘરાકની વસ્તુ વધારે લઇ લેવાથી જેટલી વધારે વસ્તુ આવી તેટલી ચોરી ગણાય, અને ઘરાકને છેતરવાથી તેને કષ્ટ થાય છે. અથવા ઘરાકને જેટલી વસ્તુ ઓછી આપીએ તેટલી પણ ચોરી કરી ગણાય, જેથી ઘરાકને છેતરીને વધારે વસ્તુ લેવી, ને ઓછી આપવી એ ચોરી હોવાથી તાત્ત્વિક રીતે વ્રતનો ભંગ છે પરન્તુ વ્રતધારી એમ સમજે છે કે કોઈના ઘરમાં ખાતર પાડવું એ ચોરી છે અથવા કોઇની વસ્તુ છાની ઉઠાવી લેવી એ ચોરી છે, અને આ ઓછાં વા અધિક તોલ માપ થી ઓછું વત્તું આપવું લેવું ને ઘરાકને છેતરવું એ તો વણિકના વ્યાપારની કળા છે, એ આશયથી વ્રતનો ભંગ

નથી માટે ખોટાં તોલ માપનો વ્યવહાર એ ભંગાભંગ હોવાથી અતિચાર છે.

તથા તત્પ્રતિરૂપ વ્યવહાર પણ ઘરાકને છેતરવારૂપ હોવાથી તાત્વિક રીતે વ્રતનો ભંગ છે, પરન્તુ વણિક કળાના આશયથી વ્રતનો અભંગ પણ છે માટે અતિચાર છે.

અથવા સ્તેનાહૃત આદિ પાંચે પ્રવૃત્તિઓ સ્પષ્ટ ચોરી રૂપ છે એમ ગણીએ તોપણ સહસાકાર વિગેરેથી અથવા અતિક્રમ આદિ વડે એ પાંચે અતિચાર છે.

પ્રશ્ન:—એ પાંચે અતિચાર વ્યાપારને અંગે કહેવાથી જો વ્રતધારી વ્યાપારી હોય તો એ પાંચ અતિચાર તે વ્યાપારીને સંભવિત છે. પરન્તુ વ્રતધારી જો રાજા અથવા પ્રધાન આદિ રાજ સેવકો હોય તો તેઓને એ અતિચારો હોય કે નહિં ?

ઉત્તર—રાજાને અને રાજસેવકોને એ પાંચ અતિચારો ન હોય એમ નહિં. પાંચે અતિચાર હોય. તેમાં રાજા અને રાજ સેવકો પોતેજ ચોરીનો માલ લેતા હોય અથવા વેચી આપતા હોય તો પહેલો સ્તેનાહૃત અતિચાર, ચોર લોકને સહાય આપવાથી બીજો તસ્કર પ્રયોગ અતિચાર, એ બે અતિચાર તો સ્પષ્ટ છે. અને વિરૂદ્ધ રાજ્યાતિક્રમ અતિચાર તો ત્યારે હોય કે જ્યારે સામંતાદિ રાજાઓને બીજા રાજ સેવકો પોતાના રાજાની આજ્ઞાવિકાથી જીવે અને સહાય બીજા રાજાને કરે (અર્થાત્ ફુટી ગયેલા એટલે અંદરખાનેથી શત્રુ સાથે મળી ગએલા રાજસેવકોને એ અતિચાર લાગે).

તથા રાજ ભંડારનાં ધાન્યાદિકની લે વેચ કરવા માટે ખોટાં તોલ માપ રાખે તો રાજાદિકને કૂટ તોલ માપનો અતિચાર પણ લાગે, તેમજ એ રીતે ભેળસેળ કરતાં અથવા નકલી ખોટો માલ વેચતાં તત્પ્રતિરૂપ અતિચાર પણ લાગે. ૧૪

॥ ઇતિ તૃતીયાણુ વ્રતે ૫ અતિચારાઃ ॥

★

ચોથું સ્વદારા સંતોષ-પરસ્ત્રીગમન વિરમણ વ્રત

અવતરણ—પાંચ અતિચાર સહિત ત્રીજું અણુવ્રત કહીને હવે ચોથું સ્વદારા સંતોષ પર સ્ત્રી ગમન વિરમણ વ્રત કહે છે—

परदारस्स य विरई, उरालवेउव्विभेयओ दुविहं ।
एयमिह मुणेयव्वं, सदारसंतोस मो एत्थ ॥१५॥

ગાથાર્થઃ—પરસ્ત્રીની વિરતિ તે ચોથું અણુવ્રત છે, અને તે અહિં ઔદારિક તથા વૈક્રિયના ભેદથી બે પ્રકારનું છે, તેમજ આ વ્રતમાં સ્વદારા સંતોષ પણ ગ્રહણ કરવો (અને આ વ્રતમાં આગળ કહેવાતા અતિચારો વર્જવા). ॥ ૧૫ ॥

ભાવાર્થઃ—પરની એટલે પરાયા પુરૂષની દારા=સ્ત્રી તે પરસ્ત્રી. તેની વિરતિ તે અહિં ચોથું વ્રત છે-એ સંબંધ.

પ્રશ્નઃ—પરદારા કોને ગણવી ? પરની દારા તે પરદારા તેમાં પર-પરાયા કોણ ?

ઉત્તરઃ—વ્રત અંગીકાર કરનાર પુરૂષ સિવાયના સર્વે પુરૂષો તે મનુષ્ય જાતિની અપેક્ષાએ પર પુરૂષ જાણવા.

परदारेभ्यश्च विरतिरुरालविकुर्व्यभेदतो द्विविधम् ।
एतदिह ज्ञातव्यं स्वदारसंतोषो मोऽत्र ॥१५॥

તેમજ દેવો અને તિર્યંચ પુરૂષો પણ પરપુરૂષ જાણવા. તેઓની સ્ત્રીઓ જે પરણેલી હોય અથવા રાખેલી હોય તે પરસ્ત્રી, (એમાં મનુષ્યમાં પરણેલીને રાખેલી એ બન્ને સ્ત્રીઓ હોય છે, અને દેવીઓ પરણેલી નથી તો પણ પરિગ્રહીતા દેવીઓ પરણેલી સ્ત્રી તુલ્ય હોવાથી અહિં પરણેલી જેવી ગણવી. તથા અપરિગ્રહીતા દેવીઓ જો કે પરણેલી જેવી નથી તેમ રાખેલી જેવી પણ નથી, પરન્તુ ગણિકા સરખી ન પરણેલી ન રાખેલી હોય છે તોપણ તે દેવીઓ પરજાતીય દેવો રૂપ પરપુરૂષોને ભોગ યોગ્ય હોવાથી પરસ્ત્રીઓજ છે. તેમજ કેટલીક તિર્યંચ સ્ત્રીઓ પોતાને પરણનાર અથવા રાખનારનો અભાવ હોવાથી વેશ્યા સરખી છે તે પણ વ્રતધારીથી પરજાતિના તિર્યંચ પુરૂષોને ભોગ યોગ્ય હોવાથી પરસ્ત્રીઓજ છે. એ પ્રમાણે પોતાનાથી અન્ય પુરૂષોને ભોગ્ય સ્ત્રીઓ તે **પરસ્ત્રી** વા **પરદારા** ગણાય. માટે તે પરદારાની વિરતિ તે ચોથું અણુવ્રત છે. તે સાથે સ્વદારા સંતોષ પણ એ વ્રતમાં હોવું જોઈએ, કેવળ પરદારાવિરતિ નહિ.

પરસ્ત્રીના ત્યાગમાં સ્વસ્ત્રી સંતોષ અન્તર્ગત નથી.

પ્રશ્નઃ—પરસ્ત્રીનો ત્યાગ થવાથી સ્વસ્ત્રીનો સંતોષ સહજે પ્રાપ્ત થાય છે, તો આ ચોથા વ્રતમાં પરસ્ત્રીનો ત્યાગ ને સ્વસ્ત્રીનો સંતોષ એ બે પ્રતિજ્ઞાઓ સંયુક્ત કેમ ?

ઉત્તરઃ—ના. પરસ્ત્રીના ત્યાગ માત્રથી સ્વસ્ત્રી સંતોષ પ્રાપ્ત થતો નથી, કારણ કે પરસ્ત્રી એટલે પરની પરણેલી

અથવા રાખેલી સ્ત્રી અથવા વેશ્યા સરખી અપરિગ્રહીતા દેવીઓ ને તિર્યંચીઓનો સમાવેશ થાય છે, પરન્તુ પરણુવાના ને રાખવાના વ્યવહારવાળા મનુષ્યોમાં વેશ્યાઓ પરસ્ત્રી ગણાતી નથી, તે કારણથી વેશ્યાઓનો પણ ત્યાગ દર્શાવવા માટે સ્વસ્ત્રીસંતોષ એ અધિક પ્રતિજ્ઞાની જરૂર છે.

પ્રશ્નઃ—સ્વસ્ત્રીસંતોષ એ એકજ પ્રતિજ્ઞા હોય તો પરસ્ત્રીત્યાગ સહજે પ્રાપ્ત થવાથી પરદારાગમન ને સ્વદારા સંતોષ એ બે પ્રતિજ્ઞાની જરૂર નહિ રહે, માટે સ્વદારા સંતોષ એ એકજ પ્રતિજ્ઞાથી આ ચોથું અણુવ્રત થઇ શકે કે નહિ ?

ઉત્તરઃ—ના, તેમ પણ બને નહિ, તેનું કારણ આગળ અતિચારના પ્રસંગમાં આવશે.

॥ ઔદારિક દેહ સંબંધિ ને વૈક્રિયદેહ સંબંધિ ॥

એ ચોથું અણુવ્રત ઔદારિક શરીર સંબંધિ અને વૈક્રિય શરીર સંબંધિ એમ બે પ્રકારનું છે, તેમાં સ્નાયુ માંસ હાડ ઇત્યાદિ સાત ધાતુઓવાળું શરીર તે ઔદારિક શરીર, એ સિદ્ધાન્ત સંજ્ઞા છે. એ શરીર મનુષ્ય અને તિર્યંચને હોય છે, અને વૈક્રિય શરીર સર્વદેવ, સર્વ નારક, લબ્ધિવંત મનુષ્ય અને લબ્ધિવંત તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે. પરન્તુ સર્વની અપેક્ષાએ મુખ્યત્વે અહિં દેવ અને નારકને ગણવું, તેથી ઔદારિકમાં મનુષ્ય સ્ત્રીઓ ને તિર્યંચીઓ અને વૈક્રિયમાં દેવીઓ (નારકમાં સ્ત્રીઓ નથી.) એ સર્વનો ત્યાગ પરદારાગમન ત્યાગની પ્રતિજ્ઞામાં વેશ્યા

સિવાય થાય છે, અને સ્વદારા સંતોષ એ પ્રતિજ્ઞામાં વેશ્યાનો પણ ત્યાગ થાય છે, એ પ્રમાણે બે પ્રતિજ્ઞાવાળું ચોથું અણુવ્રત છે.

વળી ગાથામાં 'परदारस्स य' એ વાક્યમાં જે 'य' પદ છે તે અનુક્ત સમુચ્ચયાર્થે (નહિ કહેલી બાબત ગ્રહણ કરવા માટે) છે, તેથી જેમ પુરૂષને પરદારા ગમનનો ત્યાગ એ ચોથું વ્રત છે તેમ સ્ત્રીને માટે પરપુરૂષ ગમનનો ત્યાગ એ ચોથું વ્રત છે. ગાથામાં છેલ્લા 'એત્થ' પદનો સંબંધ અગ્ર-ગાથાના પહેલા 'वज्जए' પદ સાથે છે, તેથી અહિં (આગળ કહેવાતા અતિચારોને) વર્જવા—એ અર્થ છે. ૧૫.

ચોથા અણુવ્રતના પાંચ અતિચાર.

અવતરણ—પૂર્વ ગાથામાં ચોથા અણુવ્રતના બે ભેદ કહીને હવે આ ગાથામાં વર્જવા યોગ્ય પાંચ અતિચાર કહે છે, તે આ પ્રમાણે—

वज्जइ इत्तरि-अपरिग्गहियागमणं अणंगकीडं च ।
परविवाहकरणं, कामे तिव्वाभिलासं च ॥१६॥

ગાથાર્થ—ઇત્વારિકાગમન, અપરિગ્રહીતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ, અને કામમાં તીવ્ર અભિલાષ એ પાંચ અતિચાર ચોથા અણુવ્રતમાં વર્જવા ॥ ૧૬ ॥

ભાવાર્થ—ચોથા અણુવ્રતના પાંચ અતિચારમાં પહેલો ઇત્વરિકાગમન અતિચાર. ત્યાં ઇત્વરિકા એટલે અલ્પ કાલમાં

वर्जयतीत्वरी-अपरिग्रहीतागमनमनङ्गक्रीडां च ।
परविवाहकरणं कामे तीव्राभिलाषं च ॥ १६ ॥

જવાના સ્વભાવવાળી, અર્થાત્ ભાડું આપીને અલ્પકાળ માટે રાખેલી વેશ્યા તે. તેની સાથે ગમન એટલે કામક્રીડા કરવી તે **૧ ઈત્વરિકાગમન.** તથા બીજાએ ભાડું આપી રાખેલી કુલસ્ત્રી તે અપરિગ્રહીતા અથવા કોઇ કુલસ્ત્રી એટલે વેશ્યા સિવાયની કોઈ સ્ત્રી અથવા અનાથ વિધવા.

તથા અપરિગ્રહિતા એટલે વેશ્યા જ કે જે પોતે ભાડું આપીને ન રાખી હોય, પરન્તુ બીજાએ ભાડું આપીને રાખેલી હોય, તથા કોઇ અનાથ કુલસ્ત્રી (કોઇ વિધવા અથવા કુમારી) તેનું ગમન-સેવન તે **અપરિગ્રહીતાગમન.** એ પ્રમાણે ઈત્વરિકાનું ને અપરિગ્રહીતાનું ગમન તે બે અતિચાર **ઈત્વરિકા-અપરિગ્રહીતાગમન** અતિચાર ગણાય.

તથા **અંગ**-શરીરના અવયવ કે જે મૈથુનની અપેક્ષાએ સ્ત્રીની યોનિ અને પુરૂષનું લિંગ એ બે અંગ સિવાયનાં સ્તન કાખ સાથળ મુખ ઈત્યાદિ અનંગ કહેવાય. (મૈથુનનું અંગ નહિ એવા શરીરના અવયવો તે અનંગ. અન્-નહિ, અંગ-મૈથુનાંગ તે અનંગ.) જેથી તેવા અનંગ અવયવોમાં વા અવયવોની ક્રીડા તે **અનંગક્રીડા** અથવા લોકમાં કામદેવ શરીર રહિત મનાય છે માટે અનંગ એટલે કામ, તે વડે ક્રીડા તે **અનંગક્રીડા,** અર્થાત્ અત્યંત કામક્રીડા કર્યા બાદ પોતાનું પુરૂષલિંગ શિથિલ થતાં પુનઃ કામક્રીડા થાય નહિ તોપણ અત્યંત કામાભિલાષના વશથી ચામડા વિગેરેના બનાવેલા પુરૂષલિંગ વડે સ્ત્રીની યોનિનું સેવન કરવું તે **અનંગક્રીડા** નામે ત્રીજો અતિચાર છે.

તથા પોતાના પુત્ર પુત્રીઓ સિવાય બીજાના પુત્ર પુત્રીઓના વિવાહ કરવાં એટલે કન્યા મેળવવાની લાલચે પરણાવવા અથવા સ્નેહ સંબંધાદિ કારણે બીજાનાં પુત્ર પુત્રીઓ પરણાવવા (અર્થાત્ કન્યા મેળવવાની ઇચ્છા ન હોય તો પણ સ્નેહ સંબંધથી મિત્રાદિકના અને સગાં સંબંધિનાં સંતાનો પરણાવવાં) તે **પરવિવાહકરણ** નામનો ચોથો અતિચાર છે. અહિ ઉત્તમ શ્રાવકે તો પોતાના સંતાનોમાં સંખ્યાનો અભિગ્રહ કરવો એજ ઉત્તમ નીતિ છે. (અર્થાત્ આટલાં સંતાન થયા બાદ વધુ સંતાન ન થવા માટે પોતાની સ્ત્રીનો સંગ વર્જે એજ ઉત્તમ છે, કે જેથી વધુ સંતાનોના વિવાહ કરવાનુંજ પ્રયોજન મૂળથી નાશ પામે, અથવા ઘણાં સંતાનોમાંથી અમુક સંતાનોનાજ વિવાહની ચિંતા કરવી, શેષ સંતાનોની ચિંતા બીજા કરે એવો નિયમ રાખવો તે પણ યુક્ત છે.)

તથા કામ એટલે કામના ઉદયવાળા મૈથુનમાં તીવ્ર અભિલાષ અથવા કામ એટલે કામભોગમાં તીવ્રાભિલાષ, ત્યાં શબ્દ અને રૂપ એ ઇન્દ્રિય વિષયો કામ કહેવાય, અને ગન્ધ રસ તથા સ્પર્શ એ ત્રણ ઇન્દ્રિયવિષયો ભોગ કહેવાય. જેથી એ પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં તીવ્ર અભિલાષ તે **કામતીવ્રાભિલાષ** નામનો પાંચમો અતિચાર છે. અહિં હંમેશાં સંભોગસુખ કાયમ રહે તે માટે વાજીકરણ આદિ પ્રયોગો વડે (ઔષધીઓ વડે) કામવાસનાને સતેજ રાખ્યા કરે તે કામતીવ્રાભિલાષ જાણવો. એ પાંચ અતિચાર દોષને

આચરતાં ચોથા અણુવ્રતનુ ઉલ્લંઘન થાય છે, માટે એ પાંચ અતિચાર વર્જવા યોગ્ય છે.

૫ અતિચારની બે પ્રતિજ્ઞામાં વહેંચણી.

અહિં પહેલો ઈત્વરિકાગમન ને બીજો અપરિગ્રહીતા ગમન એ બે અતિચાર સ્વદારા સંતોષ વ્રતવાળાને હોય છે, અને શેષ ત્રણ અતિચાર બન્ને વ્રતવાળાને હોય છે. (જેથી સ્વદાર સંતોષીને પાંચે અતિચાર અને પરસ્ત્રીના વ્રતવાળાને છેલ્લા ત્રણ અતિચાર છે.) એ પ્રમાણે શ્રીહરિભદ્રસૂરિનો અભિપ્રાય છે, તે પાઠ આ પ્રમાણે–**सदारसंतोसस्स इमे पंच अइयारा** ઇત્યાદિ. તેનું તાત્પર્ય આ પ્રમાણે—

॥ ૧ ઈત્વરિકાગમન અતિચાર ॥

અલ્પ મુદ્દત માટે ભાડું આપીને પોતાની સ્ત્રી તરીકે રાખેલી વેશ્યાને મુદ્દત સુધી પોતાની સ્ત્રી સમજે છે, પરન્તુ પરસ્ત્રી સમજતો નથી માટે એ આશયથી પરદારાગમન વિરતિ નિયમ સચવાયો છે. તેથી વ્રતભંગ નથી, પરન્તુ તત્ત્વથી વિચારતાં તો અલ્પ કાળ માટે રાખેલી વેશ્યા એ પરણેલી સ્ત્રી જેવી સ્ત્રી નથી પરન્તુ પરસ્ત્રી છે, તે કારણથી વ્રતનો ભંગ છે, જેથી ભંગાભંગ રૂપ એ અતિચાર જાણવો.

॥ ૨ અપરિગ્રહીતાગમન અતિચાર ॥

આ અતિચાર અનાભોગાદિકથી અથવા અતિક્રમાદિકથી થાય છે (કારણકે સ્વદાર સંતોષીને એમાં સ્વસ્ત્રી સમજવા જેવો કોઈ ઉપાય નથી, તેથી અપરિગ્રહીતાગમન પરસ્ત્રી-

ગમન રૂપ હોવાથી વ્રતનો ખુલ્લો ભંગ છે, તેથી એમાં ભંગાભંગ રૂપ અતિચાર નથી. જ્યાં ખુલ્લા ભંગ જેવો પ્રસંગ હોય ત્યાં અનાભોગાદિકથી અતિચાર હોય છે.)

॥ પહેલા બે અતિચાર કોને હોય? તેની વિશેષ ચર્ચા ॥

એ બે અતિચાર સ્વદાર સંતોષીને માટે છે, પરસ્ત્રી ત્યાગીને એ બે પ્રવૃત્તિઓ અતિચાર રૂપ નથી, કારણકે અલ્પકાળ ગ્રહણ કરેલી અથવા ન ગ્રહણ કરેલી હોય તોપણ એ બન્ને વેશ્યા હોવાથી પરદારા નથી, તેમજ પતિ રહિત કુલ સ્ત્રી (વિધવા કે કુમારી) પણ પરદારા નથી, જેથી પરદારા ત્યાગના નિયમવાળો એ બેને અંગીકાર કરે તો પરદારા નિયમનો ભંગ થતો નથી, માટે એ બે અતિચાર સ્વદાર સંતોષીને છે, એ **શ્રીહરિભદ્રસૂરિ**નો અભિપ્રાય કહ્યો.

બીજા આચાર્યો કહે છે કે—ઇત્વરપરિગ્રહીતાગમન નામનો પહેલો અતિચાર સ્વદાર સંતોષીને છે, અને અપરિગ્રહીતાગમન અતિચાર પરદાર ત્યાગીને છે. તેમાં પહેલો અતિચાર સ્વદારસંતોષીને છે તે તો પ્રથમ કહ્યા પ્રમાણે જાણવો. અને બીજો અતિચાર પરદાર ત્યાગીને છે તેનું તાત્પર્ય આ પ્રમાણે—અપરિગ્રહીતા એટલે વેશ્યા, તેને જો બીજા કોઇએ ભાડું આપી રાખેલી હોય તો તેટલો અલ્પ કાળ તેની સ્વસ્ત્રી થવાથી વ્રતધારીને અંગે પરસ્ત્રી ગણાય, જેથી તેને અંગીકાર કરતાં પરસ્ત્રી સેવનથી વ્રતનો ભંગ થાય છે, પરન્તુ તત્વથી વેશ્યા હોવાથી વેશ્યા એ કોઇની સ્ત્રી ન હોવાથી પરસ્ત્રી ન ગણાય. એ અપેક્ષાએ પરદાર ત્યાગીએ વેશ્યા-

ગમન કરવા છતાં પરદાર ગમનનો અભાવ હોવાથી વ્રતનો અભંગ પણ ગણાય, જેથી ભંગાભંગરૂપ અતિચાર પ્રાપ્ત થાય છે. એ એક અભિપ્રાય.

પુનઃ બીજા આચાર્યો બીજી રીતે કહે છે કે—પરદારા ત્યાગીને પાંચે અતિચાર, અને સ્વદાર સંતોષીને ત્રણ અતિચાર. સ્ત્રીને પરપુરૂષ સંબંધિ પહેલા ત્રણ વા પાંચ અતિચાર હોય છે, તેનો વિશેષ વિચાર આગળ કહેવાશે.

॥ અન્ય મતે પરદારા ત્યાગીને ૫ અતિચાર ॥

બીજા કોઇએ વેશ્યાને અલ્પ કાળ માટે ભાડું આપી રાખી હોય તો તેટલા કાળ માટે તેની સ્ત્રી ગણાવાથી પરસ્ત્રી ગણાય, જેથી પરસ્ત્રી ત્યાગી તેનું સેવન કરે તો વ્રતનો ભંગ એ અપેક્ષાએ ગણાય, પરન્તુ તત્વથી વિચારતાં એ પરસ્ત્રી નથી માટે એ અપેક્ષાએ વ્રતનો અભંગ પણ ગણાય, માટે ઇત્વરગમન એ પરસ્ત્રીત્યાગીનો અતિચાર છે.

॥ इति परस्त्रीवर्जकस्य इत्वरिकागमनातिचारः ॥१॥

તથા કોઇએ નહિ ગ્રહણ કરેલી (નહિ પરણેલી) અનાથ કુલ સ્ત્રીનું સેવન તે પણ પરસ્ત્રીવર્જકનો અતિચારજ છે, કારણકે તે અનાથ સ્ત્રી લોકમાં પરસ્ત્રી તરીકે પ્રસિદ્ધ છે, તેથી તેનું સેવન વ્રતનો ભંગ છે, પરન્તુ કામીની સમજમાં પતિ વિગેરેના અભાવથી પરસ્ત્રી નથી માટે વ્રતની અપેક્ષા હોવાથી અભંગ છે, માટે ભંગાભંગરૂપ અતિચાર છે.

इति परदारवर्जकस्यापरिग्रहीतागमनातिचारः ॥२॥

એ પછીના ત્રણ અતિચાર બન્નેને હોય છે તે આ

પ્રમાણે–સ્વદાર સંતોષીએ પોતાની સ્ત્રી સાથે અનંગક્રીડા કરવાનો જો કે નિયમ નથી કર્યો, તેમજ પરસ્ત્રી ત્યાગીએ પોતાની સ્ત્રી સાથે અને વેશ્યા સાથે અનંગક્રીડા કરવાનો જો કે સાક્ષાત્ નિયમ નથી કર્યો, તો પણ અનંગક્રીડારૂપ કુચેષ્ટાઓ નિરર્થક હોવાથી વ્રતધારીએ કરવાયોગ્ય નથી, કારણકે વ્રતધારી જીવ સંસારથી ઉદ્વિગ્ન હોવાથી તત્ત્વથી તો સર્વથા બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છાવાળો હોય, પરન્તુ પુરૂષ-વેદનો વા સ્ત્રીવેદનો ઉદય સહન ન કરી શકવાથી વેદપીડા ટાળવાના ઉપાય તરીકે સ્વદાર સંતોષ વા પરસ્ત્રીગમન ત્યાગ વ્રત સ્વીકારે છે, અને તેવી વેદપીડા મૈથુનમાત્રથી શાન્ત થાય છે. માટે પરસ્ત્રી ત્યાગ વા સ્વદાર સંતોષના નિયમ સાથે અનંગ કુચેષ્ટાઓનો પણ નિયમ થયેલોજ છે, છતાં અનંગ કુચેષ્ટાઓ કરે તો તત્ત્વથી વ્રતનો ભંગ છે, પરન્તુ વ્રતધારી જીવની સમજમાં અનંગ કુચેષ્ટાઓનો ત્યાગ નથી થયો તેથી વ્રતનો અભંગ હોવાથી ભંગાભંગરૂપ અતિચાર છે.

॥ इति स्वदारसंतुष्टस्य परदारवर्जकस्य च
अनंगक्रीडाऽतिचारः ॥३॥

એ પ્રમાણે પરવિવાહ ને તીવ્ર કામાભિલાષ એ બન્ને પ્રવૃત્તિનો પણ તત્ત્વથી ત્યાગજ થયો છે, પરન્તુ વ્રતધારીની સમજમાં એનો ત્યાગ નથી, તેથી એ બન્ને અતિચાર છે.

इति परविवाहातीचारस्तीव्रकामातिचारश्च ॥४-५॥

અન્ય મતે અનંગક્રીડાનો વિશેષ વિચાર.

અનંગક્રીડાના સંબંધમાં કેટલાક આચાર્યોનો ભિન્ન

અભિપ્રાય છે તે આ પ્રમાણે—બ્રહ્મચારી પુરૂષ એમ સમજે છે કે વ્રત તો મૈથુનનું છે, અનંગક્રીડાનું નથી. તેથી સ્વદાર-સંતોષના નિયમવાળો વેશ્યાદિકની સાથે અને પરસ્ત્રી ત્યાગી પરસ્ત્રી સાથે મૈથુન ક્રીડા ન કરે, પરંતુ આલિંગન આદિ અનંગક્રીડા કરે તો તત્ત્વથી વ્રતનો ભંગ છે, પરન્તુ વ્રતધારીની સમજમાં વ્રતભંગ નથી માટે ભંગાભંગરૂપ અતિચાર છે.

॥ इति अनंगक्रीडामतान्तरम् ॥

તથા સ્વદાર સંતોષીએ પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રી સાથે અને પરદાર ત્યાગીએ પોતાની સ્ત્રી અને વેશ્યા એ બે સિવાયની બીજી સ્ત્રી સાથે મનવચન કાયાએ મૈથુન ન કરવું ને ન કરાવવું એમ દ્વિસંયોગી ભાંગે વ્રત અંગી-કાર કર્યું હોય તો એ વ્રત સાથે તત્ત્વથી પરવિવાહનો ત્યાગ જ થયો, કારણ કે પરવિવાહ એ મૈથુન કરાવવા રૂપ છે, માટે એ અપેક્ષાએ પરવિવાહ કરનારને વ્રતભંગ છે, પરન્તુ વ્રતધારી એમ સમજે છે કે હું તો વિવાહ કરાવું છું, મૈથુન કરાવતો નથી, એ આશયમાં વ્રતની અપેક્ષા રહેલી હોવાથી ભંગાભંગરૂપ અતિચાર છે.

પ્રશ્ન:—પરવિવાહ કરવામાં પુત્રાદિકને કન્યા મળવાની ઇચ્છા હોય છે, તો એ રીતે કન્યા મેળવવાની ઇચ્છાવાળો વ્રતી જીવ સમ્યગ્દૃષ્ટિ છે કે મિથ્યાદૃષ્ટિ ? જો કહો કે સમ્યગ્દૃષ્ટિ છે તો તેને (મોક્ષની ઇચ્છા હોય) કન્યાની ઇચ્છા હોય નહિ, કારણ કે સમ્યગ્દૃષ્ટિપણું છે. (તેથી સંસાર વૃદ્ધિનાં કારણોથી અલગ રહેનારો હોય.) અને

જો મિથ્યાદૃષ્ટિ કહો તો તેને અણુવ્રતોનો જ અભાવ છે. (કારણ કે શ્રાવકનાં વ્રત સમ્યક્ત્વ મૂલ બારવ્રત કહ્યાં છે.) તો કન્યાફળની ઇચ્છાવાળો પરવિવાહ તે અતિચાર કેમ કહેવાય ?

ઉત્તરઃ—સત્ય છે, પરન્તુ અવ્યુત્પન્ન અવસ્થામાં (સમ્યક્ત્વ પરિણતિ તથાવિધ વિશિષ્ટ ક્ષયોપશમવાળી ન હોય તેને) કન્યાફળની ઇચ્છા પણ હોય છે. તેમજ તથાવિધ ભદ્રક મિથ્યાદૃષ્ટિને પણ ધર્મ માર્ગમાં પ્રવેશ કરાવવા માટે ગીતાર્થો અભિગ્રહમાત્ર આપે છે. જેમ શ્રીઆર્યસુહસ્તિ ભગવાને અણસમજુ ભિખારીને પણ દીક્ષા આપી. પુનઃ એ પરવિવાહ વર્જન તે પોતાનાં સંતાનો સિવાયનાં બીજાનાં સંતાનો માટે ઉચિત છે, નહિતર પોતાનાં પુત્ર-પુત્રીઓનો વિવાહ ન કરે તો સ્વચ્છન્દાચારી થાય, ને તેથી લોકમાં પણ શાસનની નિન્દા ને ઉપઘાત થાય. અને જો વિવાહ કર્યા હોય તો લગ્નના બંધનમાં આવવાથી સન્તાનો સ્વચ્છન્દી ન થાય ને ધર્મનો ઉપઘાત પણ ન થાય.

પ્રશ્નઃ—જો તમો અહિં સંતાનોના વિવાહ કરવાનું ઉચિત જણાવો છો તો પ્રથમ સંખ્યાનો અભિગ્રહ કરવાનો કહ્યો તે કેવી રીતે ?

ઉત્તરઃ—આટલાં સંતાનોથી શેષ સંતાનોના વિવાહ ન કરવા એવો નિયમ ત્યારે જ ઉચિત છે કે જ્યારે શેષ સંતાનોની ચિન્તા બીજા સંબંધીઓ કરી શકે, અથવા તો પરવિવાહ વર્જન વ્રતમાં રાખેલી સંતાનોની સંખ્યા પૂર્ણ

થતાં બીજા સન્તાનો ઉત્પન્ન ન થાય તેવા ઉપાય તરીકે બ્રહ્મચારી રહેવું ઉચિત છે.

પરવિવાહવર્જનનો બીજો અર્થ (મતાન્તરે)

ઉપર પરવિવાહનો અર્થ પોતાનાથી અન્ય સન્તાનાદિકનો વિવાહ કહ્યો છે, પરન્તુ પર એટલે બીજો વિવાહ તે પરવિવાહ એ અર્થ કરવો, અને તે પોતાનો જ બીજો વિવાહ તે પરવિવાહ. તે અહિં અતિચાર છે, તે આ પ્રમાણે– પોતાની પ્રથમ સ્ત્રી મરણ પામ્યા બાદ સંતોષના અભાવે બીજી સ્ત્રી પરણે તો તે પરવિવાહ એટલે બીજી વારનું પરણવું અતિચાર છે, અથવા એક સ્ત્રી હોવા છતાં બીજી સ્ત્રીઓ પરણે તો તે પણ પરવિવાહ (બીજીવારનો વિવાહ) કહેવાય, એ બન્ને રીતના અતિચાર સ્વદાર સંતોષ વ્રતવાળાને છે (કારણ કે તત્વથી તો વેદપીડાની શાન્તિને અર્થે એક સ્ત્રીનો સંગમ યુક્ત છે, છતાં અનેક સ્ત્રીઓ પરણે તો સ્ત્રી સંતોષના અભાવે વ્રતનો ભંગ છે, પરન્તુ વ્રતધારી એમ સમજે છે કે ગમે તેટલી સ્ત્રીઓ પણ પરણેલી હોય તો સ્વસ્ત્રીઓ છે ને તેમાં જ સંતોષ રાખવાથી મારો સ્વદાર સંતોષ નિયમ સચવાય છે, એ આશયથી વ્રતનો અભંગ પણ છે. તેથી ભંગાભંગરૂપ અતિચાર છે, એ રીતે પરવિવાહ (પોતાનું બીજી સ્ત્રી સાથેનું લગ્ન) સ્વદાર સંતોષીને અતિચાર છે.

સ્ત્રીઓને માટે ચોથા અણુવ્રતના અતિચાર.

પ્રશ્નઃ—જેમ પુરૂષોને અંગે એ પાંચ અતિચાર કહ્યા

તેમ સ્ત્રીઓને માટે એ પાંચ અતિચાર છે કે નહિ ? તેમજ પુરૂષને જેમ પરસ્ત્રી ત્યાગ ને સ્વદાર સંતોષ એ બે સંયુક્ત પ્રતિજ્ઞા પણ હોય છે તેમ સ્ત્રીઓને પણ એવી બે સંયુક્ત વા છૂટી પ્રતિજ્ઞા હોય કે નહિ ?

ઉત્તર—સ્ત્રીને સ્વપુરૂષ સંતોષ અને પરપુરૂષ ત્યાગ એ બે પ્રતિજ્ઞામાં કંઈ ભેદ નથી, કારણ કે સ્ત્રીને તો પોતાના પરણેલા પુરૂષથી અન્ય સર્વે પુરૂષો પરપુરૂષ હોવાથી તેનો ત્યાગ જ હોય છે; તેથી સ્ત્રીને તો સ્વપુરૂષ સંતોષમાં જ પરપુરૂષ ત્યાગ આવી જાય છે, માટે બે પ્રતિજ્ઞાની જરૂર નથી; જેથી પરપુરૂષથી ઉપજવા યોગ્ય ઇત્વરગમન અને અપરિગ્રહીતગમન એ બે અતિચાર નથી, તેથી એ પાંચે અતિચાર કેવળ સ્વપુરુષ આશ્રયી છે તે આ પ્રમાણે–

૧ **ઇત્વરપુરૂષગમન અતિચાર**—પોતાના પતિને અધિક સ્ત્રીઓ હોય ત્યારે બીજી સ્ત્રીના વારાને દિવસે પોતે પતિની સાથે ગમન કરે તો તત્ત્વથી તે દિવસે એ સ્ત્રીને માટે પોતાનો પતિ પણ પરપુરૂષ હોવાથી વ્રતનો ભંગ છે, પરન્તુ સ્ત્રી એમ સમજે છે કે એ પરપુરૂષ નથી, પણ પતિ છે, એ આશયથી વ્રતનો ભંગ નથી માટે ભંગાભંગ રૂપ અતિચાર છે.

૨ **અપરિગ્રહીત પુરુષગમન અતિચાર**—પરણેલા પુરૂષ સિવાય બીજા પુરૂષની સાથે સ્નેહ બાંધીને હજી વિષયક્રીડા કરી નથી, પરન્તુ વિષયક્રીડા કરવાનું મન થયું છે તે અતિક્રમ અથવા પરપુરૂષનું ચિંતવન એ અતિક્રમ,

વિષયાર્થે ગમન તે વ્યતિક્રમ, વિષયક્રીડા માટે સર્વ તૈયારી તે અતિચાર, અને વિષયક્રીડા કરવાથી અનાચાર. અહિં અનાચાર તે વ્રતનો સર્વથા ભંગ છે. ને તે પહેલાંના અતિક્રમાદિ તે અતિચાર છે. અથવા સર્વથા[1] બ્રહ્મચારી સ્ત્રી પોતાના પુરૂષનું પણ ચિંતવન આદિ કરે તો અતિચાર. એ રીતે આ બીજે અતિચાર સ્વપુરૂષ સંતોષના નિયમવાળી સ્ત્રીને પરપુરૂષ આશ્રયી છે, ને સ્વપુરૂષના પણ ત્યાગવાળી બ્રહ્મચારી સ્ત્રીને સ્વપુરૂષાશ્રયી પણ છે.

૩ અનંગક્રીડા અતિચાર—પોતાના પુરૂષ સાથે આલિંગન ચુંબન ઇત્યાદિ (મૈથુન સિવાયની) અન્ય કુચેષ્ટાઓ કરે તો અનંગક્રીડા અતિચાર.

૪ પર વિવાહ અતિચાર—પોતાનાં સંતાનોના અથવા સંબંધિ આદિનાં સંતાનોના વિવાહ કરે તે પરવિવાહ અતિચાર (અહિં પુરૂષ સંબંધિ અતિચારવત્ પતિના મરણ બાદ પોતાનો બીજી[2] વારનો વિવાહ તે પણ અતિચાર છે.)

---

૧ અહિ સર્વથા બ્રહ્મચારી એટલે એક દિવસ વા એક પક્ષ વા એક માસ વા ચાતુર્માસ ઇત્યાદિ અલ્પ કાળને માટે પણ સ્વપુરૂષ ત્યાગના નિયમવાળી સ્ત્રી સર્વથા બ્રહ્મચારી ગણાય.

૨ તત્ત્વથી વિચારતાં સ્ત્રી એક પતિવાળી હોય છે. પતિના મરણ બાદ બીજો પતિ કરવો એ સ્ત્રીને માટે ઉચિત નથી. પૂર્વકાળથી સ્ત્રીની એજ મર્યાદા શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. પુરૂષોને માટે પણ જો કે અધ્યાત્મદૃષ્ટિએ તો એકજ સ્ત્રી ઉચિત છે, કારણ કે કામવાસનાને ફલિત કરવાનાં

૫ તીવ્ર કામાનુરાગ—કામવાસના સતેજ કરવાને ઔષધિસેવન આદિ કરવાથી તીવ કામાનુરાગ અતિચાર છે. એ પ્રમાણે સ્ત્રીઓને માટે પણ પાંચે અતિચાર જાણવા.

॥ ઇતિ ચતુર્થ અણુવ્રત. ॥

સાધનોમાં આત્મ જ્ઞાનીઓ સમ્મત નથી, પરન્તુ ગૃહસ્થને સર્વથા બ્રહ્મચર્ય અશકય છે, કારણ કે ગૃહસ્થોમાં વંશવૃદ્ધિ અને કામવાસનાની પીડા એ બે મુખ્ય વર્તે છે, તેથી જો એક સ્ત્રીથી એ બન્ને સરતાં હોય તો બીજી સ્ત્રીની જરૂર નથી, એટલુંજ નહિ પરન્તુ પરણેલી એક સ્ત્રીથી એક પુત્ર ઉત્પન્ન થયા બાદ વંશવૃદ્ધિનો આશય સમાપ્ત થવાથી ત્યાર બાદ તો પુરૂષે બ્રહ્મચારી રહેવુંજ ઉચિત છે. અધ્યાત્મિક દૃષ્ટિએ ગૃહસ્થને એટલુંજ બસ છે, છતાં અધિક સંતાનોત્પતિની ઇચ્છા એ કેવળ લોભ અને મોહ છે. તેમજ સંતાનોત્પત્તિ બાદ પણ સ્ત્રીસંગમ એ કેવળ કામવાસનાને પોષવા સિવાય બીજું કંઇ નથી. જેથી પુરૂષો અધિક સ્ત્રીઓ પરણે તે અનુચિત છે, તેમજ સ્ત્રીઓ પતિના મરણ બાદ બીજો પતિ પરણે તે પણ અનુચિત છે, તો પણ એવો લોકવ્યવહાર પ્રાચીનકાળથી ચાલુ છે કે પુરૂષો એક સ્ત્રી હયાત છતાં અનેક સ્ત્રીઓ પરણે છે, ને સ્ત્રીઓ તો પતિના મરણ બાદ બીજો પતિ પરણી શકે, સ્ત્રીઓનો એ રિવાજ સર્વવ્યાપી નથી, કારણકે ઉત્તમ કુલમાં જન્મેલી કુલવંતી સ્ત્રીઓ એકજ પતિ પરણે છે, પતિના મરણ બાદ બીજો પતિ પરણતી નથી. ને અપર કુલની સ્ત્રીઓ પતિના મરણ બાદ બીજો પતિ પરણી શકે છે. (લોકમાં એ નાતરૂં કહેવાય છે.) શાસ્ત્રો પણ એ

બાબતમાં ભિન્નતાવાળાં છે, કારણકે લોકોત્તર શાસ્ત્રો બીજી વાર પરણવાનો નિષેધ કરે છે, ત્યારે લૌકિક શાસ્ત્રો બીજી વાર પરણવાની આજ્ઞા આપે છે, પરન્તુ કોઇ પણ શાસ્ત્ર એક પતિની હયાતીમાં બીજો પતિ પરણવાની આજ્ઞા આપતું નથી.

વર્તમાન યુવતીનો પ્રશ્ન—પુરૂષોએ શાસ્ત્ર રચેલાં હોવાથી એ સર્વ પક્ષપાત છે, સ્ત્રીને માટે હયાત પતિમાં બીજો પતિ ન થાય તો પુરૂષથી પણ એક હયાત સ્ત્રી પર બીજી સ્ત્રી કેમ થાય ?

ઉત્તર—જો કે એક હયાત સ્ત્રી પર બીજી સ્ત્રી ન કરવી એ લોકોત્તર શાસ્ત્ર તો કહે છેજ, કારણકે લોકોત્તર શાસ્ત્રની નીતિ તો જેમ બને તેમ વિષય વાસનાનાં સાધનોથી અલગ રાખવાની છે, પરન્તુ તેમ સર્વથા ન બનવાથી અને વિશેષ સ્વચ્છંદી ન બનવાના કારણે પુરૂષને એક સ્ત્રીથી નિભાવ કરવાનું સૂચવે છે. પરન્તુ કામરસિક પુરૂષો કામવાસનાના કારણથી અધિક પરણે તેમાં શાસ્ત્ર શું કરે? અને શાસ્ત્રકર્તા પુરૂષોનો એ પક્ષપાત છે એવો આક્ષેપ લોકોત્તર શાસ્ત્રને લાગુ પડતો નથી. જે લૌકિક શાસ્ત્રો અધિક સ્ત્રીઓ પરણવાની આજ્ઞા આપતાં હોય તેને એ આક્ષેપ લાગુ પડે છે. વળી અહિં વિશિષ્ટ લોક વ્યવહાર, પુણ્યકર્મ, પાપકર્મ ઇત્યાદિ બાબતની ચર્ચા ઘણી કરવા યોગ્ય છે, પરન્તુ ગ્રન્થવૃદ્ધિના ભયથી એટલી જ સૂચના બસ છે.

અહિં કહેવાનું તાત્પર્ય એ છે કે—લોકમાં પતિના મરણ બાદ બીજો પતિ કરવાનો રિવાજ હોવાથી પરવિવાહ શબ્દનો બીજો અર્થ જે પોતાનો બીજીવાર વિવાહ કરવો તે ઘટી શકે છે. માટે સ્ત્રીને પર વિવાહ અતિચાર સંતાનોના વિવાહ આશ્રયી અને પોતાના વિવાહ આશ્રયી પણ છે.

પાંચમું સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત.

અવતરણ—શ્રાવકનું ચોથું અણુવ્રત કહીને હવે પાંચમું અણુવ્રત કહેવાય છે–

इच्छापरिमाणं खलु, असयारंभविणिवित्तिसंजणगं ।
खेत्ताइवत्थुविसयं, चित्तादविरोहओ चित्तं ॥१७॥

ગાથાર્થ—અશુભ આરંભની નિવૃત્તિને ઉત્પન્ન કરનાર (અશુભ આરંભને ઘટાડનાર) એવું ક્ષેત્રાદિ વસ્તુઓ સંબંધિ ઇચ્છાનું પ્રમાણ–નિયમન તેજ પાંચમું સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત છે, અને ચિત્ત તથા વિત્તના (ચિત્તના અને વૈભવના) અવિરોધથી (અનુસરીને) વિચિત્ર પ્રકારનું છે. (અનેક પ્રકારનું છે.) ॥૧૭॥

ભાવાર્થ—ઉપયોગમાં આવતી વસ્તુની ઇચ્છાનુ પ્રમાણ અથવા તે ઇચ્છા વડે ગ્રહણ કરવા યોગ્ય ઉપયોગવાળી વસ્તુઓનું પ્રમાણ એટલે આટલીજ વસ્તુઓ ઉપયોગમાં લેવી, અધિક નહિ, એવું નિયમન તે ઇચ્છા પ્રમાણ (વા પરિગ્રહ પ્રમાણ) કહેવાય. એજ શ્રાવકનું પાંચમું અણુવ્રત છે.

પ્રશ્ન—એ રીતે વસ્તુઓનું પ્રમાણ બાંધવામાં લાભ શું ?

ઉત્તર—**असदारंभविणिवित्तिसंजणगं** એટલે અશુભ આરંભમાં પ્રવૃત્તિ ન થાય એજ લાભ છે, કારણ

इच्छापरिमाणं खलु असदारम्भविनिवृत्तिसंजनकम् ।
क्षेत्रादिवस्तुविषयं, चित्ताद्यविरोधतश्चित्रम् ॥१७॥

કે ઇચ્છા પ્રમાણથી, અથવા પરિગ્રહ પ્રમાણથી ત્યાગ થયેલી વસ્તુઓનો અશુભ વ્યાપાર–પાપ વ્યાપાર બંધ થયો તેથી તે વસ્તુઓના પાપારંભની નિવૃત્તિ રૂપ લાભ તો થયો જ, પરન્તુ જેટલી વસ્તુઓ છૂટી રાખી છે તે વસ્તુઓ કંઈક શુભ વ્યાપારો વડે પણ પ્રાપ્ત થઈ શકે તેવી હોય છે, માટે શુભ વ્યાપારોથી તે વસ્તુઓ મેળવતાં પણ અશુભ આરંભની નિવૃત્તિ થાય છે, એમ બન્ને રીતે પાપારંભ બંધ થાય છે એ મોટો લાભ છે. જીવહિંસા આદિ મોટા પાપારંભમાં પ્રવર્તવાનું પ્રાયઃ ઘણું ધનાદિ મેળવવા માટે હોય છે, અને ઇચ્છા પ્રમાણ વ્રતથી ઘણું ધનાદિ મેળવવાનું બંધ કર્યું તેથી અલ્પ ધનાદિ મેળવવા માટે અલ્પ આરંભ વાળા સુંદર વ્યાપારોમાં બહુ પ્રવૃત્તિ થાય છે, તેથી ઘણો પાપારંભ બંધ થાય છે.

૯ પ્રકારનો પરિગ્રહ

આ પરિગ્રહ પ્રમાણના નિયમમાં જે વસ્તુઓ પરિગ્રહ તરીકે ગણાય છે તે ૯ પ્રકારની છે. ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપુ, સુવર્ણ, કુપ્ય (વાસણ) દ્વિપદ, (દાસ દાસી) ને ચતુષ્પદ (હસ્તિ અશ્વાદિ પશુ વિગેરે.) ગાથામાં આદિ પદ છે તે વસ્તુના અનેક પ્રકાર દર્શાવનાર છે. તેથી અનેક પ્રકારનાં ક્ષેત્ર. અનેક પ્રકારનાં ધન ઇત્યાદિનો નિયમ તે પરિગ્રહ પ્રમાણ વ્રત છે.

પુનઃ એ નિયમ 'ચિતાદવિરોહઓ' એટલે ચિત્ત દેશ વંશ આદિકને અવિરોધી એટલે અનુકૂળ હોવાથી

'चित्तं,' [1]એટલે વિચિત્ર પ્રકારનો છે. અથવા 'वित्तादविरोहओ' એટલે વિત્તાદિકના (ધનાદિકના) અવિરોધથી અથવા વૃત્તાદિકના–આચાર વિચારના અવિરોધથી વિચિત્ર પ્રકારનો છે. [અર્થાત્ આ પરિગ્રહ પ્રમાણ વ્રત ચિત્ત દેશ વંશ ધન અને આચાર આદિકને અનુસરીને વિચિત્ર પ્રકારનું એટલે અનેક પ્રકારનું છે.] તે આ પ્રમાણે—

કોઇક નિર્ધન હોઈને પણ વિશાળ મનવાળો (ઉદાર ચિત્તવાળો) હોય છે, તો કોઇ ઘણો ધનવાન હોવા છતાં લઘુ ચિત્તવાળો (કૃપણ) હોય છે **इति चित्तम्.** તથા કોઇને ઘણું ધન હોય છે તો કોઈને અલ્પ ધન હોય છે. **इति वित्तम्.** તથા કોઈ દેશમાં ધાન્યાદિકનો ઘણો સંગ્રહ રાખવો પડે, તો કોઇ દેશમાં અલ્પ સંગ્રહથી પણ ન્હાલે, **इति देशविशेषः.** તથા કોઇ રાજવંશી હોય તો કોઇ બ્રાહ્મણ વણિક આદિ વંશનો હોય, અને તેને પ્રાયઃ રાજ્યાદિકનો સંભવાસંભવ હોય છે. (અર્થાત્ રાજવંશી હોય તો તેને પ્રાયઃ રાજ્ય પ્રાપ્તિનો સંભવ હોય છે. ને બ્રાહ્મણ વણિક આદિકને પ્રાયઃ રાજ્ય પ્રાપ્તિનો સંભવ નથી.) **इति वंशविशेषः.** માટે પરિગ્રહ વ્રત લેનાર પુરૂષો પોતાના ચિત્ત વિત્ત આદિકને [1]અનુસરીને વ્રત લેતા હોવાથી પરિગ્રહવ્રત અનેક પ્રકારનું છે. ॥૧૭॥

---

૧ અહિં ચિત્ત વિત્તાદિકનું અનુસરણ આ પ્રમાણે– વિશાળ ચિત્તવાળો પુરૂષ અધિક પરિગ્રહનો ત્યાગ કરી શકે છે ને કૃપણ અલ્પ ત્યાગ કરી શકે છે, ઘણો ધનવાન

પાંચમા પરિગ્રહ પ્રમાણુ વ્રતના ૫ અતિચાર.

અવતરણુ—પૂર્વ ગાથામાં પરિગ્રહના પ્રકાર અને વ્રતના અનેક પ્રકાર કહીને હવે એ વ્રતના ૫ અતિચાર કહે છે, તે આ પ્રમાણે—

खेत्ताइ हिरण्णाई धणाइ दुपयाइ कुप्पमाणकमे ।
जोयण-पयाण-बंधण-कारण-भावेहिं णो कुणइ ॥१८॥

ગાથાર્થઃ—ક્ષેત્રાદિકના પ્રમાણુમાં સંયેાજન અતિચાર, સુવર્ણાદિકના પ્રમાણુમાં (નિયમમાં) પ્રદાન અતિચાર, ધનાદિકના પ્રમાણુમાં બંધન અતિચાર; દ્વિપદાદિના નિયમમાં કારણ અતિચાર અને કુપ્યના નિયમમાં ભાવ અતિચાર. (પર્યાયાન્તર અતિચાર) એ પ્રમાણે પાંચ વસ્તુઓના પ્રમાણુમાં અનુક્રમે સંયેાજનાદિ વડે અતિચાર ન આચરવા. ॥૧૮॥

ભાવાર્થ—પરિગ્રહ જો કે ૯ પ્રકારનો છે તોપણ અતિચારની બાબતમાં પાંચ મુખ્ય પરિગ્રહ ગણીને તેના

ઘણો પરિગ્રહ છૂટો રાખે છે, ને અલ્પધની અલ્પ પરિગ્રહ છૂટો રાખે છે, દુર્લભ ધાન્યાદિવાળા દેશમાં ધાન્યાદિ પરિગ્રહ વિશેષ રાખવો પડે છે ને સુલભ ધાન્યાદિ દેશમાં અલ્પ ધાન્યાદિ પરિગ્રહ રાખી શકાય છે. રાજવંશી રાજ્યાદિ પરિગ્રહ છૂટો રાખે છે, ને વણિકઆદિ રાજ્યાદિ પરિગ્રહનો ત્યાગ કરી શકે છે. એ પ્રમાણે પરિગ્રહનો નિયમ સર્વને એક સરખો નથી.

क्षेत्रादि हिरण्यादि धनादि द्विपदादि कुप्यमानक्रमान् ।
योजनप्रदानबन्धनकारणभावैर्न करोति ॥१८॥

પાંચ અતિચાર કઇ રીતે ઉપજે છે તે કહ્યા છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે—

૧ ક્ષેત્રાદિકમાં—એક ક્ષેત્ર બીજા ક્ષેત્ર સાથે જોડી દેવું તે અતિચાર.

૨ સુવર્ણાદિકમાં—અધિક સુવર્ણાદિ બીજાની પાસે વા બીજાના નામે આપવું.

૩ ધનાદિકમાં—અધિક ધન અમુક મુદત બાદ લઇશ એમ બંધારણ કરવું.

૪ દ્વિપદાદિમાં—ગર્ભોત્પત્ત્યાદિ વડે અધિક દ્વિપદ રાખવા.

૫ કુપ્ય પ્રમાણમાં—હલકાં વાસણ બદલીને એક ભારે વાસણ કરાવવું. એ પાંચ અતિચાર અત્યંત સંક્ષેપમાં કહીને હવે તેનું સવિસ્તર સ્વરૂપ આ પ્રમાણે:—

૧ (ક્ષેત્રાદિમાં) **સંયોજન અતિચાર**—ક્ષેત્ર ત્રણ પ્રકારનું છે. ત્યાં અરઘટ્ટ (રેંટ) આદિ વડે પાણી સિંચીને ખેતી કરવા યોગ્ય ભૂમિ તે **સેતુ ક્ષેત્ર**. વર્ષાદના જળ વડે ધાન્યોત્પત્તિ થાય તેવી ભૂમિ તે **કેતુ ક્ષેત્ર**, અને જે ભૂમિમાં વર્ષાદથી ને કૂપાદિ જળથી બન્નેથી ધાન્યનિષ્પત્તિ થાય એવી ભૂમિ તે **સેતુ કેતુ ક્ષેત્ર**. અહિં જે એક બે ઇત્યાદિ ક્ષેત્રનો નિયમ કર્યો હોય ને તેથી અધિકની ઇચ્છા થતાં સાથેનાં ક્ષેત્રની વચ્ચેની વાડ વિગેરે અન્તર તોડીને એક મોટું ક્ષેત્ર બનાવે ત્યારે તત્ત્વથી તો અધિક પરિગ્રહની ઇચ્છા ફલિત કરવાથી વ્રતનો ભંગ થયો છે, પરન્તુ નિયમ

લેનારની સમજ એવી છે કે મારે તો એક ક્ષેત્રનો નિયમ છે, નાના મોટાનો નિયમ નથી, તેથી એક ક્ષેત્રાદિનો નિયમ સચવાયો છે, એ આશયે વ્રતની અપેક્ષા હોવાથી વ્રતનો ભંગ નથી માટે ભંગાભંગરૂપ અતિચાર છે. ॥ ઇતિ સંયોજનાતિચારઃ ॥ તથા ઘર વિગેરે વસ્તુ માં પણ એજ સંયોજનાતિચાર છે. જેમકે એક ઘરનો નિયમ હોય ને બે ઘરની ઇચ્છા થતાં સાથેનું મકાન ખરીદી લઈ વચ્ચેથી ભીત્તિનો આંતરો તોડી સળંગ એક ઘર બનાવે તો એ રીતે વાસ્તુનો અતિચાર પણ યથાયોગ્ય સમજવો. અહિં ક્ષેત્રાદિમાં આદિ પદથી વાસ્તુ=ઘર ગ્રહણ કરવું. તે ત્રણ પ્રકારનું છે. ભૂમિ ખોદીને ભોંયરા સરખાં બનાવેલ ઘર તે ખાતગૃહ, ભૂમિની ઉપર ચણતર કરી ઉંચું બનાવેલું ઘર તે ઉચ્છ્રિત ગૃહ અને નીચે ભોંયરૂં ને ઉપર ઘર તે ખાતોચ્છ્રિત ગૃહ, વળી આદિ શબ્દથી એ રીતે ગામ નગર વિગેરે પણ સર્વ ક્ષેત્રાદિમાં અન્તર્ગત ગણવાં. જેથી ગામ નગર વિગેરે સર્વમાં સંયોજનાતિચાર હોય છે.

૨ (હિરણ્યાદિ) પ્રદાન અતિચાર—હિરણ્ય એટલે સુવર્ણ, રૂપું ઇત્યાદિ ધાતુઓનું જેટલું પ્રમાણ ચાતુર્માસ આદિક મુદત સુધી રાખ્યું હોય, ને તે મુદત દરમ્યાનમાં જ તુષ્ટ થયેલ રાજા આદિક પાસેથી વિશેષ મળતું હોય તો તે અધિક મળેલું સુવર્ણાદિ બીજા કોઈ સંબંધીને પ્રદાન એટલે આપે ને કહે કે મારો નિયમ પૂર્ણ થતાં

સુધી આ સુવર્ણાદિ મારી પાસે રખાય નહિ માટે તમારી પાસે રાખ, ને નિયમ પૂર્ણ થયે હું લઇ જઇશ. આ પ્રમાણે અધિક સુવર્ણાદિ બીજાની પાસે રાખે તો તત્ત્વથી વ્રતનો ભંગ થયો છે, પરન્તુ વ્રત સાચવવાની અપેક્ષાએ બીજાને સોંપ્યું છે, તેથી વ્રતનો ભંગ નિયમ લેનારના આશયમાં નથી માટે ભંગાભંગ રૂપ **પ્રદાન અતિચાર** છે.

૩ (**ધનાદિકમાં**) **બન્ધન અતિચાર**—ગણિમ, ધરિમ, મેય, ને છેદ્ય એ ભેદથી ધન ૪ પ્રકારનું છે. ત્યાં સોપારી આદિ વસ્તુઓ ગણીને અપાય છે માટે **ગણિમ**, ગોળ, ખાંડ વિગેરે વસ્તુઓ ધરીને-તોલીને અપાય છે માટે **ધરિમ**. ઘી તેલ આદિ વસ્તુઓ માપીને (શેરીઆ અચ્છેરીયામાં ભરીને) અપાય છે માટે **મેય**, ને મણિ, રત્ન આદિ પરિચ્છેદીને એટલે પરીક્ષા કરીને અપાય લેવાય છે માટે **પરિચ્છેદ્ય**. એ રીતે ચાર પ્રકારના ધનમાં જે જે ધનનો જેટલો જેટલો નિયમ કર્યો હોય તેથી અધિક લભ્ય ધનાદિ (નિયમની મુદત વીત્યા બાદ સહેજે મળી શકે એવી વસ્તુઓ) અથવા અલભ્ય ધનાદિ (નિયમની મુદત વીત્યા બાદ જે વસ્તુ મળવી દુર્લભ હોય તેવી વસ્તુઓ) મળવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે વ્રત ભંગના ભયથી કહે કે આ વસ્તુઓ હું ચોમાસા આદિ મુદત બાદ લઇશ, અથવા ઘરમાંનું ધન ધાન્યાદિ વેચાઇ ગયા બાદ લઇશ. (જેથી ઘરમાં નિયમ ઉપરાન્ત ન વધે) એમ કહીને તે વસ્તુઓ અલગ કોથળા વિગેરેમાં બાંધીને તેને ઘેર જ

રાખી મૂકે, અથવા બાંધીને અલગ ન રાખે તો "ચોમાસા આદિ મુદત બાદ હું અવશ્ય આપીશ" એવી વચન કબૂલાત કરાવી તેને ઘેર જ રાખી મૂકવું એ બંધન અતિચાર છે. કારણ કે નિયમની મુદતમાં ઇચ્છાનિરોધ રૂપ ફલિતાર્થ ન હોવાથી વ્રતનો ભંગ છે, પરન્તુ પોતાની પાસે ન રાખવાથી વ્રતની અપેક્ષા છે. માટે વ્રતનો અભંગ પણ છે, જેથી ભંગાભંગ રૂપ અતિચાર છે ॥ ઇતિ ધનાદિવિષયે બન્ધનાતિચારઃ ॥

૪ (દ્વિપદાદિકમાં) કારણ અતિચાર—દ્વિપદ એટલે પુત્ર સ્ત્રી દાસી દાસ નોકર પોપટ મેના ઇત્યાદિ, અને આદિ શબ્દથી અશ્વ બળદ ગાય ઇત્યાદિ પશુ વર્ગ, તેઓનું જે પ્રમાણ કર્યું હોય તેમાં ગર્ભાધાન વડે અધિક પ્રમાણ થતાં કારણ અતિચાર જાણવો. (કારણ એટલે ગર્ભાધાન કરાવવું તે.) તે આ પ્રમાણે—કોઇએ એક વર્ષ બે વર્ષ ઇત્યાદિ મુદત સુધી અમુક સંખ્યા જેટલા દ્વિપદ (દાસ–દાસી) વા ચતુષ્પદો (પશુ પક્ષી) રાખવાં, અધિક ન રાખવાં એવો નિયમ લીધો, અને એ મુદત દરમ્યાનમાં જો ગર્ભાધાન થઇ પ્રસવ થશે તો મારી રાખેલી સંખ્યામાં વધારો થતાં વ્રતભંગ થશે એવા ભયથી ઘણા વખત સુધી દાસ દાસીઓમાં પશુઓમાં અને પોતાની સ્ત્રી આદિકમાં ગર્ભાધાન થવા દીધું નહિં, પરંતુ જ્યારે નિયમ પૂર્ણ થવાને અલ્પ મુદત (એટલે પ્રસવ નિયમિત મુદત બાદ થાય એટલી અલ્પ મુદત) બાકી રહી ત્યારે દ્વિપદ ચતુષ્પદોના ગર્ભાધાન કરાવ્યા, હવે એ ગર્ભાધાનોનો પ્રસવ જો કે

નિયમિત મુદ્દત બાદ થવાથી સંખ્યાનો વધારો મુદ્દત બાદ થવાનો છે, પરન્તુ નિયમ વાળી મુદ્દતમાં ગર્ભાધાન કરાવ્યાથી ગર્ભમાં રહેલાં દ્વિપદ ચતુષ્પદોથી સંખ્યાનો વધારો થયેલો જ છે, પરન્તુ પ્રસવથી બહાર ગણાતી સંખ્યાનો વધારો થયો નથી, એ પ્રમાણે એક રીતે સંખ્યાનો વધારો થવાથી વ્રતનો ભંગ છે, ને બીજી રીતે સંખ્યામાં વધારો નહિ થવાથી વ્રતનો અભંગ છે, માટે ભંગાભંગ રૂપ અતિચાર છે. ॥ ઇતિ દ્વિપદાદિવિષયે કારણાતિચારઃ ॥

૫ કુપ્યમાં [1]ભાવાન્તર અતિચાર—આસન શયન વાસણ વિગેરે ઘરવખરી તે કુપ્ય કહેવાય, તેની સંખ્યાનો નિયમ કરીને પર્યાયાન્તર કરી અધિક પરિગ્રહ કરે તો ભાવાન્તર અતિચાર છે, તે આ પ્રમાણે—કોઇએ ૧૦ થાળ વા તપેલાનું પ્રમાણ રાખ્યું, ત્યાર બાદ કોઇ રીતે વીસ થાળ ભેગા થયા. તેથી દસના નિયમનો ભંગ ન થવાના કારણે બે બે થાળનો એકેક મોટો વા જાડો થાળ કરાવી દસનો નિયમ સાચવ્યો, એ રીતે ભાવાન્તર એટલે રૂપાન્તર કરતાં તત્ત્વથી વ્રતનો ભંગ છે, પરંતુ સંખ્યાની અપેક્ષાએ નિયમ સચવાયાથી વ્રતનો અભંગ પણ છે. માટે ભંગાભંગ રૂપ અતિચાર છે. એ રીતે શેષ ઘરવખરીનું પણ જાણવું. ॥ ઇતિ ભાવાન્તરાતિચારઃ ॥

અહિં કેટલાક આચાર્યો આ પ્રમાણે કહે છે કે—

---

૧ વૃત્તિમાં ભાવ અતિચાર કહ્યો છે, પરન્તુ અહિં સમજવાની સુગમતા માટે ભાવાન્તર અતિચાર કહ્યો છે.

ભાવ એટલે અધિકની ઇચ્છા, તે ઇચ્છાવડે "અમુક મુદત બાદ હું આ વાસણ વિગેરે લઈ જઇશ માટે તારે આ વાસણ વિગેરે બીજાને ન આપવાં." એ પ્રમાણે કહીને નિયમની મુદત સુધી ધરવખરી કોઇને નહિ આપવાનું કબૂલ કરાવી બીજાને ત્યાં રાખી મૂકે તો **ભાવથી અતિચાર** છે. પ્રથમ કહેલા અતિચારમાં "ભાવાન્તર" પદનો ઉપયોગ થઈ શકે, પરન્તુ બીજા અર્થમાં કેવળ "ભાવ" અતિચાર જ કહેવાય.

એ પાંચ અતિચારોને મૂળ સૂત્રમાં (સિદ્ધાન્તમાં) **ખેત્તવત્થુપમાણાઇક્કમે** ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ અતિચાર, હિરણ્ય સુવર્ણ પ્રમાણાતિક્રમ અતિચાર ઇત્યાદિ અતિચારનાં નામો છે. અને આ ગ્રંથમાં સંયોજન અતિચાર, પ્રદાન અતિચાર ઇત્યાદિ નામ કહ્યાં છે, પરન્તુ શ્રુતને અનુસારે એટલે શ્રુતમાં કહેલ ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ ઇત્યાદિ પદોમાં અતિચારનો વિચાર કરતા ભંગમાં અને અતિચારમાં કંઈ પણ વિશેષતા સ્પષ્ટ નથી. એ કારણથી વ્રતનો ભંગ અને અતિચાર એ બેની વિશેષતા સ્પષ્ટ દર્શાવવાને અર્થે આ ગ્રન્થમાં સંયોજન, પ્રદાન, બંધન ઇત્યાદિ અતિચાર ભાવના દર્શાવી છે. જેથી ભંગાભંગરૂપ અતિચાર સ્પષ્ટ સમજાય છે.

પ્રશ્નઃ—સિદ્ધાન્તમાં કહેલી અતિચારોની **ખેત્તવત્થુપમાણાઇક્કમે** ઇત્યાદિ પરિપાટી છોડીને ગ્રન્થકર્તાએ સંયોજન, બંધન ઇત્યાદિ નવી પરિપાટી કેમ કહી ?

ઉત્તર—ગ્રન્થકર્તાએ પહેલી ગાથામાં પ્રથમથી જ

પ્રતિજ્ઞા કરી છે કે આ ગ્રથમાં જં સંગયં ઇત્યાદિ પદોથી શ્રાવકધર્મ જે રીતે સંગત (ઘટતો) હશે તે રીતે કહીશ. માટે આ ગાથાનો વા અતિચારના નામોનો ભાવાર્થ એજ છે કે જે પ્રતિજ્ઞાને ફલિત કરનારો છે. માટે સંગત ભાવાર્થને અર્થે અતિચારનાં નામ જૂદાં કહ્યાં છે. તેમજ આ સંયોજન બંધન પ્રદાન આદિ અતિચાર ભાવના દર્શાવવાથી એ સિવાય સહસાભ્યાખ્યાન આદિ અતિચારો કે જેની સંગત શ્રાવકધર્મ વિષયિક ભાવના નથી કહી તેની પણ એજ ભાવના વિચારવી. (અર્થાત્ સહસાકાર આદિથી અતિચારોની ઉત્પતિ કહી છે તે પણ "શ્રાવકધર્મ સંગત રીતે કહીશ" એ પ્રતિજ્ઞા સાચવવા માટે છે,) તેમાં (વૃત્તિકર્ત્તા કહે છે કે–) મારા યથા બોધને અનુસારે કેટલાક અતિચારોની સ્પષ્ટ ભાવના દર્શાવી છે, ને કેટલાક અતિચારોની સ્પષ્ટ ભાવના હજી આગળ દર્શાવાશે.

પ્રશ્નઃ—પરિગ્રહ નવ પ્રકારનો હોવાથી તેના અતિચાર પણ નવ હોવા જોઈએ, તેને બદલે પાંચ પરિગ્રહના પાંચ અતિચાર કેમ કહ્યા ?

ઉત્તરઃ—કેટલાક પરિગ્રહ પરસ્પર અન્તર્ગત કરીને નવ પરિગ્રહોનો પાંચ પરિગ્રહમાં સમાવેશ કરી પાંચ અતિચાર કહ્યા છે. અને તેમ કરવાનું પણ કારણ કે પહેલા બીજા વિગેરે વ્રતોના પાંચ પાંચ અતિચાર કહ્યા તો આ પાંચમા વ્રતના પણ પાંચ અતિચાર સરખી સંખ્યાએ કહેવાય તો શિષ્યને મધ્યમગતિ મધ્યમ સંખ્યા સુગમ પડશે એમ

શિષ્યના હિતને અંગે પાંચ જ અતિચાર પાંચમા વ્રતના કહ્યા છે, પરન્તુ ચાર અથવા છ અતિચાર (અથવા નવ અતિચાર) કહ્યા નથી. ॥ ૧૮ ॥

ઇતિ પંચમાણુવ્રતે પાંચ અતિચારો ॥

★

॥ પહેલું ગુણવ્રત દિક્પરિમાણ વ્રત ॥

અવતરણ—એ પ્રમાણે પાંચ અણુવ્રતોના પ્રકાર તથા અતિચાર કહીને હવે એજ પાંચ અણુવ્રતને ગુણકારી ત્રણ ગુણવ્રતો તથા તેના અતિચાર કહેવાનો પ્રસંગ છે, ત્યાં પ્રથમ દિશિપ્રમાણ નામનું પહેલું ગુણવ્રત કહે છે—

उड्ढाहोतिरियदिसं, चाउम्मासाइकालमाणेण ।
गमणपरिमाणकरणं, गुणव्वयं होइ विन्नेयं ॥ १९ ॥

ગાથાર્થઃ—ચાર માસ આદિ કાળના પ્રમાણ પૂર્વક ઉર્ધ્વ દિશામાં અધોદિશામાં અને તિર્યગ્ દિશામાં (ઉપર નીચે ને આડું એ ત્રણ દિશાએ અથવા ચાર દિશા, ચાર વિદિશા, ઉપર તથા નીચે એ દસ દિશાએ) જવાનું પ્રમાણ કરવું તે પહેલું દિશિપરિમાણ નામનું ગુણવ્રત છે એમ જાણવું. ॥૧૯॥

ભાવાર્થઃ—પાપારંભ જેમ બને તેમ અલ્પ કરવાના ઉદ્દેશથી દિશાપરિમાણવ્રત છે. દશે દિશાઓમાં લોકાન્ત સુધી જે પાપારંભ છૂટો છે તે પાપારંભને અત્યંત ટુંકો કરવા માટે અમુક દિશાઓમાં અમુક જોજન વા અમુક હદથી ઉપરાન્ત

ऊर्ध्वाधस्तिर्यग्दिशं, चातुर्मास्यादिकालमानेन ।
गमनपरिमाणकरणं, गुणव्रतं भवति विज्ञेयम् ॥ १९ ॥

ગમનાગમન ન કરવું અને વ્યાપાર બંધ કરવો એ પ્રકારનો નિયમ આ વ્રતમાં લેવાય છે.

પ્રશ્નઃ—પાપારંભનો ત્યાગ તો પહેલા અહિંસા અણુવ્રતમાં આવી જાય છે તો આ વ્રત જૂદું કેમ ? અથવા એ બે વ્રતમાં શું તફાવત ?

ઉત્તરઃ—પહેલા અહિંસા અણુવ્રતમાં સ્થાવરની યતના અને ત્રસ હિંસાનો સવા વિશ્વા જેટલા ત્યાગનો નિયમ તે અમુક ક્ષેત્ર વા હદ સુધી નથી, પરન્તુ લોકવ્યાપી નિયમ છે, જેથી સંપૂર્ણ લોકમાં વર્તતા સ્થાવરની હિંસા મોકલી રહી છે, ને ત્રસ સંબંધિ શેષ પાપારંભ પણ મોકળો છે, માટે તે મહાન ક્ષેત્રારંભને ટુંકો કરવા માટે આ દિશા પરિમાણુવ્રત છે, અને એ વ્રત અહિંસા આદિ પાંચે અણુવ્રતોને સ્પષ્ટ ગુણકર્તા છે. તે આ પ્રમાણે—દશે દિશાઓમાં જેટલા ક્ષેત્રનો નિયમ કર્યો તે ક્ષેત્રથી ઉપરાન્તના સર્વ ક્ષેત્રની હિંસા બંધ થઇ. વળી ત્યાં ગમનાગમનના અભાવે કોઈની સાથે અસત્યવાદનો પણ ત્યાગ થયો, ત્યાં રહેલી વસ્તુઓનું અદત્ત બંધ થયું. ત્યાં રહેલી સ્ત્રીઓનો પરિચય બંધ થયો, ને ત્યાં રહેલી વસ્તુઓનો સંગ્રહ પણ બંધ થયો, માટે દિશાપરિમાણ વ્રત પાંચે વ્રતને ગુણકારી હોવાથી ગુણવ્રત છે. તે દશ દિશાનો નિયમ આ પ્રમાણે—

૧. ઉર્ધ્વદિશિ પરિમાણઃ—પર્વત વા વિમાનમાં અમુક હદ સુધી ઉંચે ગમનાગમન કરવું, તેથી વિશેષ ઉંચે ન ચઢવું. તે પણ ચાતુર્માસાદિ અમુક મુદ્દત સુધી પણ હોય ને યાવજ્જીવ પણ હોય.

૨. અધોદિશિ પરિમાણ:—કૂવા વિગેરેમાં અથવા અત્યંત ઉંડા પ્રદેશોમાં અમુક હદ સુધી નીચે [1]ઉતરવું, વિશેષ નીચે ન ઉતરવું એવો નિયમ અમુક મુદત સુધી કરવો તે.

૩. તિર્યગ્દિશિ પરિમાણ:—પૂર્વ પશ્ચિમ ઉત્તર ને દક્ષિણ એ ચાર દિશાઓમાં તથા અગ્નિ નૈઋત્ય વાયવ્ય ને ઇશાન એ ચાર વિદિશાઓમાં અમુક હદ સુધી જવું, અધિક દૂર ન જવું, તે પણ અમુક મુદત સુધી એવો નિયમ કરવો તે. એ પ્રમાણે દિશિપરિમાણવ્રત ૩ પ્રકારનું છે. ઈતિ **દિશિ પરિમાણગુણવ્રતસ્ય ભેદત્રયમ્ ॥ ૧૯ ॥**

અવતરણ:—પૂર્વ ગાથામાં પહેલા ગુણવ્રતના અથવા છઠ્ઠા શ્રાવક વ્રતના ૩ ભેદ કહીને હવે આ ગાથામાં એના પાંચ અતિચાર કહે છે—

વજ્જઇ ઉદ્ધાઇક્કમમાણયણં પેસણોભયવિસુદ્ધં
તહ ચેવ ખેત્તવુદ્ધિં, કહિંચિ સઇઅંતરદ્ધં ચ ॥૨૦॥

ગાથાર્થ:—ઉર્ધ્વાતિક્રમ, અધોઽતિક્રમ, તિર્યંગતિક્રમ તેમજ ક્ષેત્રવૃદ્ધિ અને કોઇક સ્મૃત્યન્તર્ધાન (વિસ્મરણ) એ

---

૧ કૌતુક અર્થે અથવા કંઈ પ્રયોજન અર્થે નીચે ઉતરવાની જરૂર હોય છે, અને એ બન્નેમાં અને ગમનાગમન ક્રિયામાં ઘણો પાપારંભ રહ્યો છે. જેથી અધિક ઉંડા પ્રદેશોના પાપારંભ બંધ થાય છે.

वर्जयति उर्ध्वादिक्रममानयनं प्रेषणोभयविशुद्धम् ॥
तथा चैव क्षेत्रवृद्धिं कथञ्चित् स्मृत्यन्तर्धां च ॥२०॥

પાંચ અતિચાર પહેલા ગુણવ્રતના (દિક્પરિમાણ વ્રતના) છે. ॥ ૨૦ ॥

॥ પહેલા ગુણવ્રતના (દિશિ પરિમાણ વ્રતના) ૫ અતિચાર ॥

ભાવાર્થ:—ઉર્ધ્વાદિ અતિક્રમ એટલે ઉર્ધ્વ દિશાનું ઉલ્લંઘન, અધોદિશાનું ઉલ્લંઘન, અને તિર્યગ્દિશાનું ઉલ્લંઘન એટલે નિયમિત ક્ષેત્રથી અધિક ઉપર નીચે ને તીર્છા જવું એ ત્રણ દિશાના ૩ અતિચાર, તેમજ ક્ષેત્રવૃદ્ધિ એટલે નિયમિત ક્ષેત્રથી અધિક ક્ષેત્ર વધારવું, અને કઈ દિશામાં કેટલો નિયમ છે તે ભૂલી જવું તે સ્મૃતિઅન્તર્ધાન એ પાંચ અતિચાર છે. એ પાંચ અતિચાર પહેલા ગુણવ્રતમાં વર્જવા. તેનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે—

૧ ઉર્ધ્વપરિમાણાતિક્રમ અતિચાર—ઉર્ધ્વ-દિશામાં પર્વતાદિક માટે અમુક હદ સુધી ગમનાગમનનો નિયમ કર્યો, ત્યાર બાદ એથી અધિક ઉંચે પર્વતાદિ પર રહેલી વસ્તુની જરૂર પડી, તેથી પોતે તો જઇ શકે નહિ, ત્યારે બીજા કોઇને મોકલી તે વસ્તુ મંગાવે, અથવા નીચેની વસ્તુ ઉપર મોકલવાની જરૂર પડતાં પણ બીજા કોઇ દ્વારા તે વસ્તુ ઉપર મોકલે, એ રીતે કોઇ વખત મોકલવાનો અતિચાર, તો કોઇ વખત મંગાવવાનો અતિચાર, તો કોઇ વખત એક જ વખતે મોકલવા–મંગાવવાનો ઉભય અતિચાર. એ પ્રમાણે નિયમિત ક્ષેત્રથી અધિક દૂર ઉંચેથી બીજા દ્વારા મોકલવા મંગાવવામાં નિયમ ધારીને અનાભોગાદિકથી અને

અતિક્રમાદિકથી જ અતિચાર હોય છે, પરંતુ કેવળ ભંગાભંગ રૂપ અતિચાર નથી. જેથી 'ન કરેમિ' એ નિયમવાળો પોતે અધિક ઉપર જાય તો વ્રતનો ભંગ થાય છે, પરન્તુ ઉપયોગ શૂન્યતાદિ કારણથી અથવા ઉપર ચઢવાના ચિંતવનાદિકથી અતિચાર લાગે છે. અને 'ન કારયામિ' એવા નિયમવાળાને બીજા કોઇ દ્વારા વસ્તુ મંગાવતાં મોકલતાં વ્રતનો ભંગ થાય છે, અને ઉપયોગ શૂન્યતા વા ચિંતવનાદિ કારણે અતિચાર લાગે છે. 'ન કરેમિ' વ્રતવાળાને બીજા દ્વારા વસ્તુ મંગાવતાં મોકલતાં દોષનો અભાવ છે.

૨ **અધોપરિમાણાતિક્રમ અતિચાર**—ઉર્ધ્વદિશાવત્ નીચી દિશામાં સરખી રીતે વિચારવું.

૩ **તિર્યક્પરિમાણાતિક્રમ અતિચાર**—ઉર્ધ્વદિશાવત્ આઠે દિશામાં સરખી રીતે વિચારવું.

૪ **ક્ષેત્રવૃદ્ધિ અતિચાર**—પૂર્વોક્ત દશ દિશાઓમાં જે ક્ષેત્રાતિક્રમ અતિચાર કહ્યા તે અતિચારો ઉપરાન્ત આ ક્ષેત્રવૃદ્ધિ અતિચાર છે, એ અતિચાર કેવળ એક દિશાગત નથી પરંતુ બે દિશાને સહગત છે. જેથી તે એકેક દિશાગત અતિચાર રહિત વિશુદ્ધિવાળાને પણ આ અતિચાર સંભવિત છે, તે આ પ્રમાણે—કોઇએ પૂર્વ પશ્ચિમમાં દરેક દિશામાં ૧૦૦–૧૦૦ યોજન જવાની છૂટ રાખીને કોઇક કારણ ઉપસ્થિત થતાં કોઇ એક દિશામાં (પૂર્વમાં વા પશ્ચિમમાં) અધિક જવાની જરૂર પડી, ત્યારે એક દિશામાં ૯૦ યોજન ધારી બીજી દિશામાં ૧૧૦ યોજન ધારી લીધા,

જેથી બન્ને દિશામાં ૨૦૦ યોજનનો સરવાળો મેળવી લીધો. એ પ્રમાણે એક દિશા વધારીને બીજી દિશા ઘટાડવાથી નિયમધારી સમજે છે કે મારે ૨૦૦ યોજન સરખા જ રહ્યા. એ આશયથી વ્રતની અપેક્ષા રહેતાં વ્રતભંગ નથી, પરંતુ જે દિશિ વધારી તે દિશિનો પાપારંભ પ્રથમ બંધ હતો તે છૂટો થતાં તત્ત્વથી વ્રતનો ભંગ થયો, જેથી ભંગાભંગરૂપ અતિચાર છે.

પ્રશ્નઃ—વધારેલી દિશિનો પાપારંભ છૂટો થવા સાથે ઘટાડેલી દિશિનો પાપારંભ બંધ પણ થયો, જેથી ન લાભ કે ન હાનિ એમ કેમ નહિ?

ઉત્તરઃ—ના, એમ નહિ, કારણ કે વ્રતની યથાર્થતાનો ભંગ થાય છે, અને પાપભીરૂ જીવ પાપક્ષેત્ર ઘટાડવાના પ્રયત્નવાળો હોય, પરન્તુ વધારવાના પ્રયત્નવાળો ન હોય, એ પાપભીરૂના લક્ષણ પ્રમાણે તો જે દિશિ જેટલી નિયત કરી છે તે દિશિને ઘટાડે તે ઈષ્ટ છે, પરન્તુ વધારે તે ઇષ્ટ નથી. જેથી કોઈ એક દિશિમાં ૧૦ યોજન ઘટાડે તે ઇષ્ટ છે, પરન્તુ કોઇપણ દિશિમાં વધારો કરવો ઈષ્ટ નથી.

૫. સ્મૃતિ અન્તર્ધાનઃ—અતિ વ્યાકુળતા અથવા અતિપ્રમાદ અથવા બુદ્ધિની ઓછાશ ઇત્યાદિ કોઇ કારણથી સો યોજનનો નિયમ કર્યો હશે કે ૫૦ યોજનનો નિયમ કર્યો હશે? એ પ્રમાણે નિયમનું પ્રમાણ ગમન કરતી વખતે ભૂલી જાય અને એવા સંશયથી ૫૦ યોજન (જે ખાત્રી પૂર્વક છે તે)થી ઉપર અધિક યોજન જાય તો સ્મૃતિ અન્તર્ધાન અતિચાર છે. સ્મૃતિ એટલે સ્મરણનો અન્તર્ધાન–

વિલય–નાશ તે સ્મૃતિ અન્તર્ધાન એ શબ્દાર્થ છે. અહિં ૧૦૦ થી અધિકનો નિયમ નથી એ ખાત્રી છે તેમ ૫૦થી ન્યૂન નિયમ નથી એ પણ ખાત્રી છે, જેથી ૧૦૦ થી ઉપર ગમન કરે તો સાક્ષાત્ વ્રતભંગ છે, ને ૫૦ થી ઉપર ગમન કરે તો સાંશયિક હોવાથી વ્રતનો ભંગ નથી. એ પ્રમાણે ભંગાભંગરૂપ અતિચાર છે. અહિં વ્રતધારી વ્રતની અપેક્ષાવાળો છે કે ૧૦૦ થી ઉપર તો ન જ જવાય એ આશયે અતિચાર છે.

પ્રશ્નઃ—આ ગુણવ્રતમાં ઉર્ધ્વગમન ને અધોગમન કહ્યું તો પર્વતાદિ ઉર્ધ્વ દિશામાં અધિક જવાની અને કૂવા વિગેરે ઉંડા પ્રદેશોમાં અધિક ઉતરવાની શી જરૂર હોય ? તથા આ અતિચારોમાં કોઇ મતાન્તર છે ?

ઉત્તરઃ—અહિં વૃદ્ધ સંપ્રદાય આ પ્રમાણે છે કે— પર્વતાદિ ઉર્ધ્વ પ્રદેશોનો જે નિયમ કર્યો છે તે નિયમથી અધિક ઉંચે વા પર્વતના શિખર ઉપર કોઇ વાનર વા પક્ષી વસ્ત્ર વા આભરણ લઈ ગયું હોય તો ત્યાં સુધી ઉપર ચઢવાનું આ નિયમવાળાને કલ્પતું નથી, પરન્તુ જો ત્યાંથી વસ્ત્રાદિ સ્વતઃ પડીને નિયમિત ક્ષેત્રમાં આવી પડયું હોય તો લેવું કલ્પે, અથવા બીજો કોઇ ચઢીને લઇ આવ્યો હોય તો પણ લેવું કલ્પે. આજ બનાવ અષ્ટાપદ ગિરનાર ઇત્યાદિ પર્વતોમાં [1]બની શકે છે.

---

૧. વૃત્તિકર્તાએ આ વાત વૃદ્ધ સંપ્રદાયને અનુસરીને લખી છે. જેથી વૃદ્ધોના પ્રાચીન સમયે એ બનાવ અતિચાર યોગ્ય.

એ પ્રમાણે નીચે કૂવા [૧]વિગેરેમાં ઉતરવાનું પણ વિચારવું છે, પરન્તુ વર્તમાન કાળમાં તો પર્વતો ઉપર ચઢવાનાં સાધનો અત્યંત સુલભ થવાથી પર્વતો ઉપર વસવાટ વ્યાપાર ઇત્યાદિ સર્વ વ્યવહારો તિર્યંગ દિશા તુલ્ય નગર ગ્રામાદિ સરખા પ્રવર્તે છે, જેથી પર્વતાદિકથી નીચે રહેલ શ્રાવક પર્વત ઉપરના વ્યાપારાદિ પાપારંભોથી નિવૃત્ત થવાને માટે પણ ઉર્ધ્વદિશાનો નિયમ કરે અને વાનર ગૃહિત આભરણાદિ માટે ઉપર ચઢવાની વાત તો દૂર રહી, પરન્તુ વ્યાપારને અર્થે પણ ઉપર ન ચઢે, એ પ્રમાણે પ્રાચીન કાળમાં પર્વતાદિ ઉપર ચઢવાનો પ્રસંગ નિયમવાળા શ્રાવકને અંગે જેમ વાનર ગૃહિત આભરણાદિ કારણવાળો કહ્યો છે, તેમ હાલમાં પર્વતાદિ ઉપર ચઢવાનો પ્રસંગ એવાં અલ્પ કારણો માટે નહિ, પરન્તુ નીચે વત્ સર્વ વ્યવહાર માટે સંભવે. પુનઃ પ્રાચીન કાળમાં ઉડતાં વિમાનો વિશેષતઃ વિદ્યાધરાદિકને અને કોઈક કળાધરને હોવાથી વિમાનો દ્વારા આકાશમાં ચઢવાનો પ્રચાર અલ્પપ્રાયઃ હતો. પરન્તુ વર્તમાન કાળમાં તો યાંત્રિક કળાવાળાં વિમાનો (એરોપ્લેનો) યુદ્ધાદિ વ્યવહારમાં ને વ્યાપાર વ્યવહારમાં તેમજ ગ્રામાન્તર વ્યવહારમાં અત્યંત પ્રચારવાળાં છે. તેથી ઉર્ધ્વનિયમવાળાને એરોપ્લેનથી આકાશમાં ચઢવાનો પણ

---

૧. કૂવા વિગેરેમાં ઉતરવાનું કારણ કૂવામાં કંઇક વાસણ વા આભરણ ઇત્યાદિ વસ્તુ પડી ગઇ હોય અને તે કૂવા વિગેરેની ઉંડાઇ નિયમથી અધિક હોય તો નિયમધારી પોતે ઉતરે તો વ્રતનો ભંગ થાય. પરન્તુ બીજો કોઇ

નિયમ હોઇ શકે છે, પરન્તુ પર્વત પર ચઢવાનો નિયમ અને આકાશમાં ચઢવાનો નિયમ એ બે નિયમમાં એટલો તફાવત છે કે પર્વત ઉપર ચઢવામાં જેમ વ્યાપારાદિ પાપારંભ ત્યાગ કરવાનો હેતુ હોય છે, તેમ આકાશે ચઢવામાં એ હેતુ નથી.

તથા (વૃદ્ધ સંપ્રદાય પ્રમાણે) તિર્યગ્દિશાનું જે પ્રમાણ કર્યું છે તે ત્રણે કરણથી (મન, વચન, કાયાથી) ઉલ્લંઘન કરવા યોગ્ય નથી, તેમ ક્ષેત્રવૃદ્ધિ પણ કરવી નહિ. કેવા પ્રકારની ક્ષેત્રવૃદ્ધિ તે કહે છે—નિયમધારી શ્રાવક

ઉતરીને લાવી આપે તો વ્રતભંગ ન થાય. એજ રીતે કોલસાની ખાણોમાં ઉતરવાનું, સુવર્ણાદિકની ખાણોમાં ઉંડે ઉતરવાનું કારણ વ્યાપાર અર્થે છે, એ પ્રમાણે કૂવામાં અને ખાણોમાં ઉતરવાના હેતુ જૂદા જૂદા છે. પુનઃ ઉંડાં ભોંયરામાં ઉતરવાનું પણ કારણ યથાસંભવ વિચારવુ.

અહિં વૃદ્ધસમ્પ્રદાય પ્રમાણે ઉર્ધ્વમાં ને અધોમાં નિયમ ઉપરાન્ત જવામાં વ્રતભંગ કહ્યો છે, પરન્તુ અતિચાર કઈ રીતે ? તે જો કે કહ્યું નથી, પરન્તુ વ્રતભંગ ઉપરથી જ સમજી શકાય છે કે વ્રતભંગ હેતુના સ્થાનમાં અતિચાર અનાભોગ અને અતિક્રમાદિ તથા સહસાકારથી હોય છે, તેમ અહિં પણ અનાભોગાદિથી અતિચાર છે, કેવળ સાપેક્ષ નિરપેક્ષ સ્વરૂપવાળો ભંગાભંગ અતિચાર નથી. પરન્તુ અનાભોગાદિકથી ભંગાભંગ અતિચાર છે. વૃત્તિકર્તાએ પોતાના અભિપ્રાયથી તો ઉર્ધ્વ અધો ને તિર્યગ્ દિશાઓમાં અનાભોગાદિકથી (ને ક્ષેત્રવૃદ્ધિ તથા સ્મૃતિઅન્તર્ધાનમાં ભંગાભંગથી) અતિચાર સ્પષ્ટ કહેલ છે.

પૂર્વ દિશામાં નિયમિત ભૂમિ સુધી વાસણો વિગેરે લઇને વેચવા જાય, પરન્તુ તે વાસણ વિગેરેનું મૂલ્ય પ્રમાણ ભૂમિથી અધિક જાય તો મળી શકે છે, તેથી પશ્ચિમ દિશામાં રાખેલી પ્રમાણ ભૂમિને પૂર્વ દિશામાં વધારીને આગળ જાય તો ક્ષેત્રવૃદ્ધિ કહેવાય. આવા પ્રકારની ક્ષેત્રવૃદ્ધિ કરવી યોગ્ય નથી. (માટે પ્રમાણ ક્ષેત્રમાં વધારો કરીને આગળ જાય તો વ્રતભંગ થાય, પરન્તુ નિયમધારી સમજે છે કે મેં પ્રમાણમાં વધારો કર્યો નથી, પરન્તુ દિશિ વધારી છે, આ આશયથી વ્રતભંગ ન હોવાથી ભંગાભંગ રૂપ અતિચાર છે.]

પુનઃ (વૃદ્ધ સંપ્રદાય પ્રમાણે) **સ્મૃતિ અન્તર્ધાનથી** એટલે અનાભોગાદિક વડે સંશય પડવાથી નિયમિત ક્ષેત્રથી ઉપરાન્ત જાય તો યાદ આવતાં (વાસણાદિ વેચ્યા વિનાજ) પાછા વળી જવું, અને જો સંશય ન હોય તો આગળ જવુંજ નહિ, તેમ બીજાને પણ (વાસણાદિ વેચવા) મોકલવો નહિ, અને આજ્ઞા વિના બીજો કોઇ જઇને (ગુમાસ્તો વિગેરે જઇને વાસણાદિ વેચી) જે ધન લઈ આવ્યો હોય તે ગ્રહણ ન કરવું. તેમજ ભૂલથી પોતે જઇને ધનાદિ લાવ્યો હોય તો તે પણ ગ્રહણ ન કરવું. [શુભ માર્ગે ખર્ચી નાંખવું.] **॥ ઇતિ વૃદ્ધસમ્પ્રદાયેન પંચાતિચાર ભાવાર્થઃ ॥**

એ રીતે આ દિશિપરિમાણ વ્રતમાં પહેલા ત્રણ અતિચાર અનાભોગાદિકથી છે. ને બીજા બે અતિચાર વ્રતની સાપેક્ષ નિરપેક્ષતાને આધારે ભંગાભંગ રૂપ છે. તથા

પાંચે અતિચારનું સ્વરૂપ પ્રથમ વૃત્તિ કર્તાએ પોતાના અભિપ્રાયથી કહ્યું ને બીજું સ્વરૂપ [1]વૃદ્ધસંપ્રદાયને અનુસરીને કહ્યું.

॥ ઇતિ દિશિપરિમાણં પ્રથમં ગુણવ્રતં પંચાતિચારયુક્તમ્ ॥ ૨૦ ॥

★

। સાતમું ભોગોપભોગવિરમણવ્રત. ગુણવ્રત બીજું ॥

અવતરણ:—ત્રણ પ્રકાર અને પાંચ અતિચાર સહિત પહેલું ગુણવ્રત અથવા છઠ્ઠું શ્રાવકવ્રત કહીને હવે સાતમું શ્રાવકવ્રત અથવા બીજું ગુણવ્રત કહેવાય છે, તે આ પ્રમાણે–

वज्जणमणंतगुंबरिअच्चंगाणं च भोगओ माणं ।
कम्मयओ खरकम्माइयाण अवरं इमं भणियं ॥ २१ ॥

ગાથાર્થ:—અનન્તકાય ઉંબરફળ અને અત્યંગ એ ત્રણ આહારનું ભોગથી (ભોજનથી) વર્જન (એટલે એ ત્રણેના આહારનો ત્યાગ) અને શેષ ભોગ્ય પદાર્થોનું પ્રમાણ બાંધવું તે ભોગોપભોગ પરિમાણ વ્રત છે, તેમજ કર્મથી

---

૧ " વૃદ્ધસમ્પ્રદાય " એ પદ કંઇક સ્થાને અધિક સ્પષ્ટાર્થ માટે કહેવાય છે, ને કંઇક સ્થાને ચાલુ અર્થથી કંઇક જૂદો પડતો અર્થ દર્શાવવાને હોય છે. આ સ્થાને ચાલુ અર્થથી કંઇક ભિન્નતાદર્શક છે.

वर्जनमनंतकोदुम्बरत्यङ्गानां च भोगतो मानम् ।
कर्मकृतः खरकर्मादीनामपरमिदं भणितम् ॥ २१ ॥

(વ્યાપારથી) ખરકર્માદિકનું વર્જન (ઘણી હિંસાવાળા પંદર નિર્દય વ્યાપારોનો ત્યાગ, તે પણ બીજું ભોગોપભોગ વિરમણ ગુણવ્રત કહ્યું છે. ॥ ૨૧ ॥

ભાવાર્થઃ—આ સાતમું ભોગોપભોગ પરિમાણ અથવા ઉપભોગ પરિભોગ પરિમાણ નામનું બીજું ગુણવ્રત બે પ્રકારનું છે. એક ભોજનથી ને બીજું કર્મથી. ત્યાં ભોજનથી વા ભોગથી બીજા ગુણવ્રતનું સ્વરૂપ આ પ્રમાણે—

॥ ભોજનથી બીજા ગુણવ્રતનું સ્વરૂપ ॥

ઉપ–એકવાર અથવા [1]અંદર, **ભોગ**–ભોજન કરાય તે. આહાર પાણી ખાદિમ સ્વાદિમનું ભોજન **ઉપભોગ** કહેવાય, અથવા જેનો ઉપભોગ કરાય તે આહારાદિ પદાર્થો પણ **ઉપભોગ** કહેવાય. તથા **પરિ**–વારંવાર અથવા [2]બહારથી **ભોગ**–ઉપયોગમાં આવે તે વસ્ત્ર સ્ત્રીઆદિકનો ઉપયોગ **પરિભોગ**, અથવા જેનો વારંવાર અથવા બહારથી ઉપયોગ કરાય તે વસ્ત્ર સ્ત્રી આદિ પદાર્થો પણ **પરિભોગ** કહેવાય. (એ પ્રમાણે પહેલો અર્થ ક્રિયાવાચક ને બીજો અર્થ પદાર્થવાચક છે.) તાત્પર્ય કે એક વાર ભોગવવામાં આવતી આહારાદિ વસ્તુઓ ઉપભોગ ને વારંવાર ભોગવવામાં આવતી વસ્ત્ર આદિ વસ્તુઓ પરિભોગ કહેવાય.

---

૧ મુખમાં અને ઉદરમાં જાય છે માટે આહાર આદિ વસ્તુઓ શરીરની અંદરના ભોગવાળી છે.

૨ વસ્ત્રાદિ વસ્તુઓ શરીરની બહાર ભોગવાતી વસ્તુઓ છે. એ રીતે ઉપભોગ્ય વસ્તુઓ બે પ્રકારની છે.

ઘણે સ્થાને તો ઉપભોગને બદલે ભોગ ને પરિભોગને બદલે ઉપભોગ શબ્દ પ્રચલિત હોવાથી આ બીજા ગુણવ્રતનું નામ ભોગોપભોગ વ્રત છે, પરન્તુ આ વૃત્તિને અનુસરીને ઉપભોગ પરિભોગ વ્રત કહીએ તોપણ ચાલે. (ચાલુ અર્થમાં વિશેષતઃ ભોગોપભોગ શબ્દનો ઉપયોગ કરવામાં આવશે.) ત્યાં ઉપભોગ અને પરિભોગ એ બેની આસેવાવાળા પદાર્થો (એ બે ક્રિયામાં સેવાતા પદાર્થો) તે ઉપભોગ પરિભોગ ઉપચારથી કહેવાય, તેમજ એ પદાર્થોને ઉપાર્જન કરવામાં મૂળ કારણભૂત ખરકર્માદિ વ્યાપારો તે પણ ઉપચારથી ઉપભોગ પરિભોગ એ શબ્દથી ઓળખાય છે, માટે ઉપભોગ્ય પરિભોગ્ય પદાર્થોનું વ્રત, તે ભોજનથી અને તેને ઉપાર્જન કરવામાં કારણભૂત ખરકર્માદિ વ્યાપારોનું-કર્મોનું વ્રત તે કર્મથી એમ બે પ્રકારે ઉપભોગ પરિભોગ વ્રત છે. ત્યાં ગાથાના પૂર્વાર્ધમાં ભોજનથી ભોગોપભોગ વ્રત કહ્યું છે, તે આ પ્રમાણે—

૧ અનન્તકાય ભોજનનો ત્યાગ. (વિશેષ સ્વરૂપ પરિશિષ્ટમાં કહેલ ૨૨ અભક્ષ્યમાં છે.)

આ સાતમા શ્રાવક વ્રતમાં સૌથી પ્રથમ તો અનન્તકાય વનસ્પતિઓ કે જેમાં એકેક શરીરમાં અનન્ત અનન્ત જીવ ઉપજે છે મરે છે અને અન્તર્મુહૂર્ત સુધી જીવતા રહે છે તેવી વનસ્પતિઓના આહારનો ત્યાગ કરવાનો કહ્યો છે. એ અનન્તકાય વનસ્પતિઓ કઇ કઇ? તે કહે છે—

सव्वा य कंदजाइ, सूरणकंदो य वज्जकंदो य ।
अल्लहलिद्दा य तहा अल्लं तए अल्लकच्चूरो ॥१॥

અર્થ—સર્વ પ્રકારની કંદની જાતિઓ, સૂરણ કંદ, વજ્ર કંદ, લીલી હળદર, લીલું આદુ, તથા લીલો કચૂરો [1]ઇત્યાદિ અનન્તકાય વનસ્પતિઓ શ્રાવકને સર્વથા વર્જનીય છે. ॥ ૧ ॥

सर्वा च कन्दजातिः सूरणकन्दश्च वज्रकन्दश्च ।
आर्द्रहरिद्रा च तथा आर्द्रं तथा आर्द्रकच्चूरः ॥१॥

૧ લીલા કંદ, [લસણ, સૂરણ, આદુ, વજ્રકંદ, હલદર, કચૂરો, પલાશકન્દ, ગૃંજનકંદ, લોઢકંદ, કસેરૂકકંદ, મોગરકંદ, મોથ, મૂળા, આલુ (બટાકા), પીંડાલુ, હસ્તિકંદ, મનુષ્યકંદ, સક્કરકન્દ (સકરીયાં) ઇત્યાદિ.] કિશલય, (ઉગતા અંકૂર) સ્નુહી, (વજ્રતરૂ, ખરસાણી), લૂણવૃક્ષની છાલ, કુવારી, ગિરિકર્ણિકા, શતાવરી, ઉગતાં કઠોળ, ગળો, કોમળ આમલી, (બીજ-ઠળીયો ન બંધાયો હોય તેવી આમલી) ચિંચણિક, પાલખાની ભાજી, અમરવેલ, સુઅરવાલ (પ્રસિદ્ધ વાલ નહિ) ઇત્યાદિ ઘણી જાતિની અનન્ત કાય વનસ્પતિઓ છે, તે શ્રાવકને ખાવા યોગ્ય નથી. લોકમાં વનસ્પતિ બે પ્રકારની છે. ૧ સાધારણ વનસ્પતિ, ને ૨ પ્રત્યેક વનસ્પતિ. તેમાં પ્રત્યેક વનસ્પતિમાં એકેક શરીરમાં એકેક જીવ હોવાથી એ વનસ્પતિ અતિ અલ્પ જીવવાળી છે, માટે તેમાંની કેટલીક વનસ્પતિઓ શરીરના નિભાવ અર્થે ભોગ્ય છે. અને અનન્તકાય વનસ્પતિ તો પ્રતિ શરીરે અનન્ત જીવવાળી હોવાથી

॥ ૨ ઉદુમ્બર આદિ ૫ પ્રકારના ફળનો ત્યાગ ॥

ઉદુંબર આદિ એટલે ઉદુમ્બર ફળ, તથા ઉમ્બરફળ ઉમ્બર એક પ્રકારનું વૃક્ષ છે તેનું ફળ, કાકોમ્બર,) વડનું ફલ, (વડના ટેટા), પિંપળનું ફળ, (ચણીબોર જેવડાં થાય છે તે), પીપળાનું ફળ, એ પાંચ પ્રકારનાં ફળ ઉંબરપંચક વા ઉદુમ્બરપંચક કહેવાય છે. તે શ્રાવકને કલ્પે નહિ.

॥ ૩ અત્યંગનો (માદક પદાર્થોનો) ત્યાગ ॥

ભોગનાં અતિશય કારણવાળાં અંગ તે અત્યંગ (અર્થાત્ અતિશય ભોગાંગો તે અત્યંગ), અને તે મદ્ય, માંસ, મદિરા, માખણ, રાત્રિભોજન, ફૂલમાળા, ચન્દનાદિ, સ્ત્રી એ સર્વે ભોગની અતિશયતાવાળાં અંગ છે. (અર્થાત્ દેહને માદક, પોષક ને શોષક એવી એ વસ્તુઓ છે માટે અતિભોગાંગ છે) અહિ ઉંબરપંચક અને અત્યંગ એ બે કહેવાથી સર્વ પ્રકારના આહાર પાણી ખાદિમ સ્વાદિમ પદાર્થો જે શરીરની અંદર ભોગ્ય છે તે, અને તે ઉપરાન્ત શરીરની બહાર પણ ઉપભોગમાં આવતા માળા, ચન્દન, સ્ત્રી, વસ્ત્ર, આસન, શય્યા આદિ પદાર્થો પણ ગ્રહણ કરવા જેથી એ સર્વ પદાર્થોના ઉપભોગને આશ્રયીને જે વ્રત અંગીકાર કરવું તે ભોજનથી ૭ મું ભોગોપભોગ વ્રત

સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે. આ બાબતનું વિશેષ સ્વરૂપ આ વ્રતના પરિશિષ્ટમાંજ ૨૨ અભક્ષ્યાન્તર્ગત અનન્તકાયના વિસ્તારમાંથી જાણવું.

છે. એમાં પદાર્થોનો સર્વથા ત્યાગ કરીને અને પદાર્થોનું પરિમાણ કરીને એ બે રીતે વ્રત અંગીકાર કરાય છે, પરન્તુ કેવલ ત્યાગથીજ એ વ્રત છે એમ નહિ.

॥ કર્મથી ભોગોપભોગ વ્રત ૧૫ પ્રકારનું ॥

કર્મ એટલે આજીવિકાને માટે જે આરંભ કરવા તે કર્મથી એટલે નિર્દયલોકને ઉચિત જે મહાન હિંસાવાળા પાપારંભ કે જે મહા પાપારંભો કોટવાલીના કામમાં ગુપ્તિપાલના કામમાં (ફોજદારી બાતમીદારી વિગેરે ધંધામાં) હોય છે તે, અને અંગારકર્મ ઇત્યાદિનો ([1]અંગાર કર્મ, વનકર્મ, સાડીકર્મ, ભાડીકર્મ, સ્ફોટકર્મ, લાખનો વ્યાપાર, દાંતનો વ્યાપાર, રસનો વ્યાપાર, કેશનો વ્યાપાર, વિષવ્યાપાર યંત્રપિલન, નિર્લાંછનકર્મ, દવાગ્નિ, સરશોષણ, અસતિપોષણ એ ૧૫ પ્રકારનાં કર્માદાન-પાપારંભમાં) પણ ત્યાગ (એમાં પરિમાણ નહિ, તે કર્મથી ભોગોપભોગ વ્રત છે. એ પ્રમાણે બે પ્રકારનું (ભોજનથી ને કર્મથી) આ બીજું ગુણવ્રત કહ્યું છે.

શ્રાવકને યોગ્ય ઉપભોગ (ભોજન)

આ ગુણવ્રતમાં વૃદ્ધ સમ્પ્રદાય (પૂર્વાચાર્યોનું કથન) આ પ્રમાણે છે—શ્રાવકે પ્રાસુક એષણીય (શ્રાવકને કલ્પે એવો) આહાર કરવો એ શ્રાવકનો ઉત્સર્ગ માર્ગ છે, પરન્તુ તેમ ન બની શકે તો અનેષણીય આહાર પણ સચિત્ત વર્જીને કરે, પુનઃ જો સચિત્ત વર્જીને ન બની

---

૧. એ દરેકના અર્થ ને વિશેષ સ્વરૂપ આગળ કહેવાશે.

શકે તો અનન્તકાય વનસ્પતિ અને બહુબીજ ફળો વર્જીને આહાર કરે. ત્યાં આહાર ચાર પ્રકારનો છે–અશન, પાન, ખાદિમ, સ્વાદિમ. તેમાં અશનમાં આદુ, મૂળા, માંસ, ઇત્યાદિ ખાવાં વર્જે. પાણીમાં માંસનો રસ અને મદિરા આદિ પીવાં વર્જે. ખાદિમમાં ઉંબરફળ આદિ પાંચ પ્રકારનાં ફળ ખાવાં વર્જે. અને સ્વાદિમમાં મધ આદિ સ્વાદિષ્ટ વસ્તુઓ વર્જે. એ ઉપભોગવિધિ.

।। શ્રાવકને યોગ્ય પરિભોગ ।।

એ પ્રમાણે પરિભોગમાં એટલે વસ્ત્ર આદિ ભોગ્ય પદાર્થોમાં પ્રથમ વસ્ત્ર જાડું શ્વેત ને અલ્પ મૂલ્યવાળું પહેરવું યોગ્ય છે. (કારણકે એમાંજ પાપારંભ અલ્પ છે.) તેમજ અમુક સંખ્યા પ્રમાણમાં (અલ્પ સંખ્યાએ) પહેરવાં, (પરન્તુ જરૂર ઉપરાન્ત મોટાઇને અર્થે વસ્ત્રોની ઘણી જોડ સંગ્રહ કરવી વા અવનવાં અદલબદલ કર્યા કરવાં નહિ.) પરન્તુ શાસન પ્રભાવનાને અર્થે (દેહરે ઉપાશ્રયે જતાં, પ્રભુની પૂજા કરતાં, ગુરૂના સામૈયામાં જતાં, રથયાત્રાદિ વરઘોડામાં જતાં ઇત્યાદિ પ્રસંગે) અતિ ઉત્તમોત્તમ વસ્ત્રો દેવદુષ્ય (રેશમી પટ્ટવસ્ત્રાદિ) જેવાં વસ્ત્રો પહેરવાં, પરન્તુ વસ્ત્રોનું સંખ્યા પરિમાણ તો પરિમિત રાખવું. **ઇતિભોજનતઃ ભોગોપભોગવિધિઃ ।।**

।। શ્રાવકને યોગ્ય કર્મ–વ્યાપાર ।।

શ્રાવક વ્યાપારાદિ પાપારંભની પ્રવૃત્તિઓ ન કરે એ શ્રાવકનો ઉત્તમ માર્ગ છે, છતાં જો વ્યાપાર વિના આજી-

વિકા ન નલે તો મહા આરંભવાળા પાપ વ્યાપારો જે ૧૫ કર્માદાન તરીકે ઓળખાય છે તે ન કરે. (તે ૧૫ પાપ વ્યાપારોનું સ્પષ્ટ સ્વરૂપ આ વ્રતના અતિચારોના વર્ણન પ્રસંગે કહેવાશે.) પરંતુ અતિ અલ્પ પાપ વ્યાપારોથીજ આજીવિકા ચલાવે.

પ્રશ્નઃ—આહારાદિ ભોગ્ય પદાર્થો માટે જેમ ઉપભોગ પરિભોગ ભેદ છે. તેમ કર્મમાં ઉપભોગ પરિભોગ ભેદ છે કે નહિ ?

ઉત્તર—ભોગ્ય વસ્તુવત્ કર્મમાં પણ ઉપભોગ ભેદ છે. પ્રહારવ્યવહરણાદિ વિવક્ષાએ (શસ્ત્રાદિકના વ્યાપારની અપેક્ષા એ) જે કર્મ એકજ વાર કરાય તે ઉપભોગ, અને જે વ્યાપાર વારંવાર કરાય તે પરિભોગ. કેટલાક આચાર્યો કર્મના સંબંધમાં (અંગારકર્માદિ કર્માદાનોમાં) ઉપભોગ પરિભોગ ભેદ ગણતા નથી, પરન્તુ ઉપભોગ પરિભોગવ્રતમાં કર્મનું પ્રતિપાદન (અંગારકર્માદિ કર્મભેદને) ઉપભોગાદિકના (ઉપભોગ પરિભોગના) કારણભાવે પ્રતિપાદન કરે છે. (અર્થાત્ ઉપભોગ પરિભોગના પદાર્થો ઉપાર્જન કરવામાં અંગારકર્મ આદિ વ્યાપારો કારણભૂત છે, તેથી વ્રતમાં પણ કારણભાવે તેનો ત્યાગ કરવા કહ્યું છે.)

।। સાતમા ઉપભોગ પરિભોગ વ્રતમાં ૫ ને ૧૫ અતિચાર ।।

અવતરણ—હવે ઉપભોગ પરિભોગ વ્રતના અને કર્માદાન (ત્યાગ) વ્રતના અતિચાર કહે છે—

सच्चित्तं पडिबद्धं, अपउल दुपउल तुच्छमक्खणया ।
वज्जइ कम्मयओ वि य, इत्थं अंगालकम्माइं ॥२२॥

ગાથાર્થઃ—સચિત્ત ભક્ષણ, સચિત્ત પ્રતિબદ્ધ ભક્ષણ, અપક્વભક્ષણ, દુઃપક્વભક્ષણ, ને તુચ્છફલ ભક્ષણ એ ભોજન સંબંધિ પાંચ અતિચાર વર્જવા, અને અહિં કર્મથી પણ અંગારકર્મ આદિ ૧૫ ખરકર્મો વર્જવાં. ॥ ૨૨ ॥

ભાવાર્થઃ—ભોજનના સંબંધમાં વિચારીએ તો શ્રાવકે પ્રથમ નિરવદ્ય (પાપારંભ જેમાં નથી એવો) આહાર કરવો, એ ઉત્સર્ગ માર્ગ છે. (શ્રાવકનો સર્વોત્કૃષ્ટ ધર્મ છે.) અને કર્મના સંબંધમાં (આજીવિકાના સંબંધમાં) વિચારીએ તો નિરવદ્ય કર્મ વડે જીવવું. (અર્થાત્ પાપારંભ વડે આજીવિકા ન કરવી.) એ ઉત્સર્ગ માર્ગ છે. માટે એ બે ઉદ્દેશની અપેક્ષાએ ભોજનના ૫ અતિચાર અને કર્મના ૧૫ [1]અતિચાર કહ્યા છે. તે આ પ્રમાણે—

॥ ભોગોપભોગ વ્રતમાં ભોજન આશ્રયી ૫ અતિચાર ॥

ઉપર કહ્યા પ્રમાણે ઉત્સર્ગ માર્ગની અપેક્ષાએ આ અતિચાર છે, એટલુંજ નહિ પરન્તુ જે જે વિષયનું પ્રત્યા-

---

सचित्तं, प्रतिबद्धमपक्वदुःपक्वतुच्छभक्षणकम् ।
वर्जयति कर्मकतोऽपि चात्र-अंगारकर्मादि ॥ २२ ॥

૧ અતિચાર બે પ્રકારે છે, ત્યાં ઉત્સર્ગવિધિની અપેક્ષાએ અવિધિપ્રવૃત્તિ તે પણ અતિચાર, એટલે વિરાધના સ્વરૂપવાળો અપવાદ તે અતિચાર, અને પ્રત્યાખ્યાત વિષયમાં સાપેક્ષ પ્રવૃત્તિ તે પણ અતિચાર.

જ્યાન કર્યું છે તે તે વિષયમાં પ્રવૃત્તિ કરવી તે પણ અતિચાર છે, કારણ કે વ્રતની અપેક્ષાવાળા જીવને અનાભોગ (ઉપયોગ શૂન્યતા) અને અતિક્રમાદિ (ચિંતવનાદિ) કારણથી અતિચાર ઉત્પન્ન થાય છે. જો અનાભોગાદિકથી થયેલી પ્રવૃત્તિને અતિચાર ન ગણીએ તો વ્રતનો સર્વથા ભંગ થાય. (માટે એવી વ્રત સાપેક્ષ વિરૂદ્ધ પ્રવૃત્તિઓને અતિચાર તરીકે જ ગણવી ઉચિત છે.) માટે જે જે ભોજન્ય પદાર્થોનો ત્યાગ કર્યો હોય તે તે પદાર્થો ન ખાવા, પરન્તુ ભૂલી જવું ઇત્યાદિ કારણથી ખાય તો અતિચાર લાગે તે આ પ્રમાણે—

૧ **સચિત્તભક્ષણ અતિચાર**:—કન્દ, ફળ, પૃથ્વીકાય ઇત્યાદિ સચિત્ત ભક્ષણ કરે તે. (આ અતિચાર સચિત્તના ત્યાગીને અનાભોગ વા અતિક્રમાદિકથી છે. અને અનાભોગાદિ કારણ વિના સચિત્ત ભક્ષણ જાણી જોઇને કરે તો વ્રતનો ભંગ થાય છે.)

૨ **સચિત્ત પ્રતિબદ્ધ ભક્ષણ અતિચાર**:—સચિત્ત પદાર્થની સાથે સંબંધવાળો (ચોંટેલો) પદાર્થ ગુંદર વિગેરે અથવા પાકાં ફળ વિગેરે તે સચિત [1]પ્રતિબદ્ધ કહેવાય. અથવા સચિત્ત વડે મિશ્ર (તલમિશ્રિત જવધાણા

---

૧ ગુંદર અને પાકાં ફળનો ગર્ભ અચિત્ત છે, પરન્તુ વૃક્ષ અને ગોટલી ઠળીમા બીજ એ સચિત્ત છે, માટે ગુંદર તથા પકવ ફળનો ગર્ભ સચિત્ત નહિ પણ પ્રતિબદ્ધ ગણાય છે.

ઇત્યાદિ) તે પણ સચિત્ત પ્રતિબદ્ધ આહાર. તેવા પદાર્થોનું ભક્ષણ કરવું તે સચિત પ્રતિબદ્ધ અતિચાર. અહિં સચિત્ત પ્રતિબદ્ધનો ત્યાગ સાવદ્ય આહારના ત્યાગીને હોય છે, તેથી સાવદ્યાહાર ત્યાગી જો સચિત્ત પ્રતિબદ્ધનું ભક્ષણ કરે તો વ્રતનો ભંગ થાય છે (અર્થાત્ વ્રતની સાપેક્ષતા શોધીને ભક્ષણ કરે તો પણ વ્રતભંગ થાય છે.) માટે અહિં અનાભોગ અને અતિક્રમાદિ વડે (ઉપયોગ શૂન્યતાથી ભક્ષણ કરે અથવા ભક્ષણનું ચિંતવનાદિ કરે તેનાથી) અતિચાર છે (પરન્તુ સાપેક્ષ નિરપેક્ષતાથી ભંગાભંગરૂપ અતિચાર નથી.)

અથવા પાકું ખજૂર વિગેરે ખાવાની વૃત્તિમાં ખજૂરનો ઠળીયો સચિત્ત છે માટે તેનો ત્યાગ કરીશ, પરન્તુ ખજૂર ગર્ભ અચિત્ત છે માટે તેનું ભક્ષણ કરીશ, એવી બુદ્ધિથી પાકું ખજૂર વિગેરે ફળ મુખમાં નાખે તો સચિત્તાહારના ત્યાગીને (સાવદ્યાહાર ત્યાગીને) અતિચાર લાગે. કારણ કે ઠળીયો સચિત્ત છે માટે વ્રતનો ભંગ છે, પરંતુ ગર્ભ અચિત્ત છે માટે વ્રતનો ભંગ નથી તેથી વ્રતની અપેક્ષા હોવાથી અહિં ભંગાભંગરૂપ અતિચાર છે. એ પ્રમાણે અચિત્તપ્રતિબદ્ધના ભક્ષણનો અતિચાર બે રીતે છે.

૩. અપક્વૌષધિ ભક્ષણ અતિચારઃ—અગ્નિમાં પકાવ્યા વિના કાચાં ધાન્ય ખાવાં તે અપક્વૌષધિ ભક્ષણ અતિચાર છે (સચિત્તના ત્યાગીને કાચાં ધાન્ય સચિત્ત હોવાથી તેના ભક્ષણનો ત્યાગ હોય છે, તેથી કાચાં ધાન્ય ખાય તો વ્રતનો સાક્ષાત્ ભંગ છે. પરન્તુ અનાભોગથી અથવા અતિક્રમાદિકથી ખાવામાં આવે તો અતિચાર ગણાય છે.)

અથવા ઘઉં વિગેરે અનાજનો લોટ અપક્વૌષધિ છે, તેમાં કોઇક સચિત્ત દાણો પીસાયા વિનાનો રહી ગયો હોય તો તેવા લોટનો સાધુઓ-કુલેર ખાતાં લોટ પીસાયલો છે માટે અચિત્ત છે એવી બુદ્ધિથી ખાતાં વ્રતની સાપેક્ષતાએ વ્રતનો ભંગ નથી, પરન્તુ લોટમાં રહી ગયેલો દાણો સચિત્ત પણાના [1]સંભવવાળો હોવાથી વ્રતનો ભંગ પણ છે, માટે ભંગાભંગરૂપ અતિચાર છે. એ પ્રમાણે આ અતિચાર પણ અનાભોગાદિકથી અને ભંગાભંગથી એમ બે રીતે છે.

પ્રશ્નઃ—જો અપક્વ ઔષધિઓ સચિત્ત હોય તો તે સંબંધિ અતિચાર " સચિતભક્ષણ" નામના પહેલા અતિચારમાં અન્તર્ગત થાય છે, તો અપક્વ ઔષધિ ભક્ષણનો જૂદો અતિચાર કેમ કહ્યો ? અને જો અચિત્ત હોય તો અતિચાર જ નથી, માટે અપક્વ ઔષધિ અતિચાર પુનરૂક્ત દોષવાળો છે.

ઉત્તરઃ—એ વાત સત્ય છે, પરન્તુ અહિં સચિત્ત ભક્ષણ અને સચિત્ત પ્રતિબદ્ધ ભક્ષણ એ પહેલા બે અતિચાર સચિત્ત કન્દ સચિત્ત ફળ ઇત્યાદિ સંબંધિ છે, અને અપક્વ ભક્ષણાદિ ત્રણ અતિચાર શાલિ આદિ ઔષધિઓ (ધાન્ય) સંબંધિ છે, માટે વિષય ભેદથી એ બે અતિચાર જૂદા છે, જેથી એમાં પુનરુક્તિ દોષ નથી. (સચિત્તપણાવડે તુલ્ય છે.) અને તે

---

૧ સૂકાં ધાન્યમાં સચિત્ત, અચિત્ત ને યોનિસચિત્ત એમ ત્રણે જાતિના દાણા હોય, માટે પીસાયલા લોટમાંનો દાણો પણ સચિત્ત હોવાનો સંભવ તે પરન્તુ નિશ્ચિત નહિ.

કારણથી જ મૂળ સૂત્રમાં (સિદ્ધાન્તમાં) **અપઉલિઓસહિભક્ખણયા** ઇત્યાદિ અતિચાર કહેલ છે.

૪. **દુષ્પક્વભક્ષણાતિચારઃ**—ધાન્યને અગ્નિમાં રાંધીને નહિ પણ ભુંજીને–શેકીને ખાવાથી આ અતિચાર લાગે છે, કારણ પહુંઆ ચણા પોંક વિગેરે દુષ્પક્વ એટલે અર્ધપક્વ ઔષધિઓમાં કોઈક દાણો બરાબર ન શેકાયો હોવાથી સચિત્ત રહેવાનો સંભવ છે, તેથી સચિત્તના ત્યાગીને એવી અર્ધપક્વ ઔષધિઓ ખાવાથી વ્રતનો ભંગ થાય છે, પરન્તુ નિયમધારી સમજે છે કે અગ્નિમાં શેકાયેલ હોવાથી અચિત્ત છે, એવી બુદ્ધિથી ભક્ષણ કરતાં વ્રતની અપેક્ષા હોવાથી વ્રતનો અભંગ પણ છે, માટે ભંગાભંગ રૂપ અતિચાર છે. [અહિં પ્રત્યાખ્યાન સચિત્તનું છે માટે સાક્ષાત્ વ્રતભંગ ન હોવાથી અનાભોગાદિવડે અતિચાર નથી, જો દુષ્પક્વ ઔષધિ ભક્ષણનો ત્યાગ કર્યો હોય તો દુઃપક્વ ઔષધિ ભક્ષણ અતિચાર અનાભોગાદિ કારણથી હોય.]

૫ **તુચ્છૌષધિભક્ષણ અતિચાર**—જે ઔષધિ (ધાન્યાદિ)ના ભક્ષણથી ઉદરતૃપ્તિ ન થાય, ભક્ષણયોગ્ય ગર્ભ અલ્પ હોય ને છોતરાં ઠળીયા વિગેરે ફેંકી દેવાનું ઘણું હોય એવી લોલુપતા માત્ર સૂચક વસ્તુઓ તે તુચ્છ ઔષધિ કહેવાય. જેમ કે મગની, મઠની, તુવરની, ચોળાની લીલી શિંગો (માંના લીલા દાણા) કાચી અથવા શેકીને ખાવી તે. તથા બોર, જાંબુ ઇત્યાદિ અતૃપ્તિકારક ફળ ખાવાં તે તુચ્છ ઔષધ ભક્ષણ કહેવાય. સાવદ્ય આહારના (સચિત્તા-

હારના) ત્યાગીને તુચ્છ ઔષધિ સાવદ્ય હોવાથી તેના સાક્ષાત્ ભક્ષણથી વ્રતનો ભંગ થાય છે, માટે અનાભોગાદિકથી ખાવામાં આવે તો અતિચાર છે. અથવા અત્યંત પાપભીરૂ શ્રાવકે, અચિત્ત આહાર અંગીકાર કર્યો છે, તેમાં જે તૃપ્તિકારક વસ્તુ સચિત્ત હોય તે અચિત્ત કરીને ખાય, કારણકે સચિત્તનો ત્યાગ છે. પરન્તુ જે ઔષધિઓ સચિત્ત હોવા છતાં તૃપ્તિકારક પણ નથી, તો તેવી ઔષધિઓને પણ લોલુપતાના કારણે અચિત્ત કરીને ખાય તો તત્ત્વથી વ્રતનો ભંગ છે, (કારણ કે ઉત્તમ શ્રાવકને ખાવાની લોલુપતા ન હોવી જોઇએ, તેને બદલે લોલુપતા સ્પષ્ટ જણાય છે, અને તે પણ અચિત્ત ચીજની હોય તો જૂદી વાત છે, પરંતુ સચિત્તની લોલુપતા છે. જેથી આ તુચ્છૌષધિભક્ષણમાં ઉત્તમ શ્રાવકની બે રીતે પ્રતિસેવા વર્તે છે, માટે ભાવથી વ્રતનો ભંગ છે, પરંતુ અચિત્ત કરીને ખાવાથી સચિત્તના નિયમનો દ્રવ્યથી ભંગ નથી માટે ભંગાભંગરૂપ અતિચાર છે. એ રીતે આ પાંચમો અતિચાર પણ અનાભોગાદિકથી તેમજ ભંગાભંગથી એમ બે રીતે છે.

એ તુચ્છ ઔષધિ ભક્ષણના અતિચાર પ્રમાણેજ રાત્રિભોજન અને માંસભક્ષણ વિગેરે વ્રતોમાં પણ અતિચાર યથાયોગ્ય જાણવા.

પ્રશ્ન—તુચ્છ ઔષધીઓ અપકવ અર્ધપકવ ને પરિપકવ એમ ત્રણ પ્રકારની હોય છે. ત્યાં અપકવ હોય તો તેના ભક્ષણનો અતિચાર ત્રીજા અતિચારમાં (અપક્વ ભક્ષણના

અતિચારમાં) ગણી શકાય, અર્ધપકવ હોય તો તેનો અતિચાર ચોથા દુષ્પકવ અતિચારમાં ગણી શકાય, ને બરાબર પરિપકવ હોય ત્યારે તો અતિચાર જ ન હોય તો તુચ્છ ઔષધિ ભક્ષણનો જૂદો (પાંચમો) અતિચાર કહેવાનું શું કારણ ?

ઉત્તર—એ વાત સત્ય છે, પરન્તુ પહેલા બે અતિચાર ને પછીના બે અતિચારમાં (૧–૨ ને ૩–૪માં) જેમ સચિત્તપણું સરખું છે, પરન્તુ અનૌષધિ ને ઔષધિ રૂપ તફાવત છે, તેમ આ પાંચમા અતિચારમાં સચિત્તપણું ને ઔષધિપણું તુલ્ય છે. (અર્થાત્ પહેલા ચાર અતિચાર સાથે સચિત્તત્વ ને ઔષધિત્વ વડે યથાસંભવ સમાનતા છે,) તોપણ તુચ્છપણા ને અતુચ્છપણાના ભેદથી જૂદા છે. (અર્થાત્ પ્રથમના ચાર અતિચાર અતુચ્છપણાના વિષયવાળા છે ને પાંચમો અતિચાર તુચ્છપણાના વિષયવાળો છે તેથી પાંચમો અતિચાર જૂદો પાડયો છે.)

એ પ્રમાણે **રાત્રિભોજન** ને **માંસભક્ષણ** ઇત્યાદિ વ્રતોમાં પણ અનાભોગાદિકથી અતિચાર વિચારવા. (કારણ કે સાક્ષાત્ વ્રતભંગના વિષયવાળા હોવાથી અનાભોગાદિ વડે અતિચાર ઉત્પન્ન થાય છે, ભંગાભંગથી પ્રાયઃ અતિચારનો અસંભવ છે.)

।। કર્મવ્રતના ૧૫ અતિચાર ।।

(૫ કર્મ–૫ વ્યાપાર–૫ સામાન્ય)

ઉત્સર્ગ માર્ગથી તો શ્રાવકે પાપારંભવાળા વ્યાપારો વડે આજીવિકા ન કરવી, પરન્તુ તેમ ન બની શકે તો આ

નીચે કહેલા ૧૫ કર્માદાન વ્યાપારો અવશ્ય વર્જવા. તે આ પ્રમાણે—

૧ **અંગારકર્મ અતિચાર**—કોયલા પાડવા, ભઠ્ઠીઓ કરવી, ને કોયલા વેચવા (એમાં છએ કાયના જીવોની વિરાધના સાક્ષાત્ છે, માટે વર્જનીય છે.) ઉપલક્ષણથી, અગ્નિથી ચાલતાં બીજા પણ કારખાનાં વિગેરે મોટા આરંભ વર્જનીય છે. એમાં ભાડભુંજનો વ્યાપાર, કુંભારના નિભાડાનો વ્યાપાર, લુહારી વ્યાપાર, સોનીનો વ્યાપાર, કંસારાનો વ્યાપાર, ઈંટો પકવવી, ચૂનો પકવવો. હથિયાર ઘડવાનાં કારખાનાં ચલાવવાં, સોનું, ચાંદી ગાળવી, લોખંડ આદિ ધાતુઓ શોધવાનાં કારખાનાં ઇત્યાદિ અગ્નિજન્ય અનેક વ્યાપારો વર્જવા.

૨ **વનકર્મ અતિચાર**—જંગલો કાપવાના કંટ્રાકટ રાખવા, ફલ ફળ પત્ર ઇત્યાદિ એકેક અંગના વ્યાપાર કરવા, (શાકભાજી વેચવાં ઇત્યાદિ), લોટ દળવાના સંચાથી લોટ વિગેરે દળવા. દાળના ભરડવાનાં કારખાનાં કરવાં, અને વૈદકીય વ્યાપાર ઇત્યાદિ વ્યાપારોમાં લીલી સુકી ઘણી વનસ્પતિઓની સાક્ષાત્ હિંસા છે, ને તે પ્રસંગે છએ જીવ નિકાયની હિંસા છે.

૩ **શકટકર્મ અતિચાર**—બળદ આદિ પશુઓ વડે વહન કરવા યોગ્ય સર્વ પ્રકારનાં વાહનો ગાડાં ગાડીઓ વિગેરેના ધંધા, અર્થાત્ વાહનો બનાવવાં, વેચવાં, વાહનોનાં અંગ બનાવવાં વેચવાં, એ શકટકર્મ છે. (શકટ એટલે ગાડું.) એમાં આગગાડીઓ સ્ટીમરો વિગેરે યાન્ત્રિક વાહનો બના-

વવા વેચવાના વ્યાપારનો પણ સમાવેશ થાય છે. આ ધંધામાં અનેક ત્રસ સ્થાવર જીવોનો કચ્ચરઘાણ થઈ જાય છે. બળદો વિગેરેને વધ બન્ધ આદિ અનેક દુઃખનું કારણ છે, માટે આ પાપારંભ વર્જનીય છે.

૪ **ભાટકકર્મ અતિચાર**—ગાડાં, ગાડીઓ, બળદો, પાડા, ઉંટ, ગર્દભ, અશ્વ, ઘોડા ઇત્યાદિ પશુઓ વિગેરેને ભાર વહેવડાવવા માટે બીજાઓને ભાડે આપવાં તે ભાટકકર્મ.

૫ **ફોડીકર્મ અતિચાર**—ફોડી એટલે ફોડવું, તોડવું, ખણવું, ખોદવું, ઇત્યાદિ ક્રિયાની મુખ્યતાવાળા ધંધા તે ફોડી કર્મ. એમાં કૂવા ખોદાવવા, તલાવ ખોદાવવાં, વાવ ખોદાવવી, નહેરો ખોદાવવી, જમીનો ખેડવી, (ખેતીકર્મ કરવું), ખાણો ખોદવી, પત્થર ઘડવા (સલાટનો ધંધો કરવો,) ઇત્યાદિ વ્યાપારોમાં પૃથ્વીકાયની સાક્ષાત્ હિંસા છે ને તે પ્રસંગમાં છએ જીવનિકાયની હિંસા સ્પષ્ટ છે.

॥ ઇતિ ૫ કર્માણિ ॥

૬ **દન્ત વાણિજ્ય અતિચાર**—હાંથી દાંતનો ધંધો [અને બીજા પણ ત્રસ જીવોના દાંતનો તથા હાડકાંનો વ્યાપાર,] એમાં જે જંગલમાં હસ્તિઓ ઉત્પન્ન થાય છે તે જંગલના ભીલ્લ વિગેરે લોકો વ્યાપારીએ પ્રથમ કહ્યા પ્રમાણે દાંતનો જથ્થો જલ્દી મેળવવા માટે જીવતા હાથીઓને મારી નાખે છે, માટે એ રીતે હાથીદાંતનો ધંધો વર્જનીય છે, પરન્તુ જ્યાં હાથીદાંત તૈયાર મળતા હોય તેવા સ્થાનોમાંથી તૈયાર

ખરીદી વેચવામાં ઉચિત છે (એમાં હાથીઓની સાક્ષાત્ હિંસા કરવા-કરાવવાનો અભાવ છે, ને અનુમતિનો જો કે સદ્ભાવ છે, પરન્તુ અનુમતિનો ત્યાગ શ્રાવકથી બની શકતો નથી, માટે તૈયારની ખરીદી ઉચિત છે.) એ પ્રમાણે શંખ વિગેરેના રોજગાર પણ યથાસંભવ અનુચિત ઉચિત વિચારવા.

૭ **લાખ વાણિજ્ય અતિચાર**—લાખની ઉત્પત્તિમાં અનેક કૃમિ થાય છે, તેમજ મનશીલ ને ટંકણખાર બાહ્ય ત્રસ જીવોની ઘાતક વસ્તુઓ છે, નીલી ગળીની ઉત્પત્તિ પણ ત્રસ જીવોત્પત્તિ પૂર્વક છે, ધાવડી મદીરાનું અંગ છે, ને ધાવડીનો કલક (આથો) કૃમિ જીવોની ઉત્પત્તિવાળો છે, માટે લાખ, મણસીલ, ટંકણખાર, ગળી, ધાવડી ઇત્યાદિ વસ્તુઓના ધંધા તે લાખ વાણિજ્ય કહેવાય.

૮ **રસવાણિજ્ય અતિચાર**—રસ એટલે બહુ આરંભવાળા પ્રવાહી પદાર્થ. તેમાં માખણ (એમાં છાશમાંથી બહાર કાઢયા બાદ અન્તર્મુહૂર્તમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે.) ચરબી [ત્રસના વધથી ઉત્પન્ન થયેલ અને માંસ રૂપ હોવાથી નિગોદ અને ત્રસ જંતુઓની ઉત્પત્તિવાળી છે.] મદ્ય [એમાં મધુપુડાની માખીઓને ઉડાડવા ધૂમાડો આપવાથી અનેક માખીઓનો વિનાશ થાય છે. અને મદ્ય એ મધમાખીઓની લાળથી બનેલું હોવાથી બીજા અનેક ત્રસજીવોની ઉત્પત્તિવાળું છે.] મદિરા [એમાં પણ ત્રસની ઉત્પત્તિ છે, તેમજ બુદ્ધિનો નાશ કરનાર છે માટે.] એ વસ્તુઓનો વ્યાપાર શ્રાવકને માટે અનુચિત છે. (માંસનો વ્યાપાર પણ એમાં અન્તર્ગત છે.)

૯ **કેશવાણિજ્ય અતિચાર**—મનુષ્ય અને પશુઓને વેચવાના ધંધા તે કેશવાણિજ્ય. (દાસ [1]દાસીને ગુલામ તરીકે વેચાતા લઇ તે ગુલામોને બીજે સ્થાને વેચવાનો ધંધો કેટલાક દેશોમાં ચાલે છે, આ દેશમાં પણ પહેલાં હતો, હાલ જાહેર નથી.) આ ધંધામાં મનુષ્યાદિકને પરાધીન બનાવવા અને તેમને વધ બંધન તાડન આદિકમાં નિમિત્ત ભૂત થવું એ અનુચિત છે. માટે શ્રાવકે આ વ્યાપાર વર્જવા યોગ્ય છે.

૧૦ **વિષ વાણિજ્ય અતિચાર**—અફીણ, ગાંજો, ચડસ, વછનાગ, ઝેરકોચલાં, હરતાલ, સોમલ, ઇત્યાદિ ઝેરી વસ્તુઓ વેચવી, તેમજ હળ, શસ્ત્ર, કુહાડા, કોદાળા, સંચા ઇત્યાદિ વેચવાં તે શ્રાવકને અનુચિત છે. એ વસ્તુઓ ત્રસ સ્થાવર જીવોને હણનારી છે એ સ્પષ્ટ છે.

॥ ઇતિ પંચ વાણિજ્યાનિ ॥

---

૧ કેટલાક દેશોમાં પુત્રીઓ વેચવાનો ધંધો પણ પ્રસિદ્ધ છે. જેને કન્યાવિક્રય કહે છે. ગુજરાતમાં જો કે એમાં વિવાહનું સ્વરૂપ વર્તે છે, પરન્તુ પિતા પોતે ખાવાને માટે અમુક રકમ લે છે તેથી કન્યાનું વેચાણ ગણાય છે, એટલુંજ નહિ પરન્તુ એક ઠેકાણેથી રકમ લઈ વળી કંઈ વ્હાનું કાઢી બીજા વરને વેચે છે. એમ અનેક વર પાસેથી રકમો પડાવે છે. વળી આ બાબતના દલાલોની પણ છૂપી ટોળીઓ હોય છે. એ સર્વને કેશવાણિજ્ય છે.

૧૧ યન્ત્રપીલન અતિચાર—તેલની ઘાણીમાં તલ પીલવા પીલાવવા, શેલડીના કોલ્હુમાં શેલડી પીલવી પીલાવવી, સરસવ પીલવા પીલાવવા, એરંડા પીલવા પીલાવવા, જળના રેંટ ફેરવવા, ઇત્યાદિ યાન્ત્રિક સાધનોથી તિલાદિક ધાન્યો વિગેરે પીલવા પીલાવવાના ધંધામાં તિલાદિ ધાન્યો સ્વતઃ સચિત્ત હોવાથી સ્થાવરની હિંસા છે, ત્રસ જીવયુક્ત હોવાથી ત્રસની હિંસા છે, તેમજ તિલ વિગેરે આપીને તેના બદલામાં તેલ વિગેરે લેવાનો વ્યાપાર તે પણ અહિં અન્તર્ગત છે. લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-**दशसुनासमं चक्रम्** (દશ ખાટકીસ્થાન જેટલું ૧ ચક્ર-યન્ત્ર) છે. જેથી શ્રાવકે આ પાપારંભના વ્યાપાર વર્જવા યોગ્ય છે.

પ્રશ્ન—વર્તમાન સમયમાં ચાલતી મીલોનો વ્યાપાર કયા કર્માદાનમાં ?

ઉત્તર—શકટકર્મ વાહનોને અંગે છે, અને યન્ત્રપીલન કર્મ તેલ પીલવાની મુખ્યતાએ છે. તેથી શકટ કર્મમાં સમાવેશ ન થતાં યન્ત્રપીલન કર્મમાં મીલોનો સમાવેશ થાય છે. કારણ કે મીલ જીન પ્રેસ ઇત્યાદિ મહાન યંત્રોમા કપાસનું પીલન અને રૂનું પીલન હોવાથી પીલનક્રિયાની મુખ્યતાએ મીલ જીન પ્રેસો યન્ત્રપીલન કર્માદાન છે, ને એમાં પણ છએ જીવનિકાયનો વધ હોવાથી શ્રાવકને વર્જનીય છે.

૧૨ નિર્લંછનકર્મ અતિચાર—જેમાં નિર્ધ્વંસ (નિર્દયપણાના) પરિણામ વર્તે છે એવું કર્મ તે નિર્લંછનકર્મ (નિર્=અત્યંત, લંછન=અંગછેદાદિ કર્મ તે નિર્લંછન કર્મ.)

એમાં (આભૂષણાર્થે મનુષ્યના ને દમન અર્થે બળદાદિના) નાક કાનના વેધ કરીને આજીવિકા ચલાવવી, બળદ વિગેરેને ડામ દઈ આંકવા, બળદાદિકનો અંડ છેદ કરવો, ઉંટોની પીઠ ગાળવી ઇત્યાદિ ક્રિયાઓમાં કુશળતા મેળવીને તેથી આજીવિકા ચલાવવી તે નિર્લંછન કર્મ શ્રાવકને વર્જનીય છે.

૧૩ **અસતી પોષણ**—સ્ત્રીઓ રાખી તેઓને અનીતિમાં ઉતારી (વેશ્યા સરખો ધંધો કરાવી) તે દ્વારા આજીવિકા ચલાવવી, અર્થાત કુટણખાનાનો ધંધો કરવો તે. તથા પોપટ, મેના, બિલાડીઓ, કૂતરા, કૂકડા, મોર, તેતર ઇત્યાદિ તિર્યંચોનું પોષણ કરી તેમને વેચીને અથવા રમતો શીખવીને તે દ્વારા આજીવિકા ચલાવવી તે. એ દુઃશીલ પ્રાણીઓનું પોષણ તે સ્પષ્ટ પાપારંભ છે. અહિં સરકસવાળા હસ્તિ, સિંહ, વ્યાઘ્ર, અશ્વ આદિ તિર્યંચોને પોષે છે, મદારીઓ માંકડા. રીંછ, સર્પ ઇત્યાદિનું પોષણ કરે છે ને તે દ્વારા આજીવિકા ચલાવે છે, એ સર્વ આજીવિકાઓ અસતીપોષણમાં ગણાય, તથા હિંસક મનુષ્યો સાથે વ્યાપાર લેવડદેવડ ઇત્યાદિ અસતીપોષણ છે.

૧૪ **દવદાન અતિચાર**—પહાડ પર્વત વા જંગલોમાં અગ્નિ સળગાવીને ઘાસ વિગેરે વનસ્પતિઓ બાળવી તે **દવદાન** ૧ વ્યસનથી ૨ પુણ્યબુદ્ધિથી ને ૩ ચારિ પ્રયોજનથી એમ ત્રણ પ્રકારે છે. ત્યાં કેવળ કુતુહળમાત્રથી દવ સળગાવવો તે **વ્યસનથી**, પર્વતને ન્હવડાવવાથી પુણ્ય થાય છે, એમ સમજીને, ભીલ વિગેરે લોક પોતાના મરણ પ્રસંગે કુટુંબી-

એમને કહેતા જાય કે મારા કલ્યાણને અર્થે તમારે આટલી દીવાળીઓ (પર્વત બાળવા એજ દીવાળી.) કરવી એ પ્રમાણે પુણ્ય સમજીને દવ આપે, તે પુણ્યાર્થે. અને જૂની વનસ્પતિ બાળવાથી નવાં ઘાસ વિગેરે ઉગતાં પશુઓને ચરવાનું થશે અથવા નવું ધાન્ય નિપજશે એવી બુદ્ધિથી દવ બાળવો તે ચારી અર્થે. એ પ્રમાણે દવ બાળવાથી અનેક ત્રસ જીવો બળી જાય છે માટે શ્રાવકને દવદાન વર્જનીય છે.

૧૫ સરઃશોષ અતિચાર—સરોવર વિગેરેમાંથી પાણી કાઢવું તે સરઃશોષ કહેવાય. અર્થાત્ ક્ષેત્રાદિકમાં ધાન્ય નિપજાવવાને માટે સરોવર, નદી, કુંડ ઇત્યાદિ જળાશયોમાંથી જળની નીકો કાઢી ક્ષેત્રાદિકમાં પાણી લઇ જવું તે, (ન્હેરોમાંથી પાણી લઇ જવું તે પણ સરઃશોષ). આ પ્રકારના વ્યાપારોથી આજીવિકા ચલાવવી તે શ્રાવકને માટે અનુચિત છે, એમાં પણ ત્રસ જીવોની હિંસા સ્પષ્ટ સમજાય તેવી છે. ॥ ઇતિ ૧૫ સામાન્ય કર્માણિ ॥

પ્રશ્ન—મોટા પાપારંભવાળા વ્યાપારો એ ૧૫ જ છે? કે અધિક છે?

ઉત્તર—ના, ૧૫ થી પણ [1]ઘણા અધિક છે, કે જે દરેકની ગણત્રી કરવી અશક્ય છે, માટે અતિ પ્રચલિત એ ૧૫ કર્માદાન વ્યાપારો કહ્યા.

પ્રશ્ન—આજીવિકાના પ્રાયઃ સર્વ વ્યાપારો પાપારંભમય છે તો આજીવિકા કરવી કઇ રીતે?

---

૧ ઘોડાઓ વિગેરેની રેશનો વ્યાપાર, ડાક્તરી ધંધો ઇત્યાદિ ઘણું કર્માદાન વ્યાપારો છે.

ઉત્તર—સર્વ આજીવિકાઓ પાપારંભવાળી પ્રાયઃ હોય છે, પરન્તુ પાપારંભની તરતમતા હોય છે. કોઇ ઘણા પાપારંભવાળી તો કોઇ અલ્પ પાપારંભવાળી. જેથી જેમ બને તેમ ઓછા પાપારંભવાળી [જેમાં ત્રસ સ્થાવરોનો સાક્ષાત વધ નથી તેવી] આજીવિકા કરવી યોગ્ય છે. જેમ કાપડનો વ્યાપાર, ઝવેરાતનો વ્યાપાર, ચોકસીનો વ્યાપાર ઇત્યાદિ યોગ્ય આજીવિકાઓ છે.

પ્રશ્ન—એ ૧૫ કર્માદાનોમાં અતિચારપણું કઈ રીતે? અનાભોગાદિકથી કે ભંગાભંગથી?

ઉત્તર—જે જે આજીવિકાનો ત્યાગ કર્યો હોય તે આજીવિકામાં અનાભોગાદિ વડે પ્રવૃત્તિ થાય, (વિસ્મરણાદિ કારણથી અજાણ્યે પ્રવૃત્તિ થાય અથવા એ વ્યાપારોનું ચિંતવનાદિ થાય તો અતિચાર લાગે છે, અને જાણીને પ્રવૃત્તિ કરવાથી વ્રતનો ભંગ થાય છે.)

પ્રશ્ન—આ બીજા ગુણવ્રતથી શું લાભ છે?

ઉત્તર—ચૌદ રાજલોકમાં જેટલા ભોગ્ય પદાર્થો છે તે ઉપભોગમાં આવે કે ન આવે તોપણ સર્વ પદાર્થોના આરંભનું પાપકર્મ બંધાયા કરે છે. તેથી જીવનનિર્વાહને જરૂર જેટલા પદાર્થોને પ્રમાણસર છૂટા રાખી બાકીના સર્વ પદાર્થોનો ત્યાગ કરવાથી ઘણા પદાર્થોનો અવ્રતજન્ય પાપારંભ બંધ થાય છે.

પ્રશ્ન—પાંચ અણુવ્રત અને દિક્પરિમાણ વ્રત એ છ વ્રતોથી ઘણા ભોગોપભોગ્ય પદાર્થોના પાપારંભ બંધ થાય છે, તો તેથી શેષ રહેલા પદાર્થોનો પાપારંભ સાતમા વ્રતમાં

સંવરવા યોગ્ય છે કે જગતવર્તી સર્વ ભોગ્ય પદાર્થોના પાપારંભ સંવરવા (ટુંકા કરવા) યોગ્ય છે?

ઉત્તર—જો છએ વ્રત અંગીકાર કર્યા બાદ વા સાથે સાતમું વ્રત અંગીકાર કરે તો શેષ પદાર્થોના પાપારંભ સંવરવાના વિષયવાળું ગણાય, પરંતુ કેવળ એક સાતમું જ વ્રત અંગીકાર કરે તો જગતવર્તી સર્વે પદાર્થોના પાપારંભ સંવરવાના વિષયવાળું થાય છે. કારણ કે શ્રાવકનાં બાર વ્રતોમાં દરેક વ્રત એકલું પણ અંગીકાર થઈ શકે છે. પુનઃ ગુણકર્તા તરીકે તો સર્વ ભોગ્યાર્થવિષયિક છે.

પ્રશ્ન—જો પહેલું ગુણવ્રત પાંચે અણુવ્રતને ગુણકર્તા છે તો સાતમું વ્રત કોને ગુણ કર્તા છે?

ઉત્તર—ભોગોપભોગ વ્રત પ્રથમના છએ વ્રતને ગુણકર્તા છે, તે આ પ્રમાણે—ત્યાગ કરેલ ભોગ્ય પદાર્થો મેળવવા માટે થતી હિંસાનો ત્યાગ થયો, તે પદાર્થોને અંગે મૃષાવાદનો પણ ત્યાગ થયો, તે પદાર્થો છાની રીતે મેળવવાનો ત્યાગ થયો, તે પદાર્થોના સ્પર્શાદિ વિષયો ભોગવવાનો ત્યાગ થયો, તે પદાર્થોના સંગ્રહનો ત્યાગ થયો, અને છૂટી રાખેલી દિશા સુધીના પદાર્થોમાં પણ સંકોચ-સંક્ષેપ થયો, એ રીતે છએને ગુણકર્તા છે.

॥ ઇતિ સપ્તમ ભોગોપભોગવ્રતે (દ્વિતીયગુણવ્રતે) ૨૦ અતિચારાઃ ॥

★

॥ સાતમા ભોગોપભોગ વિરમણવ્રતનું પરિશિષ્ટ ॥

ભોગોપભોગ વિરમણ વ્રત આવા પીવાની, પહેરવા

ઓઢવાની અને બીજી પણ ઘણી જીવન જરૂરી વસ્તુઓ સંબંધિ છે. એમાં સાતમું વ્રત ઇત્વરિક (અલ્પ કાળ) ને યાવત્કથિક (યાવજ્જીવ) એમ બે પ્રકારનું છે. પરન્તુ એમાં ચૌદ નિયમ રૂપ અન્તર્ગત વ્રત દૈનિક તથા રાત્રિક છે. એનાથી ઇત્વરિક વ્રતગત વસ્તુઓ પણ સંક્ષેપાય છે ને યાવત્કથિક વ્રતગત વસ્તુઓ પણ સંકોચાય છે. જેમ છઠ્ઠા દિશિપરિમાણ વ્રતનો સંક્ષેપ દેશાવકાસિક નામના ૧૦ મા વ્રત (બીજા શિક્ષાવ્રત)માં છે તેમ સાતમા વ્રતનો સંક્ષેપ ચૌદ નિયમમાં છે. તેમાં પણ ભક્ષ્યાભક્ષ્ય પદાર્થોનો નિયમ સૌથી પ્રથમ છે. માટે તે ભક્ષ્યાભક્ષ્યનું સ્વરૂપ શ્રાવક ધર્મમાં અત્યંત ઉપયોગી હોવાથી અહિં સંક્ષેપમાં કહેવાય છે—

॥ ૨૨ અભક્ષ્ય ॥

पंचुंबरि चउ विगई हिमविसकरगे य सव्वमट्टी य।
राइभोयणगं चिय, बहुबीयअणंतसंधाणा ॥ १ ॥
घोलवडा वायंगण, अमुणियनामाइं पुप्फफलाइं।
तुच्छफलं चलिअरसं, वज्जे वज्जाणि बावीसं ॥ २ ॥

અર્થ—પાંચ પ્રકારનાં ઉંબરાદિ ફળ, ૪ મહાવિગઇ ૯, હિમ (બરફ) ૧૦, વિષ ૧૧, કરા ૧૨, સર્વ પ્રકારની માટી ૧૩, રાત્રિભોજન ૧૪, બહુબીજ ૧૫, અનંતકાય ૧૬,

---

पञ्चोदुम्बरचतुर्विकृतीर्हिमविषकरकाश्च समृत्तिकाश्च।
रात्रिभोजनकमेव बहुबीजानन्तसंधानानि ॥ १ ॥
घोलवडवृन्ताकान्-अज्ञातनामानि पुष्पफलानि।
तुच्छफलं चलितरसं वर्जयेत् वर्ज्यानि द्वाविंशतिः॥२॥

બોળ અથાણું ૧૭, ઘોલવડાં ૧૮, રિંગણાં ૧૯, જેનાં નામ ન જાણ્યાં હોય એવાં અજાણ્યાં ફળ ફૂલ વિગેરે ૨૦, તુચ્છ ફળ ૨૧, ચલિતરસ ૨૨, એ વર્જવા યોગ્ય ૨૨ અભક્ષ્ય વર્જવાં. ॥૧-૨॥

૫ **ઉંબરફલ**—વડના ટેટા, પીપળીના ટેટા, પીપળાના ટેટા ઉંબરફલ (ગુલરફળ), ને કચુંબર ફળ (અથવા કાલુંબર ફળ) એ પાંચ પ્રકારના વૃક્ષોનાં ફળ કે જેનાં બીજ ખસખસના દાણાથી પણ ઝીણાં હોય છે ને ગર્ભભાગ અલ્પ હોય છે. એને ખાનારા છાલ બીજ ને ગર્ભ ત્રણે સાથે ખાય છે. પરન્તુ એમાં બારીક ત્રસ જંતુઓની ઉત્પત્તિ હંમેશ હોય છે, જેથી ત્રસની વિરતિવાળા શ્રાવકે તે ખાવા યોગ્ય નથી. તેમજ એવીજ જાતિનાં અંજીર વિગેરે ફળ પણ અભક્ષ્ય છે.

૬ **મધ**—બગતરાંનું, ભમરીનું અને માખીનું એમ ત્રણ પ્રકારનું મધ છે. તેમાં વિશેષતઃ ભમરીનું અને માખીનું બનાવેલું મધ ઉપયોગમાં આવે છે, પરન્તુ એમાં બારીક ત્રસ જીવોની ઉત્પત્તિ મધપૂડામાં મધ હોય ત્યારથી જ હોય છે માટે અભક્ષ્ય છે.

૭ **મદિરા**—મહુડાં વિગેરે પદાર્થોને ઘણા દિવસ સુધી પલાળી કહોવડાવી તેનો આથો થવા દઈને અમુક ક્રિયાઓથી તેમાંથી રસ ખેંચે છે તે સાક્ષાત્ મદિરા-દારૂ છે. અને એવો દારૂ કેફી પીણા તરીકે પીવાય છે. તથા ઔષધી તરીકે બનાવાતા દ્રાક્ષાસવો વિગેરે આસવો અને અરિષ્ટો જો કે સાક્ષાત્ મદિરા નથી. તોપણ એની બનાવટ કેટલેક અંશે મદિરાને મળતી છે, તેમજ મદિરાનું કેટલુંક તત્ત્વ એમાં

રહેલું છે, તેથી એ પણ મદિરાનું રૂપાન્તર છે. એ સર્વમાં ત્રસ જંતુઓની ઉત્પત્તિ હંમેશ હોય છે. તેમજ મદિરા બુદ્ધિનો સાક્ષાત્ નાશ કરનારી છે, તામસ વૃત્તિને વધારનારી છે, ઘેલછા ઉત્પન્ન કરનારી છે, અવિવેક ઉદ્ધતાઇ આદિ અનેક દુર્ગુણોની માતા છે, અધ્યાત્મ વૃત્તિની ભૂમિકાનો પણ નાશ કરનારી છે, તો અધ્યાત્મના અંકુર ફૂટવાની તો વાત જ શી? માટે એવી અનેક દુર્ગુણોની માતા મદિરા મહાવિગઇ તરીકે પ્રસિદ્ધ છે, તેથી તે વર્જવા યોગ્ય છે. તેમજ આસવો અને [1]અરિષ્ટો પણ મદિરાનાં રૂપાન્તર હોવાથી વર્જનીય છે. એમાં મદિરા જેટલા ઉગ્ર અવગુણો નથી, તોપણ મદિરા તુલ્ય હોવાથી વિવેકી પુરૂષોએ વર્જવા યોગ્ય છે. ભસ્મો રસાયણો ઇત્યાદિ અનેક નિર્દોષ ઔષધોની હયાતિમાં એવા સદોષ આસવાદિ ઔષધોનો ઉપયોગ પાપભીરૂ જીવ ન જ કરે.

૮ **માંસ**—માંસની ઉત્પત્તિ દયાવાળા જીવોને કમકમાટી ઉપજાવે તેવી છે. દર સમયે એમાં બાદર નિગોદના અનંત જીવોની અને અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ ચાલુ હોય છે. મદિરાની માફક માંસ પણ બુદ્ધિને ભ્રષ્ટ કરનાર, તામસ વૃત્તિને ઉત્પન્ન કરનાર અને નિર્દયતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. મદિરા અને માંસ દેખતાં જ ઘૃણા–જુગુપ્સા ઉત્પન્ન કરે છે, તેવા એ પદાર્થોને તેઓ હાથમાં અને મુખમાં કેવી રીતે મુકતા હશે? પરન્તુ વિષ્ટાના કીડાઓને વિષ્ટા એ જુગુપ્સનીય પદાર્થ

---

૧ ઉપલક્ષણથી ભાંગ, ગાંજો, માજમ, ચડસ ઇત્યાદિ ચીજો પણ કેફી હોવાથી અભક્ષ્ય છે. અફીણ એ વિષમાં ગણાય છે. તે વિષ અભક્ષ્યમાં જાણવું.

નથી, તેમ દારૂડીઆ નિર્દય જીવોને મદિરા માંસ જાણે કંઇ જ ઘૃણા પાત્ર નથી, માટે ઉત્તમ જીવોને તો એ સર્વથા વર્જનીય છે.

પ્રશ્ન—તમો કહો છો કે મદિરા માંસ એ બુદ્ધિભ્રષ્ટ કરનારા પદાર્થો છે. ને દુનિયામાં દૃષ્ટિ ફેરવતાં તો એમ જણાય છે કે જેઓ મદિરા માંસના આહારી છે, તેઓજ બહુ બુદ્ધિમાન કળાકુશળ અને ચમત્કારી શોધખોળ કરનારા છે. પૂર્વે નહિ સાંભળેલ અને આશ્ચર્યમાં ગરકાવ કરે એવાં આગગાડી, ફ્રોનોગ્રાફ, ટેલિગ્રાફ, ટેલિફ્રોન, રેડીયો, ફોટોગ્રાફ ઇત્યાદિ અનેક યાન્ત્રિક સાધનોની શોધ એ મદિરા માંસના આહારવાળાઓએ કરી છે, અને વનસ્પતિ આહારવાળાની તેવી બુદ્ધિવૈભવવાળી ચમત્કારી શોધખોળો સાંભળી નથી, તેમ વર્તમાનમાં દેખાતી પણ નથી, માટે મદિરા માંસનો આહાર બુદ્ધિને ભ્રષ્ટ કરનાર છે એ વાત બંધબેસતી નથી.

ઉત્તર—"બુદ્ધિને ભ્રષ્ટ કરનાર છે" એ વાકયથી બુદ્ધિનો અભાવ ન જાણવો. પરન્તુ સદ્‌બુદ્ધિને ભ્રષ્ટ કરી દુર્બુદ્ધિ વધારનાર છે, એ ભાવાર્થ છે. કારણ કે દુનિયામાં દૃષ્ટિ ફેરવતાં એમ સ્પષ્ટ જણાય છે કે મદિરા માંસની ભક્ષક દુનિયા કેવળ દુર્બુદ્ધિની દુનિયા છે, સદ્‌બુદ્ધિનો છાંટો પણ એ દુનિયામાંથી શોધ્યો જડે તેમ નથી. અને વનસ્પતિ આહારવાળી દુનિયા એ જ એક સદ્‌ગુણી દુનિયા છે. જો મદિરા માંસ જેવા અશ્લીલ આહારવાળી દુનિયા સદ્‌બુદ્ધિવાળી હોય તો દુર્બુદ્ધિવાળી દુનિયા શું વનસ્પતિ આહારવાળી છે? પાપથી જો સ્વર્ગ મળતું હોય તો દુર્ગતિ પુણ્યથી જ

મળે એ જેમ ન્યાય છે, તેમ વનસ્પતિ જેવા નિર્દોષ આહારથી જ દુર્બુદ્ધિની ઉત્પત્તિ રહી, એ વિપરીત ન્યાય સજ્જનો કેમ માને ? માટે મદિરા માંસનો આહાર દુર્બુદ્ધિને જ ઉત્પન્ન કરનારો છે એ સ્પષ્ટ છે.

પ્રશ્ન—પરન્તુ અજબ શોધખોળ કરનારી બુદ્ધિને દુર્બુદ્ધિ કઇ રીતે કહેવાય ?

ઉત્તર—મદિરા માંસના આહારવાળાઓની અજબ શોધખોળની બુદ્ધિમાં દુર્બુદ્ધિપણું આ પ્રમાણે છે—વર્તમાન વિજ્ઞાનના શોધકોએ એ શોધો શા માટે કરી છે ? એ શોધકો પોતે કોણ છે તે જાણવા સમર્થ નથી. પોતે પોતાની શોધ કરવી એ સદ્બુદ્ધિનું પ્રથમ કાર્ય છે. જડ વસ્તુઓનાં સાંયોગિક વિજ્ઞાનો શોધકોને શું ઉપયોગી થયાં ? તેમ જગતને પણ એ શોધખોળ શું ઉપયોગી થઈ ? કેવળ એક બીજાનું છેતરીને ઝુંટવી લેવું, બળજબરીથી પરાઇ માલ મિલકતો પડાવી લેવી, મનુષ્યોનો સંહાર કરવો, પશુઓનો સંહાર કરવો, એશ આરામ ને મોજમજાહો ભોગવવી, લાખો ને કરોડો મનુષ્યોનાં ખૂન કરીને પણ બીજાનાં રાજ્ય પડાવી લેવાં, પશુ જીવનથી પણ અધિક અધમ માનવ જીવન ભોગવવું, ઇત્યાદિ રીતે કેવળ જગત સંહાર અને વ્યવસ્થિત લૂંટફાટ, ચોરીઓ, વ્યભિચારો સિવાય એ અજબ શોધખોળોનો કયો ઉપયોગ ? એ બુદ્ધિવૈભવમાં વા વિજ્ઞાનોમાં કોઈ પણ સ્થાને માનવ ગુણનો અંશ પણ શોધ્યો જડે છે ? માટે એ વર્તમાન વિજ્ઞાનો વિજ્ઞાન નથી, પરન્તુ પ્રાણી સંહારનાં સાધનો છે. માટે એ વિજ્ઞાનો સદ્બુદ્ધિ નહિ પણ દુર્બુદ્ધિ છે. સદ્બુદ્ધિ

તે કહેવાય કે હું કોણ છું ? તેની શોધ કરે. માનવજીવન શું છે ? મનુષ્ય તે શું ? પશુ તે શું ? જીવ શું ? જડ શું ? પુણ્ય શું ? પાપ શું ? ધર્મ શું ? અધર્મ શું ? ગુણ શું ? અવગુણ શું ? મને હિતકર શું ? અહિતકર શું ? જગતને હિતકર શું ? અહિતકર શું ? ઇત્યાદિ શોધખોળ કરવી, અને જગતને તથા પોતાને જે હિતકારી હોય તે કાર્ય કરવું તે સદ્‌બુદ્ધિ કહેવાય. હવે કહો આ સદ્‌ગુણોનો અંશ પણ યાંત્રિક વિજ્ઞાનોમાં છે ? માટે જગતસંહારી યાંત્રિક વિજ્ઞાનોની શોધ તે સદ્‌બુદ્ધિ વૈભવ નથી. સદ્‌બુદ્ધિનો વૈભવ તો વનસ્પતિ આહારીને જ હોઇ શકે. કારણ કે મદિરા માંસાહાર જેટલા તામસી અને દુર્બુદ્ધિજનક છે તેટલા જ સાત્વિક અને સદ્‌બુદ્ધિકારક વનસ્પતિ આહાર છે. ઉપરના સદ્‌ગુણો વનસ્પતિ આહારવાળી દુનિયામાં જ મળી શકશે. ધર્મ-અધર્મ પુણ્ય-પાપના વિવેકો એ દુનિયામાં જ જીવતા રહી શકે છે, માટે મદિરા અને માંસાહાર આત્માર્થી જીવોને સર્વથા વર્જનીય છે. અને એની છાયામાં પણ ઉભા રહેવું એ પાપ છે.

વળી માંસ રંધાતું હોય તે વખતે પણ ત્રસ જીવોની ઉત્પત્તિ ચાલુ હોય છે. એમાં ઉપજતા જીવો માંસના સરખા જ રંગવાળા હોય છે. અંગ્રેજી દવાઓમાં પણ માંસ આવે છે. જેમકે—

Cod Liver oil-કૉડલિવર ઑઇલ—એમાં દરિયાની માછલીનું તેલ છે. એ માછલીનું નામ કૉડ છે.

Cod Liver Pills–કૉડલિવર પીલ્સ—એ જ માછલીના કાળજાની ગોળીઓ છે.

Scott Emulsion Bovril–સ્કૉટ ઇમલશન બૉવરિલ—બળદ અને પાડાના અમુક અંગનું માંસ.

Virol–વિરોલ—ગાયના મગજમાંથી કાઢેલ માંસનો રસ.

Befiren Wine–બિફાઇરન વાઇન—ઘેટાના માંસ-યુક્ત બ્રાન્ડી (દારૂ).

Carlic Liquid–કારલિક લિકવીડ—માંસમિશ્રીત દવા.

Sarovani Tonic–સરોવાની ટૉનિક—સ્પિરિટ સહિત (સ્પિરિટ પણ મદિરાનું રૂપાન્તર છે).

Extract Chicken–એક્સટ્રેક્ટ ચિકન— કુકડીના બચ્ચાનો રસ.

Besonive–બેસેનઇવ—ડુક્કરની ચરબી (ચરબી એ માંસ છે.)

Pepsint Powder–પેપસિન્ટ પાઉડર—કૂતરાની અને ડુક્કરની બે ગોળીનું ચૂર્ણ.

Mumbai–મુંબઇ—માણસના અને જનાવરના કાળજા-માંથી અથવા રૂધિરમાંથી બનાવે છે, અને ઉંચેથી પડી ગયેલાને બચડાવવામાં આવે છે તે.

Cologne Water–કોલન વૉટર—એમાં પણ સુગંધી દારૂનું મિશ્રણ હોય છે.

ઇત્યાદિ અનેક અંગ્રેજી દવાઓ મદિરા માંસવાળી હોય છે માટે તે પણ ઉપયોગમાં લેવા યોગ્ય નથી.

૯. **માખણ**—છાસમાંથી બહાર કાઢેલા માખણમાં શીઘ્ર ત્રસ જીવોની ઉત્પત્તિ ચાલુ થાય છે, એમાં પણ માખણના જ રંગવાળા બારીક ત્રસ જીવો ઉપજે છે, માટે છાસમાંથી માખણ બહાર કાઢીને તરત તપાવવા ચૂલા પર મૂકવું, પણ ઘણી વાર રાખી મૂકવું નહિ. જો કે મદિરા માંસ-ની જેમ માખણ તામસ વૃત્તિને ઉત્પન્ન કરતું નથી, પરન્તુ અત્યંત માદક અને કામોત્તેજક છે તથા ઈન્દ્રિયોના વિકારોને ઉશ્કેરવામાં વિશેષ ભાગ ભજવે છે.

૧૦. **હિમ**—બનાવટી બરફ અને કુદરતી બરફ એ બન્ને જાતિના બરફ જળના પિંડ છે. એનો આહાર વિશેષતઃ મોજશોખ તરીકે છે, પીવાના પાણીને કોરા માટલા વિગેરે-માં ઉન્હાળામાં પીવા જેવું ઠંડું બનાવી શકાય છે, અથવા ટાંકા કૂવાનાં જળ અતિ ઠંડાં હોય છે, તોપણ એથીએ વિશેષ ઠંડું પાણી પીવાની મોજ માટે બરફનો ઉપયોગ થાય છે, તે શ્રાવકને માટે અનુચિત છે. કારણકે શ્રાવકે તૃષાની શાન્તિ અર્થે મુખ્યત્વે અચિત્ત પાણી પીવું, તેમ ન બને તો કાચું પાણી ગાળીને પીવું એ વિધિ છે. તો બરફ એ પીવાના પાણી તરીકે પાણી નથી, તેમજ ગાળવાનું તો રહ્યું જ ક્યાં? તથા બરફની બનાવટ ઘણા મોટા આરંભ સમારંભવાળી હોવાથી છકાયની હિંસાવાળી છે. માટે કેવળ મોજશોખની ખાતર એ સર્વ આરંભોનું નિમિત્ત થવાય છે, તેથી બરફ તથા આઇસ્ક્રીમ ઇત્યાદિ બરફની બનાવટો અભક્ષ્ય છે.

૧૧ **વિષ**—ઝેરી વસ્તુઓ તે વિષ કહેવાય. અફીણ

સોમલ, વછનાગ, હરતાલ, સંખીયા, ઇત્યાદિ ઝેરી વસ્તુઓ અનેક છે. એમાંની ઘણી ખરી ઝેરી ચીજો (અફીણ વગેરે) વ્યસન તરીકે વપરાય છે, અને કેટલીક ઈન્દ્રિયોના ઉન્માદ માટે વપરાય છે. શ્રાવક ક્ષુધાની ઉપશાન્તિને અર્થે ઘઉં ચોખા ઇત્યાદિ નિર્દોષ વનસ્પતિઓનો આહાર કરે એ વિધિ માર્ગ છે. તેથી મોજ અને વ્યસન તરીકે ઝેરી વસ્તુઓ વાપરવી બિન જરૂરી છે. માટે અભક્ષ્ય છે. તે સાથે ઝેરી ચીજો જીવને મુંઝાવનારી, ગભરાવનારી, પોતાના અને પરના પ્રાણને હરનારી હોવાથી એ સદોષ વસ્તુઓ છે. ફક્ત દવા તરીકે ઉપયોગ પૂરતી લેવાય તો જરૂરી છે, પરન્તુ નિરોગી છતાં બળ વધારવાને વા મોજશોખ માટે લેવાય તો અભક્ષ્ય છે. વળી ઝેરી વસ્તુઓના આહારવાળા મનુષ્યનાં દેહ થુંક પેસાબ ઝાડો ઇત્યાદિ પણ ઝેરી બને છે, જેથી દેહાદિક ઉપર આવી પડતા ક્ષુદ્ર ત્રસ જીવોનો નાશ થાય છે, માટે અવગુણકારી હોવાથી અભક્ષ્ય છે. રાજસત્તામાં પણ આ ઝેરી વસ્તુઓના વપરાશ પર અંકુશ મુકવાને લાઇસિન્સ વિગેરે લેવાં પડે છે. એથીજ સાબિત થાય છે કે આ વસ્તુઓ જીવનને હાનિકર્તા છે.

૧૨ કરા—આકાશમાંથી કાચો જળગર્ભ પત્થર જેવા ઘન સ્વરૂપે પડે છે તે કરા કહેવાય છે. એ પણ કાચા જળનો પિંડ હોવાથી અને જળ તરીકે ઉપયોગમાં આવતો નથી તેથી બિન જરૂરીયાતની અપેક્ષાએ તથા અસંખ્ય જળ જીવાત્મક હોવાથી અભક્ષ્ય છે. તેમજ અચિત્ત પાણી પીવું અથવા ગાળેલું પાણી પીવું એ વિધિ એમાં સચવાતો નથી.

જ્યાં ઉત્તમ શ્રાવકને સચિત્ત જળ પણ અભક્ષ્ય છે ત્યાં કરાની તો વાતજ કયાં રહી !

૧૩ **ભૂમિ-પૃથ્વીકાય**—માટી, ખડી એ ક્ષુધાની શાન્તિ અર્થે આહારની વસ્તુ નથી. અને સચિત્ત હોય તો અસંખ્ય પૃથ્વી જીવાત્મક છે માટે અભક્ષ્ય છે. કાચું મીઠું હંમેશાં સચિત્ત જ હોય છે, માટે અભક્ષ્ય છે. (આહારમાં ઉપરથી લેવા માટે અચિત્ત કરેલું મીઠું ભક્ષ્ય છે, પરંતુ સચિત્ત મીઠું અભક્ષ્ય છે.) એક આમળા પ્રમાણ મીઠામાં (વા સચિત્ત પૃથ્વીમાં) જેટલા જીવો છે તેટલા જીવો જો ચારેવા જેવડાં રૂપ કરે, તો જંબૂદ્વીપમાં પણ ન સમાય. મીઠું સિંધવ (સફેદ સિંધવ અચિત્ત છે, માટે લાલ સિંધવ) તથા પૃથ્વીમાંથી નિપજતા ખાર એ પૃથ્વીઓમાં એટલા ઘન જીવ છે કે તેના નાના ઢેફાંને ચક્રવર્તીની બળવાન સ્ત્રી ચૂરીને ૨૧ વાર શિલા પર શિલાથી લસોટે, તો પણ તે અચિત્ત બની શકતું નથી. જેથી એ વસ્તુઓને અચિત્ત બનાવવામાં અગ્નિ શસ્ત્ર સમું બીજું શસ્ત્ર નથી. ભઠ્ઠીમાં પકવવાથી મીઠું બરાબર અચિત્ત થાય છે ચૂલા પર પાણીમાં ચાસણીવત્ ઉકાળવાથી પણ બરાબર અચિત્ત થાય છે. લોઢી ઉપર ઘણું લાલ શેકવાથી અચિત્ત થાય છે. એમાં ભઠ્ઠીમાં પકવેલું મીઠું બે ચાર વર્ષો સુધી અચિત્ત રહે છે, અને શેષ વિધિથી અચિત્ત કરેલું મીઠું ચોમાસામાં ૭ દિવસ, શિયાળામાં ૧૫ દિવસ ને ઉન્હાળામાં ૧ માસ અચિત્ત રહી સચિત્ત બની જાય છે; એમ શ્રી વીરવિમલજી મહારાજે સચિત્ત અચિત્ત સજ્ઝાયમાં કહ્યું છે. વળી સચિત્ત ખાર અને

સરાકડાને બદલે ન્હાવા ધોવા માટે સોડાખાર આમળાં કંકોડી સાબુ અરીઠાં ઇત્યાદિ વસ્તુઓનો ઉપયોગ ઉચિત છે. સુરોખાર, સાજીખાર, ટંકણખાર ને ફટકડી અચિત્ત છે.

વળી માટી ખાવાથી શારીરિક રોગ થાય છે, નાના બાળકોને પેટમાં મોટા કૃમિ થાય છે એ દેખીતી વાત છે. પેટમાં પાંડુ રોગ, પથરી વગેરે થાય છે. એ રીતે પૃથ્વીકાયમાં માટી ખાર મીઠું વગેરે ઉપર દર્શાવ્યા પ્રમાણે અભક્ષ્ય છે.

૧૪ **રાત્રિભોજન**—આહાર સંબંધિ સર્વ જયણા દિવસના પ્રકાશમાંજ સાચવી શકાય છે. દિવસે સંપાતિમ ત્રસ જીવો અલ્પ આવી પડે છે, માટે દિવસેજ પ્રકાશમાં ભોજન કરવું એ શ્રાવક ધર્મ (વિધિ માર્ગ) છે. રાત્રે જયણા ન સચવાતી હોવાથી તેમજ બારીક અને સ્થૂલ ત્રસ જીવોનો સંપાત (આવી પડવું) અધિક હોવાથી રાત્રિભોજન અભક્ષ્ય છે. વળી રાત્રિનો કાળ પણ અશુભ કાળ છે. માખી વિગેરે કેટલાક જંતુઓ ઘરમાં ભીંત આદિ સ્થાને સ્થિર થયા હોય તે જીવો પણ ધૂમાડા વિગેરેથી નાશ પામે છે, ભયભીત બને છે, માખી આદિક જીવો ભોજનમાં પડે છે, તેમજ એવો કોઇ અશકય પરિહાર નથી કે દિવસે ખવાય નહિ ને રાત્રેજ ખાવું પડે. માટે જો દિવસનો કાળ ભોજન માટે અનુકૂળ ને હિતકારી છે તો રાત્રિભોજન અધિક દોષવાળું હોવાથી અભક્ષ્ય જ થયું. વળી રાત્રિભોજનવાળાને દિવસ ચરિમ આદિ વ્રત નિયમો પણ કઈ રીતે હોય? માટે રાત્રિભોજન અભક્ષ્ય છે.

૧૫ **બહુબીજ**—જે ફળોમાં બીજથી બીજની વચ્ચે ગર્ભ ન હોય પરન્તુ બીજોનો પિંડ હોય, ને સહેજે છૂટાં પડી શકે નહિ, તેમજ ગર્ભ અલ્પ ને બીજ ઘણાં હોય તે બહુબીજ કહેવાય, પરન્તુ એક ફળમાં ઘણાં બીજ હોય તે બહુબીજ એમ નહિ. એમાં રિંગણાં, પંપોટા વિગેરે બહુબીજ ફળ છે. પપૈયાનાં બીજ પિંડ રૂપ નથી, છૂટાં છૂટાં છે માટે બહુબીજ નથી. દાડમમાં બીજથી ગર્ભ અધિક છે, અને દરેક બીજ સર્વ બાજુ ગર્ભથી ઘેરાયેલું છે ને સહેજે છૂટાં પડી જાય છે માટે બહુબીજ નથી. દૂધી તૂરીયાં વિગેરે ફળોમાં બીજ ઘણાં છે, પણ સૌ બીજ પોતપોતાનાં જૂદા જૂદા ગર્ભગૃહમાં ગોઠવાયેલાં હોઇ એક બીજા સાથે પિંડિત નથી તેથી બહુબીજ નથી. એ પ્રમાણે બહુબીજ અબહુબીજનો વિશેષ જાણવો.

પ્રશ્ન—બહુબીજ ફળો અભક્ષ્ય હોવાનું શું કારણ?

ઉત્તર—રિંગણાં વિગેરે બહુબીજ માદક હોવાથી તેમજ બુદ્ધિની હાનિ કરનારાં હોવાથી અભક્ષ્ય છે. બીજું કારણ એ છે કે દરેક બીજમાં અકેક પર્યાપ્ત જીવ છે, તેથી બહુબીજના ભોજનમાં બહુબીજ ભેગાંજ હોવાથી તેટલા જીવોની હિંસા નિરર્થક થાય છે, અને દૂધી આદિ ફળોમાં બીજ ઘણાં હોવા છતાં છૂટાં પાડી શકાવાથી કેવળ ગર્ભભાગ આહારમાં લઇ શકાય છે, જેથી ગર્ભનો એકજ જીવ વા ગર્ભ ને છાલના બે જીવોની જ અતિ અલ્પ હિંસાથી ગરજ સરે છે. માટે એવી અલ્પ હિંસાવાળી વનસ્પતિઓ–ફળો

જો વિદ્યમાન છે તો ઘણી હિંસાવાળાં ફળોનું ભોજન નિરર્થક હોવાની અપેક્ષાએ પણ અભક્ષ્ય છે.

૧૬. **સંધાણુ** (લીલું અથાણું)—લિંબુ, કેરી, ગુંદાં, કેરાં, કરમદાં, લીલાં મરી, ચીભડાં, મરચાં વિગેરેનું અથાણું [1]સૂકાઇ જાય તેવા તડકા આપ્યા વિનાનું લીલાશવાળું હોય તો તે અભક્ષ્ય છે. તદ્દન લીલું અથાણું ખાટાં ફળોનું હોય તો ત્રણ દિવસ ભક્ષ્ય હોઈ તે ઉપરાન્ત અભક્ષ્ય છે, કારણકે ત્યાર બાદ ત્રસ જીવોની ઉત્પત્તિ શરૂ થાય છે. અને ખાટાં નહિ એવાં ફળોનું લીલું અથાણું તેજ દિવસ ભક્ષ્ય હોઇ બીજા દિવસથી અભક્ષ્ય છે. અથાણું માત્ર ભોજશોખનો આહાર છે, કારણકે એ વસ્તુ ઉદરપૂર્તિ માટે નથી, કેવળ સ્વાદ ને ભોજનની લહેજત લેવા માટે છે, એના આલંબનથી ઉદરપૂર્તિની ચીજો વધુ પ્રમાણમાં ખવાય છે, તેથી જ અથાણાનો વ્યવહાર વિશેષ છે, માટે સ્વાદ અને લહેજતની

---

૧ તાત્વિક રીતે વિચારતાં તો અથાણું અભક્ષ્ય બને છે, કારણ કે કેરી આદિ ફળોને વિશેષ તડકા આપી તદ્દન સૂકાં કરવામાં આવે તો તેલ મસાલો લાગી શકતો નથી. તેલ મસાલો લાગવાને સહેજ પણ લીલાશ જોઇએ, નહિતર ફળ અને તેલ મસાલો બન્ને અલગ જ રહે છે, જેથી ફળનો રસ તેલ મસાલામાં ન ઉતરે તો અથાણું બનાવવાનો કંઇ અર્થ નથી, તેથી બનાવનારાઓ સહેજ લીલાશ રાખે છે જ, માટે પ્રાયઃ અથાણું માત્ર અભક્ષ્ય છે એમ કહેવામાં કંઈ વિરોધ જણાતો નથી.

અપેક્ષા પરિણત શ્રાવકને હોય નહિ, તેથી અથાણા જેવો અભક્ષ્ય આહાર પરિણત શ્રાવકને ઉચિત નથી.

વળી અથાણું કદાચ ઉપયોગ રાખીને ભક્ષ્ય બનાવીએ તો તે વર્ષો સુધી બગડતું નથી, પરન્તુ તે દરમ્યાનમાં અથાણું ભરવાની, બહાર કાઢવાની ઇત્યાદિ સાવચેતી ન રખાય ને સ્હેજ પાણીવાળા હાથથી કાઢવામાં આવે, ભેજવાળા સ્થાને ગોઠવવામાં આવે, જળનો છાંટો પણ ન લાગે એવી સાવચેતી રાખવામાં ન આવે, તો જલદી ચલિત-રસ થઈ અભક્ષ્ય બની જાય છે, કારણકે સાવચેતીના અભાવે તે ત્રસ જીવોની ઉત્પત્તિને લાયક થઇ જાય છે. તેથી એવી જબરી ખટપટથી તો અથાણાની સ્હેજતની લાલસા ઘટાડવી એજ વિશેષ ઉચિત છે.

ઘોલવડાં—[દ્વિદલ] કાચું દૂધ, કાચું દહિં ને કાચી છાશ એ ઉકાળ્યા વિનાનાં ત્રણે પ્રકારનાં કાચાં ગોરસ અને દ્વિદલ એટલે જેની દાળ પડતી હોય એવાં કઠોળ વગેરે ધાન્ય, એ બેનો સંબંધ થતાંની સાથેજ તરત (એટલે કાચા ગોરસમાં કઠોળ આદિ દ્વિદલ મળવા સાથેજ) ત્રસ જીવોની ઉત્પત્તિ શરૂ થઈ જાય છે. કુદરતી નિયમ જ એવો છે કે જેમ દિવાસળી ઘસવાથી તરત અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ ગોરસ અને દ્વિદલના સંયોગથી તરત ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે. (દ્વિ=બે, દલ=અર્ધ વા ફાડ વા દાળવાળાં બીજ તે દ્વિદલ બીજ કહેવાય. એમાં પણ તફાવત એ છે કે દ્વિદળ એ બીજ જાણવાં, પરન્તુ સાંગરી આદિ ફળ નહિ. તેમજ જે બીજની બે ફાડ થતી હોય પરન્તુ તેલ ન નીકળતું હોય તેવાં બીજ અહિં

દ્વિદળ તરીકે ગણવાં, પરન્તુ તેલ નીકળી શકે એવાં દ્વિદળ બીજ કાચા ગોરસમાં અભક્ષ્ય થતાં નથી. **દ્વિદળબીજ** ચણા, મગ, મઠ, અડદ, તુવર, વાલ, ચોળા, કલથી, વટાણા, લૉંગ, ગવાર, મેથી મસુર ઇત્યાદિ સુકાં લીલાં કઠોળ આખાં, તેની દાળ, તેનો લોટ, અને મેથીની ભાજી વિગેરે એ સર્વ દ્વિદળ છે. તેમજ કઠોળની શિંગો, પાંદડાંની ભાજી એ સર્વ કાચી વસ્તુઓ. તેમજ રાંધેલી વસ્તુઓ પણ કાચા ગોરસ સાથે અભક્ષ્ય છે. તેથી દૂધ દહિં અને છાસ બરાબર ઉકાળ્યા બાદજ તેમાં દ્વિદળ મેળવી શકાય. વળી કાચા ગોરસમાં શિખંડ આદિ સરખાં કાચાં રૂપાન્તરોમાં પણ કાચાં પાકાં દ્વિદળ અભક્ષ્ય છે; માટે પરિણત શ્રાવકે ભોજન વખતે દ્વિદળ અભક્ષ્યનો બરાબર ઉપયોગ રાખવો ઉચિત છે.

૧૯ રીંગણાં—રીંગણાં, વંતાક, વેંગણ ઇત્યાદિ નામ રીંગણાનાં એકાર્થવાચક છે. એ બહુબીજ હોવાથી અભક્ષ્ય છે. તે ઉપરાન્ત એના ટોપમાં [બિંટના સ્થાને ટોપમાં] બારીક ત્રસ જીવોની ઉત્પત્તિ ચાલુ હોય છે. તે ઉપરાન્ત માદક વિકારી અને નિર્ઘૃણ (નિર્દય) પરિણામને ઉત્પન્ન કરનાર હોવાથી [1]અભક્ષ્ય છે. રીંગણાંની સુકવણી પણ અભક્ષ્ય છે.

---

૧ પુરાણ આદિ અન્ય દર્શન શાસ્ત્રોમાં પણ રીંગણાંનો નિષેધ કર્યો છે. તે આ પ્રમાણે—

यस्तु वृन्ताककालिंगमूलकानां च भक्षकः।
अन्तकाले स मूढात्मा, न स्मरिष्यति मां प्रिये! ॥ १ ॥

અર્થ—વળી જે પુરુષ રીંગણાં કાલિંગડાં અને મૂળાનું ભક્ષણ કરનાર છે તે મૂઢાત્મા પુરુષ હે પ્રિયા! (વિષ્ણુ

૨૦ અજાણ્યાં ફળ વિગેરે—જે ફળોનાં નામ ગુણ વિગેરે જાણવામાં ન હોય એવાં ફળ વિગેરેને ખાવાથી કદાચિત્ ઝેરી હોય તો જીવનું જોખમ થાય છે, કદાચિત્ ઝેરી ન હોય તો ભક્ષ્ય હશે કે અભક્ષ્ય તેની શંકા રહે છે. માટે અજાણ્યાં ફળ ફૂલ વિગેરે ભક્ષ્ય હોય તો પણ અજાણુપણાના કારણથી અભક્ષ્ય છે.

૨૧ તુચ્છ ફળ—જે ફળ પુષ્પ વિગેરે ખાવાથી તૃપ્તિ થાય નહિ, ખાવાનું અલ્પ ને ફેંકી દેવાનું ઘણું હોય, તેવાં ફળ વિગેરે તુચ્છ ફળાદિ કહેવાય. એમાં પીલુ, પીચુ, ગુદાં, મૅાર, બોર, અતિ કોમળ મગની શિંગ, ચોળાની શિંગ, મઠની શિંગ, અડદની શિંગ વિગેરે શિંગો, એ સર્વ તુચ્છ ફળ છે. વળી બહુ કોમળ હોય તો અનંતકાય તરીકે પણ અભક્ષ્ય છે. વળી બોર ગુંદાં વિગેરેમાંથી અતિ ચિકણા ઠળીયા બહાર ફેંકી દેવાથી તેના પર આવી પડતા માખી આદિ મોટા નાના ત્રસ જીવો પણ પોતાના પ્રાણ ગુમાવે છે. અને એઠા ઠળીયા વિગેરેમાં અસંખ્ય સમ્મૂર્ચ્છિમ મનુષ્યો પણ ઉત્પન્ન થાય છે. બીજા ત્રસ જીવો પણ ઉત્પન્ન થાય છે, માટે એવા અસાર ફળ વિગેરે અભક્ષ્ય છે.

પોતાની પત્નિને કહે છે) અન્તકાળ વખતે મારૂં સ્મરણ કરશે નહિ. વળી અન્ય દર્શનમાં એમ પણ કહેલું સંભળાય છે કે–રીંગણાના શાકનો ધૂમાડો આકાશમાં જતાં આકાશ માર્ગે જતું વિમાન (દેવ વિમાન) અટકી જાય છે. એ પ્રમાણે અન્ય શાસ્ત્રોમાં રીંગણાં, કાલિંગડાં ને મૂળા અભક્ષ્ય કહેલ છે.

૨૨ **ચલિત રસ**—રસ એટલે વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ એ ચારે જેના ચલિત થયા હોય એટલે બદલાઈ ગયા હોય એવા સર્વ જાતના ભોજનો ચલિત રસ કહેવાય. અને તેવા ચલિત રસ ભોજનોમાં અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ ચાલુ થઇ જાય છે માટે અભક્ષ્ય છે. ત્યાં વિધિપૂર્વક બનાવેલા જે ભોજનોનો જેટલો કાળ કહ્યો છે તે કાળ ઉપરાન્ત અવશ્ય ચલિત રસ થાય છે, અને પ્રતિકૂળ સંયોગોમાં તો તે પહેલા પણ ચલિત રસ થાય છે. ત્યાં ભોજનનો કાળ આ પ્રમાણે—

રાંધેલ અનાજ, રોટલા, રોટલી, નરમ પૂરી, શાક, ખીચડી, શીરો, ભજીયાં, પૂડલા, દૂધપાક, બાસુદી વિગેરે જળવાળી રસવતીઓ તે જ દિવસે ભક્ષ્ય, બીજે દિવસે વાસી થાય છે; ને રાત્રિની શરૂઆતથી જ બિગાડ શરૂ થાય છે. માટે રાત્રિ વ્યતીત થયે અભક્ષ્ય છે. મીઠાઇઓ બરાબર પાકી બનાવી હોય અને સાવચેતી પૂર્વક શુષ્ક સ્થાને રાખવામાં આવતી હોય તો ચોમાસામાં ૧૫ દિવસ, ઉન્હાળામાં ૨૦ દિવસ ને શીયાળામાં ૧ માસ બાદ ચલિત રસ થવાથી અભક્ષ્ય થાય છે, ને કચાશ પડતી બનાવી હોય તેમજ ભેજવાળા સ્થાને રાખી હોય તો એ કાળ પહેલાં પણ વર્ણ ગંધ આદિ બદલાએલા માલૂમ પડે ત્યારથી જ અભક્ષ્ય છે. લોટ—ચાળ્યા વિનાનો હોય તે કેટલાક દિવસ મિશ્ર રહીને ત્યાર બાદ અચિત્ત થાય છે. ત્યાં ભાદરવા માસમાં નહિ ચાળેલો લોટ ૫ દિવસ મિશ્ર, આસો કાર્તિકમાં ૪ દિવસ મિશ્ર, માગસર પોષમાં ૩

દિવસ મિશ્ર, માહા ફાગણમાં ૫ પ્રહર મિશ્ર, ચૈત્ર વૈશાખમાં ૪ પ્રહર મિશ્ર, અને જેઠ આષાઢમાં ૩ પ્રહર મિશ્ર રહી અચિત્ત થાય છે. પરન્તુ જે દિવસે દળ્યો હોય તે જ દિવસે ચાળ્યો હોય તો સર્વ ઋતુઓમાં તેજ દિવસે અચિત્ત છે, જેથી ચાળ્યા પછી બે ઘડી બાદ અચિત્ત થતા મુનિમહારાજને પણ કલ્પનીય થાય છે. બોરો થયેલો લોટ અભક્ષ્ય છે. અહિં કેટલાક ચલિત રસ અભક્ષ્યનાં નામ અને સ્વરૂપ કહેવાય છે—

૧ **લોટ**—આટો એની ભક્ષ્ય અભક્ષ્યતા ઉપર દર્શાવી છે.

૨ **જલેબી**—એના લોટનો આથો પાછલે દિવસે કરી બીજે દિવસે જલેબી બનાવાય છે માટે એ વાસી આથામાં ત્રસ જીવોની ઉત્પત્તિ હોવાથી અભક્ષ્ય છે.

૩ **હલવો**—એ પણ લોટનો આથો બે ત્રણ દિવસ સડાવીને બનાવાય છે માટે અભક્ષ્ય છે. દૂધીનો હલવો તે જ દિવસનો બનાવેલો તે દિવસે ભક્ષ્ય છે.

૪ **માવો**—દૂધનો માવો નરમ પડતો કે કઠણ તેજ દિવસે ભક્ષ્ય છે. પરંતુ ઘીમાં સેકી પાકો કર્યો હોય તો બે ચાર દિવસ ચાલે છે.

૫ **માવાની મિઠાઇ**—બરફી, પેંડા, ઘારી, જાંબૂ વિગેરે તુરતના બનાવેલા માવાના હોય તો બે ચાર દિવસ ચાલે છે, ત્યાર બાદ રસાદિ બદલાતા ચલિતરસ થાય છે.

૬ **મુરબ્બો**—પાકી ચાસણીનો ઘણી મુદત ચાલે છે. કાચી ચાસણીનો જલદી ચલિત રસ થઈ અભક્ષ્ય થાય છે, માટે ચાસણી પાકી કરવી.

૭ **સરબત**—કાચી ચાસણીનું બને છે ને પાણી વિશેષ હોય છે માટે બીજે દિવસે અભક્ષ્ય.

૮ **સિરકો**—લીલી વનસ્પતિઓનો બને છે માટે બોળ અથાણાની પેઠે અભક્ષ્ય છે.

૯ **કેરી**—આર્દ્રા નક્ષત્રનો સૂર્ય થયા બાદ અભક્ષ્ય થાય છે.

૧૦ **પાપડ**—શેકેલો તેજ દિવસ ભક્ષ્ય, તળેલો બીજે દિવસે પણ ભક્ષ્ય.

૧૧ **લીલી ચટણી**—ખટાશવાળી ને પાણી તથા અનાજના દાણા વિનાની હોય તો ત્રણ દિવસ ઉપરાન્ત અભક્ષ્ય. ખાટી ચીજ ન પડી હોય તો બીજે દિવસે અભક્ષ્ય. ખાટી ચીજ હોય છતાં અનાજનો દાણો વા લોટ મિશ્રિત હોય તો બીજે જ દિવસે અભક્ષ્ય.

૧૨ **પકવાન**—સૂખડી, મેથી પાક, અડદ પાક, સાલમ પાક આદિ પાક જળના સ્પર્શ વિના સારા શેકી તળીને બનાવેલા હોય તો તેનો કાળ ચોમાસામાં ૧૫ દિવસ, ઉન્હાળામાં ૨૦ દિવસ ને શિયાળામાં ૧ માસ છે. ત્યાર બાદ ચલિતરસ થતાં અભક્ષ્ય થાય છે.

૧૩ **ચુરમાના લાડુ**—ભાખરીના હોય તો તે જ દિવસ ભક્ષ્ય, બીજે દિવસે વાસી થાય, અને પાકા તળેલા ઉડીયા (મુઠીયા)ના હોય તો ત્રણ ચાર દિવસ બાદ અભક્ષ્ય થાય. પુનઃ એજ લાડુને ઘીમાં શેકી પાકો લાલ દાણાનો બનાવ્યો હોય તો પકવાન જેટલો કાળ છે.

૧૪ રાંધેલું ધાન્ય—સ્હવારની રસોઈ ભાત દાળ શાક મોટા દિવસમાં સ્વાદફેર લાગવાથી ચલિત રસ થયેલી જાણવી, ને તે અભક્ષ્ય થાય છે. રાતલી સાંજરે ભક્ષ્ય છે.

૧૫ ભાત—સાંજે રાંધેલ ભાત વધ્યો હોય તો છાશમાં ડૂબાડૂબ રાખવાથી બીજે દિવસે ભક્ષ્ય છે, સવારનો રાંધેલો ભાત છાસમાં રાખવાથી પણ બીજે દિવસે અભક્ષ્ય છે. વળી જે છાશમાં ભાત ડૂબાવવાનો છે તે છાશ પણ અલ્પ જળ વાળી ને ઘણી જાડી જોઇએ. તેવી છાસ પણ ભાત ઉપર ૪ આંગળ તરતી રાખવી, ને બીજે દિવસે સ્હવારમાં એ ભાતના દાણા છૂટા પાડી દેવા જોઇએ. વળી છાસમાં ડૂબાવેલા ભાતનો ૮ પ્રહરનો કાળ છે તે ભાત રંધાયો હોય ત્યારથી ગણવો, પરન્તુ છાશમાં ડૂબાવ્યો હોય ત્યારથી ન ગણવો, વળી તે પણ ચોમાસાના વર્ષાદના દિવસોમાં એ કાળ પણ પ્રાયઃ ઉચિત નથી, ઉન્હાળા શિયાળાના સૂકા દિવસોમાં એ કાળ ઉચિત છે.

૧૬ દહિં—દૂધમાં દિવસના કોઇ પણ ટાઇમે ખટાશ નાખીએ તો પણ બે રાત્રી વીત્યા બાદ તે દહિં અભક્ષ્ય છે, જેથી સ્હવારે ખટાશ નાખી હોય તો ૧૬ પ્રહર કાળ ને સંધ્યા સમયે ખટાશ નાખી હોય તો ૧૨ પ્રહરનો કાળ ગણવો, મુખ્ય વાત એ કે બીજી રાત્રી વીત્યા બાદ સ્હવારમાં જ તે દહિં અભક્ષ્ય ગણવું.

૧૭ દૂધ—સ્હવારે દોહ્યા બાદ ચાર પ્રહરનો કાળ છે, તે પણ ગરમ કર્યું હોય તો એ કાળ છે, કાચું દૂધ

અનિયત વખતે ચલિત રસ થાય છે, માટે રહવારે કોઈ પણ વખતે દોહેલા દૂધમાં જ પ્રહર વીત્યે ખટાશ મેળવવી જોઇએ, ને સાંજે દોહેલા દૂધમાં રાત્રિના ૧૨ વાગ્યા પહેલાં ખટાશ નાખવી. રાત્રે અગિયાર વાગ્યે દોહેલા દૂધમાં પણ ૧૨ વાગ્યે ખટાશ નાખવી. નહિંતર કલાક બાદ જ અભક્ષ્ય ગણાય. અર્થાત્ દૂધનો ૪ પ્રહરનો કાળ તે બપોરના બાર વાગ્યા સુધીમાં દોહેલા દૂધનો છે. ત્યાર બાદ દોહેલા દૂધનો કાળ રાત્રિના ૧૨ વાગ્યા સુધીનો ઘટતો ઘટતો જાણવો.

૧૮ છાશ—પૂર્વોક્ત કાળવાળા દહિંની બનાવેલી છાશ રહવારે વલોવી હોય ત્યારથી ૧૬ પ્રહર કાળ ભક્ષ્ય છે, પરન્તુ એ કાળ દહિંની માફક બે રાત્રિ વ્યતીત થયા બાદ સમાપ્ત થઈ જાય છે, માટે દહિંવત્ છાશનો કાળ સરખી રીતે જાણવો.

૧૯ કાંજી [પરાસ]—કાચી છાસની અથવા ગરમ છાસની આસ (નીતર્યું પાણી) તેનો કાળ પણ દહિં ને છાશની પેઠે જાણવો, જેથી બે રાત્રિ વીત્યા બાદ અભક્ષ્ય.

૨૦ ઘી—શીયાળામાં અત્યંત ઠંડી વખતનું તૈયાર થયેલું તાજું ઘી ડબ્બાઓ વિગેરેમાં સીલ બંધ કરવાથી કંઇક મહિનાઓ સુધી સુરક્ષિત રહે છે. પરન્તુ એ જ સીલ બંધને તોડ્યા બાદ અનિયત દિવસો સુધી ભક્ષ્ય રહી ત્યાર બાદ ચલિત રસ થાય છે. કેટલાંક ઘી તો સીલબંધમાં પણ ચલિત રસ થઈ જાય છે માટે તે અભક્ષ્ય છે. નિત્ય વાપરવા માટે રખાતાં સીલબંધ વિનાનાં ઘી

આસરે ૧ માસ લગભગ સુધી પહોંચે છે, બાદ ચલિત રસ થાય છે, ઘીના સંબંધમાં નિયત કાળ નથી, તેથી જ્યારે વાસવાળું થાય વા રંગ બદલાયેા જણાય વા સ્વાદફેર થાય ત્યારથી અભક્ષ્ય જાણવું. બનાવટી ઘી વર્તમાન કાળમાં (વેજીટેબલ ઘી) આવે છે તે પ્રાયઃ અભક્ષ્ય સંભવે છે. કારણ કે બાવામાં બેસ્વાદ લાગે છે ને તળતાં દુર્ગંધ આવે છે. સારા ઘીમાં દગાથી ભેળસેળ કરવાના ઉપયેાગમાં આવે છે.

૨૧ બળી—વીયાએલી ગાયનું દૂધ ૧૦ દિવસ અભક્ષ્ય, ભેંસનું ૧૫ દિવસ અભક્ષ્ય, બકરીનું ૮ દિવસ અભક્ષ્ય છે, એ અભક્ષ્ય દૂધની બળી કરવી યેાગ્ય નથી, અને કેાઇએ કરેલી બળી ખવાય પણ નહિ. એ અભક્ષ્ય દૂધને તેા તેનાં બચ્ચાંને જ પાઇ દેવું યેાગ્ય છે.

૨૨ બાટાં ઢોકળાં-વડાં—રાત્રે લેાટનેા આથેા કરી સવારે વડાં-ઢોકળાં કરવામાં આવે તે અભક્ષ્ય છે. તેમજ ઢોકળાં-વડાંના લેાટમાં ઉકાળ્યા વિનાની કાચી છાશ ભેળવી હેાય તેા તે દ્વિદલ (વિદળ) ઢોકળાં વડાં પણ અભક્ષ્ય છે. દ્વિદલ ન થાય એ રીતે સવારનેા આથેા કરીને બનાવેલાં ઢોકળાં વડાં તે દિવસે જ ભક્ષ્ય છે.

૨૩ બાબરા—ઘઉં બાજરી વિગેરેના બરાબર સેકા-યેલા ને સૂકી જગ્યામાં સાવચેતીથી રખાતા બાબરા સહેજ ખેારા જેવા લાગે ત્યારે અભક્ષ્ય જાણવા.

૨૪ રાબ ને ઘેંસ—અનાજ થેાડું ને છાશ ઘણી તે રાબ, ને અનાજ વધારે ને છાશ ઓછી હેાય તેા તેવા

રાંધેલા અનાજને ઘેંસ કહે છે. એમાં રાખનો કાળ ૧૨ પ્રહર ને ઘેંસનો કાળ તેજ દિવસ પૂરતો છે, ત્યાર બાદ અભક્ષ્ય.

૨૫ **રાઇતું**—દ્વિદળ વિનાનાં રાઈતાં કેળાંનાં, દ્રાક્ષનાં ને બારેક વિગેરેનાં થાય છે, તેનો કાળ ૧૬ પ્રહર છે. અને દહિં ગરમ કરીને મેળવેલા દ્વિદળવાળા રાઇતાનો કાળ તેજ દિવસ પૂરતો છે. (સાંજ સુધી છે.)

૨૬ **શેકેલું વા તળેલું ધાન્ય**—દાળીયા, ધાણી, મમરા, પૌંઆ વિગેરે શેકેલાં ધાન્ય અને તેલમાં અથવા ઘીમાં તળેલા દાળીયા (મગની દાળ, ચણાની દાળ) મમરા પૌંઆ વિગેરેનો કાળ પકવાન સરખો છે, જેથી ચોમાસામાં ૧૫ દિવસ, ઉન્હાળામાં ૨૦ દિવસ ને શીયાળામાં ૧ માસ કાળ વીત્યા બાદ અભક્ષ્ય છે.

૨૭ **ખાંડ**—ચોમાસામાં અભક્ષ્ય છે, માટે આદ્રાં પહેલાં બૂરૂં બનાવી રાખવું.

૨૮ **ગોળ-સાકર**—બનાવટી ગોળ આવે છે તે અભક્ષ્ય છે, માટે રવાનો પાકો ગોળ તેમજ ઘાડવાનો ખાત્રીવાળો ગોળ ભક્ષ્ય છે. સાકર, પતાસાં, બુરૂં હંમેશ ભક્ષ્ય છે.

૨૯ **તેલ**—કાર્તિક સુદિ પૂનમથી ફાગણ સુદ ૧૩ સુધીમાં ઘાણી કરાવેલું તેલ ફાગણ ચોમાસામાં ને વર્ષા ચોમાસામાં ભક્ષ્ય છે, અને એજ બે ચોમાસાની ઘાણીનું તેલ અભક્ષ્ય છે, માટે કાર્તિક ચોમાસાની ઘાણીનું તેલ ૮

માસ માટે ભરી રાખવું. તે પણ ઉપયોગ પૂરતું, વારંવાર બહાર કાઢી બીજું સીલબંધ રાખવું, નહિતર ખુલ્લું વા બંધ મુખ વિનાનું તેલ થોડી મુદતમાં ચલિત રસ થાય છે. ૮ માસમાં તલમાં ઘણા ત્રસ જીવો ઉપજવાથી ઘાણી થાય નહિ.

૩૦ **મેવો**—ખજૂર, બારેક, બદામનો મગજ વિગેરે બીજ કાઢેલા મેવા, કાજૂ, પીસ્તાં, ચારોળી, દ્રાક્ષ, આલુ, અંજીર, મગફળી, કોપરૂં, કોકડી, સૂકાં બોર વિગેરે કાર્તિક ચોમાસામાં ભક્ષ્ય, ૮ માસ અભક્ષ્ય. ૮ માસમાં વાપરવા માટે ફળ ફોડીને કાઢેલાં બીજ તે દિવસે ભક્ષ્ય ગણવાં. કેટલાક તો સૂકો મેવો ચોમાસામાં જ અભક્ષ્ય માને છે.

૩૧ **ભાજી પાંદડાં**—સર્વ પ્રકારની ભાજી, નાગરવેલનાં પાન, અળવીનાં પાન (પત્રવેલ) વિગેરે પાન માત્ર ૮ માસ અભક્ષ્ય છે.

૩૨ **સુકવણી**—ચોમાસામાં અભક્ષ્ય છે, કારણ કે તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ છે.

૩૩ **પ્રવાહી દવાઓ**—બજારમાં વેચાતી પ્રવાહી દવાઓ અથવા દાક્તરોને ત્યાંથી અપાતી વીલાયતી પ્રવાહી દવાઓ ત્રસ જીવોની ઉત્પત્તિવાળી હોવાથી તેમજ અનેક પ્રાસંગિક દોષવાળી હોવાથી અભક્ષ્ય છે. પ્રવાહી ઉકાળા વિગેરેની જરૂર પડે ત્યારે તેજ દિવસે ઉકાળો બનાવી તેજ દિવસે ઉપયોગમાં લેવો તે ઉચિત છે, બીજે દિવસે અભક્ષ્ય થાય છે. શીશામાં પૅક હોય તેથી ત્રસ જીવો ઉત્પન્ન ન

થાય એમ નહિં. કારણ કે જળના ભાગવાળી વસ્તુઓ શીશામાં બંધ હોય તો પણ તેમાં ત્રસ જીવની ઉત્પત્તિ થાય છે.

૩૪ **બિસ્કુટ**—ઘઉંના લોટનો આથો કહોવડાવીને બનાવાય છે માટે અભક્ષ્ય.

૩૫ **સોડા વિગેરે**—સોડા, લેમોનેટ, જીંજર, રૉજ-બર્રી, કોલ્ડ ડ્રિન્ક, કોલ્ડ ક્રીમ. પીકમીઅપ, બિલકાસ, એલ ટોનિક, એલલાઇમ, લિથિઓ, અમરિક, ચેરીસિડર, ચેમ્પેઇનસીડર, કવીનાઇન ટોનિક, એ સર્વ પીણાં આણાં અણગળ પાણીનાં ને બહુ પ્રાસંગિક દોષવાળાં હોઇને ત્રસ જીવોની ઉત્પત્તિવાળાં હોવાથી અભક્ષ્ય છે. એમાંની ઘણી વસ્તુની માંદગીમાં જરૂર હોય તો ઘેર તેજ દિવસ માટે તાજી બનાવટ ઉચિત છે.

૩૬ **બીડી વિગેરે**—બીડી, હોકો, ચલમ, ચુંગી, સિગારેટ, તમાકુ એ સર્વ વ્યસનો દેહને નુકશાન કરનાર હોવાથી તેમજ પ્રાસંગિક હિંસાવાળાં હોવાથી અભક્ષ્ય-અનાચરણીય છે.

૩૭ **અતૃપ્તિવાળી અસાર વસ્તુઓ**—સીતાફળ, રાયણ, ગુંદા, જાંબુ, કરમદાં, બોર, શેતૂર. ફાલસા એ વસ્તુઓ જો કે સ્વતન્ત્ર રીતે ત્રસોત્પત્તિ આદિ કારણે અભક્ષ્ય નથી, પરન્તુ એ વનસ્પતિઓ આવાથી તૃપ્તિ થતી નથી, અને બાધા આદ ફેંકી દીધેલ ઠળીયા વિગેરેથી ત્રસની હિંસા થાય છે, માટે એ ભોજશોળની વસ્તુઓ ન

આવી ઉચિત છે, અને જો ખાવાની જરૂર હોય તો આધા આઠ ઠળીયા વિંગેરેને રાખમાં ચોળી ફેંકી દેવા ઠીક છે વા ધૂળમાં રોળવા ઠીક છે.

૩૮ શિંગોડાં—ઇન્દ્રિયોના વિકારને ઉત્તેજીત કરનાર હોવાથી, તથા તળાવમાં એના વેલામાં ને ફળની આસપાસ જળના કારણથી અનેક ત્રસ જીવોની ઉત્પત્તિ હોવાથી અભક્ષ્ય છે. મુખ્યત્વે કામવૃદ્ધિ કરનાર હોવાથી અભક્ષ્ય છે.

૩૯ પોંક વિંગેરે—બાજરીનાં કણસલાંમાં અને જુવારનાં કણસલાંમાં મોટા ત્રસ જન્તુઓની ઉત્પત્તિ છે. બંબેરીએ તો સેંકડો ત્રસ જીવો તે રંગના નીચે પડેલા ચાલતા સાક્ષાત્ દેખ્યા છે. એમાં બાજરીનાં કણસલાંને અગ્નિના ભડકામાં શેકવામાં આવે છે, અને જુવારના કણસલાંને ભરસાડમાં શેકવામાં આવે છે, ત્યાર બાદ બાજરીના પોંકને ગોફણ આદિકથી ખેંચીને અને જવારના પોંકને કપડામાં ઝુડીને પાડવામાં આવે છે, એ રીતે ભડકામાં ને ભઠ્ઠીમાં એ સર્વ ત્રસ જીવો બળી જાય છે માટે અભક્ષ્ય છે. બંબેરી બંબેરીને શેકવામાં આવે તો પણ સર્વ જીવો બંબેરાતા નથી. ઘઉંનો પોંક પણ ત્રસ જીવો બળી જવાના કારણથી અભક્ષ્ય છે.

૪૦ હુડીયાં (ઉંધિયું)—તુવરની આખી શિંગોને તેમજ વાલોર વિંગેરેની આખી શિંગોને હુડીયું કહે છે. એમાં સડેલી ને કોહેલી શિંગોમાં મોટા ત્રસ જીવો ઉપજેલા હોય છે, તે પણ બફાઇ જાય છે; અને બીજી શિંગોમાં બારીક ત્રસ જંતુઓ બફાય એ વિશેષ. માટે હુડીયું અભક્ષ્ય છે.

૪૧ **કોળીજ-કરમકલ્લો**—એ પાંદડાનો પિંડ છે, અને પાણી ભરાઇ રહેવાના કારણે ત્રસ જીવ યુક્ત હોય છે, બારે માસ વર્જ્ય તો યોગ્ય છે, નહિતર ૮ માસ તો વર્જનીય છે. એ વનસ્પતિમાં **ફુલાવર** થાય છે જે ફુલનો પિંડ છે તે પણ કોળીજ તુલ્ય વર્જનીય છે.

૪૨ **સરગવાની શિંગ**—શીયાળા સિવાય ૮ માસ વર્જનીય છે.

૪૩ **કેળાં**—બીજવાળાં ને બીજ વિનાનાં એમ બે પ્રકારનાં કેળાં છે. તેમાં બીજવાળાં પાકાં કેળાંની છાલ ઉખાડી બીજ કાઢી લીધા બાદ અચિત્ત થાય છે, ને બીજ વિનાનાં કેળાં છાલ ઉતાર્યા બાદ શીઘ્ર અચિત્ત છે. એ બન્ને કેળાં છાલ સહિત પણ સચિત્ત જ છે એવો ન્હો કે નિશ્ચય નહિ પરન્તુ બીજવાળાં કેળાં બીજના કારણથી સચિત્ત પ્રતિબદ્ધ તો છે જ.

૪૪ **સોપારી**—ચોમાસામાં જે દિવસે ભાગી હોય તે જ દિવસે ભક્ષ્ય, બીજા દિવસથી અભક્ષ્ય. **એલચી** પણ એ રીતે ચોમાસામાં ભક્ષ્યાભક્ષ્ય છે. ૮ માસ બન્ને વસ્તુ ભક્ષ્ય છે. એલચી સોપારીને ચૂલામાં રાખી મૂકવી વિશેષ ઠીક છે.

૪૫ **દર્શન વિરુદ્ધ વનસ્પતિઓ**—પંડોળાં સર્પના આકારવાળાં લાંબાં હોવાથી સર્પની ભાવના ઉત્પન્ન કરે છે, એ અપેક્ષાએ વર્જનીય છે. જેમ માંસાહારનું સ્મરણ કરાવનાર ઘેબર પણ માંસાહારીને માંસાહાર ત્યાગ કર્યા બાદ વર્જ્ય હોઇ શકે છે તેમ.

૪૬ **કાળી મોગરી**—એ જો કે નાના પાતળા સર્પાકાર જેવી છે તોપણ તેમાં સર્પાકારની બુદ્ધિ પંડોળાં જેવી નથી, તેથી તેનો વ્યવહાર છે. તો પણ જેને નાની સાપણોની ભાવના ઉત્પન્ન કરતી હોય તેણે એ મોગરી પણ વર્જવી. **વીંછીઆ**–વીંછી આદિ ક્ષુદ્ર જંતુને લગભગ મળતા આકારવાળી કેટલીક વનસ્પતિઓ સ્પષ્ટ વીંછી આદિ જેવી દેખાય છે, ને તેવી ભાવના ઉત્પન્ન કરે છે, માટે વર્જનીય છે. **ફણસ**–એની પેશીઓ માંસપેશીની ભાવના ઉત્પન્ન કરે છે માટે વર્જનીય છે. **ભૂરું**–બ્રાહ્મણ વર્ગમાં જેના પાણીના પાપડ કરવામાં આવે છે તેવાં મોટાં કોળા જેવાં ફળ તે દેવીના ભોગાદિક અર્થે વધ્ય પ્રાણીને બદલે ઉપયોગમાં આવે છે તેથી વધ્ય પ્રાણીનો ભાવનાવાળું એ ફળ વર્જનીય છે.

૪૭ **ટામેટાં**—એ ફળો પણ કોઈક દોષોને અંગે વર્જનીય છે.

॥ વ્યવહારૂ વનસ્પતિ વિગેરેમાં સચિત્ત અચિત્તનો વિચાર ॥

સચિત્તના ત્યાગીને સમજવા માટે નીચે લખેલી વસ્તુઓમાં સચિત્ત અચિત્તપણું કઇ રીતે હોય છે? ને કઇ રીતે નથી તે અતિ સંક્ષેપમાં દર્શાવાય છે—

ધાન્ય—ઘઉં, મગ, બાજરી, ડાંગર, જુવાર વિગેરે ધાન્યનાં બીજો (દાણા) સૂકાં હોય તેમાં કેટલાંક અચિત્ત ને કેટલાંક સચિત્ત ને કેટલાંક યોનિસચિત્ત હોય છે, પરન્તુ એ વિભાગ

છદ્મસ્થથી સ્પષ્ટ સમજાય નહિ માટે અસંસ્કૃત ધાન્ય સચિત્ત ગણવાં.

લોટ—આખું ધાન્ય દળાવ્યું હોય તો ચાળ્યા વિનાનું મિશ્ર ને ચાળ્યા બાદ અચિત્ત. દાળ દળાવી હોય તો તે લોટ અચિત્ત.

ભુંજેલાં ધાન્ય—શેકેલા ચણા પોંક વિગેરે મિશ્ર, પરન્તુ રેતીમાં પાકા સેકાયા હોય તો અચિત્ત.

ધાણા જીરૂ સુવા અજમો—ખાંડ્યા બાદ ચાળેલું અચિત્ત, નહિ ચાળેલું મિશ્ર.

વરિયાલી—કાચી સચિત્ત, શેકેલી અચિત્ત.

મીઠું—કાચું, લાલ સિંધવ સચિત્ત (અચિત્તનો વિધિ પ્રથમ કહ્યો છે) શ્વેત સિંધવ અચિત્ત.

ચાક ખડી—સચિત્ત. બરફ કરા સચિત્ત.

ચલિત રસ—(જેનું સ્વરૂપ પ્રથમ સવિસ્તર કહેલ છે તે) સચિત્તના ત્યાગીને ન કલ્પે.

પાણી—ત્રણ ઉકાળાનું અચિત્ત, ઓછા ઉકાળાનું મિશ્ર, ને કાચું સચિત્ત વા મિશ્ર. કોઈ વાર એ પાણીના અભાવે સાકર વા રાખથી પાણી બે ઘડી બાદ અચિત્ત થાય છે, પરન્તુ એ ઘણો વખત રાખી મૂકાય નહિ.

લીલી ચટણી—મીઠું નાખીને સારી લસોટાયાથી બે ઘડી બાદ અચિત્ત.

દાડમ, જમરૂખ—સચિત્ત છે, દાડમના દાણા છૂટા

કર્યા બાદ અને જમરૂખને સમાયાંથી પણ અચિત્ત ન થાય. જમરૂખ અગ્નિશસ્ત્રથી પ્રાયઃ અચિત્ત.

શેલડી, કેરી—એ બન્નેનો રસ કાઢ્યા બાદ બે ઘડીએ અચિત્ત.

કેળાં—બીવાળાનાં બીજ ને છાલ કાઢ્યા બાદ ને બીજ વિનાનાં છાલ કાઢ્યાથી અચિત્ત.

ચીભડાં, સાકરટેટી વિગેરે પાકાં હોય તેનાં બીજ કાઢી લીધા બાદ બે ઘડીએ અચિત્ત, કાચાં ફળ બીજ કાઢ્યાથી અચિત્ત ન ગણાય. અગ્નિશસ્ત્રથી અચિત્ત.

શ્રીફળ વિગેરેનું જળ કોપરામાંથી કાઢ્યા બાદ બે ઘડીએ અચિત્ત.

બારેક, બજુર, દ્રાક્ષ વિગેરેમાંથી ઠળીયા કાઢ્યા બાદ બે ઘડીએ અચિત્ત.

સોપારી—ભાગ્યા પછી બે ઘડીએ અચિત્ત.

બદામ વિગેરેનાં મીંજ—છોડામાંથી બીજ બહાર કાઢ્યા બાદ બે ઘડીએ અચિત્ત.

ગુંદર—વૃક્ષમાંથી કાઢ્યા બાદ બે ઘડીએ અચિત્ત.

આ સિવાય સચિત્ત અચિત્તનો વ્યવહાર ઘણી વસ્તુઓનો સમજવા જેવો છે, અહિં ગ્રંથમાં કેટલું લખાય! માટે તે વિશેષ વિગત શ્રી ગુરૂ પાસેથી જાણવી ઉચિત છે. છદ્મસ્થને આ સચિત્ત હશે કે અચિત્ત તેની ખાત્રી ન હોવાથી એ સર્વ મર્યાદિત વ્યવહાર જ અતિ ઉપયોગી છે. ખાવાની લોલુપતા જેમ જેમ ઘટતી જાય તેમ તેમ સચિત્તનો ને અભક્ષ્યનો ત્યાગ થતો જાય છે, માટે જેમ બને તેમ જીભની લોલુપતા ઘટાડવી.

॥૧૬॥ ૩૨ અનંતકાયનું વિશેષ સ્વરૂપ ॥

(૨૨ અભક્ષ્યમાં અન્તર્ગત ૧૬ મો ભેદ)

જે વનસ્પતિના એક શરીરમાં અનન્ત જીવ હોય તે અનંતકાય, અથવા જે અનંત જીવોનું સાધારણ (સર્વનું) એક શરીર હોય તેવી વનસ્પતિ તે સાધારણ વનસ્પતિ. એનું ત્રીજું નામ નિગોદ છે. તે વનસ્પતિઓ જો કે ઘણી જાતિની છે, તો પણ શાસ્ત્રોમાં ૩૨ પ્રકાર મુખ્યત્વે કહ્યા છે તે આ પ્રમાણે—

सव्वाई कंदजाई सूरणकंदो$_{१}$ अ वज्जकंदो$_{२}$ अ ।
अल्ला हलिद्दा$_{३}$ अ तहा अद्दं$_{४}$ तह अल्लकच्चूरो$_{५}$ ॥१॥
सितावरी$_{६}$ विराली$_{७}$ कुंआरी$_{८}$ तह थोहरी$_{९}$ गलोई$_{१०}$ अ।
लसुणं$_{११}$ वंसकरिल्ला$_{१२}$ तह गज्जर$_{१३}$ लूणओ$_{१४}$ लोढा$_{१५}$ ॥२॥
गिरिकन्नि$_{१६}$ किमलपत्ता$_{१७}$ खिरिंसूआ$_{१८}$ थेग$_{१९}$ अल्लमुत्था$_{२०}$।
तह लूणरुक्खवल्ली$_{२१}$ खिल्लोडो$_{२२}$ अमयवल्ली$_{२३}$ अ ॥३॥
मूला$_{२४}$ तह भूमिरुहा$_{२५}$ विरूढा$_{२६}$ ढक्कवत्थुलो$_{२७}$ अ तहा ।
सूअरवल्ली$_{२८}$ अ पुण पल्लंको$_{२९}$ कोमलींडबिलिआ$_{३०}$ ॥४॥
आलू$_{३१}$ तह पिंडालू$_{३२}$ बत्तीसं जाणिउं अणंताओ ।
बुद्धिवता ईआइं वज्जयेव्वं पयत्तेणं ॥ ५ ॥

ભૂમિકંદ—ભૂમિમાં કંદ રૂપે વધતા વનસ્પતિના ગઠ્ઠા તે અનન્તકાય છે, જેમાંનાં ઘણાં નામ સૂરણકંદ વિગેરે આગળ કહેવાય છે તે. (વજ્રકંદ, સૂરણકંદ આદિ કેટલાંક

નામો પ્રસિદ્ધ છે તે જૂદાં કહેશે, તે અને તે ઉપરાન્તના બીજા સર્વે ભૂમિકંદ અનન્તકાય છે. એકેક શરીરમાં અનન્ત અનન્ત જીવ છે, ને અસંખ્ય શરીરનો એ પિંડ છે.

૧ **સૂરણકંદ**—આ કંદ મલબારમાં વિશેષ થાય છે. એને ઘણો મોટો થવાને બે ત્રણ વર્ષ સુધી ભૂમિમાં વધવા દે છે, મોટું સૂરણ એક મણ લગભગ વજનનું થાય છે, સૂરણની બે જાતિ છે. ખુજલી ને મીઠી. તેમાં ખુજલી સૂરણ ખાવાથી મુખ સૂઝી જાય છે, ને બીજા અનેક દેહ વિકારો થાય છે. મીઠી જાતિનું સૂરણ મળ રોકનાર ને રક્તપિત્તને કોપાવનાર છે. એનું બીજું નામ જતીકંદ છે. બીજું **વનસૂરણ** થાય છે તેના કંદનું પણ શાક કરે છે.

૨ **વજ્રકંદ**—એ પણ એક જાતિનો ભૂમિકંદ છે.

૩-૪ **લીલી હલદર, લીલું આદુ**—આદુ ને હળદર પ્રસિદ્ધ છે, તે લીલું અનન્તકાય છે. આદુની સુકવણી તે સુંઠ કહેવાય છે, ને સૂકી હલદરનું નામ હલદર જ છે. આ બન્ને વસ્તુ લીલી જો કે અનન્તકાય છે, તો પણ સૂકી થયા બાદ ભક્ષ્ય તરીકે આહારના ઉપયોગમાં લેવાય છે.

૫ **લીલો કચૂરો**—કોંકણ પ્રાંતમાં એ ઘણું થાય છે. કચૂરાને સુગંધી પદાર્થોમાં નાંખે છે, એનો વાસ સારો છે તેથી ઘસીને શરીરે પણ ચોપડે છે. કપૂરકાચલી એ કચૂરાની જ એક જાતિ છે. એને ષટ્કચૂરો પણ કહે છે એ અનન્તકાય છે.

પ્રશ્ન—જેમ સૂકું આદુ ને સૂકી હલદર ભક્ષ્ય ગણાય

છે તેમ બીજા પણ કંદ વિગેરે (બટાટા, સકરીયાં, સૂરણ રતાલુ આદિ) સૂકાં થયા બાદ ભક્ષ્ય ગણાય કે નહિ? અને એ રીતે સૂકી સર્વ અનન્તકાય બાવા યોગ્ય બરી કે નહિ? તેમજ કંદમૂળ સૂકા થયા બાદ સર્વથા અચિત્ત થાય કે નહિ?

ઉત્તર—જેમ સૂકું આદુ ને હલદર ભક્ષ્ય છે તેમ બીજી અનંતકાય વનસ્પતિઓ સૂકી હોય તો ભક્ષ્ય છે એમ નહિ. સૂકી અનન્તકાય જો કે અચિત્ત હોય છે, પરન્તુ ભક્ષ્યાભક્ષ્યનો વિવેક કેવળ સચિત્ત અચિત્તને જ અવલંબીને નથી, પરન્તુ ત્રસ જીવોની ઉત્પત્તિ અને તેના કેટલાક ગુણ દોષને અવલંબીને પણ ભક્ષ્યાભક્ષ્યનો વ્યવહાર છે, માટે જેટલું અચિત્ત એટલું ભક્ષ્ય હોય એમ નથી.

પ્રશ્ન—સૂકું આદુ ને સૂકી હલદર જો ભક્ષ્ય છે અને બીજી અનંત કાય વનસ્પતિઓ સૂકી હોય તો પણ ભક્ષ્ય નથી તો એ બાબતમાં મુખ્ય તફાવત કઈ બાબતનો હશે, ન્યાય તો સર્વત્ર સરખો જ હોઈ શકે.

ઉત્તર—સૂકી સુંઠ ને સૂકી હલદર જે વખતે લીલી હતી તે વખતે અનન્તકાય હોવાથી સૂકી થયા બાદ એમાં વર્ણ, ગન્ધ, રસ, સ્પર્શ એવી રીતે બદલાયા છે કે આ કંદમૂળ છે વા અનન્તકાય છે એવી ભાવના બીજી સૂકી અનંતકાયની પેઠે રહેતી નથી, બીજી અનન્તકાય વનસ્પતિઓમાં એવું પરાવર્તન નથી, તેમજ સુંઠમાં તો નામ પરાવર્તન પણ થયું છે.

પ્રશ્ન—સુંઠ હલદરમાં જેમ વર્ણાદિ પલટાય છે તેમ શુષ્ક પણ પલટાય છે કે નહિ? જેવા ગુણ લીલામાં હતા તેવાજ ગુણ સૂકામાં હશે?

ઉત્તર—જો ગુણની અપેક્ષાએ જોઇએ તો લીલા આદુ ને લીલી હલદરમાં ગુણો વૈદકીય દૃષ્ટિએ સૌમ્ય હોય છે, ને શુષ્ક થયા બાદ તીવ્ર થાય છે; તેમજ લીલાશ વખતે અનન્તજીવોનું અસ્તિત્વ એ જ અભક્ષ્યમાં મુખ્ય કારણ હતું. જે શુષ્ક થયા બાદ તે કારણ ન રહેવાથી એ બે વનસ્પતિ-ઓ ભક્ષ્ય તરીકે ગણી શકાય એવી થાય છે. બીજી અનન્ત-કાયોમાં એવા ગુણ નથી.

પ્રશ્ન—બીજી અનન્તકાયોના શારીરિક ગુણો વૈદક શાસ્ત્રોમાં અનેક સારા વર્ણવેલા છે તો તે ગુણોની અપેક્ષા-એ બીજી સૂકી અનન્તકાયો ભક્ષ્ય કેમ નહિ?

ઉત્તર—વૈદક શાસ્ત્રમાં શારીરિક ગુણો અનન્તકાયોમાં જો કે અનેક કહ્યા છે, પરન્તુ કેવળ શારીરિક ગુણો સારા હોવાની અપેક્ષાએ ભક્ષ્યાભક્ષ્ય વિવેક નથી.

પ્રશ્ન—જો શારિક ગુણોને અવલંબીને પણ ભક્ષ્યાભક્ષ્ય વિવેક નથી તો બીજું એવું કયું મુખ્ય કારણ છે?

ઉત્તર—અચિત્તપણા વિગેરેની સાથે આત્માના સાત્વિક ગુણોમાં જો દખલગીરી ન ઉપજે એવા ગુણ હોય અથવા તો સાત્વિક ગુણો વનસ્પતિમાં વિદ્યમાન હોય તો તે અપેક્ષાએ ભક્ષ્ય ગણી શકાય છે, જેથી અચિત્ત હોઇને તામસ ગુણવાળી (વનસ્પતિ) હોય અથવા આત્માને

સાત્વિક ગુણ ઉપજવામાં બાધક હોય અથવા ઉપજેલા સાત્વિક ગુણોને હણનારી હોય તો એવા ગુણવાળી વનસ્પતિ (વા બીજું કોઇ દ્રવ્ય પણ) અચિત્ત હોય તો પણ અભક્ષ્ય છે, સુંઠ ને હલદર તેવા અવગુણવાળી નથી માટે ભક્ષ્ય છે, ને બીજી અનન્તકાયો સૂકી અચિત્ત છતાં કેટલીક તામસ ગુણ ઉપજાવનારી હોય છે, તો કેટલીક બાદક હોય છે. ઇત્યાદિ અવગુણોને અંગે શેષ અનન્તકાયો સૂકી ને અચિત્ત હોય તોપણ અભક્ષ્ય છે. જેમ લસણ, ડુંગળી, મૂળા વિગેરે અનન્તકાય વનસ્પતિઓ સૂકી હોય કે લીલી હોય, સચિત્ત હોય કે અચિત્ત હોય, તો પણ આત્મામાં તામસ ગુણ ઉત્પન્ન કરનારી છે, કે જેના પ્રભાવે આત્મામાં આત્મ ધર્મના માર્ગને (ઈશ્વરી માર્ગને) ઓળખવા જેવી બુદ્ધિ ઉપજતી નથી. કદાચ ઇશ્વરી માર્ગ ઓળખવા જેવી બુદ્ધિ પ્રગટ થઇ હોય તો પણ તે બુદ્ધિને હણે છે, ને દુન્યવી માર્ગમાં ઘસડી જાય છે. એમ અનેક દુર્ગુણોને અંગે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક વિચારાય છે, પરન્તુ કેવળ સચિત્ત અચિત્તતાને અંગેજ વા ઓછાવત્તા જીવોની હિંસાને અંગેજ ભક્ષ્યાભક્ષ્ય વિવેક નથી.

પ્રશ્ન—જેમ તામસ આદિ અવગુણના અભાવે સુંઠ ને હલદર બે વસ્તુઓ ભક્ષ્ય છે તેમ બીજી કોઇ અનન્તકાય એવી નહિ હોય? કે જે ભક્ષ્ય હોઈ શકે?

ઉત્તર—ગળો એ પણ અનન્તકાય છે, પરન્તુ એ બહુ સદ્‌ગુણવાળી હોવાથી લીલાશ વખતે કેવલ અનન્ત જીવાત્મકપણાના કારણે અભક્ષ્ય છે. જો એક જીવાત્મક હોત

તો એ લીલાશ વખતે પણ ભક્ષ્ય ગણાત, જેથી એ ગળો સૂકી થયે ભક્ષ્ય છે, કારણ સુંઠ ને હલદરની માફક જાણવું. એ રીતે અનન્તકાય તો દૂર રહી પરન્તુ પ્રત્યેક વનસ્પતિ હોય તોપણ જો આત્માના સાત્વિક ગુણની ઘાતક હોય તો અભક્ષ્ય જ છે, જેમ રીંગણાં વિગેરે પ્રત્યેક વનસ્પતિઓ પ્રત્યેક છે તોપણ સાત્વિક ગુણની ઘાતક હોવાથી એવી અનેક વનસ્પતિઓ અભક્ષ્ય છે. માટે સૂકા બટાકા, સકરીયાં વિગેરે અચિત્ત છે તો પણ સાત્વિક ગુણના ઘાતક હોવાથી તેમજ અશુદ્ધ ભાવનાને (અનન્તકાય ભક્ષણની ભાવનાને) ઉત્પન્ન કરનાર હોવાથી અભક્ષ્ય છે. પરન્તુ આદુ હલદર તેવાં ન હોવાથી અભક્ષ્ય નથી.

વળી બીજી વાત એ છે કે—ભક્ષ્યાભક્ષ્યનો વિવેક આજનો નવો નથી, પરન્તુ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે, માટે આપણા ભવભીરૂ પૂર્વાચાર્યોએ વનસ્પતિઓ વિગેરેના ગુણ દોષ જાણીને તથા ભક્ષકજીવોના વર્તમાન અને ભાવી ગુણ દોષો વિચારીને ભક્ષ્યાભક્ષ્યની જે મર્યાદા બાંધી છે તે મર્યાદા પ્રમાણે જ વર્તવું વા માનવું તે હિતકારી છે. પરન્તુ આવી ભક્ષ્યાભક્ષ્ય વિગેરે બાબતોમાં સ્વમતિ કલ્પના સર્વથા નિરૂપયોગી છે. ભક્ષ્યાભક્ષ્યના પ્રરૂપક મહાન આચાર્યોની બુદ્ધિ ક્યાં અને આપણા જેવા ક્ષુદ્ર વક જીભના લોલુપીઓની બુદ્ધિ ક્યાં? ઇન્દ્રિયજીત (ઇન્દ્રિયો વડે જીતાયલા ઇન્દ્રિયાધીન) આત્માઓ અભક્ષ્ય ને ભક્ષ્યની યુક્તિ તરફ ખેંચે ને જિતેન્દ્રિય આત્માઓ જ અભક્ષ્યને અભક્ષ્યની યુક્તિમાં જ ઉતારે તેમજ ભક્ષ્યોમાં પણ બિન-

જરૂરી ભક્ષ્યો કે મોજ શોખનાં ભક્ષ્યોને પણ અભક્ષ્યની જેમ વર્જનીય ને અનાચરણીય સમજી શકે. માટે ભક્ષ્યા-ભક્ષ્યનો વિવેક પ્રાચીન મર્યાદા મુજબ યથાર્થ સ્વીકારવો એજ શ્રેયસ્કર છે.

૬ **શતાવરી**—શતાવરીના વેલા જેવા છોડ ૨–૩ ફુટ ઉંચા હોય છે. એનો ગઠ્ઠા જેવો કંદ નથી, પરન્તુ મૂળીયાં હોય છે, અને સો સુધી મૂળીયાં હોવાથી એનું શતમૂળી એવું બીજું નામ છે. એનાં બોર જેવાં નાનાં ફળ હોય છે તે પાકવાથી રાતાં થાય છે, આનાં મૂળીયાં ઝીણા તાંતણા જેવાં ગુચ્છાદાર હોવાથી ઝુમખા જેવાં દેખાય છે. અને મૂળ ઉપર છાલ હોય છે, એમાં ખાવા યોગ્ય વસ્તુ છાલની અંદરના ગર્ભમાં સૂતરના તાંતણા સરખાં ઝીણાં મૂળીયાંના દોરા હોય છે. અને એ દોરાને વળગેલો ગર્ભ પણ ખાવામાં મીઠાશવાળો છે, લીલાં મૂળને છોલીને (છાલ ઉતારીને) સૂકવવામાં આવે છે. એનો મુખ્ય ગુણ ધાતુ-પુષ્ટિ હોવાથી ઇંદ્રિયવિકારને ઉશ્કેરે છે, અને તે સાથે એ મૂળીયાં અનન્ત જીવાત્મક હોવાથી અનન્તકાય છે.

૭ **વિરાલી કંદ**—એનો વેલો હોય છે. તેનો કંદ અનન્તકાય છે. એનું બીજું નામ **ભોંયકોળું** છે. એમાં સાદુ ભોંયકોળુ ને દૂધ ભોંયકોળુ એ બે જાતિ છે. સાદા ભોંયકોળાનો વેલો ઘોડાને ખાવાના ઉપયોગમાં આવે છે માટે એ વેલાને ઘોડવેલ પણ કહે છે. એ વેલાને શિંગો આવે છે, એના કંદનું શાક અને હલવો થાય છે, ગુણમાં ઉષ્ણ છે. તથા દૂધ ભોંયકોળાનો વેલો ઘણા વર્ષ સુધી

ટકે છે, એ કંદ ઘણો સ્વાદિષ્ટ હોવાથી સ્વાદુ કંદા, ઇક્ષુ કંદા ઇત્યાદિ નામ છે, એના કંદનો દેખાવ બહારથી શેરડીના રંગ સરખો છે, એને કાપવાથી (કંદને કાપવાથી) દૂધ જેવો ચીકણો પદાર્થ નીકળે છે સ્વાદ તૂરો મીઠો છે ને જીભમાં રવરવાટ કરે છે. એની ઉત્પત્તિ આ દેશમાં ઘણા સ્થાને થાય છે.

૮ કુંઆરી—(કુમારી) આ વનસ્પતિ પરનાળ આકારની લાંબી ને પુષ્ટ છે, અથવા તાડના તાડછાનું જે ૪–૫ હાથ લાંબુ ઠીંટ હોય છે તે તાહઠીંટના આકાર સરખી છે, એને ઝીણાં મૂળીયાં હોય છે. એની શિંગોને (દાંડા કુટી ઉપર તોરા આવે છે તેને) શેલરાં કહે છે, એનાંસર્વે અંગ અનન્તકાય છે, કડવો એળીયો આ કુવારીના રસનો અને પાઠાના પાનનો બને છે, આ વનસ્પતિને કેટલેક સ્થાને ઘરમાં છત ઉપર લટકાવી રાખે છે. તો પણ ઘણી મુદત સુધી સૂકાતી નથી એટલુંજ નહિ પરન્તુ એના ડીંટમાંથી અંકુર ફૂટીને વધતી રહે છે, એને કુમારપાહુ અથવા ઘીકુમારી આદિ અનેક નામથી ઓળખે છે, એના પાઠાનો ગર્ભ અતિ રસદાર હોય છે. એનું લોક અથાણું કરે છે, શેલરાંનું શાક અને કઢી કરે છે. પરંતુ એ અનંતકાય વનસ્પતિ હોવાથી શ્રાવકને તો અભક્ષ્ય છે.

૯ થુવર—થુવર અથવા થોર તે કાંટાવાળા પણ હોય છે. ને કાંટા રહિત પણ હોય છે, દેશી થુવર કાંટા અને પાંદડાં અને પુષ્પવાળો હોય છે, ત્રણ ધારવાળો થુવર ચાર ધાળવાળો થુવર નાગફણી થુવર ખરસાણી એ સર્વ

થુવરની જાતિઓ છે, એનાં મૂળીયાં પાતળાં તંતુ જેવાં હોય છે. એનાં પાંદડાં અને દાંડામાંથી છેદ થતાં દૂધ સરખું જાડું દૂધ નિકળે છે. ખરસાણી થુવર એકલી ડીરીઓનું જ ઝાડ હોય છે, વિલાયતી થુવર સુંવાળી દાંડીનો ને સુંવાળા પાનવાળો હોય છે. દરેક થુવરનાં સર્વે અંગ અનન્તકાય છે. આ થુવરનાં અંગ મોજશોખથી ખવાય એવાં નથી, પરંતુ ઔષધીઓમાંજ અમુક અમુક સંસ્કારથી ઉપયોગમાં આવે છે, દેશી થુવરના પાંદડાંનું અથાણું કરે છે, શ્રાવકને એ અનંતકાય હોવાથી અભક્ષ્ય છે.

૧૦ **ગળો**—લિંબડા ઉપર તેમજ બીજાં અનેક વૃક્ષો ઉપર વા અન્યત્ર પણ ગળોના વેલા થાય છે. પરન્તુ વૈદકમાં સર્વોત્કૃષ્ટ ગળો લિંબડા ઉપરની ગણી છે, ગળોનો કંદ પણ હોય છે. તેમજ પુષ્પ અને લીલા રંગનાં ચણા જેવડાં ફળ પણ હોય છે. એના ફળ ઉપરનું છોતરૂં કાઢી લીધાથી અંદરનું બીજ બે ફાડ વાળું (દ્વિદળ) હોય છે. એ ગળોનો કંદ તો અનન્તકાય છે.

૧૧ **લસણ-ડુંગળી**—એ પ્રસિદ્ધ અનન્તકાય છે.

૧૨ **વાંસકારેલાં**—વાંસના કંદની ટીસીઓ, અથવા વાંસના કંદ અનન્તકાય છે. વાંસના મોટા પાંદડાંને બીજ પ્રત્યેક છે. એના બીજ ઘઉંના દાણા જેવાં હોય છે. કુમળા વાંસના કુમળા કંદનું અથાણું થાય છે, જે અનંતકાય હોવાથી શ્રાવકને અભક્ષ્ય છે. અહિં વાંસકારેલાં તે કારેલાં જાતિનું શાક વિશેષ નહિ, પરંતુ વાંસના કંદની ટીસીઓ છે.

૧૩ **ગાજર**—એ પ્રસિદ્ધ અનન્તકાય છે, ગાજર એ નામ કંદનું છે કે જે જમીનમાંજ લાંબુ વર્તુલાકારે વધે છે. એ કંદની ઉપરનો છોડ હાથ લગભગનો હોય છે. લીલાં ગાજરને કોઇક રોટલી સાથે ખાય છે, તેનું શાક પણ થાય છે, અથવા બાફીને ખાય છે. પરન્તુ અનન્તકાય હોવાથી શ્રાવકને અભક્ષ્ય છે.

૧૪ **લૂણીની ભાજી**— લૂણી એ કંદ મૂળ નથી પરન્તુ પાંદડાની ભાજી છે, તે નાની ને મોટી (જંગલી ઘોલિકાને રાજઘોલિકા નામની) છે, એને ન્હાનાં જીંડવાં અને તેમાં બીજ થાય છે. લૂણીના નાના છોડ હોય છે, એના નાનાં ને મોટાં પાંદડાંનું શાક થાય છે, એ પાંદડાં અતિ કોમળ હોવાથી અનન્તકાય છે. (જેને બાળવાથી સાજી ઉત્પન્ન થાય છે તે.)

૧૫ **લોઢકંદ વા પદ્મિનીકંદ**—એ કોઈ કંદ વિશેષ છે. તે અનન્તકાય છે.

૧૬ **ગરમર** (ગિરિકર્ણિકા)—એ વનસ્પતિ કચ્છ કાઠીયાવાડમાં પ્રસિદ્ધ છે. એનું અથાણું કરવામાં આવે છે. પરન્તુ એ અનન્તકાય હોવાથી શ્રાવકને અભક્ષ્ય છે.

૧૭ **કિસલય**—વૃક્ષને અથવા છોડ વિગેરેને શાખાઓના ખૂણામાંથી જે નવી ટીસીઓ-અંકુરા ફુટે છે તે કિસલય કહેવાય, ને તે ટીસીઓમાંથી નવા પાંદડાં ફુટે તે પ્રથમ અવસ્થામાં અતિ કોમળ ને સુંવાળાં હોય છે, તે કિસલય પત્ર કહેવાય. એ બન્ને અનન્તકાય છે. વાસ્તવિક

રીતે સાધારણ વનસ્પતિ હોય કે પ્રત્યેક વનસ્પતિ હોય પરન્તુ તેની નવી ફુટ તે સર્વ અનન્તકાય છે. જીવ વિચારમાં અનન્તકાય વનસ્પતિના ભેદ ગણાવ્યા છે તેમાં પણ **કંદા અંકુર કિસલય** એ પદો વડે કંદ અંકુર અને કિસલયોને અનન્તકાય કહ્યા છે.

પુનઃ બીજને વાવતાં તરત જે વિકસ્વર અવસ્થા થાય છે તે વિકસ્વર અવસ્થાને **કિસલય** કહેલ છે, તેમજ એ બીજનો અંકુર વધીને યાવત્ પહેલાં બે પત્ર ઉત્પન્ન કરે ત્યાં સુધીની અવસ્થાને પણ અનન્ત જીવોએ મળી બનાવેલી હોવાથી એ પણ **કિસલય** કહેવાય છે, તેમજ દાંડીમાં મધ્ય સ્થળે રહેલ પહેલાં બે [1]પત્ર પણ જાડાં ને કોમળ હોવાથી કિસલય તરીકે અનન્તકાય ગણવામાં આવે છે, કહ્યું છે કે—

सव्वो वि किसलओ खलु, उग्गममाणो अणंतओ भणिओ।
तं चेव विवड्ढंतो, होइ परित्तो अणंतो वा ॥१॥

અર્થ—સર્વે કિસલયો ઉગતી વખતે [2]અનન્તકાય કહેલ છે, અને તે જ વધતાં અન્તર્મુહૂર્ત બાદ પ્રત્યેક

---

૧ આ બે પત્ર મેથીની ભાજી વિગેરેમાં દાંડીમાં વચ્ચે રહેલાં હોય છે, તેને હંમેશ માટે અનન્તકાય ગણવામાં આવે છે, માટે ઉપયોગવંત શ્રાવકો એ બે પત્રને ચુંટતા નથી, તેવો વ્યવહાર છે.

सर्वमपि किसलयं यत्खलूद्गच्छदणंतको भणितः।
तदेव विवर्धमानं भवति प्रत्येकोऽनन्तो वा ॥१॥

૨ સર્વ કિસલયો અનન્તકાય હોવાથી જ ઉપયોગવંત

અથવા સાધારણ થાય છે. [પ્રત્યેક વનસ્પતિ હોય તો અન્તર્મુહૂર્ત બાદ પ્રત્યેક થાય છે, ને સાધારણ વનસ્પતિ હોય તો સાધારણ રહે છે.]

૧૮ **ખીરસુઆ કંદ**—એ કંદની જાતિ છે. એનું બીજું નામ કસેરૂ અથવા ખરસઇયો છે.

૧૯ **થેગકંદ**—થેગ પ્રસિદ્ધ છે, એનો કંદ અને જુવાર જેવાં બીજ તથા એની ભાજી એ ત્રણે વર્જનીય છે. મારવાડમાં એ વિશેષ પ્રસિદ્ધ છે.

૨૦ **મોથ**—આ વનસ્પતિ નદી વિગેરેના કિનારે થાય છે, એનાં મૂળને નાગરમોથ કહે છે તે સુગંધીવાળાં હોવાથી સુગંધી તેલ વિગેરેમાં નખાય છે, એમાંની બીજી **ભદ્રમોથ** નામની જાતિ છે. બન્ને પ્રકારની મોથનાં મૂળ અનન્તકાય છે.

૨૧ **લૂણની છાલ**—લૂણ એ વૃક્ષ આકારનો છોડ છે. એનો કંદ નથી, પરન્તુ એ વૃક્ષની છાલ માત્ર અનંતકાય છે, શેષ અંગો પ્રત્યેક છે.

૨૨ **ખિલોડી કંદ**-એ કંદની જાતિ છે તે અનન્તકાય છે.

૨૩ **અમરવેલી**—મૂળ વિનાજ વાડ વા વૃક્ષાદિ ઉપર એના પીળા તાંતણા વધે છે, એક તાંતણો તોડીને

શ્રાવકો મેથીની ભાજી વિગેરેને ડાંખળી સહિત ચુંટે નહિ પરન્તુ છોડમાંનાં મોટાં મોટાં પાંદડાં એક એક લઇને ચુંટે, જો એ રીતે ન ચુંટે ને ઝુંમખાબંધ ચુંટે તો અનન્તકાયનું ભક્ષણ અવશ્ય થાય છે, માટે ઉપયોગ રાખવો જોઇએ.

બીજી વાડ ઉપર નાખ્યો હોય તો એજ પીળો તાંતણો વધીને વાડને અથવા વૃક્ષને ઢાંકી દે છે, એમ જળાની માફક વધે છે. અમૂક વખતે સૂકાઈ પણ જાય છે. એ તાંતણાઓ ખાવાના ઉપયોગમાં આવતા નથી પરંતુ ઔષધી તરીકે ઉપયોગમાં આવે છે, માટે અનન્તકાય હોવાથી એ અભક્ષ્ય છે.

૨૪ મૂળા—મૂળા એ અતિ પ્રસિદ્ધ છે. એનાં ધોળાં વા રાતાં મૂળ અનન્તકાય છે, અને શેષ પત્ર પુષ્પ ફળને દાંડી એ ચારે પ્રત્યેક છે, પરંતુ ત્રસ જીવની ઉત્પત્તિવાળાં હોવાથી મૂળાનાં પાંચે અંગ અભક્ષ્ય ગણાય છે. મૂળાની શિંગોને મોગરા કહે છે. તેમાંથી રાઇ જેવાં બીજ નિકળે છે એ સર્વે અભક્ષ્ય છે.

૨૫ ભૂમિફોડા—ચોમાસામાં વર્ષાદ વખતે જમીનમાં કાષ્ટમાં કે ભીતમાં અનેક સ્થાને દાંડી સહિત છત્રના આકારના અનેક વર્ણી ભૂમિફોડા થાય છે, કવચિત્ કૂતરાના કાન કહે છે, કોઇ બિલાડીના ટોપ કહે છે એમ અનેક નામથી ઓળખાય છે, એ ભૂમિફોડા ખાવાના ઉપયોગમાં આવતા નથી, પરન્તુ ઔષધના ઉપયોગમાં આવે છે. એને દાંડી, છત્ર અને મૂળ ત્રણ અંગ હોય છે તે ત્રણે અનન્તકાય છે.

૨૬ વિરૂઢ—કઠોળને રાત્રે પાણીમાં પલાળી રાખીને સવારે તેના અંકુરો ફૂટ્યા પછી જે શાક કરવામાં આવે છે તે અતિ કોમળ હોવાથી સાદા કઠોળ કરતાં જો કે સ્વાદિષ્ટ થાય છે, પરન્તુ પલાળી રાખવાથી એ અનન્તકાય થાય છે, અને ફુટેલા અંકુરા પણ અનન્તકાય છે માટે એ

કઠોર અભક્ષ્ય છે. માટે આખું કઠોળ પલાળવું હોય તો બે ત્રણ કલાકથી વિશેષ રહેવા દેવું નહિ, કારણકે અંકુરોની ઉત્પત્તિ થતાં અનન્તકાય છે.

૨૭ **'ઢકૂક' વત્થુલો**—વત્થુલાની ભાજી, પ્રથમ ઉગતી વખતે અનંતકાય છે. પણ છેદાયા પછી ફરી ઉગે તે અનંતકાય નહિ.

૨૮ **સૂઅરવેલ [સૂઅરકંદ]**—આ સુવરવેલનો કંદ ને વેલો બે હોય છે. કંદ જમીનમાં ઘણો ઉંડો હોય છે, સૂવરના વાળ સરખા તંતુ એ કંદ ઉપર હોય છે તેથી તેમજ સૂઅરને (ડુક્કરને) એ કંદ ઘણો પ્રીય હોય છે, તેથી એનું સૂઅરકંદ અથવા ડુક્કરકંદ એવું નામ છે, ને વેલનું સૂઅરવેલ વા ડુક્કરવેલ નામ છે. ડુક્કરો જમીન ખોદીને એ કંદ કાઢીને ખાય છે. અને મનુષ્યોનાં ઉપયોગમાં પણ એનો કંદ આવે છે.

૨૯ **પાલખાની ભાજી**—પાલખાનો નાનો છોડ થાય છે. તેનાં પાંદડાં બહુ કોમળ ને પાતળાં હોય છે, માટે એનાં પાંદડાં અનન્તકાય છે. એની ભાજીનું શાક થાય છે, લોકમાં એ ભાજી પ્રસિદ્ધ છે.

૩૦ **કોમળ આમલી**—બીજ પ્રગટ ન થયાં હોય તેવી કોમળ આમલી અનન્તકાય છે. અહિં આમલીના ઉપલક્ષણથી બીજાં સર્વે કોમળફળો અનન્તકાય છે, કહ્યું છે કે-**कोमलफलं च सव्वं गूढसिराइं सिणाई पत्ताई**—સર્વ જાતિનાં કોમળ ફળો, ગુપ્ત નસોવાળાં ફળાદિ અને સિણ વિગેરેનાં પત્ર એ અનન્તકાય છે.

૩૧-૩૨ **આલુ પિંડાલુ વિગેરે**—આલુ એટલે રતાળુ અથવા બટાકા, પિંડાલુ-કંદ વિશેષ, તેમજ પલાંડુ (ડુંગળી), સકરકંદ (સકરીયાં) વિગેરે કંદ પ્રસિદ્ધ અનન્તકાય વનસ્પતિઓ છે.

એ પ્રમાણે ઉપર કહેલી ૩૨ સિવાય બીજી અનેક વનસ્પતિઓ અનન્તકાય છે. પાણીની **સેવાલ લીલકુગ** ઇત્યાદિ અનેક વનસ્પતિઓ અનન્તકાય છે. એમાં કોઇનું મૂળ તો કોઇનો કંદ તો કોઇનું પત્ર ઇત્યાદિ કોઇનું એક અંગ તો કોઇનાં બે અંગ કોઇનાં ત્રણ અંગ કોઇનાં પાંચ અંગને કોઇનાં સર્વ અંગ અનન્તકાય હોય છે. પરન્તુ અનન્તકાય વનસ્પતિ સંપૂર્ણ સાંગોપાંગ અનંતકાય હોય એવો નિયમ નથી.

પ્રશ્ન—આ વનસ્પતિ સાધારણ અને આ વનસ્પતિ પ્રત્યેક એમ ઓળખવાનું કંઇ લક્ષણ છે. ?

ઉત્તર—હા. જીવવિચારમાં તેનાં લક્ષણ આ પ્રમાણે કહ્યાં છે.

गूढसिरसंधिपव्वं, समभंगमहीरुगं च छिन्नरूहं।
साहारणं सरीरं, तव्विवरीयं च पत्तेयं ॥१॥

અર્થ—ગુપ્ત નસોવાળી વનસ્પતિ (જેની નસો પ્રગટ ન થઈ હોય તેવાં પત્રાદિ.) ગુપ્ત સાંધાવાળી વનસ્પતિ, ભાગવાથી સરખા ભાગ થાય એવી, તાંતણા પ્રગટ ન થયા હોય એવી, અને છેદીને વાવતાં ફરીથી ઉગે એ ૬ લક્ષણ

गूढशिरिसंधिपर्व्वं समभंगमहीरुकं च छिन्नरुहम्।
साधारणं शरीरं तद्विपरीतं च प्रत्येकम् ॥१॥

વાળી વનસ્પતિનું શરીર સાધારણ શરીર જાણવું (અર્થાત્ એ છ લક્ષણમાંના કોઇ એક બે આદિ લક્ષણ વડે સાધારણ વનસ્પતિ એટલે અનન્તકાય વનસ્પતિ જાણવી.) અને એથી વિપરીત લક્ષણવાળું પ્રત્યેક વનસ્પતિનું શરીર જાણવું. ॥૧૧॥

ઇતિ ૩૨ અનંતકાય. ૧૬મું અભક્ષ્ય ॥.

સાતમા ભોગોપભોગ વિરમણવ્રતમાં ચૌદ નિયમોની ટુંકે સમજ અને ધારવાની સમજુતી.

સચિત્ત-દ્રવ્ય-વિગઇ-વાણહ-તંબોલ-વત્થ-કુસુમેસુ ।
વાહણ-સયણ-વિલેવણ-બંભ-દિસિ-ન્હાણ-ભત્તેસુ ॥૧॥

૧ સચિત્ત—જેમાં જીવ હોય તે સચિત્ત કહેવાય છે. અનાજ વિગેરે જે વાવવાથી ઉગી શકે તે સચિત્ત કહેવાય છે. કાચુ શાક, કાચું પાણી, કાચુ. મીઠું વિગેરે તે અચિત્ત થઇ જાય ત્યાર પછી સચિત્ત ગણાય નહિ. કેટલીક પાકેલી વસ્તુઓ બી કાઢી નાખ્યા પછી બે ઘડી (૪૮ મિનિટ) બાદ અચિત્ત થાય છે.

૨ દ્રવ્ય—આખા દિવસમાં જેટલી ચીજો મ્હોંમાં નાખવાની હોય તે દરેક જાતની ચીજ જુદાં જુદાં દ્રવ્ય ગણાય. જેમ કે દૂધ, ભાત, ઇલાયચી વિગેરે ખાવામાં આવતી ચીજની ગણતરી કરવી. ધાતુ, આંગળી, મુખમાં નાખીએ તે દ્રવ્ય ગણાય નહિ.

सचित्त-द्रव्य-विकृति-उपानत्ताम्बूल वस्त्र कुसुमेषु ।
वाहन-शयन-विलेपन ब्रह्म दिशा-ज्ञान-भक्तेषु ॥१॥

૩ વિગઇ—ભક્ષ્ય વિગઇઓ છ છેઃ—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને કડા વિગઇ. (કડા એટલે ઘી તથા તેલમાં તળાય તે અથવા કઢાઇમાં શેકીને થતી ચીજો, મીઠાઇ શીરા લાપસી વિગેરે.) દરેક વિગઇના પાંચ પાંચ નિવિયાતાં છે. (વિગઇ–વિકાર ઉત્પન્ન કરનાર. નિવિયાતુ–વિગઇનો વિકાર સ્વભાવ હણવા માટે તેમાં બીજી વસ્તુ નાંખી બનાવાય તે.) છ વિગઇમાંથી દરરોજ કમમાં કમ એક વિગઇનો તો વારા ફરતી ત્યાગ કરવો જોઇએ. વિગઇનો ત્યાગ ત્રણ રીતે થાય છે. ૧ મૂળથી ત્યાગ, ૨ કાચી ત્યાગ, ૩ નિવિયાતાં ત્યાગ.

૬ વિગઇઓના ઉત્તર ભેદો નીચે પ્રમાણેઃ—

૧ દૂધ પાંચ પ્રકારનું- ૧ ગાયનું, ૨ ભેંસનું, ૩ બકરીનું, ૪ ઘેટીનું, ૫ ઉંટડીનું. (તે સિવાયનાં વિગઇમાં ગણાય નહિ.)

૨ દહીં ચાર પ્રકારનું—૧ ગાયનું, ૨ ભેંસનું, ૩ બકરીનું, ૪ ઘેટીનું.

૩ ઘી ચાર પ્રકારનું—૧ ગાયનું, ૨ ભેંસનું, ૩ બકરીનું, ૪ ઘેટીનું.

૪ તેલ ચાર પ્રકારનું— ૧ તલનું ૨ સરસવનું, ૩ અલસીનું, ૪ બસબસનું, (તે સિવાયનાં વિગઇમાં ગણાય નહિ.)

૫ ગોળ બે પ્રકારનો—ઢીલો ગોળ અને કઠણ ગોળ.

૬ કડા વિગઇ બે પ્રકારની--ઘીમાં તળેલી અને તેલમાં તળેલી. (છ વિગઇઓનાં નિવિયાતાં વગેરેની વિશેષ વિગત પચ્ચક્ખાણ ભાષ્ય અને ગુરૂગમથી જાણવી.)

૪ **વાણહ (ઉપાનહ)**—જોડાં, બુટ, ચંપલ, મોજાં વિગેરે, તેની સંખ્યા નિયત કરવી. ભૂલથી પગ આવે તો જયણા રાખવી.

૫ **તંબોલ**—પાન, સોપારી, ઇલાયચી, તજ, લવિંગ વગેરે મુખવાસની વસ્તુઓ વજનથી (અઘોળાદિક) રાખવી.

૬ **વસ્ત્ર**—પહેરવાં ઓઢવાનાં વસ્ત્રની સંખ્યા નક્કી કરવી. ધાર્મિક કાર્યમાં જયણા રાખવી, ભૂલથી બીજાનું પહેરાય તે ગણાય નહિ.

૭ **કુસુમ**—સુંઘવામાં આવતી દરેક વસ્તુઓ તેનું વજન નક્કી કરવું. ઘી વિગેરેના ડબ્બા સુંઘાય નહિ. સુંઘવાની જરૂર પડે તો તે વસ્તુ આંગળી ઉપર લઈને જ સુંઘવાનો અભ્યાસ રાખવો.

૮ **વાહન**—મુસાફરીનાં સાધનો ફરતાં, ચરતાં અને તરતાં એમ ત્રણ પ્રકારનાં છે. તેમાં ૧ **ફરતાં**—ગાડી, મોટર, રેલ્વે, ટ્રામ, એરોપ્લેન વગેરે. ૨ **ચરતાં**—ઘોડા, ઉંટ વગેરે સ્વારીનાં પશુ વાહનો. ૩ **તરતાં**—વહાણ આગબોટ તથા જળ માર્ગે જવાનાં જે જે સાધનો હોય તે. આ ત્રણેની ભેગી કે જુદી જુદી સંખ્યા નક્કી કરવી.

૯ **શયન**—સૂવા માટે પાથરવાની ચીજો સાથે બેસવાનાં આસનોનો પણ સમાવેશ થાય છે. ખાટલા, પલંગ, ગાદલાં, બુરશી આદિની સંખ્યા નક્કી કરવી.

૧૦ **વિલેપન**—શરીરે લગાડવાનાં દ્રવ્યો તેલ, અત્તર સેન્ટ આદિ વજનથી રાખવાં. (કાંસકા-કાંસકી-દાંતીયા વગેરે પણ અહીં સંખ્યાથી ધારી લેવાં.)

૧૧ **બ્રહ્મચર્ય**–અહીં બ્રહ્મચર્યનો મુખ્ય અર્થ મૈથુન ત્યાગ તથા કૃત્રિમ રીતે થતા શુક્રના ક્ષયનો નિરોધ પણ સમજવો. સ્વદારા સંતોષવાળાએ પણ પ્રમાણ કરી લેવું. કાયાથી પાળવું, મન અને વચનની જયણા. પરસ્ત્રીનો ત્યાગ.

૧૨ **દિશા**—૪ દિશા, ૪ વિદિશા, ઉંચે અને નીચે એમ ૧૦ દિશામાં જવાનો નિયમ કરવો તે. ધર્મને માટે જયણા.

૧૩ **સ્નાન**—સર્વાંગે ન્હાવાની સંખ્યા નિયત કરવી, ધર્માર્થે જયણા.

૧૪ **ભક્ત પાન**—આમાં ખોરાક અને પાણીના વજનનો સમાવેશ થાય છે. દિવસમાં વપરાતા ખોરાક પાણીનું વજન નક્કી કરવું. ચૌદ નિયમો ઉપરાંત નીચેની "**છકાય વિગેરે**" આજ્ઞતોના પણ નિયમ ધારવામાં આવે છે.

॥ છ કાય. ॥

૧ **પૃથ્વીકાય**—સચિત્ત પૃથ્વી રૂપ શરીરવાલા જીવો તથા તેનાં નિર્જીવ શરીરો પણ સમજવાં. માટી, મીઠું, ચુનો, ક્ષાર આદિ વાપરવાનો વજનથી નિયમ ધારવો. અડકવા વિગેરેની છુટ.

૨ **અપ્કાય**—પાણી, બરફ, કરા, આકળ વિગેરે પીવા તથા વાપરવાનો નિયમ ધારવો. (એક મણ, બે મણ આદિ) નિયમવાળાએ પાણીની ચકલી નીચે તથા ન્હોળા પાણીમાં(તળાવ, નદી વિગેરેમાં), ન્હાવું નહિ પરંતુ વાસણમાં પાણી રાખી સ્નાન કરવું. વરસાદમાં જવા આવવાની છુટ.

૩ **તેઉકાય**—ચૂલા, સ્ટવ, ભઠ્ઠી તથા અનેક જાતના દીવા વિગેરેથી તેઉકાયનો ઉપયોગ થાય છે. સંખ્યાથી નિયમ કરવો. અથવા એક, બે, ત્રણ ઘરના ચૂલા, કંદોઇના ચૂલાની છૂટ રાખી હોય તો ત્યાં બનેલ મીઠાઈ વગેરે ખવાય. દીવાસળી આદિની છૂટ.

૪ **વાઉકાય**—પંખા. પૂંઠાં, લુગડાં વગેરે દ્વારા થાય છે. તેનો તથા હીંચકો, સુપડું, ધોકો, સાવરણી, ભુંગળી આ બધી વસ્તુઓનો સંખ્યાથી (૧-૨-૩) નિયમ ધારવો.

૫ **વનસ્પતિકાય**—લીલોતરી એક અથવા બે આદિ વાપરવી. અથવા વજનથી છેદન ભેદન મળીને કુલ વજન નક્કી કરવું. કુટમાં ગણત્રી રાખવી.

૬ **ત્રસકાય**—અળસીયાં, મચ્છર, ડાંસ, માખી, મનુષ્ય, પશુ, માછલાં વિગેરે નિરપરાધી ત્રસ જીવોને નિરપેક્ષપણે જાણી જોઇને હણવાની બુદ્ધિથી હણવાં નહિ. દરેક પ્રવૃત્તિમાં ઉપયોગ રાખવો.

।। જયણાએ ધર્મ ।।

૧ **અસિકર્મ**—હથિઆરથી આજીવિકા ચલાવવાનો ધંધો અર્થાત્ અહીં વાપરવાનાં હથિઆરો વિગેરેનો સમાવેશ થાય છે. તરવાર, બંદુક વિગેરેનો ત્યાગ. તેમજ ચપ્પુ, સુડી, કાતર, સોય, ખાંડણી, ખાંયણીઓ, સાંબેલું આદિની સંખ્યાનો નિયમ કરવો. (ટાંકણીઓ, કલીઓ માટે જયણા રાખવી.)

૨ **મસિકર્મ**—શાહીનો શાસ્ત્ર તથા નામું આદિ

લખવામાં ઉપયોગ થાય છે. પેન્સીલ, હોલ્ડર, ખડીયા, કલમ આદિનો સંખ્યાથી નિયમ કરવો.

૩ કૃષિકર્મ—ખેતી કરીને આજીવિકા ચલાવવાનો ધંધો. ખેતીમાં ઉપયોગી હળ, કોશ, કોદાળી, પાવડા વિગેરેનો આમાં સમાવેશ થાય છે. તેનો સંખ્યાથી નિયમ રાખવો.

।। નિયમો ધારવાનો ભાવાર્થ ।।

જગતના બધા પદાર્થો ભોગોપભોગમાં આવતાં નથી, છતાં તે પ્રત્યેકના આરંભથી ઉત્પન્ન થતા દોષો આપણને અવિરતિપણાએ લાગતાં રહે છે. નિયમો ધારવાથી છૂટ રાખેલ સિવાયના આરંભ સમારંભ કે પાપવૃત્તિનો ત્યાગ થાય છે. તેથી અજાણતાં તેમાંથી આવતાં ભાગમાંથી બચી જવાય છે. ધર્મની આરાધનામાં આત્માના અધ્યવસાય નિર્મળ થાય છે. અને આગળ વધાય છે.

।। રાત્રિએ ધારવાના નિયમોની સમજુતી ।।

ઉપર પ્રમાણે દિવસ સંબંધી સમજવું. પરંતુ રાત્રીમાં કેટલીક બાબતમાં તદ્દન ત્યાગ તથા ઓછીવત્તી જરૂરીયાતના પ્રમાણમાં ઓછાવત્તાપણું રહે, માટે જરૂરીઆત પ્રમાણે ધારવું. કેટલાકમાં થોડો ઘણો જાણવા લાયક ફેરફાર છે તેની સમજ આ પ્રમાણે–ઘણીખરી વસ્તુઓનો ત્યાગ જ રહેશે. છતાં જરૂરીયાત પ્રમાણે છૂટ રાખી શકાય.

૧ રાત્રે ચોવિહાર વાળાને ×અણાહારી ચીજો વાપરવી પડે તો તેની અમુક વજન કે સંખ્યામાં છુટ રાખવી અને

જેટલી ચીજો હોય તેટલાં દ્રવ્ય ધારવાં (૧-૨-૩) અણાહારી ચીજ વાપરવાની છુટ.

૨ બ્રહ્મચર્યમાં વ્રતધારીએ ન્યાયથી સર્વથા બ્રહ્મચર્ય પાર્યું એ પ્રમાણે બોલવું. ગૃહસ્થોએ બીજ વિગેરે તિથિઓ, પર્યુષણાદિ પર્વો, આયંબીલની ઓળીઓ, કલ્યાણકના દિવસો-એ સર્વથા બ્રહ્મચર્ય પાળવાનો નિયમ કરવો. તે સિવાયના દિવસોમાં પણ સંખ્યા તથા વખતથી પ્રમાણ કરવું.

× અણાહારી વસ્તુઓ—

પરંપરાથી વપરાતી અણાહારી ચીજોની વ્યાખ્યા મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ આ રીતે બાંધે છે.—

વસ્તુ અનિષ્ટ ઇચ્છા વિના, જે મુખમાંહિ ધરીજે રે,
ચાર આહારી બાહિરો, તે અણાહાર કહીજે રે;
જોહ જુગતશું જે લહી, વ્રત પચ્ચખાણ ન ખંડે રે.

ફક્ત જરૂર પડે તો જ ચાર જાતના આહાર સિવાય જે સ્વાદ રહિત વસ્તુ ઇચ્છા રહિતપણે મ્હોંમાં રાખી શકાય, તે અણાહાર હોવાથી પચ્ચખ્ખાણનો ભંગ થતો નથી.

અણાહારી ચીજોના વૈદકીય ગુણ દોષ જણાવતાં પહેલાં નીચેની સૂચનાઓ જરૂરી છે—

૧ અણાહારી ચીજો ગમે તેવા સંજોગો હોય તો પણ જરૂર પડે જ વાપરવી.

૨ આચાર્ય મહારાજ અગર ગુરૂજનની આજ્ઞાથી જ વાપરવી.

૩ શુષ્ક (સુકાએલી) જ વાપરવી અને બનતાં સુધી વિસ્વાદી (સ્વાદ રહિત અથવા સ્વાદ ગયો નહિ તેવી.) હોય.

૪ ગામ પાસે આવેલ જંગલમાં ઊગાડી જાણી જોઈ નથી.

૫ બીજી જરૂરિઆતે આહાર થુંકી નાંખવો.

૬ એકલી લેવાય, અગર તો ગમે તેટલી અણાહારી ચીજો ભેગી કરી ચૂર્ણ રૂપે અગર ગુટિકા રૂપે વિશેષ ફાયદા માટે વાપરી શકાય.

૭ માત્ર થુંક મારફતજ ગળામાં ઉતારાય.

૮ કોઈ પણ સંજોગોમાં ઉપવાસ દરમ્યાન વપરાતા પીવાના પાણી સાથે લેવાય નહિ. નહિ તો આહાર થઈ જાય.

૯ ઉપયોગ કર્યા બાદ ઓછામાં ઓછું બે ઘડી સુધી પાણી પીવાય નહિ.

નીચે આપવામાં આવેલી અણાહારી ચીજોમાં જેની આગલ નિશાની (*) કરેલી છે તે ચીજોના સ્વાદ અને ઉપયોગ માટે બેમત છે, માટે યોગ્યાયોગ્યતાનો વિચાર કરી યોજના કરવી, અનુભવી ગુરૂજન પાસે ખાત્રી કર્યા પછીજ વાપરવી.

અણાહારી ઔષધો અને તેના ગુણ.

૧ અગર—તરસ મૂર્છા દૂરકાર, શીતલ, વાર્ધ અપરમાર વગેરે માટે.

૨ અરીણુ—ગ્રાહી, પીડાશામક, ઉંઘ લાવનાર અને પરસેવો વાળનાર. અરીણુ+કેસર કોલેરામાં ઉપયોગી.

૩ આસંધ—ગ્રાહી, દમ ઉધરસ મટાડનાર અને પૌષ્ટિક.

૪ આકહાનું પંચાંગ—વાતહર, કફમ, ઉલ્ટી કરનાર અને પરસેવો વાળનાર.

૫ એળીઓ—રેચક, રૂતુ લાવનાર અને જ્વરમ.

૬ કાંઅર—વામુહર, તરસ બુઝવણ અને પણની તોડ દૂર કરનાર પૌષ્ટિક.

૭ અતિવિષની કળી—જ્વરમ, કટુ, પૌષ્ટિક, ઝાડો બંધ કરનાર.

૮ કડુકણ્ડાની મૂલ—રેચક, આકરું આમોત્ય અને વિસ્મારક.

૯ **ઉપલેટનું લાકડું**—વાતહર, તરસ તથા ઉલ્ટીનો નાશ કરનાર.
૧૦ **કરેણની જડ**—જ્વરઘ્ન, મસ્તક શૂળ મટાડનાર.
૧૧ **કરીઆતુ**—જ્વરઘ્ન, સારક, અરૂચિનાશક.
૧૨ **કસ્તુરી**—અંગનું ખેંચાવું, આંચકી, વાયુ, તૃષા, ઉલ્ટી તથા શોષ નાશક.
૧૩ **કડુ**—સારક, પાચક, અને જ્વરઘ્ન.
૧૪ **કેસર**—કંઠરોગ, મસ્તકશૂળ, ઉલ્ટી, શીતળ, સ્તંભક, પૌષ્ટિક.
૧૫ **કીંદરૂં**—ઉષ્ણ, કફઘ્ન, રક્તાતિસાર અને જ્વરઘ્ન, સ્વેદ્ય.
૧૬ **કાથો**—દાંતમાંહી લોહી આવતાં રોકનાર, સ્તંભક, શીતળ.
૧૭ **કેરમૂળ**—રૂચિકારક, શૂળઘ્ન અને વાતહર.
*૧૮ **કુંવાર**—અપચો મટાડનાર, રેચક, ગુલ્મઘ્ન, પિત્તશામક, બરલ-વૃદ્ધિ મટાડનાર.
૧૯ **ખારો**—પેટનો દુઃખાવો મટાડનાર.
૨૦ **ખેરસાર**—કફ શામક, દાંતને હિતાવહ, ઉધરસ મટાનાર.
૨૧ **ખેરનું મૂળ તથા છાલ**—રક્તશોધક.
૨૨ **ગુગળ**—વયસ્થાપક, વાતહર, શોધક.
૨૩ **ગળો**—જ્વરઘ્ન, શીતળ, પિત્તશામક, મૂત્રલ, તૃષા, દાહ અને ભ્રમ નાશક.
૨૪ **ગૌમૂત્ર**—મૂત્રલ, સારક, મળાવરોધક, ઉદર રોગ મટાડનાર, રેચક
૨૫ **ચિત્રકમૂળ**—દંભક, પેટના દુઃખાવા ઉપર ફાયદાકારક, વાતહર, દીપન, પાચક.
૨૬ **ચિમેડ**—વાતહર, પૌષ્ટિક, ચક્ષુષ્ય.
૨૭ **ચિડ (તલીઓ) દેવદારનું લાકડું**—મૂત્રશોધક, મળાવરોધક, આફરો હેડકી મૂર્છા મટાડનાર, વાયુહર, દીપન, પાચક.
૨૮ **ચુનો**—શિળસ, અજીર્ણ મટાડનાર.
*૨૯ **ચોપચીની**—તૃષાહર, મુંઝવણ દૂર કરનાર, પૌષ્ટિક, વાતરોગનાશક

૩૦ જરદો (તમાકુની જાત)—કફ નાશક, વાતાનુલોમન, વાતહર.
૩૧ જવરખાર—મૂત્રલ, ઉષ્ણ, દીપન, પાચક.
૩૨ ઝેરીગોટલી—અપચો મટાડનાર, જ્વરઘ્ન, પૌષ્ટિક, ચૂંક મટાડનાર.
૩૩ ઝેરી નાળીએર (ટોપરૂં) —પૌષ્ટિક, જ્વરઘ્ન, અપચો ઝાડા અને ચૂંક મટાડનાર.
૩૪ ટંકણ ખાર—મૂત્રલ, રૂતુ લાવનાર, વેણ લાવનાર.
૩૫ ઢાભનું મૂળ—અસ્તિશૂળ ઉલ્ટી રોકનાર, વાંતીહર, મૂત્રલ, રક્તસ્તંભક.
૩૬ તમાકુ (કોઈ પણ જાતના પટ વગરની, ખાવાની અગર સુંઘવાની)—કફશામક, હીસ્ટીરીઆ, દાંત સજ્જડ થવા (બંધાઈ જવા) ઉપર ફાયદા કારક.
૩૭ તગર—ઉલ્ટી માટે.
૩૮ ત્રિફળા—સારક, પિત્ત શામક, દાહ, તૃષા, મુંઝવણ દૂર કરનાર.
૩૯ થોરનું મૂળ—ઉંધ દૂર કરનાર, ગુલ્મ અને અષ્ટિલા ઉપર ગુણકારી.
૪૦ દાડમની છાલ—ઉંચરસ મટાડનાર, કફ નાશક, પિત્તશામક, ગ્રાહી.
૪૧ દમાસો—ઉલ્ટી, ઉધરસ. તાવ, દાહ અને હેડકી મટાડનાર, મૂત્રલ.
૪૨ નિર્મળી—મૂત્રલ, શૂળ ગોળો નાશ કરનાર, રૂચિકર.
*૪૩ નાકુંદ—વાંતીકર, સખ્ત ઉલ્ટી કરનાર, સર્પવિષ કાઢવા માટે.
૪૪ પાનની જડ—વાતહર, ઉષ્ણ, રૂચિકારક, મોળાનાશક.
૪૫ પુંવાડ બીજ—જ્વરઘ્ન, ચામડીના દોષ દૂર કરનાર.
૪૬ ફટકડી—ગ્રાહી, રક્તસ્તંભક.
૪૭ બુચકણ (બુચકંદ)—પિત્તની ઉલ્ટી, વાયુ સંબંધી માથાની પીડા મટાડનાર, તૃષાહર.
૪૮ બેહડાની છાલ—ઉધરસ અને કફ નાશક, શીતળ.
૪૯ બોરની છાલ—શ્રમ, શોષ નાશક, શામક, ગ્રાહી.
૫૦ બોરડીનાં મૂળ—જ્વરઘ્ન, કફ પિત્ત નાશક.

૫૧ આવળની છાલ—રક્તાતિસાર, અતિસાર અને ખાંસી મટાડનાર.
૫૨ બીયો (બીવલો)—રક્તપિત્ત નાશક, રક્તસ્તંભક, ગ્રાહી.
૫૩ બોળ (એલીઆની જાત)—સારક, આર્તવ શોધક.
૫૪ ભોરીંગણી મૂળ—જ્વરઘ્ન, પડખાનુ શૂળ, દમ, ઉધરસ અને હૃદયરોગ ઉપર ફાયદા કારક.
૫૫ મલયાગરૂ—તૃષા, દાહ મટાનાર, જ્વર નાશક,સ્વાદુ, રક્તપિત્ત નાશક.
૫૬ મજીઠ—શૂળ, અર્શ, રક્તાતિસાર, તથા પિત્ત શામક.
૫૭ મરેઠી—ગળાનો સોજો, મ્હોં આવવું, ઉધરસ મટાડનાર.
૫૮ રાખ (સર્વ જાતની)—દાંત સાફ કરનાર.
૫૯ રોહની છાલ—વાતહર, પૌષ્ટિક, શોધક.
૬૦ લીંબડાનું પંચાંગ (છાલ, ડાંખળી, પાન, મૂળ, મ્હોર)—પૌષ્ટિક, જ્વરઘ્ન, શિતળ, ઉલ્ટી બંધ કરનાર, પિત્તશામક, તૃષાહર, મુંઝવણ નાશક.
૬૧ વખમો—પેટનો દુઃખાવો, આફરો મટાડનાર, આહાર પાચક, ભેદક, વાતહર.
૬૨ વડગુંદાં—ગ્રાહી, અતિસાર, કોલેરા ઉપર ફાયદા કારક.
૬૩ ગંધીલો વજ—ગ્રાહી, ગળાનો શોષ, મળાવરોધ, કફઘ્ન.
૬૪ સુરોખાર—મૂત્રલ, સ્વેદલ, શિતળ.
૬૫ સાજીખાર—વાયુહર, દીપન, પાચન.
૬૬ સુખડની જાત—શીતલ, પિત્તશામક.
૬૭ હળદર—અપચાનો નાશ કરનાર, કફઘ્ન, પૌષ્ટિક.
૬૮ હીમજ—તૃષા, મુંઝવણ દૂર કરનાર, સારક.
૬૯ હરડેની [illegible]—આનુલોમ્યકર, સારક, રેચક, શોધક.
૭૦ હીરાબોળ—રક્ત [illegible]—[illegible].

૭૧ ત્રિફળા ગૌમૂત્ર ગોળી—ઝાડો સાફ લાવી પેટનો વાયુ દૂર કરનાર.

આદી, કંથેરલી, ખેાર, ગડુચી, ચુડડી, ચુણીફૂલ, જીકેા, દીકામારી. નાહીયેા, ભસ્મેા, (સર્વ જાતની) સંધીલીંગરી વિગેરે પણ અનાહારી ગણાય છે.

(આ લખાણ વૈદ્યરાજ હિમતલાલ કે. શાહ. બી. એસ. સી. તરફથી પ્રકાશિત થયેલ પત્રિકા ઉપરથી વધારા ઘટાડા સાથે આપેલ છે.)

॥ ઇતિ સાતમા ભોગોપભોગ વિરમણવ્રતાધિકારે ૧૪ નિયમોની સમજુતી ॥

॥ આઠમું અનર્થદંડ વિરમણવ્રત. ગુણવ્રત ત્રીજું ॥

અવતરણ—સાતમું ભોગોપભોગ વ્રત કહીને હવે આઠમું શ્રાવક વ્રત અનર્થદંડ વિરમણ નામનું (ત્રીજું ગુણવ્રત) કહેવાય છે—

तहणत्थदंडविरई अण्णं स चउव्विहो अवज्झाणे ।
पमयायरिए हिंसप्पयाणपावोवएसे य ॥ २३ ॥

ગાથાર્થ—તથા અનર્થદંડ વિરમણ નામનું ત્રીજું ગુણવ્રત ચાર પ્રકારનું છે. ૧ અપધ્યાન (દુર્ધ્યાન) સંબંધિ, ૨ પ્રમાદાચરણ સંબંધિ, ૩ હિંસા(સ)પ્રદાન સંબંધિ, અને ૪ પાપોપદેશ સંબંધિ, એ ચાર પ્રકારનો અનર્થદંડ વર્જવા યોગ્ય છે. ॥ ૨૩ ॥

ભાવાર્થ—જીવ જે પાપ પ્રવૃત્તિઓ કરે છે એમાં કેટલીક પ્રવૃત્તિઓ તો ગૃહસ્થ જીવનના નિભાવને અંગે કર્યા વિના ચાલે નહિ એવી હોય છે, ને કેટલીક પાપ પ્રવૃત્તિઓ જરૂરી કારણ વિનાની નિરર્થક હોય છે. અથવા ઉપયોગ ઉપરાંતની અધિક હોય છે. એવી કારણ વિનાની નિરર્થક પ્રવૃત્તિઓનું નામ અનર્થદંડ છે. (અન્=નથી અર્થ=પ્રયોજન જેમાં એવા દંડ=પાપ વ્યાપાર વડે આત્માને દંડવો. અર્થાત્ જેમાં કંઇ પણ પ્રયોજન નથી એવા આ લોક સંબંધિ વ્યાપાર (પાપ વ્યાપાર) વડે આત્માને દંડવો

तथानर्थदण्डविरतिरन्यत् स चतुर्विधोऽपध्यानम् ।
प्रमादाचरितं हिंसाप्रदानपापोपदेशं च ॥ २३ ॥

તે અનર્થદંડ) તેની વિરતિ–ત્યાગ કરવો તે. એ ત્રીજું ગુણવ્રત છે, અથવા ૮ મું શ્રાવકવ્રત છે. આ વ્રત પણ પાંચે અણુવ્રતને ગુણકર્તા છે; તે આ પ્રમાણે–કારણ વિનાની હિંસા ન કરે, કારણ વિનાનું સ્થૂલ અસત્ય ન બોલે, કારણ વિના સ્થૂલ ચોરી ન કરે, કારણ વિના સ્વસ્ત્રીદિ વિષયે ન સેવે, અને કારણ વિનાનો પરિગ્રહ ન રાખે, તેથી પાંચે અણુવ્રતને ગુણકર્તા છે, માટે ત્રીજું ગુણવ્રત છે.

અનર્થદંડના ૪ મુખ્ય પ્રકાર

॥ ૧ દુર્ધ્યાન (આર્ત–રૌદ્ર ધ્યાન) અનર્થદંડ. ॥

૧ દુર્ધ્યાન અનર્થદંડ, ૨ પ્રમાદાચરણ અનર્થદંડ, ૩ હિંસાપ્રદાન અનર્થદંડ, ૪ પાપોપદેશ અનર્થદંડ એ ૪ પ્રકારના અનર્થદંડમાં દુર્ધ્યાન ૧ આર્તધ્યાન અને ૨ રૌદ્રધ્યાન એમ બે પ્રકારનું છે. તેમાં આર્તધ્યાન પણ ઇષ્ટવિયોગ અનિષ્ટસંયોગ ઇત્યાદિ ૪ પ્રકારનું છે, અને રૌદ્રધ્યાન પણ હિંસાનુબંધિ આદિ ૪ પ્રકારનું છે. એ આઠે દુર્ધ્યાનો અનર્થદંડ છે, કારણ કે ઇષ્ટના વિયોગથી ચાહે તેટલો શોક સંતાપ કરે તો ઇષ્ટ વસ્તુ ભાગ્યમાં પુનઃ મળવાની હોય તો મળે ને ન મળવાની હોય તો ન મળે માટે શોક સંતાપ વિગેરેથી ઇચ્છિત વસ્તુ મળતી નથી, તેમજ શોક સંતાપ કરવાથી અનિષ્ટ વસ્તુ દૂર થતી નથી, ઇષ્ટ વસ્તુ મેળવવાને વા અનિષ્ટ વસ્તુ દૂર કરવાને માટે પ્રયત્ન કરવો એ જરૂરી હોય, કારણ કે ઉદ્યમ અને કર્મ એ બેથી કાર્ય સિદ્ધિ થાય છે, પરન્તુ શોક સંતાપ કરવાથી કંઈ પણ સિદ્ધિ થતી નથી, માટે શોક સંતાપ ઇત્યાદિ આર્તધ્યાન તે અનર્થ-

દંડ છે. એ પ્રમાણે હિંસા વિગેરેનાં રૌદ્ર ધ્યાનો તે મહા ભયંકર ધ્યાન છે. હિંસાઓ વિગેરેના ધ્યાનથી–સતત ચિંતાથી નરકાદિ દુર્ગતિ પ્રાપ્ત થાય છે. શરીરાદિ અવશ્ય કારણમાં પણ રૌદ્ર ધ્યાનનું અવશ્ય પ્રયોજન નથી, માત્ર જરૂર પૂરતા ઉદ્યમનીજ આવશ્યકતા છે. તેથી રૌદ્ર ધ્યાન પણ અનર્થદંડ છે. અહિં ગૃહસ્થ જીવનના ઉચિત નિભાવ પૂરતી અર્થ સામગ્રીઓને માટે તે અર્થ સામગ્રી મેળવવા સંબંધિ ચિંતારૂપ જે આર્તધ્યાન વા રૌદ્રધ્યાન તે અર્થદંડ છે, પરન્તુ અધિક અર્થ સામગ્રી માટેની ચિંતા તથા આવશ્યક અર્થસામગ્રીમાં પણ અધિક પડતી ચિંતા એ સર્વ અનર્થદંડ છે.

॥ ૨ પ્રમાદાચરણ અનર્થદંડ ॥

નિદ્રા–વિકથા–વિષય–કષાય–ને મદ્ય એ પાંચ પ્રકારના પ્રમાદ છે. તે સંબંધિ અનર્થદંડ આ પ્રમાણે–વિના કારણ અવસર વિના પણ ઉંઘવાની ટેવ, વિના, કારણની રાજ કથા, દેશ કથા, ભોજન કથા, ને સ્ત્રી કથા એ ચાર પ્રકારની વિકથા–કુથલીઓ કરવી, (એમાં છાપાં વાંચવાનો શોખ, નોવેલ વાંચવાનો શોખ, ઇત્યાદી અનેક મોજશોખની વાર્તાઓનો સમાવેશ થાય છે,) સ્પર્શેન્દ્રિયાદિકના વિષયોમાં અધિક પ્રવૃત્તિ અને ક્રોધ માન માયા લોભ રૂપ કષાયો (અધિક પડતા કષાયો) એ અનર્થદંડ છે. તથા અફીણ ગાંજો ભાંગ મદિરા આદિ માદક વસ્તુઓ મોજશોખ માટે ખાવી પીવી તે અનર્થદંડ છે. જે શરીર નિર્મદનીય ધાન્યાદિથી પોષાય છે, તો મદિરાદિ મદનીય પદાર્થો ખાવા

નિરર્થકજ છે. એ પાંચે પ્રવૃત્તિઓ શરીરાદિ કારણે અર્થદંડ પરન્તુ વિના કારણે વા અધિક પ્રવૃત્તિ અનર્થદંડ છે. અથવા શુભ કાર્યમાં આળસ તે પણ પ્રમાદાચરણ છે.

॥ ૩ હિંસ્રપ્રદાન (હિંસાનાં ઉપકરણ બીજાને આપવાં તે) અનર્થદંડ ॥

હિંસાનાં સાધન જે ઘંટી-ખાંડણી-હળ-ગાડાં-શસ્ત્ર-વિષ ઇત્યાદિ વસ્તુઓ બીજાને આપવી તે **હિંસાપ્રદાન અનર્થદંડ** છે. પોતાના પુત્રાદિકને સંબંધના કારણથી આપવાં પડે તે અર્થદંડ છે, પરન્તુ જે સગા સંબંધી નથી, તેવાને એવાં હિંસક સાધનો માગ્યાં આપવાં તે અનર્થદંડ છે. સગાંસંબંધિને પણ માગે ત્યારે બનતા સુધી ન અપાય એવા ઉપાયમાં[1] રહેવું.

॥ ૪ પાપોપદેશ અનર્થદંડ ॥

દરેક મનુષ્ય પોતપોતાના ગૃહસ્થ કાર્યોની ચિંતામાં પ્રાયઃ તત્પર હોય છે, તો પણ એક પ્રકારની એવી ખોટી ટેવ પડેલી હોય છે કે બીજાને કંઈને કંઈ તે કાર્યની બાબતમાં શીખામણ આપવી, માટે એવા પ્રકારની ખોટી ટેવથી બીજાને કહેવું કે—તમો આળસુ થઈને કેમ બેઠા છો? વરસાદના દિવસ આવ્યા છે તો ખેતરની બેઠ કેમ

---

૧ પ્રથમ તો શ્રાવકે હિંસાનાં ઉપકરણનાં અંગો છૂટે છૂટાં કરીને જૂદે જૂદે ઠેકાણે મૂકવાં, જેથી માગનાર સંબંધિને પણ કહેવાય કે—એમાંની એક ચીજ કયાં ને બીજી ચીજ કયાંય પડી હશે, કંઇ ઠામ ઠેકાણે વ્યવસ્થિત નથી, ઇત્યાદિ ઉચિત ઉત્તર આપી શકાય.

કરતા નથી? તારે હજી સંતાન નથી તો બીજી કેમ કરતો નથી? આ કન્યા આટલી મોટી થઇ છતાં વિવાહ કેમ કરતા નથી? છોકરાને ધંધે કેમ લગાડતા નથી? ઘરની ભીંત પડવા આવી છે તેને કેમ સુધારતા નથી? ચોમાસું આવ્યું છે તો છાપરું કેમ ચળાવતા નથી? ખેતરમાં ઢોર ખાઈ જાય છે તો વાડ કેમ કરતા નથી? ઇત્યાદિ અનેક પ્રકારના પાપોપદેશ સગા સંબંધને અને પારકાને પણ પૂછ્યા વિના ને વિના પૂછ્યે પણ આપીએ છીએ તો પુત્રાદિકને પૂછ્યે ઉપદેશ-સલાહ આપવી તે અર્થદંડ ને વિના [1]પૂછ્યે વિના સંબંધિને પાપોપદેશ આપવો તે અનર્થદંડ છે, ઉપદેશના ઉપલક્ષણથી સાવદ્ય કાર્યોમાં પ્રવૃત્તિ કરાવવી તે પણ અનર્થદંડ છે. (કેવળ પાપોપદેશજ અનર્થદંડ છે એમ નહિ).

॥ ૮મા અનર્થદંડ વિરમણ વ્રતના ૫ અતિચાર ॥

અવતરણ—૪ પ્રકારનો અનર્થદંડ કહીને હવે એના ૫ અતિચાર છે તે કહે છે—

कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।
उवभोगपरिभोगाइरेगयं चेत्थ वज्जेइ ॥ २४ ॥

---

૧ વિના પૂછ્યે સલાહ આપવી તે લોકમાં ડોળ ડહાપણ (પોતાના ડહાપણનો ડોળ) કહેવાય છે. કારણ કે પૂછ્યા છતાં પણ પાપ કાર્યોમાં સલાહ આપવાની ન હોય તો વિના પૂછ્યે સલાહ ને શીખામણો આપવી તે શ્રાવકને ઉચિત કેમ હોય?

कन्दर्पं कौकुच्यं मौखर्यं संयुताधिकरणं च ॥
उपभोगपरिभोगातिरेकतां चात्र वर्जयति ॥ २४ ॥

ગાથાર્થ—કંદર્પ (કામોદ્દીપક વચનો), કૌકુચ્ય (કામોદ્દીપક બિભત્સ ચેષ્ટાઓ), મૌખર્ય (વાચાળતા), સંયુક્તાધિકરણ (જોડેલાં ઉપકરણો), અને ભોગાતિરિક્ત (અધિક પરિગ્રહ) એ પાંચ પ્રકારના અતિચાર આઠમા વ્રતમાં વર્જવા ॥ ૨૪ ॥

ભાવાર્થ—આ અનર્થદંડમાં પણ જે જે નિરર્થક પ્રવૃત્તિઓ હોય તે જ અતિચાર રૂપે ગણાય છે. તેવી નિરર્થક પ્રવૃત્તિઓ વ્યક્તિ ભેદે જો કે અનેક છે, તો પણ અહિં પાંચ અતિચારની ચાલુ પરિપાટી પ્રમાણે નિરર્થક પ્રવૃત્તિઓ મુખ્ય ૫ પ્રકારની કહી છે તે આ પ્રમાણે—

૧ **કન્દર્પ અતિચાર**—કામવાસનાને ઉદ્દીપન કરે એવાં વચનાદિ તે કન્દર્પ કહેવાય. અહિં શ્રાવકે ખડખડ હસવું કલ્પે નહિ, હસવાના પ્રસંગમાં મુખ મલકાવ્યા પૂરતું અલ્પ હસવું ઉચિત છે, માટે સ્ત્રી આદિક સાથે હાસ્યમોહનીયને ઉદ્દીપન કરનાર હાસ્ય ક્રિયા તથા વિષય વાસનાને ઉત્તેજીત કરનાર ખડખડ હાસ્ય કરવું તે અતિચાર છે. આ અતિચાર પ્રમાદાચરણ વ્રતનો છે.

૨ **કૌકુચ્ય અતિચાર**—કન્દર્પ અતિચારમાં પોતે હાસ્ય કરવાનો સંબંધ છે, અને આ અતિચાર બીજાને હસાવવા સંબંધિ છે, જેથી મુખ કુલાવવું, મુખથી વાજીંત્ર પશુશબ્દ આદિ ધ્વનિઓ ઉપજાવવા, નેત્રના કટાક્ષ કરવા ઇત્યાદિ શરીરના અવયવોથી એવા ચાળા કરવા કે તેથી બીજા લોક ખડખડ હસે, તેમજ ભાંડ ભવૈયા સરખી

બિભત્સ કુચેષ્ટાઓ કરી બીજા લોકની કામવાસનાઓ ઉત્તેજીત કરવી તે અતિચાર છે. કારણ કે શ્રાવકે અંગના એવા ચાળા ન કરવા અને એવાં વચનો ન બોલવાં કે જેથી બીજાઓને હસવું આવે, તેમજ કામવાસના ઉત્તેજીત થાય. માટે આ ચાળા અતિચાર છે. આ અતિચાર પણ પ્રમાદાચરણ વિરતિનો છે.

૩ **મૌખર્ય અતિચાર**—મુખરનો ભાવ તે મુખરતા અર્થાત્ ધીઠાઇનાં વચનો (આગ્રહ દર્શક વચનો) બોલવાં તથા જેમ તેમ અસંબંધ બોલ્યા કરવું, એમ બહુ બોલવાની ટેવથી લોકમાં લબાડી ગણાય છે, એના બોલવાની કિંમત લવારો કરવા જેટલી છે. એ સર્વ પ્રકારની વાચાળતા બકવાદ તે પાપોપદેશ વિરતિનો અતિચાર છે.

૪ **સંયુક્તાધિકરણ અતિચાર**—ઘંટી, ગાડું. ઉખલ, મુશલ ઇત્યાદિ હિંસાનાં અધિકરણોના–ઉપકરણોના અવયવો જોડાયલા તૈયાર રાખે, એથી બીજાઓને માગી લઈ જવાની સુગમતા રહે છે, અને માંગવા આવે ત્યારે તૈયાર ઉપકરણો હોવાથી ન આપવા જેવું બહાનું ઉપજાવવું અશક્ય થાય છે, અથવા કેટલાક તો વિના માગેજ સૂચના માત્ર આપી તરત ઉઠાવી જાય છે, અને શરમમાં ના કહેવાય નહિ, માટે હિંસાનાં ઉપકરણો કામમાં આવે એવાં તૈયાર જોડાયલાં રાખી મૂકવાં તે હિંસ્રપ્રદાન અનર્થદંડ વિરમણવ્રતનો અતિચાર છે. અહિ શ્રાવકે હિંસાનાં ઉપકરણોના અવયવો છૂટે છૂટા કરી નાખી જૂદે જૂદે ઠેકાણે મૂકી દેવા, જેથી માગવા આવનારને "આનું અમુક અમુક

અંગ કયાંય પડયું હશે," ઇત્યાદિ નહિ આપવાનું ઉચિત ન્હાનું કાઢી શકાય.

૫ અધિક પરિગ્રહ અતિચાર—ઉપભોગની વા પરિભોગની વસ્તુ જરૂર પૂરતી લેવી જોઇએ. તેથી અધિક લે તો અતિચાર. જેમ કે—સ્નાન કરતી વખતે ઘણું તેલ ને ઘણાં આમળાં તલાવ આદિ સ્થાને સ્નાનાર્થે લઈ જાય તો તેના લોભથી બીજા પણ ઘણાં લોકો ન્હાવાને સાથે આવે, તેથી નિરર્થક પાપારંભ થાય. એ રીતે ઘણાં તાંબૂલ વિગેરેમાં પણ જાણવું. માટે વિધિ માર્ગ એ છે કે-શ્રાવકે ઘેર જ પાણી ગળીને ન્હાવું, અને ઘેર ન્હાવાનું ન બને તો ઘેર જ તેલ આમળાં ચોળી આમળાં મસ્તકમાંથી ખેરવી નાખીને તળાવે જાય, ને ત્યાં પણ કિનારે બેસીને બોળે બોળે ન્હાય ને ન્હાએલું પાણી તળાવમાં ન જાય તેવો પ્રયત્ન કરે. ઘેરથી લોટો વા તપેલું આદિ ન્હાવા લઈ જવું જેથી પાણી ગાળી શકાય. ને તેમ ન બને તો બોળે બોળે ન્હાય. ઇત્યાદિ અનેક કાર્યમાં જરૂર પૂરતો જ આરંભ કરવો ઉચિત હોય, ને તેથી અધિક આરંભ કરે તો પ્રમાદાચરણ વ્રતનો અતિચાર લાગે. એ રીતે ૩ અતિચાર પ્રમાદ વ્રતના, ૧ હિંસ્રપ્રદાન વ્રતનો, ને ૧ પાપોપદેશ વ્રતનો છે. એ કંદર્પાદિ અતિચારો આકુટ્ટિવડે (જાણી જોઇને) કરવાથી વ્રતનો ભંગ થાય છે, ને અનાભોગાદિ વડે કરવાથી અતિચાર ગણાય છે.

પ્રશ્નઃ—૪ પ્રકારના અનર્થદંડમાંથી ત્રણ અનર્થદંડની વિરતિના અતિચાર કહ્યા, પરન્તુ દુર્ધ્યાન નામના ચોથા

પ્રકારના અનર્થદંડ વિરતિનો અતિચાર કેમ ન કહ્યો ?

ઉત્તર—દુર્ધ્યાનની વિરતિમાં અનાભોગાદિ વડે દુર્ધ્યાનની પ્રવૃત્તિ તે દુર્ધ્યાનાતિચાર છે, એમ ઉપલક્ષણથી જાણવું. ગ્રન્થકર્તાએ સ્પષ્ટપણે કહ્યો નથી. (વૃત્તિમાં કહ્યો છે.)

॥ इति तृतीयगुणव्रतस्यातिचाराः ॥

★

॥ નવમું સામાયિકવ્રત (પહેલું શિક્ષાવ્રત) ॥

અવતરણ—પાંચ અણુવ્રત ને ત્રણ ગુણવ્રતનું સ્વરૂપ કહીને હવે શ્રાવકનાં ૪ શિક્ષાવ્રતો સામાયિક વિગેરે છે તેમાં પહેલા સામાયિક નામના શિક્ષાવ્રતનું સ્વરૂપ કહેવાય છે. શિક્ષા એટલે વારંવાર સેવવા યોગ્ય વ્રત તે શિક્ષાવ્રત.

सिक्खावयं तु एत्थं, सामाइयमो तयं तु विण्णेयं ।
सावज्जेयरजोगाण वज्जणासेवणारूवं ॥ २५ ॥

ગાથાર્થ—અહિં શિક્ષાવ્રત તે સામાયિક નામનું વ્રત જાણવું, અને તે સાવદ્ય યોગોના ત્યાગવાળું અને નિરવદ્ય યોગોને આદરવા રૂપ જાણવું. ॥ ૨૫ ॥

ભાવાર્થ—શિક્ષા એટલે મોક્ષપદને સાધનારી અમુક ચેષ્ટા, તેની મુખ્યતાવાળું વ્રત તે શિક્ષાવ્રત. ત્યાં શિક્ષા બે પ્રકારની છે. ૧ ગ્રહણશિક્ષા, ૨ આસેવન શિક્ષા. ગ્રહણ એટલે વારંવાર વ્રત અંગીકાર કરવાં, ને આસેવન એટલે

शिक्षाव्रतं त्वत्र सामायिकं मो तत्तु विज्ञेयम् ।
सावद्येतरयोगानां वर्जनासेवनारूपम् ॥ २५ ॥

તેને પાળવાં. અહિંસા આદિ અણુવ્રતો ને ગુણવ્રતો એક વાર ગ્રહણ કરાય છે, ને શિક્ષાવ્રત એક દિવસમાં પણ અનેક વાર ગ્રહણ કરાય છે એ તફાવત છે.

।। "સામાયિક" શબ્દનો અર્થ ।।

સમ=રાગદ્વેષ રહિત જીવને આય=લાભ તે **સમાય** કહેવાય, કારણ કે સમ ગુણવાળો જીવ નિરૂપમ સુખના હેતુ એવા અપૂર્વ જ્ઞાન દર્શન ચારિત્ર આદિ પર્યાયો વડે પ્રતિસમય જોડાય છે. (અર્થાત્ પ્રતિસમય જ્ઞાનાદિ પર્યાયોમાં વર્તે છે માટે તે જીવ સમ કહેવાય છે.) માટે એવા **સમાય** ના પ્રયોજનાર્થે (જ્ઞાનાદિ લાભને અર્થે) જે ક્રિયાનુષ્ઠાન કરાય તે **સામાયિક** કહેવાય. અને એ ક્રિયાનુષ્ઠાનમાં સાવદ્ય યોગોનો (પાપ વ્યાપારોનો) ત્યાગ અને નિરવદ્ય યોગોનો (શુભ યોગોનો) આદર (ગ્રહણ-આસેવન) હોય છે, જેથી આ અનુષ્ઠાનમાં સાવદ્યનો ત્યાગ એ મુખ્ય લક્ષણ છે, અને તે સાવદ્ય ત્યાગ અમુક કાળની મર્યાદાવાળો હોય છે, માટે આ સામાયિકવ્રત ગ્રહણ કરીને દ્વિવિધ ત્રિવિધે આરંભાદિકનો ત્યાગ કરીને સ્વાધ્યાયાદિક (બે ઘડી સુધી) કરવાં.

પ્રશ્ન—જિનપૂજા એ શુભયોગ છે, તો સામાયિકમાં જિનપૂજા થાય કે નહિ ?

ઉત્તર—સામાયિકમાં જિન પૂજા ન થાય, કારણ કે આ સામાયિક શિક્ષાવ્રત તો સાધુના આચારવત્ ભાવપૂજા છે, **सामाइयंमि उ कए समणो इव सावओ हवइ जम्हा।**

(જે કારણથી સામાયિક કર્યે છતે શ્રાવક સાધુ સરખો છે.) એ વચન પ્રમાણે સાધુ જેમ જિનપૂજા રૂપ દ્રવ્ય પૂજા ન કરે તેમ સામાયિકમાં શ્રાવક પણ દ્રવ્યપૂજા વા જિનપૂજા ન કરે. વળી જિનપૂજા માટે સ્નાન કરવું જોઇએ, આભૂષણ પહેરવાં જોઇએ, તે સામાયિકમાં બને નહિ, કારણ કે આ સામાયિકમાં સ્નાનનો દેહ વિભૂષાનો વિગેરેનો ત્યાગ હોય છે. ભાવસ્તવમાં આરૂઢ થયેલ જીવને દ્રવ્યસ્તવનું કંઈ પ્રયોજન નથી, કારણ કે દ્રવ્ય સ્તવ તે ભાવસ્તવની પ્રાપ્તિ માટે છે, અને તે ભાવસ્તવ તો સાક્ષાત્ પ્રાપ્ત થયો છે તો દ્રવ્યસ્તવનું હવે બીજું શું પ્રયોજન હોય ?

પ્રશ્ન—સામાયિકનો વિધિ ગરીબ અને તવંગર બન્ને માટે એક સરખો છે કે જૂદો છે ?

ઉત્તર—ગરીબ અને તવંગર એ બેને માટે જૂદો વિધિ છે તે આ પ્રમાણે—

અલ્પર્દ્ધિકનો સામાયિક વિધિ (૪ સ્થાને).

અહિં શ્રાવક બે પ્રકારના છે. ૧ મહર્દ્ધિક (મોટા વૈભવવાળા રાજા-સામન્ત ઇત્યાદિ), અને અલ્પર્દ્ધિક (સામાન્ય ઋદ્ધિવંત અથવા અઋદ્ધિવંત). ત્યાં જે અલ્પર્દ્ધિક શ્રાવક હોય તે દેહરાસરમાં, સાધુની પાસે, પૌષધશાળામાં, અથવા પોતાને ઘેર જ્યાં પોતાનું ચિત્ત ઠરે ત્યાં સામાયિક કરે, અથવા અન્યત્ર પણ જ્યાં કંઈ કામકાજ વિના બેસી રહ્યો હોય ત્યાં કરે, એમ પાંચે સ્થાને સામાયિક કરે. તેમાં પ્રથમના ૪ સ્થાને તો સામાયિક અવશ્ય કરે અને પાંચમા સ્થાને

નિવૃત્તિ હોય તો કરે અને પ્રવૃત્તિવાળો હોય તો ન કરે એમ ભજના જાણવી.

અલ્પર્દ્ધિકને કોઇ પરંપર ભય ન હોય; (રાજ્યાદિ તરફથી વા કોઈ શત્રુ આદિકનો ભય ન હોય.) કોઇની સાથે કંઇ તકરાર ન થઇ હોય, (કે જેથી ઘર બહાર નીકળતાં હેરાન થવાનું હોય.) તથા કોઇનું દેવું ન હોય કે જેથી ઘર બહાર નીકળતાં લેણદાર તરફથી ખેંચતાણ થવાની હોય, વળી દેવાદારને દેખીને કોઈ પકડે પકડાવે નહિ કારણ કે પકડે તો વ્રતભંગ થાય. (ઘેરથી સામાયિક લઇને ઉપાશ્રયે જતાં વચમાં પકડાવાથી વ્રતભંગ થાય છે,) અને કંઇ પણ પ્રવૃત્તિમાં ન હોય તો એ અલ્પર્દ્ધિક શ્રાવક ઘેરથી જ સામાયિક લઇને ઉપાશ્રયે જાય. તથા ઉપાશ્રયે જતાં ઇર્યાસમિતિમાં ઉપયોગવાળો થઈને, વચન સમિતિમાં સાધુની માફક સાવદ્ય ભાષાનો ત્યાગ કરીને, એષણા સમિતિમાં કાષ્ઠ વા પત્થર ઇત્યાદિકની જરૂર પડયે અનુજ્ઞા લઇને પડિલેહીને પ્રમાર્જીને ગ્રહણ કરે, એજ પ્રમાણે કાષ્ઠાદિકને મૂકતી વખતે કરે, એમ આદાન નિક્ષેપ સમિતિમાં વર્તતો, (એટલે ગ્રહણ કરવાની ને ભૂમિ ઉપર મૂકવાની વસ્તુને આજ્ઞા લઇ જોઇ પ્રમાર્જીને લે અને મૂકે) અને પરિષ્ઠાપન સમિતિમાં બળખો નાકનો મેલ વિગેરે વિવેકથી વિસર્જે અને વિવેકથી વિસર્જન કરતો શુદ્ધ ભૂમિ જુએ અને પ્રમાર્જે. (એ પ્રમાણે પાંચ સમિતિનું પાલન કહ્યું.) તથા જ્યાં ઉભો રહે ત્યાં પણ ત્રણ ગુપ્તિનું પાલન કરે. એ વિધિએ ઉપાશ્રયે જઇને સાધુઓને વંદના કરીને સામાયિક ઉચ્ચરે.

~~करेमि भंते सामाइयं~~ ઇત્યાદિ પ્રસિદ્ધ પાઠમાં નિયમં ને બદલે 'સાહૂ' શબ્દ ઉચ્ચરે, (પરન્તુ ચાલુ વિધિ પ્રમાણે તો નિયમં પદ ઉચ્ચરવા યોગ્ય છે.) ત્યાર બાદ [1]ઇરિયા વહિયં પડિક્કમે. ત્યાર બાદ આલોચના લઈને આચાર્યાદિકને ક્રમ પૂર્વક ચઢતી ઉતરતી પદવી પ્રમાણે વંદન કરે. પુનઃ પણ ગુરૂને વંદન કરીને પુંજી પ્રમાર્જીને ભૂમિ ઉપર બેસી ગુરૂને પ્રશ્નાદિ પૂછે અથવા સ્વાધ્યાય કરે. (ભણે ગણે) એ પ્રમાણે દેહરાસરમાં પણ સામાયિક વિધિ જાણવો. તથા પોતાને ઘેર સામાયિક કરે અથવા પૌષધશાળામાં સામાયિક કરે તો ઉપાશ્રયે જવાનું હોતું નથી એ તફાવત છે. (શેષ વિધિ યથાસંભવ પૂર્વવત્ જાણવો).

।। મહર્દ્ધિકનો સામાયિક વિધિ।।

જે શ્રાવક રાજા સામન્ત આદિ મહા વૈભવવાળો હોય તેણે સાધુવંદન તથા દેવવંદન કરવાને અર્થે પોતાની સર્વ ઋદ્ધિ સહિત ઘણા આડંબરથી જવું, જેથી લોકને પણ ધર્મ ઉપર વિશેષ શ્રદ્ધા થાય. કારણ કે ઉત્તમ પુરૂષોએ આદર કરેલા (પ્રતિષ્ઠિત વૈભવી અને મોટા જનોએ આદર કરેલ) સાધુઓ લોકમાં પણ બહુ આદર માનવાળા થાય છે. જો આવા મહર્દ્ધિકો ઘેરથીજ સામાયિક લઈને જાય તો અશ્વ હસ્તિ આદિ વડે અધિકરણ થાય. (અર્થાત્ આડંબર સહિત જવામાં સાવદ્યારંભ થાય.) માટે ઘેર સામાયિક ન લે, તેમજ સામાયિક લઈને દેવ ગુરૂ પાસે પગે ચાલીને

---

૧ આ સામાયિક વિધિ ચાલુ રૂઢ વિધિ રૂપ નથી, પરન્તુ સાધુ પર્યુપાસના સંબંધિ પ્રાચીન વિધિ છે.

જ જવું પડે. (અને મહર્દ્ધિકે તો હસ્તિ આદિ ઉપર બેસીને જવાનું હોય) માટે ઘેર સામાયિક ન કરે. વળી આ પ્રમાણે આડંબર સહિત ગુરૂ પાસે જનાર મહર્દ્ધિક જો શ્રાવક હોય તો તેને માટે ઉભા થવું વિગેરે સત્કાર ન હોય, અને જો ભદ્રક હોય તો (શ્રાવક ન હોય તો) તેનો સત્કાર થવો ઉચિત હોય તેથી તેને માટે પ્રથમથી આસન કરી રાખવું, (બેસવાની સગવડ કરી રાખવી,) અને આચાર્ય પોતે પ્રથમથીજ ઉભા રહે. (પ્રથમ બેઠેલા હોય ને ભદ્રક મહર્દ્ધિક આવ્યે ઉભા થવું તે આચાર્યને ઉચિત ન હોવાથી પ્રથમથી ઉભા રહે). જેથી ઉઠવા સંબંધિ અને બેસી રહેવા સંબંધિ દોષ ન ઉપજે તે કારણથી ઉભા રહે, ત્યાર બાદ તે મહર્દ્ધિક શ્રાવક વા ભદ્રક શ્રાવક સામાયિક કરે. આ સામાયિક સૂત્રનો આલાપક (સૂત્ર પાઠ)ચાલુ પદ્ધતિ મુજબ છે. એ પ્રમાણે સામાયિક કરીને ઇરિયાવહિયં પ્રતિક્રમી સાધુઓને યથાયોગ્ય વંદન કરી પૂછવાનું હોય તે પૂછે અથવા ભણે ગણે. અહિં સામાયિક કરનાર મહર્દ્ધિક મુગટ કુંડલ વીંટી ઇત્યાદિ આભૂષણોને શરીર પરથી ઉતારી મૂકે. (પોતાની સાથે આવેલાને તેટલી વાર સોંપે), તેમજ ફૂલની માળા તાંબૂલ ને ઉત્તરીય વસ્ત્રો વિગેરે વર્જે. એ પ્રમાણે સામાયિકનો [1]વિધિ જાણવો. ॥ ૨૫ ॥

---

૧ ઉપર કહેલો સર્વ સામાયિક વિધિ સંક્ષેપમાં અને પ્રાચીન પરંપરા પ્રમાણે છે. સામાયિક પ્રતિક્રમણ ઇત્યાદિ સામાચારીઓ આચાર્યોની પરંપરામાં કંઇક હીનાધિક પણ થાય છે, અને તે હીનાધિકતા અશઠ અમત્સરી સર્વમાન્ય આદિ ગુણવાળા ગીતાર્થથી જ બની

॥ નવમા સામાયિક શિક્ષાવ્રતના ૫ અતિચાર ॥

અવતરણ—પૂર્વ ગાથામાં સામાયિક વ્રતનો વિધિ દર્શાવીને હવે આ ગાથામાં એ સામાયિક શિક્ષાવ્રતના ૫ અતિચાર કહે છે—

मणवयणकायदुप्पणिहाणं, इह जत्तओ विवज्जेइ ॥
सइअकरणयं अणवट्ठियस्स तह करणयं चेव ॥ २६ ॥

ગાથાર્થ—મનોદુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, કાયદુષ્પ્રણિધાન (દુશ્ચિંતવન, દુર્વચન, દુષ્ટ કાયપ્રવૃત્તિ) એ ત્રણ અતિચાર તથા સ્મૃત્યકરણ (સામાયિક યાદ ન આવવું,) અને અનવસ્થિત કરણ (જેમ તેમ આટોપવું.) એ પાંચ

શકે છે, માટે સામાયિકનો ચાલુ વિધિ ઉપર કહેલા વિધિ સાથે સર્વ રીતે મળતો ન હોય તે સંભવિત છે, વળી પોષહના ૮૦ ભાંગા પ્રમાણે સામાયિક વિધિ પણ જૂદા જૂદા પ્રકારનો હોય, પરન્તુ ભવભીરૂએ તો ચાલુ પરંપરા મુજબ સામાયિક વિધિ કરવા યોગ્ય હોય, જેમ પોષહના ૮૦ ભાંગામાંથી ચાલુ રૂઢીમાં અમુક એક ભંગ પ્રવર્તે છે તેમ. પુનઃ અહિં પહેલું સામાયિક ઉચ્ચર્યા બાદ ઇરિયા વહી પ્રતિક્રમવાની કહી છે, પરન્તુ તે કયા પ્રકારના સામાયિકમાં કઈ રીતે કોને માટે છે ઇત્યાદિ વિશેષતા શ્રીગીતાર્થથી જાણવા યોગ્ય છે. કારણ કે કોઈક ગચ્છમાં પહેલી કરેમિ ભંતે બાદ ઇરિયાવહિયં પ્રતિક્રમાય છે, પરન્તુ તેમાં આ પાઠ આલંબન રૂપ થતો નથી, કારણ કે તે વિધિમાંનો વિધિ પણ ઉપરના પાઠમાં સંપૂર્ણ કર્યાંય દેખાતો નથી.

मनोवचनकायदुष्प्रणिधानं इह यत्नतो विवर्जयति ।
स्मृत्यकरणकं अनवस्थितस्य तथा करणकं चैव ॥ २६ ॥

અતિચારને અહિં સામાયિક નામના નવમા શ્રાવક વ્રતમાં અથવા પહેલા શિક્ષાવ્રતમાં પ્રયત્નથી વર્જવા. ॥ ૨૬ ॥

ભાવાર્થ—મુહૂર્ત્તાદિ કાળ પ્રમાણવાળું સામાયિક વ્રત અંગીકાર કરનાર શ્રાવકને સામાયિકમાં વર્તતાં મનમાં આર્તધ્યાન રૌદ્રધ્યાન ચિંતવવું, તે મનનું દુઃપ્રણિધાન એ અતિચાર છે. સાવદ્ય વચન બોલવું તે વચનનું દુષ્પ્રણિધાન એ અતિચાર છે. અને કાયાથી સાવદ્ય પ્રવૃત્તિ કરવી તે કાયાનું દુષ્પ્રણિધાન એ અતિચાર છે. તથા મેં સામાયિક કર્યું કે નથી કર્યું તે સંભારવું નહિ તે સ્મૃતિ અકરણ અતિચાર છે. મોક્ષનાં અનુષ્ઠાનોમાં કર્યા ન કર્યાનો ઉપયોગ અવશ્ય રાખવો જોઇએ. છતાં તે ન રાખે તો અતિચાર છે. તથા સામાયિક લઈને કાળ પૂર્ણ થયા વિના અધૂરૂં મૂકીને ઊઠી જાય અથવા કાળ પૂર્ણ થયો હોય તે જાણે નહિ એ રીતે સામાયિકને જેમ તેમ આટોપી લેવું અથવા અવ્યવસ્થિત બેસી રહેવું તે અનવસ્થિત કરણ નામનો અતિચાર છે.

એ અતિચારોની વિશેષ સ્પષ્ટતા આ પ્રમાણે—

૧ મનોદુષ્પ્રણિધાન અતિચાર—સામાયિક લઈને ઘરની ચિંતા કરે, કુટુંબની ચિંતા કરે, વ્યાપારની ચિંતા કરે એ રીત આહટ્ટ દોહટ્ટ (આર્ત વશાર્ત) ધ્યાનને પ્રાપ્ત થાય તો તેનું સામાયિક નિરર્થક જાણવું. આ અતિચાર અનાભોગતા ઇત્યાદિ કારણથી જાણવો, પરન્તુ જાણીને દુશ્ચિંતવન કરે તો વ્રતભંગ થાય છે.

૨ **વચન દુષ્પ્રણિધાન અતિચાર**—સામાયિકમાં શ્રાવક જે કંઇ ભાષા બોલે તે મુખે મુહપત્તિ રાખીને વિચાર કરીને બોલે અને જો ઉઘાડે મુખે બોલે તેમજ વિચાર કર્યા વિના સાવદ્ય વચન બોલે તો તેનું સામાયિક નિરર્થક જાણવું. આ અતિચાર અનાભોગાદિકથી છે.

૩ **કાયદુષ્પ્રણિધાન અતિચાર**—સામાયિકમાં ભૂમિને જોયા પ્રમાર્જ્યા વિના બેસે વા ઉભો રહે, અને બે રીતે અજયણાએ પ્રવર્તતાં હિંસાના કારણથી સામાયિક કર્યું ન ગણાય, આ અતિચાર પણ અનાભોગાદિથી છે.

૪ **સ્મૃત્યકરણ અતિચાર**—પ્રમાદના વશથી જ્હારે સામાયિક કયારે કરવાનું છે તે ન સંભારે, તેમજ મેં સામાયિક કર્યું કે નથી કર્યું? એ યાદ ન કરે વા યાદ ન આવે એવા શ્રાવકનું કરેલું સામાયિક પણ નિષ્ફળ છે. આ અતિચાર પણ અનાભોગાદિકથી છે.

૫ **અનવસ્થિત કરણ અતિચાર**—સામાયિક કરીને તરત પારે અથવા ઇચ્છા પ્રમાણે ગમે તે વખતે પારે અને વર્તે એ પ્રમાણે અનાદરથી કરેલું અનવસ્થિત સામાયિક શુદ્ધ નથી. (ટીકામાં કહેલ એ પાંચ અતિચારની ૫ ગાથાઓનો અર્થ છે.)

પ્રશ્ન—ઉપર કહેલી ૫ ગાથાઓના અર્થમાં તો સામાયિક નિરર્થક કહેલું હોવાથી વાસ્તવિક રીતે એવા દોષથી સામાયિકનો જ અભાવ થાય છે. અને અતિચારો તો વ્રતની મલિનતા રૂપ હોય છે; તો સામાયિકના અભાવે એ પાંચ

દોષો અતિચાર કેમ કહેવાય ? વ્રતનો ભંગજ કહેવાય, જેથી મનોદુષ્પ્રણિધાનાદિ દોષો અતિચાર નથી.

ઉત્તર—એ વાત સત્ય છે, પરન્તુ એ દોષ અનાભોગાદિકથી (ઉપયોગની શૂન્યતાએ વા અકસ્માત રીતે મનના દુશ્ચિંતવનાદિ દોષોમાં પ્રવૃત્તિ થઇ જાય તો) અતિચાર છે. અને જાણીને દોષમાં પ્રવર્તે તો વ્રતનો ભંગ છે.

પ્રશ્ન—મન વચન કાયાથી અશુભ વ્યાપાર કરૂં નહિ ને કરાવું નહિ એમ દ્વિવિધ ત્રિવિધે (છ કોટીનું) સામાયિક હોય છે, તેથી મન વિગેરેના દુષ્પ્રણિધાનથી (અશુભ ચિંતવન વિગેરેથી) કરેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે માટે તત્ત્વથી સામાયિકનો અભાવ થાય છે, વળી પ્રતિજ્ઞાભંગનું પ્રાયશ્ચિત કરવું પડે છે, અને મનનું દુશ્ચિંતવન તજ્વું એ તો અતિ દુષ્કર છે, કારણ કે મન ચંચળ છે, જેથી વારંવાર મનના અશુભ ચિંતવનોથી વારંવાર સામાયિકનો ભંગ કરીને વારંવાર પ્રાયશ્ચિત્ત કરવાં એથી તો સામાયિક ન કરવું એ ઉત્તમ છે.

ઉત્તર—ના એમ નહિ, કારણ કે સામાયિક દ્વિવિધ ત્રિવિધે કરવાથી મનથી અશુભ ન ચિંતવું, ઇત્યાદિ ૬ પ્રત્યાખ્યાનો કર્યાં છે. માટે કોઇ એકનો ભંગ થયે પણ બીજાં પાંચ પ્રત્યાખ્યાનોનો ભંગ નથી, તેથી સામાયિકનો અત્યંતાભાવ નથી. (દેશાભાવ છે), અને મિથ્યાદુષ્કૃત માત્રથી મનોદુષ્પ્રણિધાનની શુદ્ધિ થઇ શકે છે, માટે સામાયિક ન કરવું તે ઉત્તમ એમ નહિ. સર્વવિરતિ સામાયિકમાં પણ જેમ ગુપ્તિના ભંગમાં મિથ્યાદુષ્કૃત માત્ર પ્રાયશ્ચિત્ત

કહ્યું છે. તેમ શ્રાવકના સામાયિકમાં પણ જાણવું. વળી अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः (અનુષ્ઠાનોનો અભ્યાસ પણ પ્રાયઃ ઘણા ભવ સુધી કરેલો શુદ્ધ થાય છે,) એ વચન પ્રમાણે એક જ સામાયિક માત્રમાં શુદ્ધ સામાયિક થતું નથી, પરન્તુ એક ભવમાં અનેક વાર સામાયિક કરે અને તેવી રીતે અનેક ભવ સુધી સામાયિક કરતો રહે તો જ સામાયિક [1]શુદ્ધ થાય છે. ॥ ૨૬ ॥

॥ ઇતિ નવમા સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચારો ॥

★

॥ દશમું દેશાવકાશિક વ્રત (બીજું ગુણવ્રત) ॥

અવતરણ—સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત કહીને હવે દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત અથવા ૧૦મું શ્રાવકવ્રત કહેવાય છે—

दिसिवयगहियस्स दिसापरिमाणस्सेह पइदिणं जं तु ।
परिमाणकरणमेयं अवरं खलु होइ विण्णेयं ॥ २६ ॥

---

१ ધર્મનાં દરેક અનુષ્ઠાન પ્રારંભમાંજ શુદ્ધ હોય એમ પ્રાયઃ અને નહિ, કારણ કે અનાદિ કાળનો જીવનો અભ્યાસ અશુભ યોગવાળો છે તે તરત ન જાય, જેથી પ્રારંભનાં અનુષ્ઠાનો એ તો શુદ્ધ અનુષ્ઠાનનો અભ્યાસ માત્ર છે, જેમ નિશાળીઆને નિશાળમાં ભણવા બેસાડીએ તો પહેલેજ દિવસે ભણીને વિદ્વાન થતો નથી, પરન્તુ વર્ષોનાં વર્ષો વ્યતીત થયે થાય છે, તેમ ધર્માનુષ્ઠાન શુદ્ધ થવાને પણ ભવના ભવ વ્યતીત થાય છે.

दिग्व्रतगृहीतस्य दिक्परिमाणस्येह प्रतिदिनं यत्तु ।
परिमाणकरणमेतदपरं खलु भवति विज्ञेयम् ॥ २६ ॥

ગાથાર્થ—દિશિ પરિમાણ નામનું છઠ્ઠું વ્રત ગ્રહણ કરેલા શ્રાવકે જેટલું દિશા પ્રમાણ રાખ્યું છે તેમાંથી પ્રતિદિન પુનઃ પ્રમાણ કરવું (સંકોચવું) તે અહિં દેશાવકાશિક નામનું બીજું શિક્ષાવ્રત અથવા ૧૦મું વ્રત છે એમ જાણવું. ॥ ૨૬ ॥

ભાવાર્થ—છઠ્ઠું દિગ્પરિમાણ વ્રત એ જેટલી મુદત સુધીનું કર્યું હોય તેટલી મુદતને માટે તેટલું દિશા પ્રમાણ છૂટું છે જ, પરન્તુ તેટલા પ્રમાણ સુધી જવા આવવાનું દરરોજ બને નહિ, કેટલાય દિવસ જવા આવવાની જરૂર ન હોય ને કોઈક દિવસ જરૂર હોય, માટે જે દિવસે એમ લાગે કે આજે મર્યાદિત ક્ષેત્ર સુધા જવાનો પ્રસંગ નથી તો તે દિવસે સ્હવારમાં જ જેટલા ક્ષેત્ર સુધી જવું સંભવિત હોય તેટલા ક્ષેત્રનું પ્રમાણ કરે ને બાકીના ક્ષેત્રનો નિયમ-ત્યાગ કરે. પુનઃ રાત્રે તો તેટલું ક્ષેત્ર પણ વ્યવહાર માટે ઉપયોગી ન હોવાથી તેમાંથી પણ અતિ અલ્પ ક્ષેત્ર છૂટું રાખી બાકીના ક્ષેત્રનો ત્યાગ કરે. એમ એક દિવસમાં બે વાર પ્રમાણ બાંધવું તે દેશાવકાશિક વ્રત છે. જેમ છઠ્ઠા વ્રતમાં ચાતુર્માસ માટે ૧૦૦ માઇલ ચારે દિશામાં છૂટા રાખ્યા હતા, તેમાંથી જે દીવસે ૨૫ માઇલથી અધિક જવું સંભવિત નથી એમ જણાય તે દિવસે ૨૫ માઇલ સુધી જવાનું પ્રમાણ અંગીકાર કરી શેષ ૭૫ માઇલનો ત્યાગ કરે. રાત્રે પોતાનું ગામ વા નગર છોડી કયાંય જવાનું નથી એમ જાણી પુનઃ ૨૫ માઇલનો પણ ત્યાગ કરી ગામ જેટલું જ ક્ષેત્ર છૂટું રાખે, આ પ્રમાણે દરરોજ સંભવિત ક્ષેત્ર

જેટલા ક્ષેત્રનું પ્રમાણ સવારે અને રાત્રે બે વાર કરવું અથવા એક વાર કરી રાત્રે પુનઃ સંભારવું, અથવા એક દિવસમાં એક પ્રહર બે પ્રહર સુધી અંગીકાર કરવાથી અનેક વાર પણ કરવું. ગાથામાં "**પઇદિણું**=પ્રતિદિવસ" એ પદ કેવળ દિવસ દર્શક નથી, પરન્તુ ઉપલક્ષણ વાળું હોવાથી પ્રહર આદિકને (મૂહુર્તને) પણ સૂચવનારૂં છે. જેથી આ શિક્ષાવ્રત પ્રહરે પ્રહરે પણ બદલી શકાય છે, પ્રતિદિન પણ બદલી શકાય છે ને એક દિવસમાં બે વાર પણ બદલી શકાય છે. મુહૂર્તે મુહૂર્તે પણ બદલી શકાય છે. વિશેષ એ કે એક અહો રાત્ર માટે સવારે કરેલું પ્રમાણ બીજે ત્રીજે પ્રહરે વા રાત્રે ઘટતું ઘટતું કરી શકાય પણ અધિક અધિક પ્રમાણ ન કરાય. અધિક પ્રમાણ તો સંપૂર્ણ અહોરાત્ર [1]વીત્યા બાદ જ થાય, અને કોઇ પણ દિવસ છઠ્ઠા વ્રતના પ્રમાણથી અધિક પ્રમાણ પણ ન કરી શકાય. જેથી છઠ્ઠું વ્રત નિત્યને માટે અવસ્થિત છે ને દશમું વ્રત અનવસ્થિત છે, ને છઠ્ઠા વ્રતના સંક્ષેપ રૂપ છે. (તેમજ અહિંસાદિક વ્રતોના પણ સંક્ષેપ રૂપ છે.)

અહિં શબ્દાર્થ પ્રમાણે–છઠ્ઠા દિગ્પરિમાણવ્રતના **દેશ**= દેશભાગમાં **અવકાશ**=અવસ્થાન તે **દેશાવકાશ**, અને એવા દેશાવકાશથી બનતું પ્રત્યાખ્યાન તે **દેશાવકાશિક વ્રત કહેવાય.**

અવતરણ—પૂર્વ ગાથામાં દેશાવકાશિક વ્રતનું સ્વરૂપ કહીને હવે તેના અતિચાર કહે છે—

---

૧ ગાથામાં કહેલ **પઇદિણં** શબ્દ એ રીતે જ અત્યંત સાર્થક છે.

वज्जइ इह आणयणप्पओग पेसप्पओगयं चेव।
सद्दाणुरूववायं, तह बहिया पोग्गलक्खेवं ॥ २८ ॥

ગાથાર્થ—આ દેશાવકાશિક વ્રતમાં આનયન પ્રયોગ અતિચાર, પ્રેષ્ય પ્રયોગ અતિચાર, શબ્દાનુપાત અતિચાર, રૂપાનુપાત અતિચાર અને બહાર પુદ્ગલ પ્રક્ષેપ અતિચાર એ પાંચ અતિચાર વર્જવા. ॥ ૨૮ ॥

॥ દશમા દેશાવકાશિક વ્રતના ૫ અતિચાર ॥

ભાવાર્થ—દેશાવકાશ વ્રતમાં જેટલું ક્ષેત્ર છૂટું રાખેલ છે તેથી ઉપરાન્તના ક્ષેત્રમાંથી કોઇ વસ્તુનું પ્રયોજન હોય, ત્યાં પોતે જઇને લઈ આવે તો વ્રતનો ભંગ થાય માટે તેવા ભયથી કોઇની સાથે સંદેશો મોકલી તે વસ્તુ મંગાવે, અથવા અન્ય કંઈ પ્રયોજન સિદ્ધ કરે તો ૧ **આનયન પ્રયોગ અતિચાર** લાગે.

અથવા પોતે ન જતાં દાસ દાસી વિગેરેને મોકલી વસ્તુ મંગાવે વા અન્ય કોઇ પ્રયોજન સિદ્ધ કરે તે ૨ **પ્રેષ્ય પ્રયોગ અતિચાર.** (પ્રેષ્ય એટલે સેવક વર્ગ)

તથા નિયમિત ક્ષેત્રથી બહાર રહેલા કોઇ પુરૂષાદિકને બોલાવવો હોય તો પોતે ખુંખારો કરે, ખાંસી ખાય વા કંઇ ધ્વનિ કરે, જેથી તે માણસ મને બોલાવે છે એમ

वर्जयति इहानयनप्रयोगं प्रेष्यप्रयोगकं चैव ।
शब्दानुरूपपातं तथा बहिः पुद्गलक्षेपम् ॥ २८ ॥

સમજી જાય. એ રીતે ખાંસી આદિ શબ્દ તેના કાનમાં પાડવો તે ૩ **શબ્દાનુપાત અતિચાર.**

તથા નિયમિત ક્ષેત્રથી બહાર રહેલા કોઇ પુરૂષાદિકને બોલાવવા માટે નિયમિત ક્ષેત્રમાંજ ઉભો થઇને વા ચાલી આવીને પોતે દેખાવ દે, જેથી તે પુરૂષાદિ પોતાને બોલાવે છે એમ સમજી જાય તો એવી રીતે **રૂપ**=પોતાના રૂપનો (પોતાનો) અનુપાત=તે પુરૂષાદિકની દૃષ્ટિમાં આવવું તે ૪ **રૂપાનુપાત અતિચાર.**

તથા એ રીતેજ બહાર રહેલા પુરૂષાદિકને બોલાવવાને **બહિર**=બહાર ક્ષેત્રમાં તેના પર પુદ્ગલપ્રક્ષેપ=કાંકરો વિગેરે કંઇ પુદ્ગલ પદાર્થ ફેંકે તે ૫ **બહિર પુદ્ગલપ્રક્ષેપ** નામનો અતિચાર જાણવો. એ પાંચ અતિચાર દેશાવકાશ વ્રતમાં વર્જવા. એ પાંચે અતિચાર વ્રતના ભંગાભંગ રૂપ છે, કારણકે નિયમિત ભૂમિથી બહાર ન જવાથી વ્રતનો અભંગ છે, પરન્તુ બહારના ક્ષેત્રનો પાપારંભ અટકાવવાનો ઉદ્દેશ ન સચવાયાથી તત્ત્વથી વ્રતનો ભંગ છે.

અહિં નિયમિત ભૂમિથી બહાર ન જવાનો ઉદ્દેશ એ છે કે ત્યાંનો પાપારંભ બંધ થાય, અને તે પાપારંભ પોતે કરે કે બીજાની પાસે કરાવે તોપણ તેના ફળમાં કંઇ ફેર પડતો નથી, પરન્તુ એક તફાવત છે કે વ્રતધારી શ્રાવક પોતે જાય તો જયણા પૂર્વક જવાથી પાપારંભ અલ્પ થાય છે, ને બીજાને મોકલતાં અજયણાથી પાપારંભ અધિક થાય છે (છતાં પોતાને નિયમિત ભૂમિથી બહાર ન જવાનું

વ્રત છે માટે બીજાને મોકલે છે, ને બીજાને મોકલવાથી પાપારંભ અધિક થાય છે માટે અતિચાર છે.)

એમાં પહેલા બે અતિચાર અનિપુણ બુદ્ધિવાળાને સહસાકાર આદિક કારણથી (અર્થાત્ અનાભોગાદિ કારણથી થાય છે. અને છેલ્લા ત્રણ અતિચાર એક પ્રકારના બ્હાના–બ્યાજ–મિષથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન—જેમ છઠ્ઠા દિગ્પરિમાણ વ્રતના સંક્ષેપ રૂપે દશમું દેશાવકાશિક વ્રત કહ્યું તેમ અહિંસા આદિ અણુવ્રતોને સંક્ષેપ કરવાનાં વ્રતો કેમ ન કહ્યાં?

ઉત્તર—આ બાબતમાં વૃદ્ધો એમ કહે છે કે છઠ્ઠા વ્રતના ઉપલક્ષણથી શેષ પાંચ અણુવ્રતો વિગેરેનો સંક્ષેપ પણ એજ દશમા વ્રતથી જાણવો, કારણ કે અણુવ્રતાદિકનો પણ સંક્ષેપ અવશ્ય કરવા યોગ્ય છે. અને જો દરેક વ્રતના સંક્ષેપ માટે પણ જૂદાં જૂદાં વ્રત ગણીએ તો શ્રાવકનાં ૧૨ વ્રતની સંખ્યા કાયમ ન રહે. (માટે સર્વનું સંક્ષેપ વિષયિક વ્રત એકજ છે.)

પ્રશ્ન—અહિં કેટલાક એમ આશંકા કરે છે કે–દશમું વ્રત દિશાપરિમાણ વ્રતનો જ સંક્ષેપ કરે છે (બીજાનો નહિ), કારણ કે એના પાંચે અતિચાર દિશા સંક્ષેપને અવલંબીને કહ્યા છે, તો તમો અણુવ્રતાદિકના સંક્ષેપવાળું પણ છે એમ કઇ રીતે કહો છો?

ઉત્તર—જેમ ઉપલક્ષણથી શેષ વ્રતોના સંક્ષેપને પણ દેશાવકાશિકવ્રત કહ્યું છે તેમ ઉપલક્ષણથીજ તે તે વ્રતોના

અતિચાર પણ દેશાવકાશિકને અનુસરતા જાણવા. (અર્થાત્ દેશાવકાશિક વ્રતના અતિચારના ઉપલક્ષણથી શેષ વ્રતોના સંક્ષેપ સંબંધિ અતિચારો પણ દશમા વ્રતના જે અતિચારો છે તેજ જાણવા.) અથવા પ્રાણાતિપાતાદિકના સંક્ષેપમાં પ્રાણાતિપાતાદિ વ્રતોના જે વધ બંધ ઇત્યાદિ અતિચારો છે તે જ અતિચારો સંક્ષેપ રૂપે ઘટી શકે છે, અને દિગ્વ્રતના સંક્ષેપમાં ક્ષેત્રનો સંક્ષેપ હોવાથી (ઉર્ધ્વાતિક્રમાદિ અતિચાર ઉપરાન્ત) શબ્દાનુપાતાદિ અતિચારો પણ હોઇ શકે છે. માટે શબ્દાનુપાતાદિ જૂદા અતિચાર દર્શાવ્યા. (અર્થાત્ દેશાવકાશિક વ્રતમાં સંક્ષેપ સર્વ વ્રતોનો છે, તેમ અતિચાર પણ સર્વ વ્રતોના છે, તફાવત એ કે કેવળ દિગ્પરિમાણ વ્રતના અતિચાર મૂળ વ્રતના પણ છે ને સંક્ષેપના પણ છે.) સર્વ વ્રતોના સંક્ષેપ સંબંધિ જૂદા જૂદા અતિચાર દર્શાવવા જ જોઇએ એવો નિયમ નથી. કારણ કે રાત્રિભોજન આદિ કેટલાએ વ્રત ભેદોમાં જૂદા જૂદા અતિચાર દર્શાવ્યા નથી.

॥ ઇતિ દશમા દેશાવકાશિક વ્રતના ૫ અતિચાર ॥

॥ ઇતિ દ્વિતીયં શિક્ષાવ્રતમ્ ॥

॥ અગ્યારમું પૌષધોપવાસ વ્રત (ત્રીજું શિક્ષાવ્રત.) ॥

અવતરણ—દશમું દેશાવકાસિક વ્રત કહીને હવે અગ્યારમું પૌષધોપવાસ નામનું વ્રત કે જે ત્રીજું શિક્ષાવ્રત છે તે કહેવાય છેઃ—

આહાર-દેહસક્કાર-બંભાવાવારપોસહો યન્નં ।
દેસે સવ્વે ય ઇમં, ચરમે સામાઇયં ણિયમા ॥ ૨૯ ॥

ગાથાર્થ—આહાર પૌષધ, શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ, ને અવ્યાપાર પૌષધ એ ચારે પ્રકાર દેશથી અને સર્વથી ગણતાં ૮ પ્રકારનો પૌષધ છે. ત્યાં છેલ્લા આઠમા પ્રકારના પૌષધમાં સામાયિક અવશ્ય કરવું જોઇએ ॥ ૨૯ ॥.

ભાવાર્થ—પોષ=ધર્મની પુષ્ટિને-પોષણને જે ધ=ધરે-કરે તે પૌષધ એટલે [1]પર્વ દિવસનું ધર્માનુષ્ઠાન (પર્વ દિવસે અવશ્ય કરવા યોગ્ય ધર્માનુષ્ઠાન તે પૌષધ.)

નવમું સામાયિક વ્રત જેમ અનેક વાર સેવવાથી તેમજ દશમું દેશાવકાશ વ્રત પણ અનેક વાર સેવવાથી શિક્ષાવ્રત

आहार-देहसत्कार-ब्रह्मा-व्यापारपौषधो यन्नम् ।
देशे सर्वस्मिंश्च इदं चरमे सामायिकं नियमा ॥ २९ ॥

૧ આ બાબતમાં કોઈ એમ કહે છે કે પૌષધ અનુષ્ઠાન પર્વ-દિવસે જ થાય પરન્તુ અન્ય દિવસે ન જ થાય એમ એકાન્ત નિષેધ કરે છે. પરન્તુ **पर्वदिनानुष्ठानम्** એ પદ જે અહિં વ્યાખ્યામાં કહ્યું છે તે અન્ય દિવસો માંટે એકાન્ત નિષેધ કરનારૂં નથી, પરન્તુ પર્વ-દિવસે અવશ્ય કરણીયનું સૂચક છે. વિશેષ નિવૃત્તિવાળો શ્રાવક અન્ય દિવસે પણ આવું ઉત્તમ ધર્માનુષ્ઠાન કરે તેમાં દોષ શું ? જો અનાજ્ઞા દોષ ગણીએ તો આ બાબતની ચર્ચાવાળા ગ્રંથોમાં અન્ય દિવસોમાં પૌષધવિધિનો ભાવાર્થ પણ મળી આવે છે માટે આજ્ઞા વિરૂદ્ધાચરણ દોષ અનૈકાન્તિક છે.

છે તેમ પૌષધવ્રત પણ અનેક વાર (એક દિવસમાં એક વાર, પરન્તુ માસ આદિક મુદ્દતમાં અનેક વાર) સેવવા યોગ્ય હોવાથી શિક્ષાવ્રત છે. ત્યાં પૌષધ વ્રત મુખ્યત્વે ૪ પ્રકારનું ને ઉત્તર ભેદે ૮ પ્રકારનું છે. તે આ પ્રમાણે—

૧ **દેશથી આહાર પૌષધ**—અમુક એક વિગઇ અથવા એક અવિગઇનું (એક નિવિયાતાનું) અથવા એક આયંબિલનું ભોજન અથવા એકજ વાર કે બેજ વાર ભોજન કરવું (અર્થાત્ એકાસણું વા એકલઠાણું કરવું) અથવા બેસણું કરવું વા તિવિહાર ઉપવાસ કરવો તે દેશથી આહારના ત્યાગરૂપ **દેશ આહાર પૌષધ.**

૨ **સર્વથી આહાર પૌષધ**—અહોરાત્ર પર્યન્ત, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો (અર્થાત્ ચઉવિહાર ઉપવાસ કરવો.) તે.

૩ **દેશથી શરીર સત્કાર પૌષધ**—સ્નાન કરવું, ઉદ્વર્તન કરવું, (તેલ મસળવું.) વિલેપન કરવું, ફૂલમાળા પહેરવી, અત્તર સેન્ટ વિગેરે સુગંધીઓ લગાવવી, બહુ મૂલ્યવાળાં વસ્ત્ર પહેરવાં, આભૂષણ પહેરવાં, કેશ ઓળવા ચોળવા, સાબુ ઘસવો, દાતણ કરવું, આંખનું અંજન કરવું, ઇત્યાદિ અનેક પ્રકારની શરીર શોભામાંથી કોઇ એક બે આદિ શોભાનો ત્યાગ કરવો તે દેશથી શરીરસત્કાર પૌષધ.

૪ **સર્વથી શરીર સત્કાર પૌષધ**–ઉપર કહેલી સર્વ શરીર શોભાઓનો ત્યાગ કરવો (ફકત અલ્પ મૂલ્યવાળાં વસ્ત્ર પહેરવાં તે.)

૫ દેશથી બ્રહ્મચર્ય પૌષધ—દિવસેજ બ્રહ્મચર્ય પાળવાનો નિયમ કરવો, અથવા કેવળ રાત્રેજ બ્રહ્મચર્યનો નિયમ કરવો, અથવા એકજ વાર અથવા બે જ વાર બ્રહ્મનો ત્યાગ કરવો તે દેશથી બ્રહ્મચર્ય પૌષધ.

૬ સર્વથી બ્રહ્મચર્ય પૌષધ—અહોરાત્ર પર્યન્ત સર્વથા બ્રહ્મચર્ય પાળવું તે.

૭ દેશથી અવ્યાપાર પૌષધ—ખેતીકર્મ, વાહનકર્મ, ગૃહકર્મ ઇત્યાદિ (અર્થાત્ દુકાન વિગેરેના) અનેક વ્યાપારોમાંથી કોઇ પણ એક બે આદિ વ્યાપારોનો ત્યાગ કરવો તે. (અહિં સર્વ સાવદ્ય વ્યાપારોનો ત્યાગ તે પૌષધ છે, પરન્તુ દેરાસર ઉપાશ્રય વિગેરે ધર્મ સંબંધિ કાર્યો તે વ્યાપાર તરીકે અહિં ન ગણવાં.)

૮ સર્વથી અવ્યાપાર પૌષધ—સર્વ પ્રકારના વ્યાપારોનો ત્યાગ કરવો તે. (અહિં દેરાસર સંબંધિ દ્રવ્ય પૂજા રૂપ વ્યાપારનો પણ ત્યાગ થાય છે.)

એ આઠે પ્રકારના પૌષધમાં પહેલા ૬ પૌષધ સામાયિક સહિત નથી, સાતમો દેશ અવ્યાપાર પૌષધ સામાયિક સહિત પણ હોય ને રહિત પણ હોય, અને આઠમો સર્વ અવ્યાપાર પૌષધ નિયમા સામાયિક સહિત થાય છે. એમાં જો સામાયિક ન કરે તો આઠમા પોસહના ફળથી વંચિત થાય છે, અથવા સામાયિકના ફળથી પણ વંચિત થાય છે, (કારણ કે કંઇ પણ પ્રવૃત્તિ કરવાની જ નથી તો સામાયિક કરવામાં હરકત શું? સામાયિક કરવાથી એક વ્રતમાં

સહજે બે વ્રતનો લાભ મળે છે, અને લાભાકાંક્ષી જીવ તેવો સહજે મળતો લાભ કેમ જવા દે ? માટે આઠમો પૌષધ સામાયિક સહિત સફળ છે.

પ્રશ્નઃ—સામાયિક વ્રત જેમ ઉપાશ્રયે દેહરે પૌષધશાળાએ અને ઘેર એમ ચાર સ્થાને કરવા યોગ્ય કહ્યું, તેમ પૌષધવ્રત કયા સ્થાને કરવું ?

ઉત્તરઃ—સામાયિક વ્રતની જેમ પૌષધ વ્રત પણ એજ ચાર સ્થાને કરી શકાય છે. (આ વિધિ મુખ્યત્વે સામાયિક સહિત આઠમા પૌષધની છે.) એ ચારમાંના કોઈ પણ સ્થાને પૌષધવ્રત ઉચ્ચરી આભૂષણાદિના ત્યાગ સહિત ભણે ગણે ધ્યાન કરે અને ભાવના ભાવે કે આ પ્રકારના સાધુગુણોને હું કયારે પામીશ ! આ ગુણો પ્રાપ્ત કરવામાં હજી હું અસમર્થ છું. ઇત્યાદિ રીતે સાધુ ગુણોની ભાવના ભાવે. વળી સામાયિકમાં બે ઘડી આદિ કાળ પ્રમાણ સુધી સાધુ સરખો શ્રાવક છે, તો આઠમા પૌષધવ્રતમાં દિન પ્રમાણ વા રાત્રિ પ્રમાણ વા દિનરાત્રિ સુધી સાધુ સરખો છે.

એ [1]પૌષધ પ્રત્યાખ્યાન સ્થૂલ છે અને સામાયિક પ્રત્યાખ્યાન સૂક્ષ્મ છે. (કારણ કે સામાયિક અલ્પ કાળ માત્ર છે. અને સૂક્ષ્મ નિયમોવાળું છે, અને પૌષધ વ્રત દીર્ઘકાળનું અને કેવળ સામાયિકથી કંઇક સ્થૂલ નિયમોવાળું છે), તેથી જો આહારાદિ પૌષધની માફક અવ્યાપાર પૌષધ પણ

---

૧ એ ૮ ભેદના અસંયોગી દ્વિસંયોગી આદિ સર્વ મળીને ૮૦ ભાંગા થાય છે, અર્થાત્ ૮૦ પ્રકારે જૂદું જૂદું પૌષધ વ્રત લઈ શકાય છે, પરન્તુ વર્તમાનમાં સર્વ ભાંગાની પ્રવૃત્તિ નથી.

અન્નત્થણાભોગેણું આદિ આગારો સહિત અંગીકાર કરાય તોજ એની સાથે લેવાતું સામાયિક સાર્થક થાય.

તથા પૌષધવ્રતવાળાએ પણ સાવદ્ય વ્યાપારો કરવાના નથીજ, તે કારણથી જો સામાયિકવ્રત પણ સાથે ન ઉચ્ચરે તો સામાયિકથી મળતા વિશેષ લાભથી વંચિત રહે અથવા સામાચારી ભેદથી જેમ સામાયિક દ્વિવિધ ત્રિવિધે ઉચ્ચરાય છે તેમ પૌષધવ્રત પણ દ્વિવિધ ત્રિવિધે ઉચ્ચરે તો સામાયિકનું પ્રયોજન પૌષધમાંજ અન્તર્ગત થઇ જાય છે, તેથી ભિન્ન સામાયિક વ્રતોચ્ચાર જો કે પ્રયોજનવાળો નથી તોપણ મેં પૌષધ ને સામાયિક એ બે વ્રત અંગીકાર કર્યાં છે એવી ભાવનાવડે સામાયિકોચ્ચાર સફળ છે. ॥૨૯॥

॥ અગ્યારમા પૌષધવ્રતના ૫ અતીચાર ॥

અવતરણ—પૂર્વ ગાથામાં પૌષધ વ્રતના ૮ પ્રકાર કહીને હવે આ ગાથામાં અતિચાર કહેવાય છે—

अप्पडिदुप्पडिलेहियपमज्जसेज्जाइ वज्जई एत्थ ।
सम्मं च अणणुपालणमाहाराईसु सव्वेसु ॥ ३० ॥

ગાથાર્થ—૧ અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક, ૨ અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક, ૩ અપ્રતિલેખિત-દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ, ૪ અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત ઉચ્ચારપ્રશ્રવણ ભૂમિ એ ચાર અતિચાર

अप्रतिदुष्प्रत्युपेक्षिताप्रमार्जितशय्यादि वर्जयत्यत्र ॥
सम्यक् चाननुपालनमाहारादिषु सर्वेषु ॥ ३० ॥

તથા આહાર આદિ ચારેમાં ૫ સમ્યક્ અનનુપાલન એ પાંચે અતિચાર આ ૧૧ મા પૌષધવ્રતમાં વર્જવા. ॥ ૩૦ ॥

ભાવાર્થ—પાંચ અતિચારમાં બે અતિચાર શય્યા સંસ્તાર (સંથારા) સંબંધિ અને બે અતિચાર ઉચ્ચાર પ્રશ્રવણની (વડીનીતિ લઘુનીતિની) ભૂમિ સંબંધિ છે. અને ૧ અતિચાર આહારાદિકની અવિધિનો છે. તથા શય્યા સંથારાના અને ઉચ્ચારપ્રશ્રવણના જે બે બે અતિચાર કહ્યા તેમાં એક પડિલેહણા (પ્રતિલેખના સંબંધિ એટલે દૃષ્ટિથી જોવા) સંબંધિ છે, ને બીજો પુંજવા પ્રમાર્જવા સંબંધિ છે. જેથી એ દરેક અતિચાર અપ્રતિલેખિત દુઃપ્રતિલેખિત એ બે પદવાળો ને અપ્રમાર્જિત દુઃપ્રમાર્જિત એ બે બે પદવાળો છે. તેનાં સ્પષ્ટ ભાવાર્થ આ પ્રમાણે—

૧ અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત શય્યાસંસ્તારક અતિચાર.

પૌષધવ્રતવાળા શ્રાવકને ગાદી ગોદડાં પાથરવાના હોય નહિ પરન્તુ દર્ભનો ઘાસ અથવા કુશ જાતિનો ઘાસ તથા કાંબલ ને વસ્ત્ર આદિ પાથરવાનાં હોય છે. તે દર્ભાદિ વસ્તુઓ શરીરની દીર્ઘતા જેટલી પાથરી હોય તો તે પથારી શય્યા કહેવાય, અને શરીરની દીર્ઘતાથી ટુંકી અઢી હાથ પ્રમાણ પાથરી હોય તો તે પથારી સંસ્તારક–સંથારો કહેવાય. અહિં શય્યા અથવા સંથારો તે શય્યાસંથારો એક શબ્દ છે. વળી એ શય્યાસંથારો પણ નજરથી જીવજંતુ જોઈને અને હોય તો યતનાપૂર્વક રજોહરણાદિકથી દૂર કરીને યથા-

સ્થાને મૂકીને પાથરવાનો હોય છે, તેમાં દૃષ્ટિથી સમ્યક્ પ્રકારે ઉપયોગ પૂર્વક જોવું તે **પ્રતિલેખના**–પડિલેહણા કહેવાય, અને વસ્ત્રાદિકને ચરવળાથી પૂંજવું તે **પ્રમાર્જના** કહેવાય, દૃષ્ટિમાં ન આવેલો જંતુ પણ પ્રમાર્જનાથી દૂર થાય છે. માટે જંતુરક્ષણાર્થે પડિલેહણા ને પ્રમાર્જના એ બન્ને ક્રિયા ઉપયોગી છે. પૌષધવ્રતી શ્રાવકે એ પ્રમાણે શય્યાસંથારાનું પડિલેહણ ને પ્રમાર્જન કરીને તેમજ એ રીતે પાથરીને કાયબાધા ટાળવા જવું પડયું હોય તો આવીને પુનઃ પડિલેહણ કરવું જોઇએ. શય્યાસંથારો પાથરવો જોઇએ, પરન્તુ તેમ ન પાથરે અને પડિલેહણ ન કરે અર્થાત્ પ્રતિલેખના કર્યા વિના (દૃષ્ટિથી બરાબર જોયા વિના) પાથરે વા શયન કરે તો **અપ્રતિલેખિત**, અને કદાચ જુએ તો ઉપયોગશૂન્યતાએ અનાદરથી જેમ તેમ જોઈને પાથરે તો **દુષ્પ્રતિલેખિત** કહેવાય. જેથી એ પ્રમાણે જોયા વિના અને જુએ તો જેમ તેમ જોઈને શય્યા વા સંથારો પાથરવો તે **અપ્રતિલેખિતદુષ્પ્રતિલેખિત શય્યાસંસ્તારક** નામનો પહેલો અતિચાર ગણાય. વળી આ અતિચાર કેવળ શય્યા સંથારાને અંગે જ છે એમ નહિ પરંતુ બાજોઠી પાટલો ઇત્યાદિકને અંગે પણ એ જાણવો.

૨ અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક અતિચાર.

ઉપર કહ્યા પ્રમાણે શય્યા સંસ્તારકને રજોહરણાદિકથી પ્રમાર્જવો જોઇએ, અને ન પ્રમાર્જે તો અતિચાર ગણાય.

પુનઃ પૌષધમાં ઉપયોગી બાજોઠ પાટલા આદિકને પણ રજોહરણાદિક વડે ન પ્રમાર્જે તો અતિચાર છે. (માટે કોઈ પણ પૌષધોપયોગી વસ્તુ પ્રમાર્જ્યા વિના ઉપયોગમાં લેવી નહિ.)

પ્રશ્ન—પૌષધવ્રતી શ્રાવક રજોહરણ રાખે ?

ઉત્તર—હા રાખે. સામાયિકની સમાચારી પ્રસંગે શ્રી આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે કે—"રજોહરણ વડે પ્રમાર્જના કરે, કારણ કે સાધુનું ઔપગ્રહિક રજોહરણ હોય તો માગે, અને જો ઔપગ્રહિક રજોહરણ ન હોય તો વસ્ત્રના છેડાથી પણ પ્રમાર્જના કરે." માટે પૌષધવ્રતી શ્રાવકે પણ રજોહરણ રાખવું જોઇએ.

૩ અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ અતિચાર.

પૌષધવ્રતી શ્રાવકે વડીનીતિ કરવાનું સ્થાન તે **ઉચ્ચાર ભૂમિ,** ને લઘુનીતિ કરવાનું સ્થાન તે **પ્રશ્રવણ-ભૂમિ.** એ બન્ને ભૂમિને દૃષ્ટિથી જોવી, અને જંતુ હોય તો યતના પૂર્વક દૂર કરવા, જેથી એવી પ્રતિલેખિત ભૂમિમાં ઉચ્ચાર પ્રશ્રવણ કરવા જોઇએ, પરન્તુ તેમ ન કરે અને કદાચ જુએ તો જેમ તેમ અનાદરથી જુએ તે અપ્રતિ-લેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ નામનો ત્રીજો અતિચાર છે. (અહિં પ્રશ્રવણ માત્રુ પેસાબ એકાર્થવાચક છે. તથા ભૂમિના ઉપલક્ષણથી માત્રાની કુંડી પણ જોવી.)

૪ અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ અતિચાર.

ત્રીજા અતિચારમાં જેમ ભૂમિને જોવા સંબંધિ અતિચાર કહ્યો તેમ આ અતિચાર ભૂમિને પ્રમાર્જવા સંબંધિ છે, જેથી ઉચ્ચાર ભૂમિને પ્રમાર્જે નહિ અને પ્રમાર્જે તો ઉપયોગ શૂન્યતાએ જેમ તેમ અનાદરથી પ્રમાર્જે તે અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રશ્રવણ ભૂમિ અતિચાર છે.

પ્રશ્ન—દેશથી આહાર ત્યાગ વિગેરે પૌષધમાં તો શ્રાવક છૂટો (સામાયિક રહિત) છે તો એવા છૂટા શ્રાવકને સાધુવત્ શય્યા સંથારો કેવી રીતે હોય? તેમજ ઉચ્ચાર પ્રશ્રવણની ભૂમિનું પ્રમાર્જનાદિ પણ કેવી રીતે હોય? કારણ કે આ વિધિ તો સાધુ સરખા નિયમવાળા શ્રાવકની હોઈ શકે છે છૂટાની નહિ.

ઉત્તર—એ વાત સત્ય છે, કારણ કે પ્રથમના ૬ પોસહમાં શ્રાવક છૂટો છે, પરન્તુ સાતમામાં ભજનાએ સામાયિકવાળો અને આઠમામાં નિયમા સામાયિકવાળો હોય છે, જેથી આઠમા પૌષધવાળો શ્રાવક સાધુ સરખી અવસ્થાવાળો હોવાથી શય્યાસંથારો ને ઉચ્ચાર ભૂમિ એ બન્નેનો વિધિ સાધુ સરખો હોય છે, માટે એ ચારે અતિચાર સર્વથી અવ્યાપાર પૌષધવાળાના છે, પરન્તુ પ્રથમના પોસહવાળાને નહિ. તથા એ ચારે અતિચાર વ્રતની મલિનતા થવાથી છે. (જેથી દેશભંગ રૂપ અતિચાર છે.)

૫ સમ્યક્ અનનુપાલન અતિચાર.

પૌષધવ્રતી શ્રાવક આહાર પૌષધનો નિયમ લઇને સર્વ પ્રકારના આહારની વા દેશથી આહારની ઇચ્છા કરે, અને બીજે દિવસે પારણાનાં રસિક ભાવતા આહાર નિપજાવે તે આહાર પૌષધનો અનનુપાલન અતિચાર. તથા શરીર સત્કાર પૌષધ કરીને શરીરની ઉદ્વર્તના કરે, શોભાને અર્થે નખ કેશ આદિ સમારે, શરીરે ગરમી લાગે તો જળ સિંચન કરે, પંખાથી હવા ખાય, ઇત્યાદિ રીતે શરીર સત્કાર કરે તો એ અનનુપાલન અતિચાર શરીર સત્કાર સંબંધિ જાણવો. તથા બ્રહ્મચર્ય પૌષધ લઇને લૌકિક પરલૌકના વિષય ભોગની ઇચ્છા કરે અથવા સ્પર્શાદિ સુંદર વિષયોની ઇચ્છા કરે તો બ્રહ્મચર્ય પૌષધનો અનનુપાલન અતિચાર ગણાય. તથા અવ્યાપાર પૌષધ લઇને સાવદ્ય વ્યાપારમાં પ્રવર્તે, અથવા અમુક વ્યાપાર કર્યો છે ને અમુક નથી કર્યો ઇત્યાદિ સાવદ્ય વ્યાપારોની ઇચ્છા કરે તે અવ્યાપાર પૌષધનો અનનુપાલન અતિચાર છે. માટે આ પૌષધવ્રતનું પાંચે અતિચાર રહિત શુદ્ધ પાલન કરવું.

॥ ઇતિ એકાદશ પૌષધવ્રતસ્યાતિચારાઃ ॥

બારમું અતિથિ સંવિભાગ વ્રત (ચોથું શિક્ષાવ્રત)

અવતરણ—પૂર્વ ગાથામાં પૌષધ વ્રતના અતિચાર કહીને હવે આ ગાથામાં અતિથિ સંવિભાગ નામનું ૧૨મું શ્રાવક વ્રત અથવા ચોથું શિક્ષાવ્રત કહેવાય છે.

अण्णाईणं सुद्धाण कप्पणिज्जाण देसकालजुतं ।
दाणं जईणमुचियं, गिहीण सिक्खावयं भणियं ॥३१॥

ગાથાર્થ:–શુદ્ધ અને સાધુને કલ્પે એવા અન્નાદિકનું (અશનાદિકનું) મુનિ મહારાજને દેશ કાળ યુક્ત દાન દેવું તે ઉચિત છે અને એજ ગૃહસ્થોનું શિક્ષાવ્રત કહ્યું છે. ૩૧

ભાવાર્થ–દાન શીલ તપ અને ભાવના એ ૪ પ્રકારના ધર્મમાં દાન દેવું એ પણ શ્રાવકનો ધર્મ છે. ત્યાં અભયદાન અને સુપાત્રદાન એ બે ધર્મદાન છે, તેમાં અહિંસા આદિ અણુવ્રતો અભયદાનની મુખ્યતાવાળા છે અને બારમું અતિથિસંવિભાગ વ્રત સુપાત્રદાન રૂપ છે. એ બન્ને દાન મોક્ષ ફળને આપનારાં છે અને શેષ ઉચિતદાન, કીર્તિદાન ને અનુકંપા દાન ભોગફળને આપનારાં છે. ચાલુ અધિકાર અતિથિ સંવિભાગરૂપ સુપાત્રદાનનો છે.

પ્રશ્ન–અતિથિ સંવિભાગ શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર—**तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।**
अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ॥

અર્થ:—અમુક તિથિએ ધર્મ કરવો, અમુક પર્વે આ ધર્મ કરવો. તેમજ અમુક તિથિના પર્વે ઉત્સવ મહોત્સવો કરવા એ સર્વ વ્યવહારોનો જે મહાત્માએ ત્યાગ કર્યો છે. (અને તેથી

अन्नादीनां शुद्धानां कल्पनीयानां देशकालयुतम् ।
दानं यतिभ्य उचितं गृहिणां शिक्षाव्रतं भणितम् ॥३१॥

તિથિની અપેક્ષા વિના દરરોજ ધર્મ ક્રિયાવાળા, પર્વની અપેક્ષા વિના દરરોજ પર્વતુલ્ય ધર્માનુષ્ઠાન કરવાવાળા, અને અમુક તિથિપર્વે દ્રવ્ય ઉત્સવની અપેક્ષા વિના દરરોજ ભાવમહોત્સવવાળા અર્થાત્ ઉપશાન્તાદિ સદ્ગુણોથી દરરોજ અત્યંત આનંદવાળા) એવા મુનિ મહાત્માઓ તે અતિથિ જાણવા, અને પોતાને માટે કરેલા આહારાદિકમાંથી તેમને સમ્યગ્ વિધિએ કંઇક ભાગ આપવો તે સંવિભાગ કહેવાય, જેથી અતિથિ સંવિભાગ એટલે મુનિ મહારાજને શુદ્ધ અને કલ્પનીય આહાર વિગેરેનું દાન આપવું અને તે પણ દેશ-કાલને અનુસરીને ઉચિત દાન આપવું.

પ્રશ્નઃ—શુદ્ધ આહારાદિ કોને કહેવા ?

ઉત્તર—બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય ને શૂદ્ર, તેઓએ પોત-પોતાની જાતિને યોગ્ય આજીવિકા કરીને મેળવેલ આહારાદિ તે શુદ્ધ, પરન્તુ બ્રાહ્મણ હોઇને ખેતીનો ધંધો કરીને અને વૈશ્ય હોઇને ચામડાંનો ધંધો કરીને ઇત્યાદિ જાતિ વિરૂદ્ધ ધંધાથી નહિ મેળવેલું તે શુદ્ધ, અને તે પણ કપટ પ્રપંચ ને દગલબાજીઓ રમીને મેળવેલું નહિ તે શુદ્ધ.

પ્રશ્નઃ—કલ્પનીય આહારાદિ કોને કહેવા ?

ઉત્તર—મુનિ મહારાજને આહાર ગ્રહણ કરવામાં જે ઉદ્ગમાદિ ૪૨ દોષ દેખવા પડે છે, તે દોષોથી રહિત હોય તે કલ્પનીય આહારાદિ કહેવાય.

પ્રશ્નઃ—દેશકાલયુક્ત આહારાદિ કોને કહેવાય ?

ઉત્તરઃ—જે દેશમાં જે આહારાદિ ઉચિત હોય તે દેશ ઉચિત, અને દાન દેવાને અવસરે દાન દેવું તે કાલ ઉચિત છે, પરન્તુ અનુચિત વસ્તુનું અને રાત્રિકાલાદિ અનવસરે દાન દેવું ઉચિત નથી. માટે એ પ્રમાણે ક્ષેત્ર અને કાળ અકાળનો વિચાર કરીને દાન દેવું ઉચિત છે.

અતિથિસંવિભાગનો વિશેષ વિધિ.

પૌષધોપવાસના પારણાને દિવસે મુનિ મહારાજને દાન દઈને જ પારણું કરવું. અને જો અતિથિસંવિભાગ વ્રત ન સ્વીકાર્યું હોય તો પૌષધનું પારણું પારીને અથવા પાર્યા વિના પણ મુનિ મહારાજને દાન આપે. ત્યાં પ્રથમ સાધુને દાન આપ્યા બાદ પોસહનું પારણું કરવાનો વિધિ–

જો દેશ કાલ તેવા પ્રકારનો હોય તો પોતે ઉત્તમ વસ્ત્ર આભૂષણ આદિ પહેરીને ઉપાસરે જઇ મુનિ મહારાજને નિમંત્રણ કરે કે 'આપ ભિક્ષા ગ્રહણ કરવા પધારો' તે વખતે એક સાધુ પલ્લા તૈયાર કરે, બીજા સાધુ મુહપત્તિનું પડિલેહણ કરે અને ત્રીજા સાધુ પાત્રની પડિલેહણ પ્રમાર્જના કરે. ગૃહસ્થને પારણાનો બહુ વિલંબ થતાં અન્તરાય દોષ અને મુનિ મહારાજ ન આવે ત્યાં સુધી આહાર સાચવી રાખવા રૂપ સ્થાપના દોષ ન ઉપજે તે કારણથી મુનિરાજ તરત તૈયારી કરે. તેમાં પણ ગૃહસ્થ જો પહેલી પોરિસીમાં નિમંત્રણ કરે અને તે વખતે નમુક્કારસહિયંના પ્રત્યાખ્યાનવાળો કોઇ મુનિ હોય તો સાધુએ વહોરવા જવું, અને જો નમુક્કારસહિયંના પચ્ચક્ખાણવાળા કોઇ મુનિ ન હોય તો

વહોરવા ન જવું, કારણ કે આહાર વહોરી લાવીને સાચવી રાખવો પડે તો મુનિને પણ સ્થાપના દોષ ઉપજે. પરન્તુ ગૃહસ્થ જો ઘણોજ આગ્રહ કરે અને જવું પડશે એમ જણાય તો લાભાલાભ વિચારીને વહોરવા જાય અને પ્રત્યાખ્યાન પૂર્ણ થાય ત્યાં સુધી સાચવી રાખે. અથવા પારણાવાળા કે પારણા વિનાના કોઈ સાધુ ઉગ્ઘાડપોરિસિમાં પચ્ચક્ખાણ પારવાના હોય તેમને તે આહાર આપે. તેમજ બે સાધુનો સમુદાય તે નિમંત્રણ કરનાર શ્રાવકની સાથે જાય. (એક સાધુને ગોચરીએ ન મોકલાય.) ત્યાં બે સાધુ આગળ ચાલે ને શ્રાવક પાછળ ચાલે, ત્યાર બાદ બે મુનિ મહારાજને ઘેર લઇ જઇને આસન આપી બેસવાની પ્રાર્થના કરે, જો બેસે તો ઠીક નહિતર શ્રાવકે તો વિનય કર્યો ગણાય. ત્યાર બાદ આહારની જે જે વસ્તુઓ હોય તે પોતે જ વહોરાવે અથવા પોતે આહારનું ભાજન હાથમાં ધરી રાખે ને બીજો કોઈ વહોરાવે, અથવા તો બીજો કોઈ વહોરાવતી વખતે સર્વ વસ્તુઓ વહોરાવી રહે ત્યાં સુધી પોતે ઉભો રહે. એ બે સાધુ પણ આહારની વસ્તુઓ ભાજનમાં થોડી બાકી રહે તેટલી જ ગ્રહણ કરે સંપૂર્ણ ન લે, કારણ કે જો સંપૂર્ણ ગ્રહણ કરે તો તે વસ્તુને માટે પુનઃ આરંભ કરવો પડે તેથી મુનિને દોષ ઉપજે. એ પ્રમાણે મુનિમહારાજને વહોરાવીને અને વંદન કરીને વિસર્જે, અને મુનિની સાથે કેટલેક સુધી જઇ વંદન કરીને પાછો વળે. ત્યાર બાદ પારણું કરવા બેસે, તેમાં જે વસ્તુ મુનિરાજે લીધી હોય તે ખાવી કલ્પે, અને ન લીધી હોય તે વસ્તુ ખાવી કલ્પે નહિ.

।। અતિથિ સંવિભાગ વ્રતના ૩ પ્રકાર.।।

૧ જઘન્ય અતિથિ સંવિભાગ – પૌષધ વ્રતના દિવસે ઉપવાસ હોય, ચાર પ્રહરનો પૌષધ હોય અને આગળ પાછળના બે દિવસ એકાશન કે બેઆસણુ કંઇ ન હોય તો પણ પારણાને દિવસે મુનિને વહોરાવીને જ અને જે ચીજ વહોરી હોય તેજ ચીજનું ભોજન કરવાનો નિયમ હોય તો એ જઘન્ય અતિથિ સંવિભાગ.

૨ મધ્યમ અતિથિ સંવિભાગ – પૌષધ વ્રતના પાછલા દિવસે કંઇ પચ્ચકખાણ ન હોય, પૌષધના દિવસે ચાર પ્રહરનો કે આઠ પ્રહરનો પોસહ હોય, અને પારણાના દિવસે એકાસણુ વા બેઆસણુ હોય, મુનિ મહારાજને વહોરાવીને જ અને જે વસ્તુ વહોરે તે વસ્તુનાજ ભોજનનો નિયમ હોય એ મધ્યમ અતિથિ સંવિભાગ.

૩ ઉત્કૃષ્ટ અતિથિ સંવિભાગ – પૌષધ વ્રતના પાછલા દિવસે એકાસણુ તથા પારણાને દિવસે પણ એકાસણુ અને પૌષધને દિવસે ચઉવિહાર ઉપવાસ સાથે (ચાર પ્રહરનો વા) આઠ પ્રહરનો પોસહ હોય, મુનિ મહારાજ જે વસ્તુ વહોરી જાય તેજ પારણાના એકાસણુમાં ખાવી, આ પ્રકારનો નિયમ ઉત્કૃષ્ટ અતિથિ સંવિભાગ છે.

એ ત્રણે પ્રકારના અતિથિ સંવિભાગ પૌષધ વ્રતની સાથે જ સંબંધવાળા છે, અને વર્તમાનમાં અતિથિ સંવિભાગનો એ વિશિષ્ટ વિધિ પ્રચલિત છે.

॥ બારમા અતિથિ સંવિભાગ વ્રતના (ચોથા શિક્ષાવ્રતના) ૫ અતિચાર. ॥

અવતરણ—પૂર્વ ગાથામાં બારમા વ્રતનું સ્વરૂપ કહીને હવે આ ગાથામાં બારમા અતિથિ સંવિભાગવ્રતના ૫ અતિચાર કહેવાય છે—

सच्चित्तणिक्खिवणयं, वज्जइ सच्चित्तपिहणयं चेव ।
कालाइक्कमपरववएसं मच्छरिययं चेव ॥ ३२ ॥

ગાથાર્થ—૧ સચિત્ત નિક્ષેપ, ૨ સચિત્ત પિધાન, ૩ કાલાતિક્રમ. ૪ પરવ્યપદેશ, ને ૫ માત્સર્ય એ જ પાંચ અતિચાર બારમા વ્રતમાં વર્જવા. ॥ ૩૨ ॥

ભાવાર્થ—આ નીચે લખેલા ૫ અતિચારો અનાભોગાદિકથી (ઉપયોગ શૂન્યતાથી વા સહસાકારથી વા અતિક્રમાદિકથી) થાય છે તે ૫ અતિચાર આ પ્રમાણે—

૧ સચિત્ત નિક્ષેપ અતિચાર—મુનિ મહારાજને દાન દેવા યોગ્ય અચિત્ત કલ્પનીય આહારાદિ વસ્તુ સચિત્ત વસ્તુમાં વા સચિત્ત વસ્તુની ઉપર સ્પર્શાવીને મૂકે અને તેવી સચિત્તના સંઘટ્ટ-સ્પર્શવાળી વસ્તુ મુનિરાજને વહોરાવે તો અતિચાર.

૨ સચિત્ત પિધાન અતિચાર—પિધાન એટલે ઢાંકણ, અર્થાત્ દાન દેવા યોગ્ય આહારાદિકની ઉપર (ઢાંક-

---

सचित्तनिक्षेपणकं वर्जयति सचित्तपिधानकं चैव ।
कालातिक्रम-परव्यपदेशं मत्सरिकतां चैव ॥ ३२ ॥

ણની માફક) સચિત્ત વસ્તુ મૂકે અને તે રીતે સચિત્તના સંઘટ્ટવાળી વસ્તુ વહોરાવે તો અતિચાર. એ બન્ને અતિચાર દાન ન દેવાની બુદ્ધિએ થાય છે, તેમજ વહોરાવવાનો વિધિ ન જાણવાથી પણ થાય છે.

૩ કાલાતિક્રમ અતિચાર–ગોચરીનો વખત ન થયો હોય તે વખતે મુનિને વિનંતિ કરવા જાય, તેમજ મુનિ મહારાજ ગોચરી કરી રહ્યા પછી વિનંતિ કરવા જાય તો એ રીતે વિનંતિના કાળનો અતિક્રમ (અભાવ) હોવાથી કાલાતિક્રમ અતિચાર છે. આ અતિચાર દાન ન દેવાની બુદ્ધિએ પણ બને છે ને ગોચરીનો વખત ન જાણવાથી પણ બને છે. તેમજ મહારાજનો સ્વતઃ પધારવાનો વખત જાણીને આવ્યા પાછા થઈ જાય તો તે પણ કાલાતિક્રમ અતિચાર છે. આ અતિચાર કેવળ દાન ન દેવાની બુદ્ધિએ બને છે.

૪ પરવ્યપદેશ અતિચાર–દાન ન દેવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહે જેથી મુનિ લે નહિ. પરવ્યપદેશના ઉપલક્ષણથી સ્વવ્યપદેશ અતિચાર પણ દાન દેવાની બુદ્ધિએ પારકી વસ્તુને પોતાની કહેવાથી થાય છે. એમાં પરવ્યપદેશ અતિચાર અનાભોગાદિથી છે અને સ્વવ્યપદેશ અતિચાર વહોરાવવાના વિધિના અજ્ઞાનપણાથી થાય છે.

૫ માત્સર્ય અતિચાર–મુનિ ભિક્ષા માટે આવે ત્યારે આક્રોશ કરીને (આવ્યા હવે ઝોળી પાતરા લઇને ઇત્યાદિ વચનોથી તિરસ્કાર કરીને) વહોરાવે એ મુનિ આશ્રિત માત્સર્ય અતિચાર, અને બીજો રંક સ્થિતિનો ગૃહસ્થ સારી

ભક્તિથી બોલાવતાં તેની પ્રશંસા સાંભળીને વા સ્વતઃ જાણીને શું હું એ રંકથી પણ ઉતરતો છું ? એવા અભિમાનથી પોતે પણ અત્યંત ભક્તિ દેખાડી બોલાવે તો તેવી ઇર્ષ્યા અદેખાઇ અન્ય દાતાર આશ્રિત માત્સર્ય અતિચાર છે.

એ પાંચે સદોષ પ્રવૃત્તિઓ વ્રતના વિસ્મરણથી વા દાનની વિધિના અજાણપણાથી વા સંભ્રમથી ઇત્યાદિ રીતે અનાભોગથી થાય, અથવા સહસા થાય, અથવા અતિક્રમ આદિ વડે (દાન ન દેવાની ચિંતવનાદિ વડે) થાય તો અતિચાર, પરન્તુ દાનવ્રત લઇને દાન ન દેવાની બુદ્ધિ જાણી જોઇને થાય અને તેથી તેવી પ્રવૃત્તિઓ આચરે તો અતિથિ સંવિભાગવ્રતનો ભંગ થાય છે. અહિંસાપેક્ષ નિરપેક્ષ સંબંધિ ભંગાભંગની મુખ્યતાવાળો અતિચાર નથી. ૩૨

॥ ઇતિ બારમું અતિથિ સંવિભાગ વ્રત તથા તેના અતિચારો ॥

॥ ઇતિ સમ્યત્વ સહિત સાતિચાર દ્વાદશ વ્રતાનિ ॥

અહિંસાદિકના પ્રત્યાખ્યાનની જેમ અહિંસાદિકના અતિચારોનું પણ પ્રત્યાખ્યાન કેમ નહિ ?

અવતરણ—એ પ્રમાણે સ્થૂલ અહિંસાદિક ૫ અણુવ્રત, દિગ્પરિમાણાદિ ૩ ગુણવ્રત અને સામાયિકાદિ ૪ શિક્ષાવ્રત મળી શ્રાવકના ૧૨ વ્રતનું અને તે દરેકના ૫–૫–૫–૫ ૫–૫–૨૦–૫–૫–૫–૫–૫ મળી [૧] ૭૫ અતિચારનું સ્વરૂપ કહીને હવે અહિંસા વિગેરેનું જેમ પ્રત્યાખ્યાન હોય છે તેમ એમાં સંભવતા અતિચારોનું પણ પ્રત્યાખ્યન કેમ ન હોય ? દરેક સ્થાને એ અતિચારોને 'વર્જવા' એટલું જ માત્ર કેમ કહ્યું ? એ આશંકાના સમાધાન તરીકે આ ગાથા કહેવાય છે—

एत्थं पुण अइयारा, णो परिसुद्धेसु होंति सव्वेसु ।
अखंडविरइभावा, वज्जइ सव्वत्थ तो भणियं ॥३३॥

ગાથાર્થ—વળી અહિં અખંડ વિરતિના ભાવથી-પરિણામથી સર્વે વ્રતો વિશુદ્ધ વર્તતાં હોય તો એ કહેલા અતિચારો ઉપજતા નથી તે કારણથી સર્વત્ર (સર્વ વ્રતોમાં) અતિચારોને વર્જવા એટલુંજ માત્ર કહ્યુ છે. (પરંતુ વ્રતોની

---

૧ સંલેખના આદિ બીજાં ઉપવ્રતાદિકના અતિચારો સહિત સર્વ શ્રાવક વ્રતોના ૧૨૪ અતિચાર છે, પરન્તુ ૧૨ વ્રતના ૭૫ જ છે, તેમાં સમ્યક્ત્વના ૫, પંચાચારના ૬૯ ને સંલેખનાના ૫ એ ૪૯ સહિત ૧૨૪ અતિચાર છે.

अत्र पुनरतिचारा नो परिशुध्धेषु भवन्ति सर्वेषु ।
अखण्डविरतिभावाद्, वर्जयति सर्वत्रातो भणितम् ॥३३॥

સાથે વ્રતોના અતિચારનું પણ પ્રત્યાખ્યાન કરવું એમ કહ્યું નથી.) ૩૩

ભાવાર્થ—અહિંસાવિરમણ આદિ શ્રાવક વ્રતનો રોધક (અટકાવનાર) અપ્રત્યાખ્યાની કષાય છે, માટે અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી દેશવિરતિનો લાભ જીવને થતો નથી. પરન્તુ અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમ રૂપ અનુદય વર્તે ત્યારે દેશવિરતિ ગુણ પ્રગટ થાય છે. અને એ વખતે પ્રત્યાખ્યાની કષાયનો ઉદય જ હોય છે, પરન્તુ ક્ષયોપશમ નહિ અને જેથી એ ઉદયમાં વર્તતો પ્રત્યાખ્યાની કષાય જો કે દેશવિરતિ ગુણનો મૂળથી નાશ કરવા સમર્થ નથી, પરન્તુ વ્રતનો દેશભંગ કરી દોષ ઉપજાવે છે ને તેથી વ્રતને મલિન કરી શકે છે, માટે પ્રત્યાખ્યાની કષાયના તીવ્ર ઉદયથી વ્રતમાં સદોષ પ્રવૃત્તિઓ થાય છે તેજ અતિચાર છે. જેમ સર્વવિરતીના અતિચારોમાં સંજ્વલન કષાય કારણભૂત છે તેમ દેશવિરતિના અતિચારોમાં પ્રત્યાખ્યાની કષાય કારણ ભૂત છે. પરન્તુ એ અતિચાર ઉપજાવનાર પ્રત્યાખ્યાની કષાય જ્યારે અતિમન્દ ઉદયવાળો થાય છે ત્યારે દેશવિરતિ અખંડિત અને નિર્મળ વર્તે છે. તે વખતે વધબંધાદિ અતિચાર રૂપ સદોષ પ્રવૃત્તિઓમાં જીવસ્વભાવે જ પ્રવર્તતો નથી. માટે તેવા અખંડવિરતિ રૂપ તાત્ત્વિક દેશવિરતિના પરિણામથી (પ્રત્યાખ્યાની કષાયના મંદ પરિણામથી ઉત્પન્ન થએલ વિશુદ્ધ જીવ પરિણામથી) જ્યારે સર્વે શ્રાવક વ્રતો વિશુદ્ધ વર્તતાં હોય છે ત્યારે એ અતિચારો ઉપજતા નથી. તે કારણથી વ્રતની માફક અતિચારોનું પ્રત્યાખ્યાન હોતું

નથી. તે માટે અતિચારોને વર્જવાના કહ્યા છે, પરન્તુ પ્રત્યાખ્યેય (પ્રત્યાખ્યાન કરવા યોગ્ય) નથી કહ્યા. જો અતિચારો પણ પ્રત્યાખ્યાન યોગ્ય હોય તો ૧૨ શ્રાવક વ્રતોની માફક એ પણ વ્રતો થવાથી વ્રતની સંખ્યા બારને બદલે (૧૨+૭૫) ૮૭ થાય, અને એવી વ્રત સંખ્યા તો કયાંય પણ કહી નથી. વળી કેટલાક આચાર્યો તો પ્રતિબંધક કષાયના ઉદયનેજ અતિચારનું કારણ માને છે. જેથી તેઓના અભિપ્રાય પ્રમાણે કષાયનો ઉદય વિચિત્ર હોય છે તેથી પ્રતિબંધક કષાય દેશ વિરાધનાનું કારણ ને સર્વ વિરાધનાનું પણ કારણ છે. માટે સમ્યક્ત્વની સર્વ વિરાધના (અભાવ) પણ અનંતાનુબંધીના ઉદયથી છે ને શંકા કાંક્ષા આદિ અતિચારો રૂપ દેશ-વિરાધના પણ અનંતાનુબંધિના ઉદયથી છે. તેમજ દેશ વિરતિની સર્વ વિરાધના (અભાવ) પણ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી છે ને વધ બંધાદિ અતિચારો રૂપ દેશ વિરાધના પણ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી છે.

આ અન્ય આચાર્યોના અભિપ્રાયમાં પ્રતિબંધક કષાયનો મંદોદય વ્રતની ઉત્પત્તિ કરનાર છે ને તે સાથે દેશભંગ રૂપ અતિચારજનક છે, અને તીવ્ર ઉદય વ્રતને ખંડિત કરી મૂળથી નાશ કરનાર છે એ ભાવાર્થ છે. ૩૩

॥ સમ્યક્ત્વ અને વ્રતના ઉપાય વિગેરે ॥

અવતરણ—એ પ્રમાણે પ્રથમ તો અહિં સમ્યક્ત્વનું સ્વરૂપ, વ્રતનું સ્વરૂપ, અને વ્રતના અતિચારોનું સ્વરૂપ કહ્યું. વળી અહિં જે સમ્યક્ત્વ સ્વરૂપ કહ્યું તે ચાલુ અધિ-

કારમાં સંક્ષેપમાં (ટુંકાણમાં) કહ્યું છે, તેથી જો અધિક વિસ્તૃત (વિસ્તારથી) સ્વરૂપ જાણવું હોય તો આગમથી જાણવું એવી ભલામણ ગ્રન્થ કર્તા આ ગાથામાં કરે છે. [આ ગ્રંથમાં ગાથાને અનુસરીને તો સમ્યક્ત્વ સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. પરંતુ વિવરણમાં કંઈક અધિક સ્વરૂપ કહ્યું છે, તેમજ પરિશિષ્ટમાં પણ કહ્યું છે.]

सुत्तादुपायरक्खण-गहणपयत्तविसया मुणेयव्वा ।
कुंभारचक्कभामग-दंडाहरणेण धीरेहिं ॥ ३४ ॥

ગાથાર્થ—સમ્યક્ત્વની અને વ્રતની પ્રાપ્તિના ઉપાય, એ બન્નેનું રક્ષણ, એ બંનેનું ગ્રહણ તથા પ્રયત્ન ને વિષયો (એ પાંચે વિષયો) ધીર પુરૂષોએ કુંભાર ચક્રને ભમાવનાર દંડના દૃષ્ટાન્તે આગમથી-સિદ્ધાન્તમાંથી જાણવા. (અહિં કહ્યા નથી.) ॥ ૩૪ ॥

૧ ॥ સમ્યક્ત્વ અને દેશવિરતિ પામવાના ઉપાય ॥

ભાવાર્થ—મુનિ મહારાજ આવે ત્યારે ઉઠીને ઉભા થવું, વિનય કરવો, સેવા કરવી ઇત્યાદિ આચરણોથી સમ્યક્ત્વનો લાભ ને દેશવિરતિનો લાભ થાય છે, માટે સમ્યક્ત્વની અને દેશવિરતિની પ્રાપ્તિમાં **સાધુ મહાત્માની સેવા ભક્તિ ઉપાય** છે. અથવા જાતિ સ્મરણ જ્ઞાનથી પણ સમ્યક્ત્વ થાય છે, તથા શ્રી તીર્થંકર ભગવંતનાં વચનો સાંભળવાથી એટલે જિનેન્દ્ર શાસ્ત્રો સાંભળવાથી પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ થાય છે, તેમજ તીર્થંકર

सूत्रादुपायरक्षण-ग्रहणप्रयत्नविषया ज्ञातव्या ।
कुम्भकारचक्रभ्रामकदण्डोदाहरणेन धीरैः ॥३४॥

ભગવંતના પ્રથમ શિષ્ય શ્રી ગણધર ભગવંતોનાં અને તેમની પરંપરામાં થયેલા આચાર્ય ઉપાધ્યાય વિગેરેનો સત્સમાગમ કરી તેઓનાં વચન સાંભળવાથી સમ્યક્ત્વ થાય છે, માટે **જાતિ સ્મરણાદિ** પણ ઉપાય છે, અથવા પહેલા **અનંતાનુબંધી** કષાયનો **ક્ષયોપરામ** તે સમ્યક્ત્વ પ્રાપ્તિનો ઉપાય છે ને બીજા **અપ્રત્યાખ્યાની** કષાયનો **ક્ષયોપશમ** દેશવિરતિ પ્રાપ્તિનું કારણ હોવાથી દેશવિરતિનો ઉપાય છે. એ પ્રમાણે સાધુ પુરૂષોના સમાગમ, વચન શ્રવણ, સેવા ભક્તિ, જાતિ સ્મરણ, તીર્થંકરાદિકના વચનો, અને સ્વપ્રતિબંધી કષાયોનો ક્ષયોપશમ તે સમ્યક્ત્વ પામવાનાં અને શ્રાવક ધર્મ પામવાનાં કારણો અથવા ઉપાય છે. ॥ ઇતિ ઉપાયઃ ॥

૨ ॥ સમ્યક્ત્વ ને દેશવિરતિને સુરક્ષિત રાખવાનો વિધિ ॥

તથા શ્રી જિનમંદિરે દર્શન પૂજા કરવા જવું, ઉપાશ્રયે જવું તથા શ્રી જિનમંદિર ને ઉપાશ્રયોનું સંરક્ષણ કરવું એ પ્રમાણે આયતન સેવા (ધર્મસ્થાનોની સેવના) કરવી, પરન્તુ વિના પ્રયોજને પારકે ઘેર ન જવું. ક્રીડા, વિનોદ, કુતુહલ, ખેલ, તમાસા કરવાનો તથા દેખવાનો ત્યાગ કરવો. વિષયોને ઉત્તેજન મળે એવાં વિકારી વચનો ન બોલવાં ઇત્યાદિ કુપ્રવૃત્તિઓનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વ અને શ્રાવક વ્રતો સારી રીતે સુરક્ષિત રહે છે, માટે અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો. ॥ ઇતિ રક્ષણમ્ ॥

૩ ॥ સમ્યક્ત્વ અને દેશવિરતિનો ગ્રહણવિધિ ॥

મિથ્યાત્વનો ત્યાગ અથવા સમ્યક્ત્વનું ગ્રહણ મન વચન કાયાથી મિથ્યાત્વ કરૂં નહિ કરાવું નહિ ને કરતાને અનુમોદું નહિ એમ ૯ પ્રકારે થાય છે તે આ પ્રમાણે -

૧ મિથ્યાત્વનું આચરણ મનથી ચિંતવું નહિ.

૨ મનથી ચિંતવાવું નહિ. (હું એવી પ્રવૃત્તિ ન કરૂં કે જેથી મારા નિમિતે બીજા જીવો મિથ્યાત્વ આચરવાનો વિચાર કરે — એ ફળિતાર્થ.)

મિથ્યા આચરણ કોઇ બીજો પુરુષ મનથી ચિંતવે તો હું તેમાં અનુમત ન થાઉં.

૪ મિથ્યાત્વ વચન ઉચ્ચરૂં નહિ.

૫ મિથ્યાત્વ વચન ઉચ્ચરાવું નહિ. બીજાને બોલવાનું વા મિથ્યાત્વ ક્રિયાઓ કરવાનું કહું નહિ).

૬ મિથ્યાત્વનાં વચનો બીજો કોઈ બોલતો હોય તો તે સારૂં છે એમ જાણું નહિ.

૭ મિથ્યાત્વ ક્રિયાઓ કરૂં નહિ.

૮ મિથ્યાત્વ ક્રિયાઓ બીજા પાસે કરાવું નહિ.

૯ મિથ્યાત્વ ક્રિયાઓ બીજો કોઇ કરતો હોય તો તે પ્રવૃત્તિને સારી જાણું નહિ. દેશવિરતિ સંબંધિ શ્રાવકનાં વ્રતો અનુમતિ સિવાય ગ્રહણ કરાય છે તે આ પ્રમાણે—

૧ ત્રસની હિંસા ૧ મનથી કરૂં નહિ, ૨ વચનથી કરૂં નહિ, ૩ કાયાથી કરૂં નહિ, ૪ મનથી કરાવું નહિ, ૫ વચનથી કરાવું નહિ, ૬ કાયાથી કરાવું નહિ. એ ૬ કોટિ.

૨ ત્રસની હિંસા ૧ મનથી કરૂં નહિ, ૨ વચનથી કરૂં નહિ, ૩ કાયાથી કરૂં નહિ, એમ ૩ કોટિ અથવા ૧ મનથી કરાવું નહિ, ૨ વચનથી કરાવું નહિ, ૩ કાયાથી કરાવું નહિ. એમ બીજી રીતે ત્રણ કોટિ.

૩ ત્રસની હિંસા મન વચન કાયા એ ત્રણમાંથી કોઇ પણ બે યોગ વડે [મન વચનથી અથવા મન કાયાથી અથવા વચન કાયાથી એમ ત્રણ ભાંગે] કરૂં નહિ એ બે કોટિ અને કરાવું નહિ એ બે કોટિ એમ ૪ કોટિ.

૪ ત્રસની હિંસા કોઇ પણ બે યોગ વડે કરૂં નહિ એમ બે કોટિ અથવા કરાવું નહિ એ બીજી રીતે બે કોટિ એમ ૨ કોટિ. એ પ્રમાણે ૯–૪–૩–૨ કોટિએ અણુવ્રતાદિ વ્રતો ગ્રહણ કરાય છે.

॥ ઇતિ ગ્રહણમ્ ॥

૪ ॥ સમ્યક્ત્વમાં ને દેશવ્રતોમાં પ્રયત્નવિધિ ॥

સમ્યક્ત્વ અને અણુવ્રતાદિ વ્રતો ગ્રહણ કર્યા બાદ તેનું વારંવાર સ્મરણ કરવું, તેમજ જે સાવદ્યોના વ્રત નિયમો ગ્રહણ નથી કર્યા એવા સાવદ્ય વ્યાપારોનો પણ ત્યાગ કરવામાં પ્રયત્ન કરવો અને સાવદ્ય વ્યાપારોમાં પ્રવર્તતાં બની શકે તેટલી યતના કરવી એ સર્વ પ્રયત્ન કહેવાય. ત્યાં સમ્યક્ત્વમાં મને અન્ય તીર્થીઓનાં દેવકુલાદિ ન કલ્પે, અન્ય તીર્થીઓનો સંગ ન કલ્પે, તેઓની સાથે આલાપ સંલાપ ન કલ્પે. એ રીતે સમ્યક્ત્વનો

પ્રયત્ન, અને શુદ્ધ જળ વાપરવું, કાષ્ટ છાણાં ઇત્યાદિ જોઈ ખંખેરી ઉપયોગમાં લેવાં એ રીતે વસ્તુઓના ભોગ પરિભોગ ત્રસ જીવોની રક્ષાને અર્થે વિધિપૂર્વક કરવા. એ દેશવ્રતોનો પ્રયત્ન છે.

॥ ઇતિ પ્રયત્નવિધિ ॥

૫ ॥ સમ્યક્ત્વ અને દેશવિરતિનો વિષય ॥

જીવ અજીવ આદિ નવ તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા રાખવી તે સમ્યક્ત્વ છે, માટે સમ્યક્ત્વનો વિષય જીવાજીવાદિ તત્ત્વ છે, અને સ્થૂલ સંકલ્પથી નિરપરાધીનો નિરપેક્ષ પ્રાણિવધ ન કરવો ઇત્યાદિ રૂપ દેશવિરતિ હોવાથી દેશવિરતિનો વિષય [૧]જીવ ઇત્યાદિ છે. ઇતિ વિષય.

એ પ્રમાણે ઉપાય, ગ્રહણ, રક્ષણ, પ્રયત્ન ને વિષય એ પાંચ બાબતો વિશેષથી કહી નથી તો પણ કુંભારચક્રને ભમાવનાર દંડની પેઠે ગ્રહણ કરવી, અર્થાત જેમ કુંભારના ચક્રના એક દેશભાગમાં દંડ નાખીને દંડ વડે ચક્રનો તે એક જ દેશભાગ ભમાવતાં ચક્રના સર્વે દેશભાગો ભમવા માંડે છે, તેમ અહિં સમ્યક્ત્વ અને શ્રાવક વ્રતો સંબંધિ નત અને વ્રતના અતિચાર રૂપ એક દેશની પ્રરૂપણા કરવાથી સમ્યક્ત્વના અને વ્રતોના શેષ ઉપાય આદિ દેશોની પ્રરૂ-

---

૧ પહેલા અણુવ્રતનો વિષય ત્રસ જીવ, બીજા અણુવ્રતનો વિષય જીવ ને અજીવ, ત્રીજા અણુવ્રતનો વિષય ગ્રહણ ધારણ યોગ્ય પદાર્થો, ચોથા અણુવ્રતનો વિષય પરસ્ત્રી (તથા પર પુરૂષ) પાંચમા અણુવ્રતનો વિષય ધન ધાન્યાદિ નવ પ્રકારનો પરિગ્રહ. ઇત્યાદિ રીતે વ્રતના વિષયો વિચારવા.

પણ પણ અધ્યાહારથી ગ્રહણ કરવી, અને તે પ્રરૂપણા સિદ્ધાન્તમાંથી કહેવી, કારણકે આ પ્રકરણ સંક્ષિપ્ત હોવાથી અહિં એ પાંચ દેશભાગોની પ્રરૂપણા કરી નથી. અથવા દંડથી જેમ ચક્રનું ભ્રમણ થાય છે તેમ સૂત્રથી ઉપાયાદિક પાંચનું જ્ઞાન થાય છે. માટે તે ઉપાયાદિક બાબતો સિદ્ધાન્તમાંથી જાણવી. ॥ ૩૪ ॥

॥ ઇતિ સમ્યક્ત્વ અને વ્રતોના ઉપાયાદિ ॥

અવતરણ—સમ્યક્ત્વ અને શ્રાવક વ્રતના ઉપાય વિગેરે કહીને હવે એ બન્નેની સ્થિરતા માટે શું કરવું ? તે સંબંધિ ઉપદેશની પ્રસ્તાવના આ ગાથામાં કરે છે—

गहणादुवरि पयत्ता, होइ असन्तो वि विरइपरिणामो ।
अकुसलकम्मोदयओ, पडइ अवण्णाइलिंगमिह ॥३५॥

ગાથાર્થ—સમ્યક્ત્વ અને વ્રતોનું ગ્રહણ કર્યા બાદ પ્રયત્નથી–તેનો અભ્યાસ–ઉદ્યમ કરવાથી વ્રત પરિણામ ન હોય તો પણ પ્રાપ્ત થાય છે, અને જો અભ્યાસ ન કરે (ઉદ્યમ ન કરે) તો અશુભ કર્મનો ઉદય થવાથી વ્રત પરિણામ હોય તો પણ પતિત થાય છે, અને જિન વચનના તથા વ્રતના અવર્ણવાદ બોલવા ઇત્યાદિ તે પતિત પરિણામનું લક્ષણ છે. ॥ ૩૫ ॥

ભાવાર્થ—ચાલુ પ્રકરણની ૯ મી ગાથામાં **गुरुमूले सुयधम्मो** ઇત્યાદિ ગાથામાં જે ગ્રહણ વિધિ કહ્યો છે તે

ग्रहणादुपरि प्रयत्नात् भवत्यसन्नपि विरतिपरिणामः ।
अकुशलकर्मोदयतः पतति-अवज्ञादि लिङ्गमिह ॥३५॥

વિધિથી સમ્યક્ત્વ સહિત શ્રાવક વ્રતોનું ગ્રહણ કર્યા બાદ તેમાં પ્રતિદિન ઉદ્યમ રાખવો, કારણકે વ્રતોના અભ્યાસથી-ઉદ્યમથી વિરતિ પરિણામ જે વ્રત લેતાં પહેલાં અશુભ કર્મના ઉદયથી ન વર્તતો હોય તો પણ પ્રગટ થાય છે, જેથી તાત્વિક વિરતિપણું પ્રાપ્ત થાય છે. કેવળ વ્રતપરિણામ જ પ્રાપ્ત થાય એટલું નહિજ પરન્તુ સમ્યક્ત્વ પરિણામ પણ પ્રથમ ન હોય તો પ્રગટ થાય છે. અને જીવ જે વ્રત લીધા બાદ તેના અભ્યાસમાં ન વર્તે અને આળસુ પ્રમાદી થઈને બેદરકારી રાખે તો વ્રત પરિણામ વર્તતો હોય તો તે પણ અશુભ કર્મના ઉદયથી પતિત થઇ જાય છે. માટે અવશ્ય અભ્યાસ કરવો.

પ્રશ્ન – વ્રતનો અભ્યાસ કર્મના ઉદયને તોડવા કઇ રીતે સમર્થ છે?

ઉત્તર–વિરતિ આદિકનાં વિઘાતક કર્મો સોપક્રમી હોય છે, ને ભવ્યનાં એ સોપક્રમી કર્મો વ્રતના અભ્યાસથી તુટી શકે છે. (અથવા નિકાચિત હોય તો પણ અભ્યાસે શિથિલ થઇ પરિણામે સર્વથા પણ તુટી જાય છે.) માટે અભ્યાસથી વિરતિ પરિણામ પ્રગટ થાય છે.

પ્રશ્ન—વ્રતનો પરિણામ પ્રથમ હોઇને અભ્યાસના અભાવે પતિતપરિણામ થાય છે તો પતિતપરિણામનું લક્ષણ શું ?.

ઉત્તર–વ્રતનો પરિણામ વર્તતો હોય તે વખતે જીવને વ્રતો પ્રત્યે, વ્રતના ઉપદેશક ગુરૂ પ્રત્યે અને વ્રતધારીઓ પ્રત્યે આદર ભક્તિ બહુમાન વર્તતો હોય છે, ને પરિણામ

પતિત થતાં તેઓ પ્રત્યે અનાદર અભક્તિ થાય છે અને નિંદા કરે છે, એજ લક્ષણ છે. ॥ ૩૫ ॥

॥ વ્રત પરિણામ ઉત્પન્ન કરવાનો અને સાચવી રાખવાનો ઉપાય. ॥

અવતરણ—સમ્યક્ત્વ અને શ્રાવક વ્રતના સંબંધમાં હવે ઉપસંહાર તરીકે પ્રાસંગિક ઉપદેશ અપાય છે.—

तम्हा निच्चसतीए, बहुमाणेणं च अहिगयगुणम्मि ।
पडिवक्खदुगंछाए, परिणइआलोयणेणं च ॥३६॥

ગાથાર્થ—તે કારણથી અંગીકાર કરેલા ગુણોને (સમ્યક્ત્વ અને વ્રતોને) નિત્ય સંભારવા વડે, બહુમાન વડે, પ્રતિપક્ષી ગુણોના તિરસ્કાર વડે અને પરિણામના વિચાર વડે એમાં (સમ્યક્ત્વમાં ને વ્રતમાં) હંમેશાં યત્ન કરવો. ["એમાં હંમેશ યત્ન કરવો" એ અર્થ આગળ કહેવાતી ૩૭મી ગાથામાંથી અનુસરવો.] ॥ ૩૬ ॥

ભાવાર્થ—પૂર્વ ગાથામાં કહ્યું કે અભ્યાસથી-ઉદ્યમથી વિરતિ પરિણામ ન હોય તો ઉત્પન્ન થાય છે, અને અભ્યાસ વિના વિરતિ પરિણામ હોય તો પણ પતિત થાય છે, તે કારણથી સમ્યક્ત્વનું અને વ્રતોનું હંમેશાં સ્મરણ કરવું. બહુ માન કરવું. તથા સમ્યક્ત્વના પ્રતિપક્ષી મિથ્યાત્વ પ્રત્યે, અને વ્રતના પ્રતિપક્ષી હિંસા આદિ દુર્ગુણો પ્રત્યે જુગુપ્સા-ઉદ્વેગ ભાવ-અસૂયા ભાવ રાખવો, તેમજ સમ્યક્ત્વ

तस्मात् नित्यस्मृत्या बहुमानेन चाधिकृतगुणे ।
प्रतिपक्षजुगुप्सया परिणत्यालोचनेन च ॥३६॥

અને વ્રતોનાં શુભ ફળ તથા મિથ્યાત્વ ને હિંસાદિકનાં અશુભ ફળ જેના આ લોકમાં અને પરલોકમાં સારા અને માઠા વિપાક ભોગવવા પડે છે તે રૂપ બન્નેના પરિણામનો વિચાર કરવો કે જેથી સમ્યક્ત્વાદિ પરિણામ ન હોય તો ઉત્પન્ન થાય અને કદી પતિત થાય નહિ. ॥ ૩૬ ॥

અવતરણ—પૂર્વ ગાથામાં રહેલો અપૂર્ણ સંબંધ આ ગાથામાં પૂર્ણ કરાય છે—

तित्थंकरभत्तीए, सुसाहुजणपज्जुवासणाए य ।
उत्तरगुणसद्धाए, य एत्थ सया होइ जइयव्वं ॥३७॥

ગાથાર્થ—(પૂર્વ ગાથામાં કહેલા ઉપાયો ઉપરાન્ત) શ્રી તીર્થંકર[1] ભગવંતની ભક્તિ વડે, ઉત્તમ સાધુ જનોની

तीर्थकरभक्त्या सुसाधुजनपर्युपासनया च ।
उत्तरगुणश्रद्धया चात्र सदा भवति यतितव्यम् ॥३७॥

૧ શ્રી તીર્થંકર ભગવંતની ભક્તિથી તીર્થંકર તુલ્ય ગુણો પ્રાપ્ત કરવાનો સંસ્કાર પડે છે, જો કે પ્રાપ્ત થયેલ ગુણ તો પ્રાયઃ માર્ગાનુસારી હોય અથવા સમ્યક્ત્વ હોય અથવા શ્રાવક વ્રત હોય. તોપણ એ પ્રાપ્ત થએલા અલ્પ ગુણોમાં અધિક ગુણ પ્રાપ્ત કરવાનો અભિલાષ જો વર્તતો હોય તો જ સાર્થક છે, તે કારણથી **तित्थंकरभत्तीए** કહ્યા બાદ સાધુની સેવા રૂપ ઉપાય કહ્યો છે કે જે સેવાસાધુપણાની રૂચિ ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે એ સર્વ ઉપાયો અધિક ગુણ મેળવવાની રૂચિથી જ મેળવાય છે. જેથી માર્ગાનુસારીએ સમ્યક્ત્વ-ગુણનો અભિલાષ રાખવો. સમ્યક્ત્વ ગુણવાળાએ શ્રાવક વ્રતોનો ને શ્રાવકવ્રતવાળાએ સાધુવ્રતોનો અભિલાષ રાખવો.

પર્યુપાસના–સેવા વડે, તથા પ્રધાન ઉત્તમ ગુણો (મહાવ્રતો) મેળવવાની શ્રદ્ધા–ઇચ્છા–રૂચિ વડે, સમ્યક્ત્વમાં અને વ્રતોમાં સર્વદા પ્રયત્ન કરવો યોગ્ય છે. ॥ ૩૭ ॥

ભાવાર્થ—સમ્યક્ત્વ અને વ્રતો અંગીકાર કર્યા બાદ પૂર્વ ગાથામાં કહેલા નિત્યસ્મરણ આદિ ઉપાયો વડે અને આ ગાથામાં કહેલા શ્રી તીર્થંકર પ્રભુની ભક્તિ આદિ ઉપાયો વડે સમ્યક્ પ્રયત્ન સતત ચાલુ રાખવો. અહિં ઉત્તર ગુણ શ્રદ્ધા કહી તે સમ્યક્ત્વ ગુણ હોય તો શ્રાવક વ્રત રૂપ અધિક ગુણનો અભિલાષ રાખવો, અને શ્રાવક વ્રત રૂપ ગુણ હોય તો મહાવ્રત રૂપ ગુણનો અભિલાષ રાખવો. એ ભાવાર્થ જાણવો. એ પ્રમાણે નિત્ય સ્મરણથી ઉત્તર ગુણ શ્રદ્ધા સુધી બે ગાથામાં પ્રાસંગિક ઉપદેશ કહ્યો. ॥ ૩૭॥

॥ પ્રાસંગિક ઉપદેશમાં કહેલા પ્રયત્નોનું ફળ. ॥

અવતરણ–૩૫–૩૬ ૩૭ એ ત્રણ ગાથામાં નિત્યસ્મરણ આદિ જે પ્રયત્નો કહ્યા તે પ્રયત્નોનું ફળ શું ? તે દર્શાવવા પૂર્વક આ ગાથામાં તેનું (પ્રયત્નોનું) તાત્પર્ય કહે છે —

एवमसंतोवि इमो, जायइ जाओवि ण पडइ कयाई ।
ता एत्थं बुद्धिमया, अपमाओ होइ कायव्वो ॥३८॥

ગાથાર્થ–એ પ્રમાણે નિત્ય સ્મરણ આદિ પ્રયત્નો વડે

एवमसन्नपि अयं जायते जातोऽपि न पतति कदाचित् ।
तस्मादत्र बुद्धिमता अप्रमादो भवति कर्तव्यः ॥३८॥

સમ્યક્ત્વનો તથા વ્રતનો પરિણામ [1]ન હોય તો ઉત્પન્ન થાય છે, અને ઉત્પન્ન થઈને પણ કદી પતિત થતો નથી. તે કારણથી સમ્યક્ત્વ ને શ્રાવક વ્રતો અંગીકાર કરીને બુદ્ધિમાનોએ તેમાં સદા અપ્રમાદ રાખવો. (અર્થાત્ ક્ષણભર પણ પ્રમાદ ન કરવો.) ॥ ૩૮ ॥

ભાવાર્થ—ગાથાર્થ વત્ ॥ ૩૮ ॥

॥ ૮ શ્રાવક વ્રતો યાવજ્જીવ, ૪ વ્રતો અલ્પ કાળનાં. ॥

અવતરણ—પૂર્વે ૧૨ શ્રાવક વ્રત કહ્યાં તેમાં કયાં વ્રતો યાવજ્જીવ સુધી હોય ને કયાં વ્રત અલ્પ કાળનાં હોય? તે આ ગાથામાં દર્શાવે છે—

एत्थ उ सावयधम्मे, पायमणुव्वयगुणव्वयाइं च ।
आवकहियाइं सिक्खावयाइं पुण इत्तराइं ति ॥३९॥

ગાથાર્થ—વળી આ શ્રાવક ધર્મમાં પ્રાયઃ અણુવ્રતો અને ગુણવ્રતો યાવજ્જીવ સુધી પણ હોય છે, અને ૪ શિક્ષાવ્રતો તો અલ્પકાળવાળાં જ હોય છે. ॥ ૩૯ ॥

---

૧ પ્રશ્ન—વ્રતના પરિણામ રહિતને વ્રત ઉચ્ચરાવવાં એ મિથ્યા ક્રિયા કેમ નહિ ?

ઉત્તર—ભદ્રકમિથ્યાદૃષ્ટિ માર્ગાનુસારી જીવને પણ દ્રવ્યથી વ્રતારોપણ કરાય છે. કારણ કે છદ્મસ્થ ગીતાર્થો તાત્ત્વિક જીવ પરિણામને પ્રાયઃ ન જાણી શકે. વ્યવહારથી જ શુભ પરિણામ જાણીને વ્રતારોપણ કરે, જો એમ ન કરે તો તીર્થોચ્છેદનો પ્રસંગ આવે.

अत्र तु श्रावकधर्मे प्रायोऽणुव्रतगुणव्रतानि च ।
यावत्कथिकानि शिक्षाव्रतानि पुनरित्वराणीति ॥३९॥

ભાવાર્થ–યતિ ધર્મમાં ૫ મહાવ્રત જેમ એકાન્તે યાવજ્જીવ સુધીનાં જ હોય છે તેમ શ્રાવક ધર્મમાં ૫ અણુવ્રતો અને ૩ ગુણવ્રતો એકાંતે (નિયમા) યાવજ્જીવ સુધીનાં હોય એમ નહિ, ચાતુર્માસ આદિ કાળવાળાં પણ હોય છે, માટે ગાથામાં પાયં=પ્રાયઃ શબ્દ છે, જેથી ૮ શ્રાવકવ્રતો યાવજ્જીવ પણ હોય ને અલ્પ કાળનાં પણ હોય. પરન્તુ ૪ શિક્ષાવ્રતો તો અલ્પ કાળનાં જ હોય પરન્તુ યાવજ્જીવ સુધીનાં ન હોય, કારણ કે શિક્ષાવ્રત શબ્દનો અર્થ જ એ છે કે શિક્ષા એટલે અભ્યાસ એટલે વારંવાર ગ્રહણ તે શિક્ષાવ્રત. તેમાં સામાયિક અને દેશાવકાશિક એ બે વ્રત પ્રતિદિન અને એક દિવસમાં પણ વારંવાર ઉચ્ચરવા રૂપ છે – ગ્રહણ રૂપ છે, અને પૌષધોપવાસ તથા અતિથિ સંવિભાગ એ બે વ્રત અમુક અમુક દિવસે (કોઇ કોઇ દિવસે અર્થાત્ તિથિઓમાં, પર્વમાં, કલ્યાણકોમાં) ગ્રહણ કરાય છે. માટે એ ચાર શિક્ષાવ્રતો ઇત્વરિક–અલ્પકાલીન છે. ॥ ૩૯ ॥

॥ ઇતિ શ્રાવકધર્મે સમ્યક્ત્વ મૂલ દ્વાદશ વ્રતસ્ય સ્વરૂપમ્ ॥

॥ શ્રાવકધર્મમાં સંલેખના વ્રતનું સ્વરૂપ. ॥

અવતરણ—એ પ્રમાણે ૧૨ પ્રકારનો શ્રાવકધર્મ (૧૨ શ્રાવકવ્રત) કહીને હવે પર્યન્તે (જીવિતને અન્તે) સંલેખના વ્રત આદરવા યોગ્ય છે તે કહે છે—

संलेहणा य अन्ते, ण णियोगा जेण पव्वयइ कोइ ।
तम्हा णो इह भणिया, विहिसेसमिमस्स वोच्छामि ॥४०॥

ગાથાર્થ–વળી જીવિતને અન્તે સંલેખના વ્રત પણ હોય છે. પરન્તુ તે નિયમા–નિશ્ચિત નથી, કારણ કે કોઇક શ્રાવક દીક્ષા પણ અંગીકાર છે (તેને સંલેખના હોય નહિ.) તે કારણથી અહિં શ્રાવક ધર્મમાં સંલેખનાનું સ્વરૂપ કહ્યું નથી, જેથી હવે શ્રાવક ધર્મનો જે શેષ વિધિ (પ્રકીર્ણ વિધિ) તે કહીશ. ॥ ૪૦ ॥

ભાવાર્થ–જીવિતને અંતે જે અનશનવ્રત આદરવામાં આવે છે તે **સંલેખના વ્રત** કહેવાય. આ વ્રતને શ્રાવકનાં બાર વ્રત સાથે નહિ કહેવાનું કારણ એ કે સમ્યકત્વ અને બાર વ્રતો શ્રાવકના ચાલુ જીવનમાં ૮ વર્ષની વયથી દેશોન પૂર્વ કોડ વર્ષ સુધી પ્રાયઃ નિરન્તર હોય છે, અને સંલેખના વ્રત આયુષ્ય પૂર્ણ થવા આવે ત્યારે પર્યન્તે હોય છે. વળી તે પણ જે શ્રાવક સાધુવ્રત અંગીકાર ન કરે તેને આશ્રયી છે. અને સાધુવ્રત અંગીકાર કરેલને તો [1]સંલેખના વ્રત

संलेखना चान्ते न नियोगात्. येन प्रव्रजति कोऽपि।
तस्मान्नेह भणिता विधिशेषमस्य वक्ष्ये ॥४०॥

૧ અતિશય જ્ઞાનવાળા મુનિ મહારાજ વિગેરેથી આયુષ્યના અન્તની ખાત્રી હોય તો આગાર–છૂટ વિનાનું (યાવજ્જીવ) અનશન વ્રત (ચારે આહારના ત્યાગ રૂપ વ્રત) અંગીકાર કરે, એ **નિરાગાર અનશન** અને આયુષ્યના અન્તનો સંભવ માત્ર જાણે તો અમુક મુદ્દતનું જ અનશન વ્રત સ્વીકારે તે **સાગારી અનશન.**

શ્રાવકનું હોવાથી હોય જ નહિ તેથી શ્રાવકને આયુ પર્યન્તે પણ હોય જ એવો નિયમ નથી, તે કારણથી પૂર્વોક્ત ૧૨ વ્રતોથી સંલેખના વ્રતને જુદું પાડયું છે. ૪૦

।। શ્રાવકે કેવા ગામમાં રહેવું. ।।

અવતરણ—હવે શ્રાવક ધર્મનો પ્રકીર્ણ વિધિ જે ઉલ્મી ગાથાથી શરૂ થયો છે, તેમાં વ્રતોનો કાળ કહીને ત્યાર બાદ સંલેખના વ્રતની સૂચના કરીને હવે શ્રાવકે કેવા ગામમાં રહેવું જેથી શ્રાવક ધર્મ બરાબર સાચવી શકાય ને ધર્મની તુષ્ટિ પુષ્ટિ થાય તે દર્શાવે છે—

निवसेज्ज तत्थ सड्ढो, साहूणं जत्थ होइ संपाओ ।
चेइयहराइं जम्मि, तयण्णसाहम्मिया चेव ।।४१।।

ગાથાર્થ—જે ગામમાં સાધુઓનું આગમન થતું હોય, જે ગામમાં દેરાસરો હોય, અને પોતા સિવાયના બીજા સ્વધર્મીભાઇઓ (શ્રાવકો) વસતા હોય તેવા ગામમાં જ શ્રાવકે રહેવું વિશેષ યોગ્ય છે. ।। ૪૧ ।।

ભાવાર્થ—વ્રતધારી શ્રાવક કુગ્રામમાં વસતો હોય તો ત્યાં અશિક્ષિત અને ક્ષુદ્ર વૃત્તિવાળા ગ્રામ્ય જનોના સંસર્ગથી વ્રતમાં અનેક જાતનાં દૂષણો ઉત્પન્ન થઇ પરિણામે વ્રતભંગનો પણ પ્રસંગ આવે, કારણ કે વ્રતનાં રક્ષક અને પોષક જિનચૈત્યો ન હોય, સાધુ મહાત્માઓનો સત્સંગ ન હોય, તો આત્માના સુંદર પરિણામને સાચવવાનું સાધન શું? આત્મા તો નિમિત્તવાસી હોવાથી પ્રાયઃ દુર્જનના સંસર્ગથી

निवसेत् तत्र श्राद्धः साधूनां यत्र भवति संपातः ।
चैत्यगृहाणि यस्मिन् तदन्यसाधर्मिकाश्चैव ।४१।।

દોષવાળો અને સત્સંગથી ગુણવાળો બને છે. માટે વ્રતધારી શ્રાવકે જે ગામમાં દેરાસર હોય તે ગામમાં જ રહેવું જોઇએ જેથી પ્રભુનાં દર્શન, ત્રિકાલ પૂજા, ચૈત્યવંદન ઇત્યાદિકથી સમ્યકૂત્વનું રક્ષણ અને પોષણ થાય. તેમજ સાધુ મહાત્માઓનું આગમન વારંવાર થતું હોય તો ગુરૂનાં દર્શન, વ્યાખ્યાન શ્રવણ, જ્ઞાનની વૃદ્ધિ, શંકાદિનું નિવારણ, સુપાત્રદાન અને ઉપાશ્રયે સામાયિક પ્રતિક્રમણ પૌષધ આદિ કરવાથી સમ્યકત્વ સહિત વ્રતોનું પણ રક્ષણ અને પોષણ થઇ શકે છે. તેમજ સ્વધર્મી શ્રાવકો વસતા હોય તો તે શ્રાવકોને ધર્મમાં જોડવા, સ્થિર કરવા, સાધર્મીવાત્સલ્ય કરવું ઇત્યાદિ રીતે પરોપકાર અને શાસન પ્રભાવના કરી શકાય છે. તેમજ પોતાનાથી અધિક ધર્મ ભાવનાવાળા શ્રાવકોને જોઇ તેમનું અનુકરણ અનુમોદના વગેરેથી પોતાના સમકિત ગુણની દઢતા તથા દેશવિરતિમાં સ્થિરતા વગેરે આત્મલાભની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રમાં સાધુ મુનિરાજના આગમનના લાભ જણાવતાં કહ્યું છે કે—

साहूण वंदणेणं नासति पावं असंकिया भावा ।
फासुयदाणे निज्जर, उवग्गहो नाणमाईणं ॥१॥

અર્થ—સાધુ મહાત્માને વંદન નમસ્કાર કરવા વડે પાપનો નાશ થાય છે. ધર્મમાં અનેક પ્રકારની શંકાવાળા પરિણામ દૂર થઇ નિઃશંકિત પરિણામ થાય છે. (અર્થાત્ ધર્મમાં નિઃશંક ભાવ થાય છે.) પ્રાસુક સુપાત્ર દાન દેવાથી

साधूनां वंदनेन नश्यति पापं अशङ्किता भावाः ।
प्रासुकदाने निर्जरा उपग्रहो ज्ञानादीनाम् ॥१॥

કર્મની નિર્જરા થાય છે, અને જ્ઞાનાદિકનો પોતાને ઉપકાર થાય છે. એ પ્રમાણે સાધુના સમાગમથી થતા ગુણ દર્શાવ્યા. ॥ ૧ ॥

જિન ચૈત્યના લાભ જણાવે છેઃ–

मिच्छदंसणमहणं, सम्मदंसणविसुद्धिहेउं च ।
चिइवंदणाइविहिणा, पन्नत्तं वीयरागेहिं ॥ २ ॥

અર્થ–ગામમાં જિન ચૈત્ય હોય તો મિથ્યાત્વ દર્શનનું મથન–નાશ થાય છે, સમ્યક્ દર્શનની વિશુદ્ધિનું કારણ થાય છે. એ પ્રમાણે ચૈત્યવંદનાદિક વિધિ વડે ગુણો પ્રાપ્ત થાય છે એમ શ્રી વીતરાગ ભગવંતે કહ્યું છે. (માટે શ્રાવકે ચૈત્યવાળા ગામમાં વસવું.) ॥ ૨ ॥

साहम्मियथिरकरणे वच्छल्लं सासणस्स सारोत्ति ।
मग्गसहायत्तणओ, तहा अणासो य धम्माओ ॥३॥

અર્થઃ—સાધર્મિકને ધર્મમાં સ્થિર કરવાથી સાધર્મિવાત્સલ્ય થાય છે, જેથી સાધર્મિવાત્સલ્ય એ જ શાસનનો સાર છે, તથા ધર્મ માર્ગના સહાયકપણાથી (ધર્મનાં સાધન ઉપકરણ વિગેરેનું દાન આપવાથી પણ સાધર્મિવાત્સલ્ય થાય છે, અને તેથી) ધર્મનો નાશ થતો અટકે છે. ॥ ૩ ॥

मिथ्यादर्शनमथनं सम्यग्दर्शनविशुद्धिहेतु च ।
चैत्यवन्दनादिविधिना, प्रज्ञप्तं वीतरागैः ॥२॥
साधर्मिकस्थिरकरणे, वात्सल्यं शासनस्य सार इति ।
मार्गसहायत्वात् तथा, अनाशश्च धर्मात् ॥३॥

એ પ્રમાણે સાધર્મિક વસતા હોય એવા ગામમાં રહેવાથી સાધર્મિક ભક્તિનો લાભ મળે છે, ને તેથી પોતાનું સમ્યકૃત્વ અને વ્રતો અધિક દીપે છે માટે સાધર્મિક વાળા ગામમાં રહેવું.

॥ શ્રાવકનું પ્રભાત કાર્ય (શ્રાવકની દિનચર્યા) ॥

અવતરણ–હવે શ્રાવકે પ્રભાતથી પ્રારંભીને સંધ્યાકાળ સુધીમાં શું શું કરવું તે વિષયવાળી શ્રાવકની દિનચર્યા કહેવાનો પ્રસંગ છે, ત્યાં પ્રથમ શ્રાવકે પ્રભાતે ઉઠીને શું કરવું તે સંબંધિ શ્રાવકની પ્રભાત ચર્યા કહેવાય છે—

[1]णवकारेण विबोहो, [2]अणुसरणं सावओ वयाइं मे ।
[3]जोगो [4]चिइवंदणमो, [5]पच्चक्खाणं च विहिपुव्वं ॥૪૨॥

ગાથાર્થ–શ્રાવક પરોઢમાં જાગતાં જ પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરે. પછી હું શ્રાવક છું અને મારે અમુક અમુક પ્રકારના વ્રત નિયમ છે તે સંભારે. પછી દેહચિંતા આદિ ઝાય બાધા ટાળવાના વ્યાપારમાં પ્રવર્તે, પછી ચૈત્યવંદન કરે. વિધિ પૂર્વક પ્રત્યાખ્યાન ગ્રહણ કરે. એ પ્રમાણે પ્રથમ પ્રાભાતિક કાર્ય કરવાં. ॥ ૪૨ ॥

ભાવાર્થ–૧ નમસ્કાર સ્મરણ-જાગ્રત થતાં સાથે પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા રૂપ નવકાર મહામંત્રનું સ્મરણ કરવું. અહિં કેટલાક આચાર્ય કહે છે કે (णवकारेण એ પદથી) વિશેષતા રહિત કોઈ પણ પ્રભુના નમસ્કારનો પાઠ કરવો. અને કેટલાક કહે છે કે–શય્યામાં રહેલા શ્રાવકે

---

[1] नमस्कारेण विबोधः, [2] अनुस्मरणं श्रावको व्रतानि मे ।
[3] योगश्चैत्यवंदनं [4] प्रत्याख्यानं च विधिपूर्वम् ॥૪૨॥

નવકાર મંત્રનું મનમાં સ્મરણ કરવું. (પણ નમસ્કાર ક્રિયા વા પાઠનો ઉચ્ચાર ન કરવો.) કહ્યું છે કે—

नवकारचिंतणं, माणसम्मि सेज्जागएण कायव्वं ।
सुत्ताविणयपवित्ती, निवारिया होइ एवं तु ॥१॥

અર્થ—શય્યામાં રહેલા શ્રાવકે મનમાં નવકાર મંત્રનું ચિંતવન કરવું, મનમાં ચિંતવવાથી નવકાર રૂપ સૂત્રની અવિનય પ્રવૃત્તિ નિવારી છે એમ જાણવું. [અર્થાત્ શય્યામાં રહીને નમસ્કાર કરે અને સૂત્રપાઠ ભણે તો સૂત્રનો (નમસ્કાર સૂત્રનો) અવિનય થાય છે, માટે શય્યામાં તો મનથીજ નમસ્કાર પાઠ ભણવો. સ્પષ્ટ નહિ—એ ભાવાર્થ.]

૨ **સ્વવ્રતાનુસ્મરણ**—એ પ્રમાણે નમસ્કાર સહિત જાગ્રત થઇને હું કોણ છું, ને કેવો છું ઇત્યાદિ વિચારમાં ચિંતવન કરે કે હું શ્રાવક છું અને મારે અમુક અમુક વ્રત નિયમો છે. તથા હું કોણ છું? એ વિચારમાં એમ પણ ચિંતવે કે હું અમુક કુલનો છું, અમુક જાતિનો છું અને અમુકનો શિષ્ય છું. **ઇતિ દ્રવ્ય સ્મરણ.** તથા હું અમુક ગામમાં છું, અમુક ઘર વિગેરે સ્થાનમાં છું. **ઇતિ ક્ષેત્ર સ્મરણ.** તથા આ પ્રભાત કાળ છે **ઇતિ કાલ સ્મરણ.** અને વડી નીતિ વા લઘુ નીતિ આદિકમાં કઇ જાતની બાધા વર્તે છે એમ ચિંતવવું તે **ભાવ સ્મરણ** એ પ્રમાણે દ્રવ્યાદિ ૪ પ્રકારનું સ્મરણ કરવું.

नमस्कारचिन्तनं मानसे शय्यागतेन कर्तव्यम् ।
सूत्राऽविनयप्रवृत्तिर्निवारिता भवति एवं तु ॥१॥

૩ યોગ–પૂર્વોકત રીતે ચાર પ્રકારનું સ્મરણ કરીને ત્યાર બાદ લઘુનીતિની બાધા હોય તો લઘુનીતિ જઇ આવે અથવા વડીનીતિની બાધા ઉપજે તો વડીનીતિ જઇ આવે. એ લઘુનીતિ આદિ વ્યાપાર તે યોગ જાણવો.

૪ ચૈત્યવંદન–દેહની બાધા દૂર કરી આવીને ત્યાર બાદ કાયાની ને મનની સમાધિ (સ્વસ્થતા) થવાથી [1]ચૈત્યવંદનાદિ ક્રિયા ભાવપૂર્વક થતાં ભાવાનુષ્ઠાન રૂપ થાય છે, માટે દેહ બાધા દૂર કરીને ચૈત્યવંદન કરે એટલે પૂજા પૂર્વક શ્રી જિનેશ્વરની પ્રતિમાનાં વંદન કરે, ને તે પણ વિધિપૂર્વક વંદન પૂજન કરે.

૫ [2]પ્રત્યાખ્યાન–આગમવિધિ પૂર્વક ચૈત્યવંદન કરીને ત્યાર બાદ વિધિ પૂર્વક નમુક્કાર [3]સહિયં આદિ પ્રત્યાખ્યાન કરે. ગાથામાં કહેલ વિહિપુવ્વં એ પદ ચૈત્યવંદન અને પ્રત્યાખ્યાન એ બેમાં જોડવું. અહિં ચૈત્યવંદનનો વિધિ તે ચૈત્યવંદન સંબંધિ ગ્રંથથી જાણવો, ને પ્રત્યાખ્યાનનો વિધિ પ્રત્યાખ્યાન ભાષ્ય આદિક ગ્રંથોથી જાણવો. ॥ ૪૨ ॥

तह [1]चेईहरगमणं, सक्कारो वंदणं [2]गुरुसगासे ।
पच्चक्खाणं [3]सवणं, [4]जइपुच्छा [5]उचियकरणिज्जं ॥४३॥

---

૧ આ ચૈત્યવંદન ઘરમાં કરવાનું છે, ને તે જાગ્યાનું ચૈત્યવંદન છે કે જે પ્રભાતના પ્રતિક્રમણ સાથે જોડેલું છે.

૨ આ પ્રત્યાખ્યાન આત્મસાક્ષીએ ઘરમાં કરવાનું છે.

૩ ઉત્સર્ગ માર્ગે શ્રાવકને ભોજન સંબંધિ એકાશન પ્રત્યાખ્યાન હોય, પરંતુ પાણીને માટે નમુક્કાર સહિયં આદિ પણ હોય.

तथा चैत्यगृहगमनं सत्कारो वन्दनं गुरुसकाशे ।
प्रत्याख्यानं श्रवणं यतिपृच्छा उचितकरणीयम् ॥४३॥

ગાથાર્થ—તથા દેરાસરમાં જવું, ત્યાં પ્રભુનો પુષ્પાદિવડે સત્કાર કરવો, ચૈત્યવંદન કરવું, ત્યાર બાદ ગુરૂ પાસે જઈ પ્રત્યાખ્યાન કરવું, શાસ્ત્ર સાંભળવું, ગુરૂને સુખ શાતા પૂછવી, અને ત્યાર બાદ ગુરૂને માટે ઉચિત વિધિ સાચવવો. ॥૪૩॥

ભાવાર્થ–૬ દહેરાસરગમન—આત્મસાક્ષીએ પ્રત્યાખ્યાન કર્યા બાદ શ્રાવક પોતે મહર્દ્ધિક (વૈભવવાળો) હોય તો સપરિવાર આડંબર સહિત દહેરાસર જાય, જેથી માર્ગમાં કંઇક જીવો ધર્મની અનુમોદના કરે. ધર્મમાર્ગ પામે ને શાસન પ્રભાવના થાય. ત્યાં જઈને પાંચ અભિગમ [1]મહર્દ્ધિકના અને પાંચ અભિગમ [2]અલ્પર્દ્ધિકના (વા ઉભય સાધારણ) તજીને દેરાસરમાં પ્રવેશ કરી પ્રભુમે દેખતાંજ બે હાથ જોડી પુષ્પાદિકથી પૂજા કરવા રૂપ સત્કાર કરે. (અહિ સ્નાન વિલેપન રૂપ અંગપૂજા તથા વાસક્ષેપ પુષ્પપ્રક્ષેપ આદિ અંગ પૂજા કરવી, કારણ કે સ્નાત્રપૂજા તો પ્રભાત કાળે હોય છે.) ત્યારબાદ ચૈત્યવંદન કરે. અલ્પર્દ્ધિક શ્રાવક હોય તો આડંબર વિના પોતાની સ્થિતિમે અનુસારે પવિત્ર વસ્ત્ર-આભૂષણાદિ પહેરી દેહરાસરે જાય. શેષ વિધિ પ્રાયઃ મહર્દ્ધિક તુલ્ય.

---

૧ છત્ર, ચામર મોજડી, ખડ્ગ, મુગુટ એ પાંચના ત્યાગ રુપ પાંચ અભિગમ મહર્દ્ધિકના.

૨ સચિત્તદ્રવ્યનો ત્યાગ, અચિત્તનો અત્યાગ, અખંડ ઉત્તરાસંગ, અંજલિગ્રહણ, ને એકાગ્રતા એ ૫ અભિગમ મહર્દ્ધિકના ને અલ્પર્દ્ધિકના સાધારણ છે.

૭ **ગુરૂ દર્શન ને પ્રત્યાખ્યાન**—દેહરાસરમાં દેવવંદન કર્યા બાદ ઉપાશ્રયે આવી ગુરૂ મહારાજનાં દર્શન કરી ગુરૂ પાસે પ્રત્યાખ્યાન ગ્રહણ કરે. પ્રથમ ઘેર જે પ્રત્યાખ્યાન કર્યું છે તે આત્મસાક્ષીએ પોતે પાઠોચ્ચાર પૂર્વક કરેલ હોય તેજ અથવા પરિણામ વિશેષ થાય તો તેથી અધિક પ્રત્યાખ્યાન ગુરૂની સમક્ષ ગુરૂએ ઉચ્ચરેલા પાઠથી ગ્રહણ કરે. (આત્મસાક્ષીથી ગુરૂસાક્ષીવાળો નિયમ અધિક દૃઢ થાય છે.)

૮ [૧]**આગમ શ્રવણ**—ગુરૂ પાસેથી પ્રત્યાખ્યાન ગ્રહણ કરીને તેમની પાસેથી આગમ શ્રવણ કરે કે જેથી શ્રાવક સંબંધિ ધર્માનુષ્ઠાનોનો વિશેષ બોધ થાય.

૯ [૨]**સુખશાતા પૃચ્છા**—આગમ શ્રવણ કરીને ઉઠતી વખતે ગુરૂ મહારાજને શરીર સંબંધિ સુખાકારી પૂછે, અને સંયમ રૂપ યાત્રાનો સુખે નિર્વાહ થાય છે કે નહિ તે પૂછે, આ રીતે શાતા પૂછવાથી ગુરૂનો વિનય કર્યો ગણાય.

---

૧ આ આગમ શ્રવણ તે પ્રત્યાખ્યાનાદિ સંબંધિ ગુરૂનો ઉપદેશ-શ્રવણ, પરન્તુ વ્યાખ્યાન નહિ.

૨ **इच्छकार सुहराई सुखतप शरीरनिराबाध** ઇત્યાદિ પાઠ રૂપ શાતા પૃચ્છા જાણવી. પરન્તુ એ પાઠ યુકત વંદન કર્યા બાદ પુનઃ સ્વભાષામાં સુખશાતા પૂછવા રૂપ જરૂરી વસ્તુની વિશેષ પૃચ્છા કરીને ત્યાર બાદ ઉચિત કરણ રૂપ ઔષધાદિની યોગ્ય વ્યવસ્થા કરવી. ગોચરી પધારવાનું નિમંત્રણ પણ જો કે **ઇચ્છકાર** ના પાઠમાં આવી જાય છે તો પણ સ્વભાષામાં પુનઃ નિમંત્રણા કરવી એ ઉચિત વિધિ છે.

૧૦ **ઉચિતકરણ**—શરીર તથા સંયમ સંબંધિ સુખ સમાચાર પૂછવાથી તે સંબંધમાં ઔષધાદિકની જરૂર હોય તો તેની યોગ્ય વ્યવસ્થા કરે, અને જો તેમ ન કરે તો સુખશાતા પૂછવાનો કંઇજ અર્થ નથી. માટે સાતાપૃચ્છાને સાર્થક કરવાને ઔષધાદિકની ઉચિત વ્યવસ્થા કરે. [ઔષધાદિના દાનથી શ્રાવક સંયમ સાધનમાં હેતુભૂત થવાથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જ કરે છે.] ॥ ૪૩ ॥

[11]अविरुद्धो ववहारो, [12]काले तह भोयणं च [13]संवरणं ।
[14]चेइहरागमसवणं, [15]सक्कारो [16]वंदणाई [17]य ॥४४॥

ગાથાર્થ–ઉચિત કરણ બાદ અવિરૂદ્ધ વ્યાપારમાં પ્રવર્તે, પ્રત્યાખ્યાનનો કાળ પ્રાપ્ત થયે ભોજન કરે, ત્યાર બાદ ગ્રંથિ [1] સહિતાદિ પ્રત્યાખ્યાન કરે, ત્યાર બાદ દેરાસરે જાય, [2] ત્યાં આગમ શ્રવણ કરે. ત્યાર બાદ સાંજરે દેરાસરે જઈ પૂજા વંદનાદિ કરે, અથવા ત્યાર બાદ ઉપાશ્રયે ગુરૂને વંદનાદિ કરે. ॥ ૪૪ ॥

ભાવાર્થ–**૧૧ અવિરૂદ્ધ વ્યાપાર**–ગુરૂ તથા બીજા મુનિ મહારાજો માટે ઔષધાદિની જરૂર હોય તો તેની

अविरुद्धो व्यवहारः काले तथा भोजनं च संवरणम् ।
चैत्यगृहागमश्रवणं, सत्कारो वन्दनादि च ॥४४॥

૧ ઉત્સર્ગ માર્ગે ભોજન સંબંધિ એકાસન પ્રત્યાખ્યાન હોય, પરન્તુ આ ગ્રંથિ સહિતાદિ પ્રત્યાખ્યાન તિવિહાર એકાશનનાં ભોજન બાદ શેષ વખતમાં અચિત્ત જળ પીવા માટે હોય છે.

૨ દહેરાસર પાસે યા ઉપાશ્રયે.

યોગ્ય વ્યવસ્થા કરીને પછી ઘેર આવી પંદર કર્માદાન રહિત આજીવિકા અર્થે વ્યાપારમાં પ્રવર્તે. જો વ્યાપારમાં ન પ્રવર્તે તો પોષ્ય વર્ગ વિગેરે સીદાવાથી (ભોજનાદિ અર્થે દુઃખી થવાથી) ધર્મને બાધા થાય તેમજ જૈનશાસનની નિન્દા થાય. માટે ધર્મને બાધા ન ઉપજવા માટે આજીવિકા માટે પ્રવૃત્તિ કરે.

૧૨ કાલે ભોજન–ત્યાર બાદ શરીરના આરોગ્યને અનુકૂળ કાળ પ્રાપ્ત થયે અથવા પ્રત્યાખ્યાનનો કાળ પણ કંઇક અધિક થયે છતે (પ્રત્યાખ્યાનનો કાળ પૂર્ણ થતાં તરત નહિ પણ કંઇક અધિક વ્યતીત થયે) ભોજન કરવા બેસે. અહિં આરોગ્યને અનુકૂળ કાળ વિના અકાળ ભોજન કરે તો અજીર્ણાદિ થવાથી શરીરને બાધા ઉપજે, અને પ્રત્યાખ્યાન પૂર્ણ થયા વિના અકાળ ભોજન કરે તો ધર્મને બાધા ઉપજે, તે કારણથી એ કહેલા કાળે ભોજન કરવું એજ હિતકારી છે. કહ્યું છે કે—

जिणपूयोचियदाणं परियरसंभालणा उचियकिच्चं ।
ठाणुवविसो य तहा, पच्चक्खाणस्स संभरणं ॥१॥

અર્થ–શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરીને ઉચિત દાન દઈને, (સુપાત્રદાન આદિ ઉચિતદાન દઇને) પરિવારને સંભારીને, (કોણે કોણે ભોજન કર્યું છે ને કોણ કોણ બાકી છે તેની તપાસ કરીને) તેમજ બાકીના રહેલની યોગ્ય સુચના કરીને વા સાથે બેસાડીને એ રીતે ભોજન

जिनपूजोचितदानं परिकरसंभालना उचितकार्यम् ।
स्थानोपवेशश्च तथा प्रत्याख्यानस्य संस्मरणम् ॥१॥

સંબંધિ ઉચિત ક્રિયા સાચવીને એક સ્થાને બેસીને તથા પ્રત્યાખ્યાનને સંભારીને (અને પારીને ત્યાર બાદ) ભોજન કરે. ઇત્યાદિ વિધિએ ભોજન તે ધર્મભોજન છે ને એ વિધિથી અન્ય પ્રકારે ભોજન કરે તો તે અધર્મ ભોજન છે.

૧૩ સંવરણ પ્રત્યાખ્યાન–ભોજન કર્યા બાદ ગ્રંથિ સહિત આદિ આઠ પ્રકારના સંકેત પ્રત્યાખ્યાનોમાંનું જે ઉચિત્ત લાગે તે ગ્રંથિ સહિતાદિ એક પ્રત્યાખ્યાન અવિરતિપણું ન રહેવા માટે ગ્રહણ કરે, કારણ કે અપ્રમાદી શ્રાવકને એક ક્ષણ માત્ર પણ પ્રત્યાખ્યાન વિના રહેવું ન પાલવે, (માટે ભોજન સંબંધિ વિરતિપણું ચાલુ રાખવા ગ્રંથિ સહિતાદિ એક પ્રત્યાખ્યાન ગ્રહણ કરે. શ્રાવકને પણ ગ્રંથિ સહિતાદિ પ્રત્યાખ્યાન ઘણુંજ ઉપયોગી છે. કારણકે જ્યાં સુધી મુખમાં કંઈ પ્રક્ષેપવામાં ન આવે ત્યાં સુધી ગ્રંથિ સહિતાદિકથી વિરતિપણું ચાલુજ રહે છે. બે વાર ભોજન કરનાર ને ભોજન અને પાણીના વખત સિવાયનો સર્વ વખત વિરતિપણું પ્રાપ્ત થવાથી ૧–૧ કલાક ઉત્કૃષ્ટ ભોજન સમયનો અને ૧ કલાક અનેક વખત પાણી વિગેરે પીવાનો કાળ બાદ કરતાં શેષ ૨૧ કલાકનું અખંડ વિરતિપણું ગણાય છે.

૧૪ ચૈત્યગૃહ ગમન–પૂર્વોકત રીતે ભોજન કરી રહ્યા બાદ અવસર પ્રાપ્ત થયે દેહરાસર જવું, (વ્યાખ્યાન સાંભળવા માટે.) અને આગમશ્રવણ–ત્યાં ચૈત્યગૃહમાં જ્યાં ગુરૂ મહારાજ વ્યાખ્યાન આપતાં હોય ત્યાં જઇ વ્યાખ્યાન સાંભળવું. મૂળ ગાથામાં 'चेइहरागमसवणं=ચૈત્યગૃહાગમ શ્રવણ' એ સમાસાન્ત વાકયમાંથી चेइहरागम=ચૈત્ય-

ગૃહે જવું ને **સવણું**=સાધુ પાસે જિનાગમ શ્રવણ કરવું, એ રીતે બે પદ છૂટાં પાડી શકાય છે, અથવા **ચેઇહર**= ચૈત્યગૃહમાં **આગમસવણું**=આગમ સાંભળવું, એ રીતે પણ બે પદ છૂટાં પાડી શકાય છે, માટે બન્ને રીતે તાત્પર્યાર્થ સરખો જ છે.

પ્રશ્ન–સાધુ ચૈત્યગૃહમાં રહેતા હશે ? કે જેથી ત્યાં વ્યાખ્યાન કરે !

ઉત્તર–ના, સાધુઓ ચૈત્યગૃહમાં નિવાસ કરતા નથી, પરન્તુ ત્યાં વ્યાખ્યાન કરી શકે છે. જેથી ઉપાશ્રય એ તો વ્યાખ્યાનનું સ્થાન છે જ, પરન્તુ વ્યાખ્યાન પ્રાયઃ ચૈત્યગૃહમાં વિશેષતઃ હોય છે, માટે [૧] ચૈત્યગૃહ એ પણ આગમ વ્યાખ્યાનનું બીજું સ્થાન છે એમ જણાવવાને માટે ચૈત્યગૃહે આગમ શ્રવણ કહ્યું છે. સિદ્ધાંતમાં કહ્યું છે કે—

जत्थ पुण अनिस्सकडं, पूरिंति तहिं समोसरणं ।
पूरिंति समोसरणं, अन्नासइ णिस्सचेइएसुं पि ॥१॥
इहरा लोगविरुद्धं, सद्धाभंगो य सड्ढाणं ॥

---

१ જિન ભવન બંધાવનાર શ્રાવકે જિનભવન લગતો જ એવો એક સભા મંડપ બંધાવવાનો વિધિ છે કે જે મંડપમાં સાધુઓ વિશ્રામ લઈ શકે, તેમાં આ વ્યાખ્યાન સભા કરવાની હોય છે, કારણકે શ્રાવકોનો ને સાધુનો સમુદાય જિનભવનમાં જ દર્શનાર્થે એકત્ર થાય છે, તેથી સાધુઓને વ્યાખ્યાન કરવા માટે અને શ્રાવકોને સાંભળવા બેસવા માટે એજ સ્થાન વિશેષ અનુકુળ બને છે.

यत्र पुनः अनिश्राकृतं पूरयन्ति तत्र समवसरणम् ।
पूरयन्ति समवसरणं अन्यासति निश्राचैत्येष्वपि ॥१॥
इतरथा लोकविरुद्धं श्रद्धाभंगश्च श्राद्धानाम् ।

અર્થ–જે ગામમાં અનિશ્રાકૃત (સર્વ ગચ્છનું સાધારણ) ચૈત્ય હોય તે સ્થાને સાધુઓ સમોસરણ પૂરે, (વ્યાખ્યાન સભા કરે,) અને બીજું ચૈત્ય ન હોય તો (અનિશ્રાકૃત ચૈત્ય ન હોય તો) નિશ્રાકૃત ચૈત્યમાં પણ (કોઇ એક ગચ્છાદિકની નિશ્રાવાળા ચૈત્યમાં પણ) વ્યાખ્યાન સભા કરે. ॥ ૧ ॥ જો વ્યાખ્યાન સભા ન કરે તો લોકવિરૂદ્ધ (સાધુ થઈને સદુપદેશ ન આપે અને કેવળ ગોચરી આદિની સ્વપ્રવૃત્તિમાંજ પ્રવર્તે તો તે લોકવિરૂદ્ધ) ગણાય, અને તેથી શ્રાવકોને શ્રદ્ધાભંગ પણ થાય. (કારણ કે ગુરૂની સદુપદેશ મળતો રહે તો શ્રદ્ધા કાયમ રહે ને તેમ ન બને તો શ્રદ્ધાનો ભંગ થાય, અને કેટલાક તો એમ પણ કહેવા લાગે કે સાધુ થઈને કંઈ ઉપદેશ સરખો એ સંભળાવતા નથી. ફકત વખત થાય એટલે ગોચરી પાણી સંભારે છે. ઇત્યાદિ રીતે શ્રદ્ધા ભંગ થાય છે.)

એ પ્રમાણે ચૈત્યગૃહમાં જવા પૂર્વક આગમશ્રવણ કહ્યું તેથી એમ ન જાણી લેવું કે સાધુઓ ચૈત્યમાં રહેતા હશે. સાધુઓને રહેવાનું સ્થાન તો ઉપાશ્રયાદિ જ હોય છે, પરંતુ જિનભવન નહિ. કારણ કે શ્રી વ્યવહાર ભાષ્યમાં સાધુથી ચૈત્યમાં રહેવાય કે નહિ તે સંબંધમાં આ પ્રમાણે કહ્યું છે—

जइ वि न आहाकम्मं भत्तिकयं तहवि वज्जयंतेहिं ।
भत्ती खलु होइ कया, इहरा आसायणा परमा ॥१॥

यद्यपि नाधाकर्म भक्तिकृतं तथापि वर्जयद्भिः ।
भक्तिः खलु भवति कृता, इतरथा आशातना परमा ॥१॥

दुब्भिगंधमलस्सावि, तणुर(ग)प्पेसऽण्हाणिया ।
उभओ वाउवहो चेव, तेण ट्ठंति न चेइए ॥२॥
तिण्णि वा कड्ढई जाव, थुईओ तिसिलोइया ।
ताव तत्थ अणुण्णायं, कारणेण परेण वि ॥३॥

અર્થ–[૧] ભક્તિ કૃત ચૈત્ય સાધુને માટે જો કે આધાકર્મ દોષવાળું નથી તો પણ તેનો ત્યાગ કરતા સાધુઓ વડે ભક્તિકૃત ચૈત્યની નિશ્ચયે ભક્તિ જ કરાય છે. તેથી તેમાં પ્રભુની ભક્તિ કરવાને બદલે અન્યથા પ્રવર્તે તો (જો તેમાં રહે તો) પરમ આશાતના થાય છે॥ ૧ ॥ તથા દુરભિ ગંધ યુકત મેલવાળા એવા સાધુનું શરીર પણ સ્નાન રહિત હોય છે, તેથી બન્ને પ્રકારનો વાયુ પ્રવાહ પણ અશુદ્ધ-મલિન હોય છે, તેથી સાધુઓ ચૈત્યમાં ન રહે ॥ ૨॥ અથવા ચૈત્યમાં દર્શનાદિક કારણસર આવવું પડે તો

दुरभिगंधमलश्रावि-तनुरपि एषाऽस्नानिका ।
उभयोर्वायुवहश्चैव तेन तिष्ठन्ति न चैत्ये ॥२॥
तिस्रो या कर्पति यावत् स्तुतीस्त्रिश्लोकिकाः ।
तावत्तत्रानुज्ञातं कारणेन परेणाऽपि ॥३॥

૧ નિશ્રાકૃત ચૈત્ય, અનિશ્રાકૃત ચૈત્ય, ભક્તિ ચૈત્ય, મંગળ ચૈત્ય ને શાશ્વત ચૈત્ય એ ૫ પ્રકારના ચૈત્ય કહ્યાં છે. તેમાં એક શ્રાવક પોતાના ખર્ચે પ્રભુની ભક્તિ અર્થે બનાવેલું ચૈત્ય તે ભક્તિ ચૈત્ય સાધુને માટે બંધાવેલું નથી તેથી આધાકર્મ દોષવાળું નથી. કારણ કે સાધુને ઉદ્દેશીને જે આહારાદિ પદાર્થો બનાવવામાં આવે તે આધાકર્મ દોષવાળાં છે, તેવો દોષ ભક્તિ ચૈત્યમાં રહેવાથી સાધુને નથી, તો પણ સાધુ તેમાં ન રહે.

ઉત્કૃષ્ટ કારણ પ્રાપ્ત થયે પણ ત્રણ શ્લોકવાળી ત્રણ સ્તુતિઓ જ્યાં સુધીમાં કહેવાય ત્યાંસુધી જ (એટલોજ કાળ) ચૈત્યની અંદર રહે એવી આજ્ઞા છે. ॥ ૩ ॥

એ ઉપર કહેલાં આગમ વચનો પ્રમાણે સાધુને ચૈત્યમાં રહેવાનો સ્પષ્ટ નિષેધ કર્યો છે. માટે સાધુઓ ચૈત્યમાં રહે નહિ, પરન્તુ (ચૈત્યના સભા મંડપમાં) આગમ વ્યાખ્યાન આપે તેનો નિષેધ નથી. (એ પ્રાભાતિક વિધિ કહ્યો.)

॥ ઇતિ પ્રાભાતિક વિધિ ॥

॥ શ્રાવકનો [1]સંધ્યા વિધિ ॥

૧૫ સત્કાર વંદનાદિ (દેવવંદન)—ત્યાર બાદ સાંજરે દેહરાસરમાં જઇ પ્રભુનો સત્કાર-પૂજા કરીને તથા ચૈત્યવંદના કરીને ચૈત્ય સંબંધિ તે વખતે ઉપસ્થિત થયેલ બીજાં કાર્ય પણ સંભાળીને ગુરૂ મહારાજ પાસે જવું.

૧૬ ગુરૂવંદન—સાંજરે દેહરાસરે દેવવંદન કર્યા બાદ ઉપાશ્રયે આવી ગુરૂવંદન કરે.

૧૭ પ્રતિક્રમણ—ગુરૂવંદન કરીને છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ કરે.

---

૧ મધ્યાન્હ વિધિ આહાર અને વ્યાપારનો હોવાથી ધાર્મિક વિધિના પ્રસંગમાં તે અહિં કહ્યો નથી.

પ્રશ્નઃ—શ્રાવકને જેમ સમ્યક્ત્વ અને બાર વ્રત અંગીકાર કરવાનાં કહ્યાં છે તેમ પ્રતિક્રમણ કરવાનો વિધિ કહ્યો નથી, માટે શ્રાવકે પ્રતિક્રમણ કરવું યુક્ત નથી, કારણ કે ઉપાસક દશાંગસૂત્ર વિગેરેમાં કહ્યું નથી, તેમજ શ્રાવકપ્રજ્ઞપ્તિ આદિકમાં પણ કહ્યું નથી, તેમજ આ ગ્રન્થકર્તાએ પણ શ્રાવકના પ્રભાતવિધિમાં પણ **चिइवंदणमो पच्चक्खाणुं च विहिपुव्वं** એ ૪૨ મી ગાથાના વાક્યમાં ચૈત્યવંદન ને પ્રત્યાખ્યાન માત્ર કહ્યું છે, પરન્તુ પ્રભાતમાં પ્રતિક્રમણ કરવાનું કહ્યું નથી, તો અહિં સાંજરે પ્રતિક્રમણ કરવાનો વિધિ કઇ રીતે કહેા છેા ?

ઉત્તર—ભલે કે ઉપાસક દશાંગ આદિકમાં નથી કહ્યું તો પણ શ્રીઅનુયોગદ્વારમાં કહ્યું છે તે આ પ્રમાણે—

जं इमं समणे वा समणी वा सावए वा साविया वा तच्चित्ते तम्मणे जाव उभओ कालं छव्विहं आवस्सयं करेंति से तं लोउत्तरियं भावावस्सयं ॥

(જે કારણથી શ્રમણ વા શ્રમણી વા શ્રાવક વા શ્રાવિકા તચ્ચિત્ત ને તન્મન યાવત્ થઇને બન્ને વખત જે છ પ્રકારનું આવશ્યક કરે તે સાધુ આદિકનું આવશ્યક લોકોત્તર ભાવાવશ્યક કહેવાય.) એ પાઠ ઉપરથી શ્રાવકને પણ પ્રભાતે ને સંધ્યાએ બે વખત પ્રતિક્રમણ કરવાનો વિધિ કહેલ છે.

यदिमं श्रमणो वा श्रमणी वा श्रावको वा श्राविका वा तच्चित्तः तन्मनाः यावद् उभयं कालं षड्विधमावश्यकं कुर्वन्ति तेषां तत् लौकोत्तरं भावावश्यकम् ॥

પ્રશ્નઃ—વ્રતધારી શ્રાવકને વ્રતના અતિચાર આલોચવા માટે પ્રતિક્રમણ સંભવે, વ્રત રહિત શ્રાવકને પ્રતિક્રમણ કરવાની શી જરૂર ? છૂટા શ્રાવકને કયાં અતિચાર લાગે છે કે જેથી વ્રત-રહિત છૂટા શ્રાવકને પ્રતિક્રમણ કરવાની જરૂર હોય ?

ઉત્તરઃ—પ્રતિક્રમણની ક્રિયા કેવળ વ્રતના અતિચાર આલોચના માટેજ છે એમ નથી, પરન્તુ કરવા યોગ્ય સુકૃત્યોને ન કરવાં ઇત્યાદિ કારણથી પણ પ્રતિક્રમણ છે. શ્રાવકના વંદિતા સૂત્રમાંજ કહ્યું છે કે—

पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं ।
असद्दहणे अ तहा, विवरीयपरूवणाए अ ॥१॥

અર્થ—જે જે કૃત્યોનો શ્રીજિનેશ્વરોએ નિષેધ કર્યો છે તે અકરણીય કૃત્યોને કરવાથી અને કરવા યોગ્ય સુકૃત્યો ન કરવાથી, તથા સત્ય તત્ત્વો પ્રત્યે શ્રદ્ધા ન રાખવાથી અને વિપરીત પ્રરૂપણા કરવાથી એ ચાર કારણથી પ્રતિક્રમણ કરવાનું હોય છે.૧

એ પ્રમાણે શાસ્ત્રમાં વ્રતરહિત શ્રાવકને પણ એ ચાર પ્રતિક્રમણ કરવું કહ્યું છે. ॥ ૪૪ ॥

[૧૯]**जइविस्सामणमुचिओ [૨૦]जोगो नमक्कारचिंतणाईओ ।**
गिहिगमणं [૨૧]विहिसुवणं, सरणं गुरुदेवयाईणं ॥४५॥

प्रतिषिद्धानां करणे कृत्यानामकरणे प्रतिक्रमणम् ।
अश्रद्धाने च तथा विपरीतप्ररूपणया च ॥१॥
यतिविश्रामणमुचितो योगो नमस्कारचिन्तनादिकः ।
गृहगमनं विधिशयनं, स्मरणं गुरुदेवतादीनाम् ॥४५॥

ગાથાર્થઃ—સાધુની વિશ્રામણા (વૈયાવૃત્ય) કરવી, તથા નવકારનું ચિંતવન ઇત્યાદિ શ્રાવકની ભૂમિને યોગ્ય શુભ યોગ આરાધવો, ત્યાર બાદ ઘેર જવું, વિધિપૂર્વક શયન કરવું, અને શયન કરતી વખતે પણ ગુરૂ દેવ વિગેરેનું સ્મરણ કરવું. ॥ ૪૫ ॥

ભાવાર્થઃ—૧૮ **સાધુ વૈયાવૃત્ય**—સંયમ ક્રિયાદિકથી થાકેલા મુનિ મહારાજ પુષ્ટ કારણે (ગાઢ કારણે) શ્રાવકાદિ દ્વારા થાક દૂર કરવાની ઇચ્છા રાખે છે, માટે તેવા પરિશ્રમ પામેલા સાધુઓનું વૈયાવૃત્ય-વિશ્રામણ કરવું.

૧૯ **ધ્યાન**—જો તેવું વૈયાવૃત્ય કરવાનું ન હોય તો પ્રતિક્રમણ કરીને પંચપરમેષ્ટિ નવકારનું ધ્યાન કરવું. અહિં **ઉચિતયોગ** કહ્યો છે તે એમ સૂચવે છે કે કંઇ ધાર્મિક અભ્યાસ ન હોય તો નવકારાદિકનું ચિંતવન કરવું, અને જો પ્રકરણાદિકનો અભ્યાસ કર્યો હોય તો તેના અર્થ વિગેરેનું ચિંતવન કરવું, અથવા પ્રકરણોના સૂત્ર અને અર્થનું પરાવર્તન કરવું. અહિં પરિશ્રમ પામેલા કોઇ ધર્મી શ્રાવકનું પણ વૈયાવૃત્ય કરવું કહ્યું છે.

ત્યાર બાદ ગૃહગમન એ રીતે સ્વાધ્યાય ધ્યાન કરી રહ્યા બાદ ઘેર જવું.

૨૦ **વિધિ નિદ્રા**—ત્યાર બાદ ઘેર આવી વિધિપૂર્વક શયન કરવું. અહિં વિધિ આ પ્રમાણે-જિનવંદન કરવું (ચૈત્યવંદન કરવું) અને દિવસના પ્રત્યાખ્યાનને સંવરી-સંકોચી બીજું વિશેષ પ્રત્યાખ્યાન કરવું એ વિધિ છે. (ચાર મંગળનું

સ્મરણ કરી નવકારના ધ્યાનપૂર્વક નિદ્રા લેવી) અથવા પ્રભુના ધર્માચાર્યના અને બીજા પણ મહા શીલવંત પુરૂષોનાં ચરિત્રનું મનમાં સ્મરણ કરતાં સૂઈ રહેવું.

અવતરણ—વિધિપૂર્વક નિદ્રા કરવી એમ પૂર્વ ગાથામાં કહ્યું તેથી અહિં નિદ્રાનો વિધિ દર્શાવે છે—

अब्बंभे पुण विरई, मोहदुगंछा सतत्तचिन्ता य ।
इत्थीकलेवराणं, तव्विरएसुं च बहुमाणो ॥४६॥

ગાથાર્થ—વળી અબ્રહ્મચર્યની વિરતિ, મોહનીયની દુર્ગંછા, સ્વતત્ત્વની ચિન્તા, ને સ્ત્રીના શરીરનો વિચાર અને તે સ્ત્રી કલેવરના ત્યાગી શીલવંતોમાં બહુમાન કરવું, એ વિધિપૂર્વક શ્રાવક નિદ્રા કરે. ॥ ૪૬ ॥

ભાવાર્થ—**અબ્રહ્મવિરતિ**–સ્ત્રી પરિભોગરૂપ અબ્રહ્મચર્યનો ત્યાગ કરવો. તેની ભાવના આ પ્રમાણે—શ્રીદેવ ગુરૂનું સ્મરણ તથા શીલવંત મહાપુરૂષોનાં ચરિત્ર સંભારવાથી સ્ત્રી-પરિભોગની વાસના મન્દ થાય છે, માટે એ રીતે અબ્રહ્મચર્યની વિરતિ કરવી. ॥ ઇતિ [1]અબ્રહ્મવિરતિ ॥

मब्रह्मणि पुनर्विरतिः मोहजुगुप्सा स्वतत्वचिन्ता च ।
स्त्रीकलेवराणां तद्विरतेषु च बहुमानः ॥४६॥

૧ અબ્રહ્મમાં મુખ્યત્વે સ્ત્રી સંબંધિ ત્યાગ ભાવના શ્રી પંચ વસ્તુમાં આ પ્રમાણે કહી છે—

॥ પંચ વસ્તુમાંથી ઉદ્ધૃત સ્ત્રી ત્યાગની ભાવના ॥

સ્ત્રી પરિવર્જન સંબંધિ ભાવના પંચ વસ્તુમાં મુનિ મહારાજને ભાવવાની કહી છે તે ભાવના શ્રાવકને પણ ઉપયોગી હોવાથી કહેવાય છે તે આ પ્રમાણે—

एवं पवट्टमाणस्स कम्मदोसा य होज्ज इत्थीसु ।
रागोऽहवा विणा तं, विहिआणुट्ठाणओ चेव ॥८७५॥

અર્થ—એ પ્રમાણે સંજમ વિધિમાં પ્રવર્તતા મુનિ મહાત્માને તથાવિધ વેદ મોહનીય કર્મના ઉદયથી સ્ત્રી પ્રત્યે રાગ ઉપજે તો તેના ત્યાગની ભાવના આગળ કહેવાય છે તે પ્રમાણે ભાવવી, અથવા સ્ત્રી સંબંધિ રાગ ન ઉપજે તો પણ વિહિત અનુષ્ઠાનથી જ (તેવી ભાવના ભાવવાનો મુનિ ધર્મ હોવાથી જ) સ્ત્રી ત્યાગની ભાવના ભાવવી ॥ ૮૭૫ ॥

सम्मं भावेअव्वाइं, असुहमणहत्थिअंकुससमाइं ।
विसयविसागयभूआइं, णवरं ठाणाइं एआइं ॥८७६॥

અર્થ—મુનિ મહાત્માઓએ વા શ્રાવકે (અશુભ) મનરૂપી હસ્તિને દમવામાં અંકુશ સરખા અને વિષયો રૂપ વિષને શમાવવામાં ઔષધ સરખાં આ નીચે લખેલાં સ્થાનો (ભાવના સ્થાનો) ભાવવાં. ॥ ૮૭૬॥ (સ્મશાનાદિ એકાન્તમાં ગીતાર્થ સહિત રહેતા સાધુએ પ્રથમ તો જીવલોકનું અસ્થિરપણું ભાવવું. ॥ ૮૭૭ ॥) તે આ પ્રમાણે—

जीअं जोव्वणमिड्ढी, पिअसंजोगाइ अत्थिरं सव्वं ।
विसमखरमारुआहय-कुसग्गजलबिंदुणा सरिसं ॥८७८॥

અર્થ—જીવિત (આયુષ્ય), યૌવન ઋદ્ધિ અને પ્રિય પદાર્થોના સંયોગ ઇત્યાદિ સર્વ ભાવો અસ્થિર-ચંચળ છે, અને વિષમ કઠોર પવનથી હણાતા કુશાગ્રવર્તી (દર્ભાદિ ઘાસની અણી ઉપર રહેલા) જળબિંદુ સરખાં અસ્થિર છે (અર્થાત્ એ કોઈ ભાવ શાશ્વત નથી) ॥ ૮૭૮ ॥

विसया य दुक्खहेवा, चिंतायासबहुदुक्खसंजणणा ।
माइंदजालसरिसा, किंवागफलोवमा पावा ॥८७९॥

અર્થ—ઇન્દ્રિયના વિષયો ઇન્દ્રજાલિકની માયાથી બનાવેલી ઇન્દ્રજાળ સરખા છે, ચિન્તાના પ્રયાસવાળા અને ઘણાં દુઃખોને ઉત્પન્ન

કરનારા છે માટે દુઃખ સ્વરૂપ છે, તેમજ કિંપાક ફળ સરખા (અનુભવતાં–ખાતાં મધુર પણ પરિણામે પ્રાણ હરનાર એવા) અને પાપરૂપ છે. ॥ ૮૭૯ ॥

तत्तो य माइगामस्स निआणं रुहिरमाइ भावेज्जा ।
कलमलगमंससोणिअ-पुरीसपुण्णं च कंकालं ॥૮૮૦॥

અર્થ–ત્યાર બાદ સ્ત્રીજનમાં જીવને ઉત્પન્ન થવામાં નિમિત્ત ભૂત રૂધિર વિગેરે (સ્ત્રીનું રૂધિર ને પુરૂષનું શુક્ર) છે તેની અશ્લિલતા ભાવવી, તથા સ્ત્રીઓનું કંકાલ–હાડપિંજર કલમલથી (જઠરમાં રહેલા અશુચિ કાદવથી), માંસથી અને રૂધિરથી તથા વિષ્ટાથી ભરપુર છે એમ ભાવવું. (અહિં 'માઇગામ' માતૃગ્રામ એટલે સ્ત્રી સમુદાય,) ॥ ૮૮૦ ॥

तस्सेव य समरागाभावं सइ तम्मि तह विचिंतिज्जा ।
संझब्भगाण व सया, निसग्गचलरागयं चेव ॥૮૮૧॥

અર્થ–તેજ સ્ત્રીજનમાં સમરાગનો અભાવ હોય છે તે વિચારવો, [અર્થાત્ સ્ત્રીની પોતાના પ્રત્યે સમપ્રીતિ (અથવા પુરૂષો પ્રત્યે સમપ્રીતિ) નથી હોતી, પુરૂષો સ્ત્રી પ્રત્યે જેટલો પ્રેમ રાખે છે તેટલો પ્રેમ સ્ત્રીઓને પુરૂષ માટે હોતો નથી, જેથી એ વિષમ પ્રીતિનો વિચાર કરવો,] અથવા કદાચિત્ કોઈ સ્ત્રી સરખી પ્રીતિવાળી હોય તો તે સ્ત્રીઓનો સમરાગ પણ [સમપ્રીતિ પણ] સંધ્યાનાં વાદળ રંગોની માફક હંમેશાં સ્વભાવથીજ ચલિત રાગ રૂપ હોય છે (અર્થાત્ સમપ્રીતિ સ્થિર રહેતી નથી) ॥ ૮૮૧ ॥

असदारंभाण तहा, सव्वेसिं लोगगरहणिज्जाणं ।
परलोअवेरिआणं, कारणयं चेव जत्तेण ॥૮૮૨॥

અર્થ–વળી જે કારણથી તે સ્ત્રીઓનો સમૂહ લોકમાં નિંદનીય અને પરલોકના શત્રુ ભૂત એવા સર્વ પ્રકારના પાપારંભોનું કારણ છે. ॥ ૮૮૨ ॥

तस्सेव यानिलानलभुअगेहिंतो वि पासओ सम्मं ।
पगई दुग्गिज्झस्स व, मणस्स दुग्गिज्झयं चेव ॥८८३॥

અર્થ–જે કે ચંચળ એવા વાયુ અગ્નિ ને સર્પને ગ્રહણ કરવા વા સ્થિર કરવા સ્વભાવથી જ મુશ્કેલ છે, પરન્તુ એથી પણ સ્ત્રીઓનું મન અતિ દુર્ગ્રાહ્ય છે. અર્થાત્ સમજી શકાય એવું નથી, અથવા સ્ત્રીઓનું ચિત્ત એવું ચંચળ છે કે તેના ચંચળ ચિત્તને સ્થિર કરવું અતિ મુશ્કેલ છે, અથવા અગ્નિ અને સર્પને ગ્રહણ કરવા જેમ ભયંકર છે, તેમ સ્ત્રીઓનું ચિત્ત ગ્રહણ કરવું તેથી પણ અતિ ભયંકર છે. ॥ ૮૮૩ ॥

जच्चाइगुणविभूसिअवरधवणिरविक्खयं च भाविज्जा
तस्सेव य अइनियडीपहाणयं चेव पावस्स ॥८८४॥

અર્થ–પુનઃ તે સ્ત્રીઓ જાતિકુળ ઇત્યાદિ ગુણો વડે અલંકૃત એવા ઉત્તમ ભર્તારની પણ અપેક્ષા રાખતી નથી, એ તે સ્ત્રીઓના પાપમાં તેઓની માયા એજ અતિપ્રધાન છે. ॥ ૮૮૪ ॥

चिंतेइ कज्जमन्नं, अण्णं संठवइ भासए अण्णं ।
पाढवइ कुणइ अन्नं, मायग्गामो नियडिसारो ॥८८५॥

અર્થ–સ્ત્રીઓ ચિત્તમાં કંઈ ચિંતવે છે ને ક્રિયામાં કંઈ કરે છે, બોલે છે કંઈ પ્રારંભે છે કંઈ ને કરે છે કંઈ. માટે માતૃગ્રામ (સ્ત્રીઓ) માયા પ્રધાન છે. ॥ ૮૮૫ ॥

तस्सेवय झाएज्जा, भुज्जो पयईअ णीयगामित्तं ।
सइसोक्खमोक्खपावगसज्झाणरिवुत्तणं तह य ॥८८६॥

અર્થ–વળી તે માતૃગ્રામનું (સ્ત્રીઓનું) સ્વભાવે જ વારંવાર નીચગામીપણું વિચારવું. [અર્થાત્ સ્ત્રીઓ નીચી દૃષ્ટિવાળી અને નીચા માર્ગે ગતિ કરવાવાળી છે એમ વિચારવું] અને સદાકાળના સુખ

વાળા મોક્ષને પ્રાપ્ત કરાવનાર સદ્ધ્યાનમાં શત્રુ સરખી છે (અર્થાત્ ધર્મ શુકલ ધ્યાનમાં અંતરાય કરનારી છે) એમ વિચારવું. ॥ ૮૮૬ ॥

अच्चुग्गपरमसंतापजणगनिरयाणलेगहेउत्तं ।
तत्तो अ विरत्ताणं, इहेव पसमाइलाभगुणं ॥८८७॥

અર્થ—અતિ ઉગ્ર ને પરમ સંતાપ ઉત્પન્ન કરનાર નરકના અગ્નિનું વા નરક રૂપ અગ્નિનું એક કારણ છે, અને તે કારણથી સ્ત્રીઓથી વિરકત થયેલા જીવોને આ લોકમાં જ ઉપશમનો લાભ ઈત્યાદિ ગુણો પ્રગટ થાય છે. ॥ ૮૮૭ ॥

परलोगम्मि अ सइ तव्विरागबीजाओ चेव भाविज्जा ।
सारीरमाणसाणेगदुक्खमोक्खं सुसोक्खं च । ८८८॥

અર્થ—સર્વદા તે સ્ત્રીઓ પ્રત્યે વૈરાગ્યના કારણથી જ પરલોકમાં શરીર સંબંધિ ને મન સંબંધિ અનેક દુઃખોનો નાશ થાય છે, અત્યંત ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ॥ ૮૮૮ ॥

भावेमाणस्स इमं गाढं संवेगसुद्धजोगस्स ।
खिज्जइ किलिट्ठकम्मं चरणविसुद्धी तओ नियमा ॥८८९॥

અર્થ—એ પ્રમાણે સ્ત્રીઓ સંબંધિ સંકલેશની ભાવના ભાવતા સંવેગ વડે શુદ્ધ યોગવાળા જીવના કિલષ્ટ કર્મો (અશુભ કર્મો) ક્ષય પામે છે, અને તે પાપ કર્મો ક્ષય પામવાથી અવશ્ય ચારિત્રની શુદ્ધિ થાય છે. ॥ ૮૮૯ ॥

એ પ્રમાણે મુનિ મહાત્માએ ભાવવા યોગ્ય સ્ત્રી સંકલેશની ભાવનાને શ્રાવક પણ પ્રભાતમાં ઉઠીને બાધક દોષોની વિપક્ષ ભાવના તરીકે ભાવે અથવા તો આ ૪૬ મી ગાથામાં કહેલી **अण्णं** પુણ વિરઇ ઈત્યાદિ સ્ત્રીત્યાગની ભાવના તરીકે ભાવે તો શ્રાવકને પુરૂષ વેદનો ઉદય વિબાધા કરનાર ન થાય.

મોહદુગંછા—તથા સ્ત્રી પ્રત્યેના મોહની જુગુપ્સા-તિરસ્કાર કરવો, એટલે સ્ત્રી પરિભોગમાં હેતુરૂપ પુરૂષવેદ વિગેરે મોહનીય કર્મની નિન્દા કરવી. જેમકે સ્ત્રીનું અંગ અત્યંત લજ્જા આવે એવું છે, તેથી ખુલ્લું ન રાખતાં નિરન્તર ઢાંકી ઢાંકીને રાખવું પડે છે, માટે નજરે દેખવા યોગ્ય નથી, બિભત્સ છે, ને અત્યંત દુર્ગંધવાળું છે, એવા તિરસ્કાર પાત્ર સ્ત્રીના શરીરને કામીજન રૂપ કરમીયા-ક્રીડા પરિભોગને માટે કેવી રીતે ઇચ્છેછે ? અથવા કામીજન રૂપ કરમીયાઓનું મન એમાં કંઈ પણ દુભાતું નથી તે ખરેખર ભવની દશાજ એવી અધમ છે ॥ ઇતિ મોહદુગંછા ॥

સ્વતત્ત્વચિન્તા—પિતાનું વીર્ય અને માતાનું રૂધિર એ બે મલિન પદાર્થોમાં સ્ત્રીનું શરીર ઉત્પન્ન થયેલું તથા [1]નવ છીદ્રોવાળું, મેલવડે ઉત્કટ અને હાડકાંની શૃંખલા-સાંકળ (વા હાડકાંના માળા) રૂપ એવું સ્ત્રીનું શરીર છે એ પ્રમાણે સ્ત્રીઓના શરીરની અશુચિ ભાવના ભાવવી.

શીલવ્રતધારીનું બહુમાન—અબ્રહ્મચર્યથી સર્વથા નિવૃત્ત થયેલા શ્રીસ્થૂલિભદ્ર સરખા મુનિ મહાત્માઓનું તથા વિજયશેઠ સરખા શીલવતી શ્રાવકોનું અને વિજયા શેઠાણી ઇત્યાદિ શીલવતધારી શ્રાવિકાઓનાં ચરિત્ર વિચારી તેઓ પ્રત્યે અત્યંત બહુમાન (અન્તરંગ પ્રીતિ) કરવું. જેમકે

---

૧. મુખ ૧, નાસિકા ૨, ચક્ષુ ૨, સ્તન ૨, ગુદા ૧, યોનિ ૨, કાન ૨, એ પ્રમાણે સ્ત્રીના શરીરનાં ૧૨ છિદ્ર છે, પરન્તુ અહિં કોઈ અપેક્ષાએ ૯ કહ્યાં છે, નવ છિદ્ર પુરૂષના શરીરને હોય છે તે ૨ યોનિને બદલે ૧ પુરૂષ ચિન્હ ગણવું ને ૨ સ્તન ન ગણવા. એ ૧૨ ને ૯ છિદ્રોમાંથી સદા દુર્ગંધ વહ્યા કરે છે.

તેઓ ધન્ય છે તેઓ વન્દનીય છે, અને તેવા આત્માઓ વડે આ ત્રણ લોક પવિત્ર થયા છે કે જેઓએ ત્રણ ભુવનના જીવોને ક્લેશ ઉપજાવનાર એવા કામદેવ રૂપી મહામલ્લનો નાશ કર્યો છે. કહ્યું છે કે—

धन्यास्ते वन्दनीयास्ते, तैस्त्रैलोक्यं पवित्रितम् ।
यैरेष भुवनक्लेशी, काममल्लो निपातितः ॥१॥

એ પ્રમાણે શીલવંત મહાત્માઓનું બહુમાન ભાવવું, સ્થૂલિભદ્ર નેમિનાથ ભગવંત ઇત્યાદિ મહા સત્યવંત ને શીલવંત મહાત્માઓના તથા વિજયશેઠ, વિજયા શેઠાણી, સુભદ્રા સતી, સીતા સતી ઇત્યાદિ સતીઓનાં નામ સંભારવાં, તેઓના ગુણ સંભારવા, ઇત્યાદિ રીતે વેદોદયની બાધા દૂર થાય તેમ વર્તવું.

॥ નિદ્રામાંથી જાગ્રત થયેલ શ્રાવકની મનોભાવના. ॥

અવતરણ—નિદ્રા કરવાનો વિધિ દર્શાવીને હવે નિદ્રામાંથી જાગે ત્યારે શ્રાવકે કેવા શુભયોગમાં વર્તવું તે દર્શાવે છે—

सुत्तविउद्धस्स पुणो, सुहुमपयत्थेसु चित्तविन्नासो ।
भवठिइणिरूवणे वा, अहिगरणोवसमचित्ते वा ॥४७॥

ગાથાર્થ—તથા સૂઇને જાગેલા શ્રાવકનો ચિત્તવિન્યાસ સૂક્ષ્મ પદાર્થોમાં હોય (અર્થાત્ જાગ્રત થયેલા શ્રાવકે સૂક્ષ્મ પદાર્થનો વિચાર કરવો.) અથવા ભવસ્થિતિનું નિરૂપણ

सुप्तविबुद्धस्य पुनः सूक्ष्मपदार्थेषु चित्तविन्यासः ।
भावस्थितिनिरूपणे वा अधिकरणोपशमचित्ते वा ॥४७॥

વિચારવું, (સંસારસ્વરૂપ વિચારવું) અથવા અધિકરણોનો ઉપશમ વિચારવો (પાપ સાધનોનો ઘટાડો કઈ રીતે થાય ? તે વિચારવું). ॥ ૪૭ ॥

ભાવાર્થ—બ્રહ્મચર્યની ભાવના સહિત સૂતેલ શ્રાવક નિદ્રામાંથી જાગ્રત થાય ત્યારે ૧ કર્મપરિણામ, ૨ આત્મપરિણામ વિગેરેનો વિચાર કરે, અથવા ૩ સંસારનું સ્વરૂપ વિચારે, અથવા ૪ અધિકરણોથી નિવૃત્ત થવાનો વિચાર કરે, અર્થાત્ એ ચાર ભાવના ચિંતવે. તે આ પ્રમાણે—

रङ्को राजा नृपो रङ्कः, स्वसा जाया जनी स्वसा ।
दुःखी सुखी सुखी दुःखी, यत्रासौ निर्गुणो भवः ॥१॥

અર્થ—રંક તે રાજા થાય છે, ને રાજા તે રંક થાય છે, બ્હેન તે માતા થાય છે, ને માતા તે બ્હેન થાય છે, દુઃખી હોય તે સુખી થાય છે, ને જે સુખી હોય તે દુઃખી થાય છે. એ પ્રમાણે આ સંસારમાં વિપરીત પરાવર્તનો હંમેશાં થયા કરે છે; તેથી આ સંસાર કંઈ પણ ગુણ વિનાનો છે. (અર્થાત્ આ સંસાર આત્માને કંઈ પણ ગુણકર્તા નથી પરન્તુ અત્યંત અવગુણકર્તા છે.) ॥ ૧ ॥

એ પ્રમાણે ભવની નિર્ગુણતા વિચારે અથવા હળ ગાડાં યંત્રો ઇત્યાદિ જે જે સાવદ્યનાં સાધનો છે તેને ઉપશમાવવાનો (ઘટાડવાનો વા ત્યાગવાનો) વિચાર કરે, અર્થાત્ આ મ્હારાં હિંસાનાં સાધનોથી હું કયારે નિવૃત્ત થઇશ ? એ પ્રમાણે [1]ભાવના ભાવે. ॥ ૪૭ ॥

---

૧ અહિં શ્રાવકને જાગવાનો સમય રાત્રિનો ચોથો પ્રહર છે, સર્વત્ર પુવ્વાવરત્તકાલે એ પાઠ હોવાથી રાત્રિનો પહેલો પહોર અને

અવતરણ—શ્રાવક પ્રભાતમાં જાગ્રત થાય ત્યારે જે ચિંતવન કરે તે ચાર પ્રકારનાં ચિંતવન પૂર્વ ગાથામાં કહીને પુનઃ આ ગાથામાં બીજાં ૪ પ્રકારનાં ધર્મ ચિંતવન કહે છે—

आउयपरिहाणीए, असमंजसचेट्ठियाण व विवागे।
खणलाभदीवणाए, धम्मगुणेसुं च विविहेसु ॥४८॥

ગાથાર્થ—આયુષ્યની પ્રતિસમય હાનિમાં, તથા અનુચિત ચેષ્ટાઓના વિપાકમાં; (પ્રાણિવધાદિકના ફળમાં) ક્ષણ લાભની દીપનામાં, (અલ્પ કાળમાં ઘણા લાભની અને ઘણી હાનિની વિચારણામાં અથવા મોક્ષના અવસરના લાભની વિચારણામાં) તેમજ ધર્મથી થતા વિવિધ પ્રકારના ગુણોમાં ચિત્તવિન્યાસ કરવો, અર્થાત્ એ ચાર વસ્તુઓનું ચિન્તવન કરવું ॥ ૪૮ ॥

ભાવાર્થ—શ્રાવકે પ્રભાતમાં જાગ્રત થઈને સૂક્ષ્મ પદાર્થાદિકનો વિચાર કરવો ઇત્યાદિ કહીને પુનઃ આયુષ્યની હાનિ આદિકનો પણ વિચાર કરવાનું કહે છે, તે આ પ્રમાણે—

॥ ૧ આયુષ્યની અતિસમય હાનિનું ચિન્તવન ॥

છેલ્લો પ્રહર એ બે પ્રહર શ્રાવક અને સાધુ બન્નેને માટે જાગ્રતિના છે. ને નિદ્રાકાળ બે મધ્ય પ્રહરનો છે, જેથી રાત્રિનો ત્રીજો પ્રહર સમાપ્ત થઈ ચોથો પ્રહર પ્રારંભાતા જાગ્રત થઈ જાય અને પ્રથમ ૪૨ મી ગાથાના ભાવાર્થમાં વ્રતાનુસ્મરણમાં કહેલી દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ને ભાવથી એમ ચાર પ્રકારની ધર્મભાવના ભાવે.

आयुःपरिहाणौ असमञ्जसचेष्टितानां च विपाके।
क्षणलाभदीपनायां धर्मगुणेषु च विविधेषु ॥४८॥

જીવનું પૂર્વ ભવમાં બંધાએલું આયુષ્ય વિશેષમાં વિશેષ ૩ પલ્યોપમનું યુગલિક મનુષ્ય અને યુગલિક તિર્યંચનું, ૩૩ સાગરોપમ દેવનું અને ૩૩ સાગરોપમ નારકીનું હોય છે. તે પ્રતિસમય ઘટતું જાય છે. જીવ જ્યારથી પૂર્વ ભવમાંથી છૂટો થયો ત્યારથી તરત પર ભવનું (જ્યાં ઉત્પન્ન થયો ત્યાંનું) આયુષ્ય શરૂ થાય છે, ને ઉદય આવી નિર્જરે છે. પ્રથમ સમયે આયુષ્યના અનંત પુદ્ગલો નિર્જર્યા, તે વખતે પૂર્વોક્ત આયુષ્યમાંથી ૧ સમય ઓછો થયો, બીજે સમયે બીજા અનંત પુદ્ગલો ઉદયમાં આવી નિર્જર્યા ત્યારે બે સમય ઓછા થયા. ત્રીજે સમય ત્રીજા અનંત પુદ્ગલો ઉદયમાં આવી નિર્જર્યા, ત્યારે ત્રણ સમય ઓછા થયા. એ પ્રમાણે પ્રતિસમય ભોગવાઇ ભોગવાઈને ઘટતાં ઘટતાં ઉત્કૃષ્ટ અથવા સમયાદિ હીન બાંધેલા આયુષ્યના સર્વ સમયો ધીરે ધીરે નાશ પામતાં જીવ મરણ પામે છે, અને પ્રમાદમાં રહી ધર્મકાર્ય કરી શકતો નથી; જેથી જીવને સંબોધીને આયુષ્ય હાનિના સંબંધમાં આ પ્રમાણે ઉપદેશ વચન કહ્યું છે—

समस्तसत्त्वसंघानां, क्षयत्यायुरनुक्षणम् ।
आममल्लकवारीव, किं तथापि प्रमाद्यसि ॥१॥

અર્થ—હે જીવ! સર્વ પ્રાણીઓના સમૂહનું આયુષ્ય કાચા માટીના કુંડામાંથી ઝરતા પાણીની જેમ પ્રતિસમય ક્ષય પામતું જાય છે, તો પણ તું પ્રમાદ કરે છે? ॥૧॥

વળી જીવ પૂર્વ ભવમાંથી જેટલું આયુષ્ય બાંધી લાવ્યો છે, તે ઉપરાન્ત એક સમય માત્ર પણ વધારવાને સમર્થ નથી. તેમ આયુષ્ય વધવાના ઉપાયો નથી, પરન્તુ ઘટવાના

ઉપાયો તો અનેક છે. જો આયુષ્ય વધવાનાં ઉપાયો જગતમાં વિદ્યમાન હોત તો શ્રી તીર્થંકરો અને ચક્રવર્તિઓને ઉપાયોની ઉણપ નહોતી, જેથી તેઓ ધારે તો આયુષ્ય વધારી શકે. પરન્તુ આયુષ્ય વધારવાની બાબતમાં શ્રીતીર્થંકર ચક્રવર્તી-ઓનું પણ કંઇ ચાલે તેમ નથી. તીર્થંકરો તો જે કે વીતરાગ હોવાથી જીવન મરણના અભિલાષ રહિત હોય તેથી તેમને તો આયુષ્ય વધારવાની ઇચ્છા નજ હોય, પરન્તુ અધિક જીવિતના અભિલાષી ચક્રવર્તી વાસુદેવ વિગેરે મહાસમર્થ પુરૂષો તો આયુષ્ય વધવાના ઉપાયો હોત તો અવશ્ય આયુષ્ય વધારી શકત, પરન્તુ આયુષ્ય વધવાના ઉપાય છેજ નહિ, તેથીજ ચક્રવર્તી આદિ મહાસમર્થ પુરૂષો આયુષ્ય પૂર્ણ થયે સર્વ ઋદ્ધિ છોડીને આ જગતનો ત્યાગ કરી જાય છે, (એકલું મનુષ્ય આયુષ્યજ વધારી શકાતું નથી એટલુંજ નહિ પરંતુ દેવાદિક કોઇ પણ આયુષ્ય ક્ષણમાત્ર વધારી શકાતું નથી. એટલે દેવતાઓ પણ પોતાનું આયુષ્ય પૂરૂં થયે સમસ્ત ઋદ્ધિનો ત્યાગ કરીને ચ્યવી જાય છે.)

વળી જીવ જેટલું આયુષ્ય પૂર્વ ભવમાંથી ઉપાર્જન કરી લાવ્યો છે તેટલું સંપૂર્ણ ભોગવે એવો પણ નિયમ નથી, કારણ આયુષ્ય ઘટવાના ઉપાયો તો છેજ. જેથી જે જીવોએ અતિદૃઢ કે નિકાચિત બંધનથી આયુષ્ય બાંધ્યું હોય તે તો સંપૂર્ણ આયુષ્ય ભોગવે, પરન્તુ તથા પ્રકારના અધ્યવસાયોથી જો શિથિલ બંધનથી બાંધી લાવ્યો હોય તો તે શિથિલ આયુષ્ય અહિં અમુક અમુક આઘાતક નિમિત્તો મળવાથી જલદી ક્ષય પામી જાય છે, જેથી સો વર્ષના આયુષ્યવાળો જીવ

સો વર્ષ પૂર્ણ ન કરતાં ગમે તે વખતે અધવચમાં પણ મરણ પામી જાય છે. શાસ્ત્રમાં આયુષ્ય ઘટવાના જેમ ૭ ઉપક્રમો કહ્યા છે, તેમ આયુષ્ય વધવાના અતિક્રમો કયાંય નથી કહ્યાં. તે ઉપક્રમો આ પ્રમાણે—

॥ આયુષ્ય ઘટવાના ૭ ઉપક્રમો (નિમિત્તો.) ॥

અજ્ઝવસાણ નિમિત્તે, આહારે વેયણા પરાઘાએ ।
ફાસે ય આણપાણૂ, સત્તવિહં ઝિજ્જએ આઊ ॥૧॥

અર્થ:—અધ્યવસાય, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ, શ્વાસોચ્છવાસ એ સાત પ્રકારના ઉપક્રમોથી આયુષ્ય ઘટે છે. ॥૧॥

૧ અધ્યવસાય—અત્યન્ત કામરાગ, અત્યન્ત સ્નેહ, ને અત્યન્ત ભય એ ત્રણ પ્રકારના અધ્યવસાયથી આયુષ્ય ઓછું થાય છે. એમાં કામરાગની ૧૦ દશાઓ કહી છે, તેમાં અંતિમ દશા મરણ છે. તે ૧૦ દશા આ પ્રમાણે—

ચિંતેઇ દટ્ઠુમિચ્છઇ, દીહં નીસસઇ તહ જરે દાહે ।
ભત્તઅરોઅણ મુચ્છા, ઉમ્માય ન યાણઈ મરણં ॥૧॥

अध्यवसाय निमित्ते आहारे वेदना-पराघाते ।
स्पर्शे च प्राणापानेषु सप्तविधं क्षीयते आयुः ॥१॥

चिंतयति[१] द्रष्टुमिच्छति[२] दीर्घं निःश्वसिति[३] तथा ज्वरे[४] दाहे[५]।
भक्तारोचनं[६] मूर्च्छा[७] उन्मादो[८] न जाणाति[९] मरणम्[१०] ॥१॥

અર્થ:—૧ સ્ત્રીનું ચિન્તવન કરે, ૨ સ્ત્રીને દેખવાની ઇચ્છા કરે, ૩ દીર્ઘ નિસાસા મૂકે, ૪ જ્વર (તાવ) આવે, ૫ અંગમાં દાહ ઉપજે, ૬ ભોજન પર અરૂચિ થાય, ૭ મૂર્ચ્છા આવે, ૮ ઉન્માદ વધે, ૯ બેભાન બને, ૧૦ મરણ પામે. એ કામની દશ દશાઓ છે. એ કામરાગથી આયુષ્ય તૂટવામાં પાણી પાનારી પરબવાળીનું દૃષ્ટાન્ત છે. સ્નેહ-રાગના સંબંધમાં સાર્થવાહ ને સાર્થવાહીનું અને ભયથી મરણ પામવાના સંબંધમાં ગજસુકુમાર જમાઈને હણીને નગરમાં પ્રવેશ કરતાં વાસુદેવને (કૃષ્ણને) દેખતાં તરત મરણ પામેલા સોમિલ બ્રાહ્મણ સસરાનું દૃષ્ટાન્ત છે. એ ત્રણેનાં આયુષ્ય દીર્ઘ હતાં, પરન્તુ અત્યંત કામરાગ આદિ કલ્પિત અધ્યવસાયો વડે આયુષ્ય પૂર્ણ કર્યા વિના મરણ પામ્યા. માટે અતિ વિકલ્પિત રાગાદિ આયુષ્યના ઉપક્રમો છે.

૨ નિમિત્ત—વિષ અને શસ્ત્ર ઇત્યાદિ નિમિત્તો વડે આયુષ્ય ઘટે છે.

૩ આહાર—અતિઆહારથી અને આહારના અભાવથી આયુષ્ય ઘટે છે. તેમજ અતિસ્નિગ્ધ આહારથી અથવા તદ્દન લૂખા આહારથી આયુષ્ય ઘટે છે, તેમજ વિકૃત આહારથી (ઠોહેલા સડેલા આહારથી.) અને અપથ્ય આહારથી આયુષ્ય ઘટે છે.

૪ વેદના—શૂળ વિગેરે વેદનાથી આયુષ્ય ઘટે છે.

૫ પરાઘાત—કૂવામાં પડવાથી વા ઝંપાપાતથી આયુષ્ય ઘટે છે.

૬ **સ્પર્શ**—ઝેરી દેહવાળાના સ્પર્શથી (જેમ વિષ કન્યાના સ્પર્શથી) આયુષ્ય ઘટે.

૭ **શ્વાસોચ્છવાસ**—અતિ શ્વાસોચ્છવાસ લેવાથી તથા શ્વાસોચ્છવાસ બંધ કરવાથી એમ બન્ને રીતે આયુષ્ય ઘટે છે. એ પ્રમાણે આયુષ્ય ઘટવાના ૭ [૧]ઉપક્રમ

---

૧ આયુષ્ય અપવર્તનીય ને અનપવર્તનીય એમ બે પ્રકારનું છે, તેમાં જે આયુષ્ય ઉપક્રમ મળતાં ઘટે તે **અપવર્તનીય**, ને ઉપક્રમોથી (આયુ ઘટવાના નિમિત્તોથી) પણ ન ઘટે એવું આયુષ્ય **અનપવર્તનીય** કહેવાય. દેવ, નારક, યુગલિક, ચરમ શરીરી ને ઉત્તમ શરીરી એ પાંચનું આયુષ્ય અનપવર્તનીય વા નિરૂપક્રમી હોય છે, ને શેષ મનુષ્ય તિર્યંચોનું આયુષ્ય અપવર્તનીય ને અનપવર્તનીય એમ બન્ને પ્રકારનું હોય છે.

પ્રશ્ન—આયુષ્ય જે રીતે બાંધ્યુ હોય તે રીતે ઉદયમાં આવવું જ જોઇએ તો કોઈનું ઘટી શકે ને કોઈનું આયુષ્ય ન ઘટી શકે એમ બનવાનું કારણ શું?

ઉત્તર—**जमिहगाढनिकायणबद्धं सिढिलं च तं जहाजोगं।** ઈત્યાદિ વચનાનુસારે પૂર્વ ભવમાં જે વખતે આયુષ્ય બાંધ્યુ તેજ વખતે તથા પ્રકારના યોગ અને પરિણામને અનુસારે ગાઢ નિકાચન બંધથી (અતિ દૃઢ બંધથી) અથવા શિથિલ બંધથી [ઢીલા બંધથી] બાંધ્યું છે, તે કારણથી આ ભવમાં ઉદય વખતે પણ દૃઢ ઉદયમાં આવવાથી અધ્યવસાયાદિ ૭ ઉપક્રમો લાગતા નથી, અર્થાત્ એ ૭ ઉપક્રમોથી આયુષ્ય ઘટતું નથી. ને જે પ્રથમથીજ શિથિલ બંધથી બાંધ્યુ છે તે ઉદય આવતી વખતે શિથિલ ઉદય આવવાથી એ સાતે ઉપક્રમો આયુષ્યને અસર કરી શકે છે. અર્થાત્ ઉપક્રમોથી આયુષ્ય

કહ્યા છે, પરન્તુ આયુષ્ય વધવાનો કોઈ ઉપાય શાસ્ત્રમાં કહ્યો નથી, માટે હે જીવ! આયુષ્યની સમય સમય હાનિ થતાં પણ સંપૂર્ણ આયુષ્ય પૂરું ભોગવાશે એ નિયત નથી, કોણ જાણે કઇ વખતે અચાનક મરણ આવશે તેની ખબર નથી, તો પ્રમાદ શા માટે કરે છે?

॥ ૨ અસમંજસ ચેષ્ટાઓના વિપાકની ભાવના ॥

પ્રાણિઓની હિંસા કરવી, અસત્ય વચન બોલવું, ચોરી કરવી, વ્યભિચાર સેવવા, ધન ધાન્યાદિકનો અધિક

તૂટી જાય છે.

પ્રશ્ન–જો એ પ્રમાણે શિથિલ આયુષ્યવાળો જીવ આયુષ્ય પૂર્ણ કર્યા વિના અધવચ્ચમાંજ મરણ પામી જાય તો ભોગવતાં બાકી રહેલું આયુષ્ય બીજા ભવમાં ભોગવે?

ઉત્તર–ના. તે આયુષ્ય બીજા ભવમાં કોઈ રીતે ભોગવાતું નથી, પરન્તુ તેજ ભવમાં ભોગવાઈ પૂર્ણ થઈ જાય છે.

પ્રશ્ન–એક વાર કહો છો કે સોપક્રમ આયુવાળો જીવ અધુરા આયુષ્યે મરણ પામે, વળી કહો છો કે એજ જીવ બાકીનું આયુષ્ય બીજા ભવમાં ન ભોગવતાં તેજ ભવમાં પૂર્ણ કરે, એ વદતો વ્યાઘાત (પરસ્પર વિરુદ્ધ વચન) જેવું શું કહો છો?

ઉત્તર–એમ કહેવામાં વદતો વ્યાઘાત જેવું કંઈજ નથી, તેનું કારણકે આયુષ્ય બે પ્રકારનું છે. ૧ દ્રવ્ય આયુષ્ય એટલે આયુષ્યના પુદ્ગલો, ને ૨ કાલ આયુષ્ય એટલે ૧૦૦ વર્ષ ઇત્યાદિ કાળનો નિયમ. તેમાં કાળ આયુષ્યની અપેક્ષાએ આયુષ્ય તૂટે છે, પરન્તુ દ્રવ્ય આયુષ્ય, તો સંપૂર્ણ ભોગવાય છે, કારણકે અલ્પકાળમાં મરણ પામતાં આયુષ્યના પુદ્ગલો બહુ જલદી અને ઘણા ઘણા ભોગવાઈ જાય છે, જેથી એક પણ પુદ્ગલ ભોગવવાનો બાકી રહેતો નથી અને ત્યારેજ મરણ થયું કહેવાય છે.

સંગ્રહ કરવો વિગેરે ચેષ્ટાઓ કરવી તે સર્વ અસમંજસ ચેષ્ટાઓ (અનુચિત ક્રિયાઓ–અસદાચાર) કહેવાય, એ અશુભ ચેષ્ટાઓનું ફળ દુર્ગતિ છે. કહ્યું છે કે—

वहमारण अब्भक्खाणदाणपरधणविलोवणादीणं ।
सव्वजहण्णो उदओ, दसगुणिओ एक्कसिकयाणं ॥१॥

અર્થ–વધ, (હણી નાખવું) મારવું, અભ્યાખ્યાન દેવું, (ખોટું કલંક આપવું) પર ધન વિલોપન કરવું (ચોરી કરવી) ઇત્યાદિ અશુભ ક્રિયાઓમાં કોઇ પણ એક વાર કરેલી અશુભ ક્રિયાનો–અશુભ આચરણનો સર્વ=જઘન્ય ઉદય ૧૦ગુણો હોય છે, અર્થાત્ કોઇ પણ અશુભ આચારનું ફળ જઘન્યથી દશગણું ભોગવવું પડે છે. જેમ કોઇ જીવને એકવાર હણવાથી જઘન્યથી ૧૦ વાર હણાવું પડે છે. એ જઘન્ય અધ્યવસાય આશ્રયી કર્મનો ૧૦ વાર વિપાકોદય કહ્યો, પરન્તુ અધિક અધિક અધ્યવસાયે એકેક વાર આચરેલા દુરાચારોનું ફળ પરભવમાં સો વાર હજારવાર લાખવાર કોડવાર ઇત્યાદિ અનેક વાર ભોગવવું પડે છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે પણ સજ્ઝાયમાં કહ્યું છે કે—

होय विपाके दशगणुंरे एकवार कियुं कर्म ।
शतसहस कोडी गमेरे, तीव्रभावना मर्मरे–प्राणी०

અર્થ–એકવાર કરેલું કર્મ ઉદયમાં આવે ત્યારે દશ ગણું ઉદયમાં આવે છે, એ જઘન્ય અધ્યવસાયનો મર્મ

वध-मारण-अभ्याख्यान-दान परधनविलोपनादीनाम् ।
सर्वजघन्यउदयो दशगुणितः सकृत्कृतानाम् ॥१॥

(રહસ્ય) જાણુવેા, અને તીવ્ર તીવ્રતર ભાવના વડે (અધ્યવસાય વડે) એક કર્મ કર્યું હોય (બાંધ્યું હોય) તેા સેા ગણું હજારગણું યાવત કોડો ગણું પણ ઉદયમાં આવે. (માટે બંધન અને વિપાક એ બે વિલક્ષણ છે, કારણકે એકવાર બાંધેલું કર્મ એકવાર ઉદયમાં આવવું જોઈએ તેને બદલે અનેક ગણું ઉદયમાં આવે એ વિલક્ષણતા છે.) માટે હે જીવ! પ્રાણિવધ આદિ અશુભ આચરણ ન કર, જેમ બને તેમ અશુભ આચારો ઘટાડવા યેાગ્ય છે, એક જીવના સ્વાર્થ માટે અનેક પ્રાણીઓના વધ અસત્યવાદ વિગેરે અનેકવાર સેવવા પડે છે અને તિર્યંચ ગતિનાં તથા નરક ગતિનાં દુઃખ અનેકવાર ભોગવવાં પડે છે.

।। ૩ ક્ષણુ લાભ ભાવના ।।

વળી હે જીવ! એકજ અંતર્મહૂર્ત માત્ર જો મહારંભ પરિગ્રહ વા પ્રાણિવધમાં પ્રવર્ત્યો તેા તેથી બંધાયેલા કર્મ વડે તિર્યંચ ગતિમાં સંઘાત વર્ષો દુઃખ ભોગવવું પડે છે. પહેલી નારકીમાં ૧ સાગરોપમ સુધી દુઃખ ભોગવવું પડે છે. યાવત્ સાતમી નારકીમાં ૩૩ સાગરોપમ સુધી દુઃખ ભોગવવું પડે છે. માટે પ્રાણિ વધાદિક દુરાચરનાં એ માઠાં ફળ છે. એ પ્રમાણે અશુભ કર્મનાં અશુભ ફળની ચિંતવના કરે. અહિં ક્ષણ=અન્તર્મુહૂતાદિ કાળ, તેમાં જે શુભ વા અશુભ કર્મનેા લાભ મેળવે તે ક્ષણલાભ ભાવના. અને તે અહિં અશુભ અધ્યવસાય વડે મેાટા અશુભ કર્મનેા લાભ મળે તે કહી, અને શુભ કર્મના લાભની ભાવના પણ એ અનુસારે વિપરીત વિચારવી. જેમ કે હે જીવ! જો તું ક્ષણ

માત્ર અન્તર્મુહૂર્ત પણ શુભ અધ્યવસાયમાં પ્રવર્તે તો મનુષ્યગતિનાં ૩ પલ્યોપમનાં સુખ ઉપાર્જન કરી શકે છે, દેવનાં ૩૩ સાગરોપમનાં સુખ ઉપાર્જન કરી શકે છે. અથવા મોક્ષનાં સાદિ અનન્ત કાળ સુધીનાં અવ્યાબાધ સુખને પણ ઉત્પન્ન કરી શકે છે. એ પ્રમાણે અલ્પકાળના અશુભ પરિણામથી ઘણા દીર્ઘકાળની દુઃખોની પરંપરા ઉત્પન્ન કરે છે, અને અલ્પકાળના શુભ પરિણામથી ઘણા દીર્ઘકાળની સુખની પરંપરા પણ ઉપાર્જન કરી શકે છે. આ વાત અન્તર્મુહૂર્તના નૈશ્ચયિક અધ્યવસાયને અનુસરીને કહી, અને વ્યવહારથી સ્થૂલ દૃષ્ટિએ ક્ષણ લાભ દીપના (ક્ષણ લાભ ભાવના) બીજી રીતે છે તે આ પ્રમાણે—

મનુષ્યનું આયુષ્ય શાસ્ત્રમાં જો કે સંખ્યાતા વર્ષ સુધીનું વા અસંખ્ય વર્ષ સુધીનું કહ્યું છે તે ન ગણતાં લોક વ્યવહારની દૃષ્ટિએ ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ ગણાય છે તે પ્રમાણે ગણીએ, અને તે રીતે સંપૂર્ણ જીંદગી સુધીમાં પણ જો કેવળ ૧સાગરોપમ જેટલું અલ્પ શુભ કર્મ બાંધ્યું હોય તો ૧૦૦ વર્ષના ૩૬૦૦૦ દિવસોના હિસાબ પ્રમાણે એકજ દિવસમાં હજારો ક્રોડ પલ્યોપમ જેવડા મોટા કાળનું સુખ ઉપાર્જન કર્યું એમ ગણાય. જેથી અલ્પકાળના શુભ અધ્યવસાય વડે દીર્ઘકાળનું શુભ કર્મ ઉપાર્જન થયું એ ક્ષણ લાભ દીપના જાણવી. તેમજ એજ ૧૦૦ વર્ષમાં નારક સંબંધિ ૧ સાગરોપમ જેટલું દુઃખ કર્મ ઉપાર્જન કર્યું હોય તો એક દિવસ માત્રના અશુભ પરિણામ વડે હજારો ક્રોડ પલ્યોપમ સુધીનું દુઃખ કર્મ ઉપાર્જન કરવાથી

એ પણ અશુભ કર્મ સંબંધિ ક્ષણ લાભ દીપના જાણવી. વળી એ વાત તો કેવળ ૧ સાગરોપમના હિસાબે થઇ, પરન્તુ જો ઘણા સાગરોપમોનું એટલે ૩૩–૩૩ સાગરોપમ જેટલું સુખ વા દુઃખ ઉપાર્જન કર્યું હોય તો ૧૦૦ વર્ષના ૩૬૦૦૦ દિવસના હિસાબે તેત્રીસ ગુણ કાળ સુધીનું સુખ દુઃખ ઉપાર્જન કર્યું ગણાય. તેનો હિસાબ આ પ્રમાણે—૩૬૦૦૦ દિવસ વડે ૧ સાગરોપમનાં ૧૦ કોડા કોડી પલ્યોપમ ને ભાંગતાં

૩૬૦૦૦)૧૦.૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦(૨૭૭૭૭૭૭૭૭૭૭

૯૯૬૯૯૯૯૯૯,૯૯૭૨૦૦૦

૨૮૦૦૦

એક દિવસમાં ૨૭ અબજ ૭૭ કોડ ૭૭ લાખ ૭૭ હજાર સાતસો સિત્તોત્તેર એટલા પલ્યોપમોનું સુખ દુઃખ ઉપાર્જન કરે. (૧ સાગરોપમની અપેક્ષાએ)

પુનઃ એ ગણત્રી આયુષ્ય કર્મના હિસાબે કરી છે, પરન્તુ જો દેવગતિ ને નરકગતિ નામકર્મના હિસાબે કરીએ તો દેવગતિનો બંધ ૧૦ કોડાકોડી સાગરોપમનો છે, ને નરકગતિનો બંધ ૨૦ કોડા કોડી સાગરોપમ છે, તો એથી પણ ઘણા લાખ કોડ પલ્યોપમોનું સુખ દુઃખ ઉપાર્જન કર્યું ગણાય. માટે હે જીવ! એક દિવસ જેટલા અલ્પ બંધકાળમાં હજારો કોડ વા લાખો કોડ પલ્યોપમોનું સુખ દુઃખ ઉપાર્જન થાય છે, માટે તું એવા અલ્પ કાળ પણ પાપ પુણ્ય કરીશ તો ઘણા કાળનું દુઃખ સુખ ઉપાર્જન કરીશ, માટે દુઃખ અનિષ્ટ હોવાથી દુઃખને ઉપાર્જન કરવું ઉચિત નથી.

જેથી સુખ ઘણું અલ્પ કાળમાં ઘણું ઉપાર્જન થાય છે, તો તેવો ઘણો લાભ મનુષ્ય ભવમાં મેળવી શકાય તેવો છે તેને શા માટે ચૂકે છે ? આવો અવસર ફરી ફરીને મળવાનો નથી. માટે જેમ બને તેમ પુણ્યાનુબંધી પુણ્યરૂપ સુખ મેળવવાનો ઉદ્યમ કર કે જેના પ્રભાવે મોક્ષનું અનન્ત સુખ પણ અવશ્ય મળશેજ.

ઉપર ગણાવેલા સુખ દુઃખના કાળની ગણત્રી માટે કહ્યું છે કે—

नरएसु सुरवरेसु य, जो बंधइ सागरोवमं एक्कं ।
पलिओवमाण बंधइ, कोडिसहस्साण दिवसेणं ॥१॥

અર્થ—જે પુરૂષ (૧૦૦ વર્ષાયુવાળો) અશુભ પરિણામ વડે નરકગતિ સંબંધિ ૧ સાગરોપમની સ્થિતિ બાંધે, અથવા શુભ પરિણામ વડે દેવગતિ સંબંધિ ૧ સાગરોપમની સ્થિતિ બાંધે તો તે પુરૂષ એક દિવસમાં હજારો કોડ પલ્યોપમની સ્થિતિ બાંધે છે. ॥૧॥

અથવા ક્ષણલાભદીપનાનો બીજો અર્થ વિચારીએ તો ક્ષણ–મોક્ષ સાધનનો સમય–અવસર તેના **લાભ**–લાભ સંબંધિ **દીપના**–પ્રકાશના–ભાવના તે **ક્ષણલાભદીપના.** અહિં મોક્ષસાધનનો અવસર તે દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી ને ભાવથી ૪ પ્રકારનો છે. તે આ પ્રમાણે—

नरकेषु सुरवरेषु च यो बध्नाति सागरोपममेकम् ।
पल्योपमानां बध्नाति कोटिसहस्राणां दिवसेन ॥१॥

૧ દ્રવ્યથી ક્ષણલાભ—અહિં દ્રવ્ય એટલે મનુષ્યપણું, તે મોક્ષસાધનનો અવસર છે એમ ભાવવું તે દ્રવ્ય ક્ષણલાભદીપના. આ મનુષ્યપણું પામવું અત્યંત દુર્લભ છે, કારણકે જીવ અનાદિ કાળથી અવ્યવહારરાશિવાળી સૂક્ષ્મનિગોદમાં સાધારણ વનસ્પતિરૂપે અનન્ત જન્મ મરણ કરીને, તેમાં પણ એક શ્વાસોચ્છવાસમાં સાધિક ૧૭ ભવ થાય તેવા ૨૫૬ આવલિકા પ્રમાણ અલ્પ આયુષ્યવાળા અપર્યાપ્તાના ભવ અને તેથી અધિક આવલિકાઓ પ્રમાણ અન્તર્મુહૂર્ત જેવડા પર્યાપ્તાના ભવને આંતરે આંતરે કરીને અનંત કાળ ભમ્યો છે, તે દરમ્યાનમાં કોઇ ભવિતવ્યતાના યોગે સૂક્ષ્મ પૃથ્વીકાય આદિક પ્રત્યેક પૃથ્વીકાયાદિકના અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી સુધી અસંખ્યાત ભવ, બાદર નિગોદના ૭૦ કોડા કોડી સાગરોપમ સુધી નિરન્તર અસંખ્યાત ભવ, તેમજ બાદર પૃથ્વીકાયાદિકના પણ ૭૦ કોડા કોડી સાગરોપમ સુધી અસંખ્યાતા ભવ (અપર્યાપ્તપર્યાપ્તના ભેગા) ભમીને, અર્થાત્ બાદર એકેન્દ્રિયાદિ દરેકના ૭૦ કોડા કોડી સાગરોપમ સુધીના અસંખ્યાત ભવ ભમીને કોઇ ભવિતવ્યતાના યોગે સ્થાવરપણું છોડી ત્રસકાયમાં આજીવ ઉત્પન્ન થયો, તેમાં પણ દ્વીન્દ્રિયાદિક ત્રણના ભેગા સંખ્યાત હજારો વર્ષ સુધી સંખ્યાતા ભવ ભમીને (જો પ્રત્યેકની પૃથક્ પૃથક્ વિચારીએ તો સંખ્યાતા વર્ષો પ્રમાણ સંખ્યાતા ભવ જેમાં પર્યાપ્તાના નિરન્તર આઠ આઠ માત્ર ભવ થાય છે તેવા સંખ્યાતા ભવ ભમીને) તથા પ્રકારની ભવિતવ્યતાના યોગે આ જીવ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થયો, તેમાં પણ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોના જળચરાદિકના જૂદા જૂદા ૭-૭ ભવ ભમીને અને ગર્ભજમાં ૮-૮ ભવ ભમીને તથા નરકગતિમાં

ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમના ભવ ભમીને અનન્ત પુણ્ય પ્રભાવના સામર્થ્ય વડે તથા પ્રકારની ભવિતવ્યતાના યોગે [1]દશ દૃષ્ટાન્ત

મનુષ્ય ભવની દુર્લભતા જણાવનાર ૧૦ દૃષ્ટાન્તો.

[1] [2] [3] [4] [5] [6] [7]
चोल्लग-पासग धण्णे-जूए-रयणे य सुमिण-चक्के य ।
[8] [9] [10]
चम्मजुगे परमाणू दस दिट्ठंता मणुयलंभे ॥

અર્થ:—૧ ચુલ્લગનું, ૨ પાસાનું, ૩ ધાન્યનું, ૪ દ્યૂતનું, ૫ રત્નનું, ૬ સ્વપ્નનું, ૭ ચક્રનું, ૮ ચર્મનું, ૯ યુગનું, ૧૦ પરમાણુંનું એમ મનુષ્ય ભવની દુર્લભતાના ૧૦ દૃષ્ટાન્તો જાણવાં. ૧

આ દૃષ્ટાન્તોનો સાર નીચે પ્રમાણે:—

૧ ચુલ્લગ (ભોજન)—બ્રાહ્મણ ઉપર ખુશ થએલ ચક્રવર્તી તેને વરદાન માગવા કહે છે. ત્યારે નિર્ભાગી બ્રાહ્મણ સ્ત્રીની સલાહથી તેના રાજ્યમાં દરરોજ એક એક ઘેર જમવાની માગણી કરે છે, પહેલે દિવસે ચક્રવર્તીને ત્યાં ભોજન કરી દરરોજ એક એક ઘેર જમતાં જમતાં તે બ્રાહ્મણનું આખું આયુષ્ય પૂરું થાય તો પણ ફરીથી ચક્રવર્તીને ઘેર જમવાનો વારો આવે નહિ અને કદાચ બહુજ લાંબું આયુષ્ય હોય અને ફરીથી રાજાને ત્યાં વારો આવે, પરંતુ સુકૃત કર્યા વિના હારી ગએલો મનુષ્ય ભવ ફરીથી મેળવે નહિ.

૨ પાસગ (પાસાનું)—ચંદ્રચુમ નામના રાજાનો ચાણક્ય નામે બુદ્ધિમાન મંત્રી હતો. તેણે રાજાનો ભંડાર ધનથી ભરવા માટે વેપારીઓને બોલાવી જુગાર રમાડ્યો. ચાણક્ય પાસે દૈવી પાસા હોવાથી તે વેપારીઓ રમતમાં બધું ધન હારી ગયા. ગએલું ધન મેળવવાને વેપારીઓ ફરી ફરીને રમે તો પણ તે ધન પાછું મેળવી શકે નહિ. કદાચ મેળવે તો પણ હારી ગએલો મનુષ્ય જન્મ ફરી મળે નહિ.

૩ **ધાન્યનું**—ભરતક્ષેત્રમાં સર્વ ધાન્યનો એક ઢગલો કરી તેમાં એક શેર સરસવના દાણા ભેળવીને તે દાણાને તેમાંથી વીણી કાઢવાને વૃદ્ધ સ્ત્રી ગમે તેટલી મહેનત કરે તો પણ જુદા પાડી શકે નહિ. માનો કે કદાચ તેમ કરી શકે તો પણ ગુમાવેલ મનુષ્ય ભવ ફરીથી મળે નાહ.

૪ **દ્યૂત** (જુગાર)—પિતા પાસેથી રાજ્ય લેવા ઇચ્છતા રાજપુત્રે રાજાની શરત કબુલ કરી, તેમાં ૧૦૦૮ થાંભલાવાળી રાજસભામાં દરેક સ્તંભ પર એકસો આઠ ખુણા છે. રમતમાં એક વખત જીતે ત્યારે એક ખુણો જીત્યો ગણાય. હારે ત્યારે જીતેલું બધું જાય. આવી રમતમાં કદાચ રાજપુત્ર પોતાની કલાથી ૧૦૮ ખુણાવાળા ૧૦૦૮ સ્તંભોને જીતી લે, પરંતુ પાપકર્મથી હારેલ મનુષ્ય ભવ ફરી મળી શકે નહિ.

૫ **રત્નનું**—એક શેઠે ઘણું દ્રવ્ય વેચીને કિંમતી રત્નો ભેગાં કર્યાં હતાં. તે શેઠ કામ પ્રસંગે પોતાના પુત્રોને હકુમત સોંપી બહારગામ ગયા ત્યારે અજ્ઞાની પુત્રોએ દૂર દૂરથી આવેલા અનેક ઝવેરીઓને તે રત્નો વેચી નાખ્યાં. ઘેર આવેલ શેઠે આ વાત જાણી પુત્રોને ઠપકો આપીને કહ્યું કે વેચી નાખેલાં બધાં રત્નો પાછાં લાવશો નહિ ત્યાં સુધી ઘરમાં આવવા દઇશ નહિ. પુત્રો તે બધાં રત્નો પાછાં મેળવી શકે ખરા ? કદાચ ધારો કે મેળવે પરંતુ પ્રમાદી જીવ ગએલો મનુષ્ય ભવ ઇચ્છે તો પણ મેળવી શકે નહિ.

૬ **સ્વપ્નનું**—દેશાંતરમાં ફરવા ગએલો એક રાજપુત્ર કોઈ ધર્મશાળામાં રાત્રે એક ભિખારી સાથે સૂતો. ભાગ્યયોગે તે બંનેને પૂર્ણિમાના ચંદ્રનું સ્વપ્ન આવ્યું. વિધિ જાણનાર રાજપુત્રને અડવાડિયામાં રાજ્ય મળ્યું ને ભિખારીને તે સ્વપ્નથી ખીર મળી. ભિખારી પોતાને ફરી તે સ્વપ્ન આવે અને રાજ્ય મળે તેવી ઇચ્છા દરરોજ રાખે છે, પરંતુ ફરીથી તે સ્વપ્ન મળે ખરૂં ? કદાચ ભાગ્યયોગે મળે તો પણ ગએલો મનુષ્ય ભવ મળે નહિ.

૭ **ચક્રનું** (રાધવેધનું)—અનેક પ્રકારની ચક્ર રચનાથી યુકત થાંભલા ઉપર રહેલ પુતળીની ડાબી આંખને તેલના પ્રતિબિંબમાં જોઈને વિંધવાનું કામ અતિ કઠણ છે, તો પણ માનો કે કલાના યોગે કરી શકે. પરંતુ ધાર્મિક અનુષ્ઠાનો સિવાય મનુષ્ય ભવ ફરીથી મળવો ઘણોજ મુશ્કેલ છે.

૮ **ચર્મ** (પૂર્ણચંદ્રનું)—ઉંડા પાણીના દ્રહમાં રહેલા એક કાચબાને તે દ્રહના પાણી ઉપર રહેલ સેવાલમાં છિદ્ર પડવાથી પૂર્ણિમાના ચંદ્રનાં દર્શન થયાં. તે ચંદ્ર પોતાના બાળ બચ્ચાં વગેરેને દેખાડવા માટે તેમને બોલાવવા કાચબો ગયો. પરંતુ છિદ્ર પૂરાઈ જવાથી ફરીથી તે કાચબાને ચંદ્રનું દર્શન થયું નહિ. કદાચ ભાગ્યયોગે છિદ્ર પડવાથી ફરીથી તેને ચંદ્રનું દર્શન થાય, પરંતુ પુણ્ય વિના મનુષ્ય ભવ ફરીથી મળવો અશકય છે.

૯ **યુગ અને સમોલનું**—બળદના સ્કંધ પર રખાતી ધૂંસરી અને સમોલને કોઈ દેવ સમુદ્રના પૂર્વ પશ્ચિમ કાંઠે મૂકે. સમુદ્રના તરંગોથી અથડાતાં તે બે ભેગાં થાય અને યુગના છિદ્રમાં સમોલ આવી જાય તે બનવું મુશ્કેલ છે; તેમ વિષયોના ઉપભોગમાં આસકત રહેલા જીવને ફરીથી મનુષ્ય ભવ પામવો ઘણો મુશ્કેલ છે.

૧૦ **પરમાણુનું** (ચૂર્ણ)—કોઈ દેવતાએ કૌતુકથી કાષ્ટ વગેરેના થાંભલાનું ચૂર્ણ કરી એક નળીમાં ભરી મેરૂપર્વતના શિખર ઉપર ઉભા રહી ફૂંક મારીને તે ચૂર્ણને ચારે દિશાઓમાં વિખેરી નાખ્યું. તે દેવ પાછો ફરીથી કાષ્ટના પરમાણુઓનો સ્તંભ બનાવવાનું ઇચ્છે તો બની શકે ખરો ? કદાચ બને પરંતુ હારી ગએલ માનવ ભવ મહાપુણ્યનાં સંયમ વિના ફરીથી મળી શકતો નથી.

ઉપરનાં દશ દૃષ્ટાન્તોથી દુર્લભ મનુષ્ય ભવ ફરીથી મેળવવાની આકાંક્ષા નકામી છે. કારણકે અનંતી પુણ્યની રાશિ એકઠી કર્યા

વડે દુર્લભ એવો આ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો, પરન્તુ જિનરાજનો ધર્મ અનાદિ કાળથી પ્રાપ્ત ન થયો, જિનરાજનો ધર્મ પ્રાપ્ત કરવાનું સ્થાન આ મનુષ્યભવ છે, એવા પ્રકારની ભાવના ભાવવી તે **દ્રવ્યથી ક્ષણલાભદીપના** કહેવાય.

૨ ક્ષેત્રથી ક્ષણલાભભાવના—સંસાર ચક્રમાં ભમતાં ભમતાં કદાચ મનુષ્ય ભવ તો પ્રાપ્ત થયો, પરન્તુ તેમાં પણ જો અનાર્ય ક્ષેત્રમાં જન્મ થાય તો પણ નકામો છે, કારણ કે ત્યાં સ્વપ્ને પણ ધર્મ એવા અક્ષર સાંભળવાના નથી. જેમ પશુઓ પોતાનું અવિવેકી પશુજીવન વ્યતીત કરે તેમ પશુજીવન જેવું જીવન પૂરૂં કરવાનું હોય છે, વળી અપેક્ષાએ તો પશુજીવનથી પણ અતિ દુષ્ટ જીવન અનાર્ય ક્ષેત્રમાં હોય છે, કારણ કે—રાજ્યોના કલેશ નિરન્તર ધગધગતા હોય છે, એક બીજાનું રાજ્ય, સંપત્તિ, ધન વગેરે પડાવી લેવું, લૂંટી લેવું, ઝુંટવી લેવું, ને તેને માટે લાખો માનવોનો સંહાર કરી નાખવો તે પણ કંઇ વિસાતમાં નથી. જ્યાં વનસ્પતિઓનાં શાક સમારવાં અને મનુષ્યોની કતલો કરવી એ બેમાં કંઈ તફાવત ન જણાતો હોય, માંસાહાર ને મદિરાપાન જેવાં મહાઅભક્ષ્યોનાં ભક્ષણ પણ સહજે ભક્ષાતાં હોય એવા

સિવાય તેમજ સદનુષ્ઠાનો વગેરે શુભ કાર્યો કર્યા સિવાય ફરીથી મનુષ્ય ભવ મળતો નથી. માટે જો ફરીથી મનુષ્ય ભવ મેળવવો હોય તો પુણ્ય રાશિ એકઠી કરવા માટે દરરોજ યત્ન કર.

॥ ઇતિ દશ દૃષ્ટાન્તાઃ ॥

દુષ્ટ અનાર્યજીવનમાં ધર્મ જેવી વસ્તુ કઇ રીતે સંભવે ? અગ્નિમાં શીતલતા સંભવે તો એવા દુષ્ટ અનાર્યજીવનમાં ધર્મ વિવેક શાન્તિ ઇત્યાદિ સદ્‌ગુણો સંભવે. માટે અનાર્ય ક્ષેત્રમાં ઉપજવાથી પણ મનુષ્ય ભવ હારી જવાય છે ને પરિણામે દુર્ગતિજ પ્રાપ્ત થાય છે. માટે આર્ય ક્ષેત્રમાં જન્મ થવો તે દુષ્કર છે. ધર્મ અક્ષરોનું શ્રવણ આર્ય ક્ષેત્રમાં જ મળે છે. હું કોણ છું ? જીવ શું ? અજીવ શું ? પુણ્ય શું ? પાપ શું ? ઇત્યાદિ સમજણ આર્ય ક્ષેત્રોમાંથી મળે છે. શાન્તિ સુખનાં સાધનો આર્યક્ષેત્રમાંથી મળે છે, માટે આર્ય ક્ષેત્રમાં જન્મ થવો એ દુર્લભ છે. એવા પ્રકારની ભાવના ભાવવી તે **ક્ષેત્રથી ક્ષણુલાભ દીપના** કહેવાય. પુનઃ આર્ય ક્ષેત્રમાં જન્મ થવા છતાં પણ મચ્છીમાર–ભીલ–કોળી આદિ ક્ષુદ્ર કુળમાં જન્મ થયો હોય તો ત્યાં પણ દુષ્ટ પરિણામવાળું જીવન વ્યતીત થાય છે, ને આત્માની ઉન્નત દશા થવાનાં સાધનો મળતાં નથી. માટે ઉત્તમ જાતિ કુળમાં જન્મ થવો દુર્લભ છે. આત્માને વિવેક વિનય આચાર વિચાર આદિકની સભ્યતાઓ ઉત્તમ જાતિ કુળમાં પ્રાપ્ત થાય છે વળી ઉત્તમ જાતિ કુળમાં જન્મ થવા છતાં જો ઇન્દ્રિયોની પૂર્ણતા ન હોય ને અંધપણું, બહેરાપણું, અપંગપણું ઇત્યાદિ અંગવિકલતા હોય તો ધર્મસાધન ન થાય. વળી અંગ પરિપૂર્ણ હોવા છતાં જો શરીર નિરોગી ન હોય તો ધર્માનુષ્ઠાનો બની શકતાં નથી, તેથી નિરોગતા પ્રાપ્ત થવી દુર્લભ છે, વળી નિરોગી શરીર હોવા છતાં પણ જો આયુષ્ય અલ્પ હોય તો પણ ધર્મસાધનનો અવસર મળતો નથી, જેથી દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થવું દુર્લભ છે. એ પ્રમાણે મનુષ્યત્વ

આદિકની દુર્લભ ભાવના તે ક્ષેત્રથી ક્ષણલાભ ભાવના જાણવી. કહ્યું છે કે—

માણુસ્સખેત્તજાઈ, કુલરૂવારોગ આઉયં બુદ્ધિ ।
સવણોગ્ગહ સદ્ધા સંજમો ય લોગંમિ દુલહાઇં ॥૧॥

અર્થ—મનુષ્યપણું, આર્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ કુળ, ઉત્તમ રૂપ, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, બુદ્ધિ, શાસ્ત્રશ્રવણ, અવગ્રહ, શ્રદ્ધા ને સંયમ એ ભાવો વા અવસરો પ્રાપ્ત થવા તે આ લોકમાં અત્યંત દુર્લભ છે. ॥ ૧ ॥

એ પ્રમાણે દીર્ઘ આયુષ્ય હોઇને પણ જો બુદ્ધિ ન હોય તો શાસ્ત્રશ્રવણની જિજ્ઞાસા ન થાય. કદાચ શ્રવણ જિજ્ઞાસા રૂપ બુદ્ધિ હોય તો શાસ્ત્રશ્રવણ અતિ દુર્લભ છે, કારણ કે મુનિ મહાત્માઓનો જોગ સર્વત્ર સર્વદા મળી શકતો નથી. કદાચ શાસ્ત્રશ્રવણનો સંયોગ મળે તો કદાગ્રહ હોવાથી અર્થ ઉલટો સમજાય, કદાચ અર્થ સમજી શકાય તો તે શાસ્ત્રાર્થ વા તત્ત્વાર્થ પ્રત્યે શ્રદ્ધા થવી (વિશ્વાસ બેસવો) દુર્લભ છે. કદાચ શ્રદ્ધા થાય તો તે પ્રમાણે આચરણ આચરવા રૂપ સંયમ પાળવો અતિ દુષ્કર છે. એ પ્રમાણે એ મનુષ્યપણું આદિ ભાવો એક પછી એક અતિ દુર્લભ છે એવી ભાવના ભાવવી તે **ક્ષેત્રથી ક્ષણલાભ દીપના.**

૩ **કાળથી ક્ષણલાભ દીપના**—સુષમસુષમ, સુષમ, સુષમદુષમ. દુષમસુષમ, દુષમ ને દુષમદુષમ એ નામના ૬

मानुष्यक्षेत्र-जातिः कुलरूपारोग्य-आयुष्कं बुद्धिः ।
श्रवणावग्रह-श्रद्धाः संयमश्च लोके दुर्लभानि ॥१॥

આરાવાળો અવસર્પિણી કાળ છે,અને દુષમદુષમથી સુષમસુષમ સુધીના ઉલટા ૬ નામના ૬ આરાવાળો ઉત્સર્પિણી કાળ છે. તે બંનેનો જુદો જુદો ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાળ છે. જેમાં અવસર્પિણીનો પહેલો આરો ૪ કોડાકોડી સાગરોપમનો, બીજો આરો ૩ કોડાકોડી સાગરોપમનો, ત્રીજો આરો ૨ કોડાકોડી સાગરોપમનો, અને ચોથો આરો બેંતાલીસ હજાર વર્ષ ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો ને છઠ્ઠો આરો ૨૧૦૦૦ વર્ષનો છે. ઉત્સર્પિણીના ૬ આરા એજ રીતે ઉલટા પ્રમાણવાળા છે. જેમાં પહેલો આરો ૨૧૦૦૦ વર્ષનો ઇત્યાદિ ઉલટા ક્રમવાળો છે. એમાં ધર્મનો અવસર અવસર્પિણીના ત્રીજા આરાને છેડે,તેમજ ચોથા આરામાં ને પાંચમા આરામાં છે. ઉત્સર્પિણી કાળમાં ધર્મનો અવસર ત્રીજા ને ચોથા આરામાં હોય છે. શેષ ઘણા કોડાકોડી સાગરોપમો જેટલો કાળ ધર્મશૂન્ય હોય છે. કારણ કે શેષ કાળમાં યુગલિકાદિના સદ્ભાવમાં તીર્થંકર ભગવંતો, ગણધરો, મુનિઓ વિગેરેનો અભાવ હોય છે. માટે ધર્મનો અવસર સર્વ કાળ નથી. પરન્તુ તે અમુક કાળમાંજ પ્રાપ્ત થાય છે. માટે હે જીવ ! તું આ અવસર્પિણીના પાંચમા આરામાં ધર્મયુક્ત કાળમાં વર્તે છે, માટે એ અવસરનો લાભ લેવાનું ચૂકીશ નહિ. પાંચમા આરા બાદ છઠ્ઠા આરામાં તો ધર્મનોજ વિચ્છેદ અને મનુષ્યનો પણ ધીરે ધીરે ક્ષય થતો જશે. ભૂમિ ઉપર આકાશી ઉપદ્રવો અનેક થશે. એવા સંહાર કાળમાં વનસ્પતિઓનો પણ અભાવ થતાં માંસાહાર પર જીવન નિર્વાહ ચાલશે, એવા દુષ્ટ કાળમાં ધર્મનો અવસર નથી. ધર્મનો અવસર પાંચમા આરા

સુધી જ છે. માટે આં પાંચમા આરામાં ધર્મનો લાભ પ્રાપ્ત કરવો તે હિતકારી છે. એવી ભાવના ભાવવી તે કાળથી ક્ષણ લાભ દીપના છે.

૪ ભાવથી ક્ષણ લાભ દીપના—ભાવની અપેક્ષાએ ક્ષણ પદનો અર્થ બોધિ એટલે સમ્યક્ત્વ તેનો લાભ ચિંતવવો તે ભાવથી ક્ષણ લાભ દીપના. તે આ પ્રમાણે—ધર્મની પ્રાપ્તિ સમ્યકત્વથી એટલે તાત્વિક શ્રદ્ધાથી છે. શ્રી જિનેશ્વરોએ જીવ અજીવ આદિ જે તત્વો દર્શાવ્યાં છે તે જ તત્વો છે અન્ય નહિ. અનાદિ કાળથી જીવને એ બોધિ ક્ષણ પ્રાપ્ત થયો નથી. માટે જ ભૂતકાળમાં અનન્ત પુદ્ગલ પરાવર્ત સુધી રખડયો છે, અને હજી પણ જો એ ભાવ ક્ષણ (બોધિ) પ્રાપ્ત નહિ થાય તો ભવિષ્યમાં અનન્ત પુદ્ગલ પરાવર્ત સુધી જીવને રખડવું પડશે. અભવ્ય જીવને ભાવ ક્ષણના અલાભથી જ અનાદિ અનન્ત કાળ સંસારમાં રખડવું પડે છે. ભવ્ય જીવને તથાવિધ ભવ્યત્વના પરિપાકથી ભાવ ક્ષણ (બોધિ) પ્રાપ્ત થાય છે, અને એ ભાવ ક્ષણનો એવો મહાન પ્રભાવ છે કે અન્તર્મુહૂર્ત માત્ર પણ જો એકવાર ભાવ ક્ષણ પ્રાપ્ત થાય તો ભવિષ્યના અનન્ત પુદ્ગલ પરાવર્ત સંસાર ત્રુટીને માત્ર અર્ધ પુદ્ગલ પરાવર્તના જેટલોજ અલ્પ સંસાર બાકી રહે છે. જીવાજીવાદિ પદાર્થોના જ્ઞાનથી એ ભાવ ક્ષણ પ્રાપ્ત થાય છે, અને જ્ઞાનાવરણીય કર્મના તથા વિધ ક્ષયોપશમના અભાવે જીવાજીવાદિ તત્વોનું વિશિષ્ટ જ્ઞાન ન થાય તો "तमेव सच्चं जं जिणेहिं पन्नत्तं"= તેજ સત્ય છે કે જે શ્રી જિનેશ્વરોએ કહ્યું છે, અથવા જિનેશ્વરોનું

એકેએક વચન સત્ય છે. આ પ્રકારના દૃઢ સંસ્કાર વા ભાવના માત્રથી પણ ભાવ ક્ષણનો લાભ (બોધિ લાભ) થાય છે, અને ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલ પરાવર્ત વીત્યા બાદ એ જીવ અવશ્ય મુક્તિ પદ પામે છે. ઇત્યાદિ સમ્યક્ત્વ લાભનું ચિન્તવન તે **ભાવથી ક્ષણ લાભ દીપના** કહેવાય.

મૂળ ગાથામાં **ખણ લાભ દીવણાએ** એમાં **દીવ-ણાએ** નો દીપના અર્થ કરીને પૂર્વોક્ત ચિંતવના કહી, પરન્તુ **દીવણાએ** પદનો અર્થ દીપના ન કરીએ, ને **દીવ-ણાએ** એમ બે પદ છૂટાં પાડીને **દીવ** એટલે દીપ (દીપક-દીપન) અથવા દ્વીપ (બેટ) એમ બે અર્થ કરીએ અને ણાએ પદનો અર્થ જ્ઞાત-ઉદાહરણ-પ્રકાશન કરીએ, ત્યારે **ક્ષણ લાભ દીપજ્ઞાત** અને **ક્ષણ લાભ દ્વીપજ્ઞાત** એ બે પદ બને. તેમાં ક્ષણ લાભનું પ્રકાશન તો જે રીતે ક્ષણલાભ દીપનાની ચિંતવનામાં કહ્યું તે જ, અને **દીપજ્ઞાત** -દીપનું [દીપકનું] ઉદાહરણ વા પ્રકાશન આ પ્રમાણે—

अंधयारे महाघोरे, दीवो ताणं सरीरिणं ।
एवमन्नाणतामिस्से, भीसणम्मि जिणागमो ॥ १॥

અર્થ-મહા ઘોર અંધકારમાં જીવોને જેમ દીપક (દીવો) રક્ષણ (પ્રકાશ) કરનાર છે, તેમ અજ્ઞાન રૂપી ભયંકર અંધકારમાં જીવોને જૈનાગમ-જિન પ્રવચન એજ રક્ષણ કરનાર છે ॥ ૧ ॥ તથા દ્વીપજ્ઞાત- દ્વીપનું ઉદાહરણ વા પ્રકાશન આ પ્રમાણે—

अंधकारे महाघोरे दीपस्त्राणं शरीरिणाम् ।
एवमज्ञानतामिश्रे भीषणे जिनागमः ॥१॥

दीवो ताणं सरीरीणं, समुद्दे दुत्तरे जहा ।
धम्मो जिणिंदपन्नत्तो, तहा संसारसागरे ॥२॥

અર્થ—જેમ દુઃખે તરી શકાય એવા સમુદ્રમાં જીવોને દ્વીપ (બેટ) શરણ આપનાર છે, તેમ સંસાર રૂપ સમુદ્રમાં ડૂબતા જીવોને શ્રી જિનેશ્વરનો કહેલો ધર્મ શરણરૂપ છે.॥ ૧॥

॥ ૪ ધર્મના વિવિધ ગુણોની ચિંતવના. ॥

શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ એ બે પ્રકારના ધર્મના ગુણ-ઉપકાર-ફળ તે ધર્મગુણ અને તે આ લોક સંબંધિ વિવિધ પ્રકારનાં ધર્મફળ અને પરલોક સંબંધિ વિવિધ પ્રકારનાં જે ધર્મ ફળ તેની ચિંતવના કરવી તે વિવિધ ધર્મગુણ ચિંતા કહેવાય. તે આ પ્રમાણે—

(૧) શ્રુત ધર્મ ફલ ચિંતા—જીવ અજીવ પુન્ય પાપ આશ્રવસંવર નિર્જરા બંધ અને મોક્ષ આદિ સત્ તત્વોનું જ્ઞાન શ્રુતથી- શાસ્ત્રથી થાય છે. સ્વર્ગનાં પૌદ્ગલિક સુખ અને નરકનાં દુઃખ શ્રુત ધર્મથી સમજાય છે. હિત, અહિત, હેય જ્ઞેય ઉપાદેય આદિ વિધાનો શ્રુત ધર્મથી સમજાય છે, અને તે સમજીને હેયને છોડવાનો, જ્ઞેયને જાણવાનો અને ઉપાદેય અર્થોને આદરવાનો ઉદ્યમ બની શકે છે, અને સમભાવ પ્રાપ્ત થાય છે. માટે એવા શ્રુત ધર્મનું હે જીવ! આરાધન કરવા યોગ્ય છે. કહ્યું છે કે—

श्रुतिगम्यं फलं तावत् सद्धर्मस्य शिवादिकम् ।
शमजन्यसौख्यरूपं तु, साक्षादेवानुभूयते ॥१॥

द्वीपस्त्राणं शरीरिणां समुद्रे दुस्तरे यथा ।
धर्मो जिनेन्द्रप्रज्ञप्तः तथा संसारसागरे ॥ २ ॥

અર્થ—સદ્ધર્મનાં મોક્ષ આદિક (મોક્ષ અને સ્વર્ગાદિ) સુખનાં ફળ તો શાસ્ત્રગમ્ય છે (વા શ્રદ્ધાગમ્ય છે, અનુભવ ગમ્ય નથી.) પરન્તુ ઉપશમથી ઉત્પન્ન થયેલું સદ્ધર્મનું સુખ સ્વરૂપ તો સાક્ષાત જ અનુભવાય છે. (તાત્પર્ય એ છે કે–શ્રુત ધર્મનું ફળ પરંપરાએ મોક્ષ છે, તે વર્તમાનમાં શ્રદ્ધાગમ્ય છે. પરન્તુ એજ શ્રુતરૂપ સદ્ધર્મનું શીઘ્ર ફળ જે ઉપશમાદિ તે તો વર્તમાનમાં સાક્ષાત સુખ સ્વરૂપે અનુભવાય છે જ.) ॥ ઇતિ શ્રુત ધર્મ ફલ ચિન્તા ॥

(૨) ચારિત્ર ધર્મ ફલચિન્તા.

એ શ્રુતધર્મની ભાવના કહીને હવે ચારિત્રધર્મની ભાવના કહે છે તે આ પ્રમાણે—

निर्जितमदनानां, वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥१॥

અર્થ—જે મુનિઓએ કામદેવને જીતેલ છે એવા (અર્થાત્ ચારે કષાયથી રહિત અને ત્રણ વેદથી રહિત છે એવા અલ્પકષાયી અને અલ્પવેદી અથવા અકષાયી ને અવેદી) મુનિઓને, તથા મન વચન કાયાના વિકાર રહિત (અર્થાત્ ત્રણ ગુપ્તિએ ગુપ્ત) એવા મુનિઓને તથા જેઓને પારકી આશા નિવૃત્ત થઈ છે (અર્થાત્ પારકી આશા રાખનારા નથી) એવા સુવિહિત મુનિઓને (આગમ વચનને અનુસરીને ચાલનારા મુનિઓને) આ લોકમાંજ મોક્ષ સુખ છે.॥૧॥ ઇતિ ચારિત્ર ધર્મ ફલચિન્તા॥ ॥

અથવા विविहेसु धम्मगुणेसु એ પદમાં धम्मगुणेसु પદનો અર્થ જે "ધર્મના ઉપકાર વા ધર્મનાં

ફળ" એમ કરેલ છે તેને બદલે બીજો અર્થ વિવિધ પ્રકારના ધર્મ જે ક્ષેત્ર આદિ (વા ક્ષમા આદિ) તે જ ગુણો તે વિવિધધર્મગુણ કહેવાય, તે વિવિધધર્મગુણોનાં કારણ સ્વરૂપ અને ફળ એ ત્રણની ×ભાવના ભાવવી, એ તાત્પર્ય. ॥ ૪૮ ॥

× ૧ **કારણભાવના**—ક્ષમા આદિક ધર્મો આત્માના છે, તે ક્ષયોપશમ ભાવે અને ક્ષાયિક ભાવે પ્રગટ થાય છે, અથવા ક્ષમા આદિક આત્મધર્મોને પ્રગટ કરાવવામાં જૈન પ્રવચન એ કારણ રૂપ છે, અથવા ક્રોધાદિકનાં જે બાહ્ય કારણો છે તે જ ક્ષમા આદિ ધર્મનાં કારણો-આલંબનો છે. ઇત્યાદિ રીતે ચિંતવન કરવું તે ધર્મગુણોની કારણ ભાવના.

૨ **સ્વરૂપભાવના**—ક્ષમા આદિક ધર્મગુણો આત્મસ્વરૂપ છે, પુદ્ગલસ્વરૂપ નથી. આત્મામાં અનન્ત આર્જવ ને અનન્ત મુકિત આદિક સદ્ગુણો છે. સંસારી જીવમાં હીનાધિક છે, સર્વજ્ઞમાં સંપૂર્ણ છે. પુનઃ ક્ષમા ધર્મ ૫ પ્રકારનો છે તે આ પ્રમાણે—ઉપકારીનો ઉપકાર વિચારી તેમના પ્રત્યે ક્ષમા રાખવી તે **ઉપકાર ક્ષમા.** અપકારી જીવ મારો અપકાર (અવગુણ) કરશે એમ વિચારી અપકારી પ્રત્યે ક્ષમા રાખવી તે **અપકાર ક્ષમા.** જો ક્રોધાદિ કરીશ તો દુર્ગતિ આદિ માઠાં ફળ ભોગવવાં પડશે એમ દુર્ગતિના ડરથી ક્ષમા રાખવી તે **વિપાક ક્ષમા.** શાસ્ત્રમાં ક્ષમા ધર્મ કહ્યો છે માટે ક્ષમા રાખવી એ પ્રમાણે આગમના અવલંબનથી ક્ષમા રાખવી તે **વચન-ક્ષમા,** અને ક્ષમા એ આત્મધર્મ છે એ સમજીને ક્ષમા રાખવી તે **ધર્મક્ષમા.** ઇત્યાદિક રીતે ક્ષમા આદિ ધર્મગુણોનું સ્વરૂપ ચિન્તવવું તે **સ્વરૂપ ભાવના.**

૩ **ફલભાવના**—ક્ષમા આદિ ધર્મગુણોનું આ લોકમાં ઉપશમ આદિ સુખ પ્રાપ્ત થાય છે, ને પરલોકમાં સ્વર્ગાદિ પ્રાપ્ત થઈ

અવતરણ—આ ગાથામાં પણ પ્રભાતે ઉઠીને શ્રાવક જે ભાવના ભાવે તે કહે છે—

बाहगदोसविवक्खे, धम्मायरिए य उज्जयविहारे ।
एमाइ चित्तणासो, संवेगरसायणं देइ ॥४९॥

ગાથાર્થ—(શ્રાવક પ્રભાતે ઉઠીને પૂર્વોક્ત ભાવના ભાવે તે ઉપરાન્ત) બાધક દોષના પ્રતિપક્ષી અર્થમાં તથા ધર્માચાર્યમાં, તથા ઉદ્યતવિહારમાં ઇત્યાદિ શુભ અર્થોમાં ચિત્તવિન્યાસ (ચિત્તસ્થાપન-ચિન્તવન) કરે તો એ પ્રકારનો ચિત્તવિન્યાસ સંવેગરૂપ રસાયણ આપે છે. (અર્થાત્ એ ભાવનાઓથી ભવવૈરાગ્ય ઉત્પન્ન થાય છે.) ॥૪૯॥

ભાવાર્થ—શ્રાવક પ્રભાતમાં ઉઠીને જે જે ભાવના ભાવે તેમાંની કેટલીક ભાવનાઓ પૂર્વ ગાથાઓમાં કહીને પુનઃ આ ગાથામાં પણ કહે છે—

॥ ૧ બાધકદોષવિપક્ષ ભાવના ॥

આત્માના ગુણને બાધા કરનારા (વિઘાતક) દોષો કામ ક્રોધ માન માયા લોભ ધનરાગ કુટુંબરાગ દેહરાગ ઇત્યાદિ

અનુક્રમે મોક્ષફળ પ્રાપ્ત થાય છે. ક્રોધાદિ કષાયો કરવાથી આ લોકમાં અને પરલોકમાં જે દુઃખ ભોગવવાં પડે છે તે દુઃખોનો અભાવ થાય એજ ક્ષમા આદિકનું ફળ છે. એ પ્રમાણે ધર્મગુણોના ફળની ભાવના તો પ્રથમ અર્થને અનુસારે (ધર્મગુણ એટલે ધર્મના ઉપકાર અથવા ધર્મનાં ફળ એ અર્થ વખતે) કહેવાયેલ છે. **श्रुतिगम्यं फलं तावत्** ઇત્યાદિ ગાથાઓ ફળની ભાવનાવાળી છે, માટે ફળની ભાવના પહેલા અર્થમાં કહ્યા પ્રમાણેજ સ્પષ્ટ છે.

बाधकदोषविपक्षे धर्माचार्ये चोद्यतविहारे ।
एवमादिचित्तन्यासः संवेगरसायनं ददाति ॥४९॥

અનેક છે, એ દોષો વડે ધર્માધિકારી આત્મા બાધ પામે છે, એટલે શ્રુતધર્મથી અને ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ થાય છે, માટે એ કામ ક્રોધાદિ દોષો બાધક દોષ છે. એ બાધક દોષો આત્માને બાધ ન ઉપજાવે–પીડા ન કરે એવા પ્રકારની વિપક્ષ–પ્રતિપક્ષ ભાવના ભાવવી તે બાધકદોષવિપક્ષ ભાવના. કહ્યું છે કે–

जो जेणं बाहिज्जति, दोसेणं वेयणाइविसएणं ।
सो खलु तस्स विवक्खं, तव्विसयं चेव झाइज्जा ॥१॥

(પંચવસ્તુક ॥ ૮૯૦ ॥)

અર્થ—જે શ્રાવક વેતનાદિ (દ્રવ્ય આદિ) જે દોષવડે બાધા પામતો હોય તે શ્રાવક તેના તદ્વિષયિક વિપક્ષને જ

यो येन बाध्यते दोषेण वेदनादिविषयेण ।
स खलु तस्य विपक्षं तद्विषयं चैव ध्यायेत् ॥ १ ॥

૧ વેયણાઈ એવો પાઠ પણ છે, ત્યાં વેતના એટલે સ્ત્રી અર્થ છે અહિં સ્ત્રી સંબંધિ ભાવનાનું કારણ શ્રી પંચવસ્તુમાં કહ્યું છે. તે આ પ્રમાણે—

एत्थ उ वयाहिगारा, पायं तेसिं पडिवक्खमो विसया ।
थाणं च इत्थियाओ, तेसिंति विसेस उवएसो ॥८९३॥
(अत्र तु व्रताधिकाराः प्रायः तेषां प्रतिपक्षाः विषयाः ।
स्थानं च स्त्रियः तेषामिति विशेष उपदेशः ॥८९३॥)

અર્થ—અહિં વ્રતોનો અધિકાર હોવાથી તે વ્રતોના પ્રતિપક્ષી ઈન્દ્રિય વિષયો છે, અને તે વિષયોનું પ્રધાન સ્થાન સ્ત્રીઓ છે, તે કારણથી અહિં વિશેષ ઉપદેશ સ્ત્રી સંબંધિ છે. (અર્થાત્ સ્ત્રીના ત્યાગનો ઉપદેશ મુખ્ય છે.) ॥૮૯૩॥

ચિંતવે. કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ શ્રાવક અલ્પ ધનવાળો હોવાથી ધન વડે પીડાતો હોય, કોઇ શ્રાવકને સ્ત્રી ન મળવાથી કામથી પીડાતો હોય, કોઇ શ્રાવકને પુત્રાદિ પરિવાર ન હોવાથી પુત્રાદિકના દુઃખવાળો હોય, અને કોઈ શ્રાવક શરીર સારું ન રહેવાથી રોગવડે પીડાતો હોય, વળી પુત્રાદિ અર્થો મળ્યા છતાં તે અર્થો પ્રતિકૂળ મળ્યા હોય તો તેવા પ્રતિકૂળ લાભથી પીડાતો હોય એમ અનેક રીતે બાહ્ય અર્થો માટે બાધાવાળો હોય. તેમજ કોઇ શ્રાવક ક્રોધ સ્વભાવવાળો હોવાથી, અને તે ક્રોધ વડે અનેક અનર્થ અનુભવવાથી ક્રોધ વડે પીડાતો હોય. કોઈ અભિમાન વડે પીડાતો હોય એટલે કોઈ અભિમાની હોય, તેમ કોઇ માયા પ્રપંચવાળો હોય, કોઇ લોભી હોય; ઇત્યાદિ રીતે પોતપોતાના જે બાધકદોષો વર્તતા હોય તે બાધકદોષો જે રીતે ઉપશાન્ત થાય (ઘટે) તે રીતે તેની [1]પ્રતિપક્ષ ભાવના ભાવવી.

---

૧ બાધકદોષોને ઉપશાન્ત કરવા માટે પ્રતિપક્ષ ભાવના આ પ્રમાણે—

અર્થવિપક્ષ ભાવના—હે જીવ! જે અર્થને માટે તું રાતદિન ઉદ્યમ કરી રહ્યો છે, તે અર્થ–ધન ખર્ચના નિભાવ જેટલું મળવું તે તારી કાબુની વાત નથી, પોષ્યવર્ગના પોષણ પૂરતું ધન મેળવ્યા વિના જો કે છૂટકો નથી તો પણ તેટલું એ ન મળતાં અત્યંત ઉદ્વેગ ન પામીશ. પૂર્વ ભવમાં તેં લાભાન્તરાયાદિ પાપકર્મો ઉપાર્જન કર્યાં છે તે કર્મોનુંજ આ ફળ છે, માટે તેને રાજીખુશીથી સહન કર. તું આત્માને ચિન્તામય કરીશ તો પણ ઉદ્યમથી જે મળવાનું હશે તે મળશે, અને ઉદ્વેગ નહિ કરે તોપણ ઉદ્યમથી જે

अत्थम्मि राजभावे, तस्सेव उवज्जणाइसंकेसं ।
भावेज्ज धम्महेउं, अभावमो तह य तस्सेव ॥२॥
(પંચવસ્તુ ॥ ૮૯૧)

अर्थे रागभावे, तस्यैव उपार्जनादि संक्लेशम् ।
भावयेत् धर्महेतु अभावः तथा च तस्यैव ॥२॥

મળવાનું હશે તે મળશે. માટે ઉદ્યમ કરવો એ પોતાના કાબુની વાત છે. અને ઓછું વત્તું પેદા કરવું એ પૂર્વકર્મના કાબુની વાત છે, માટે ઉદ્વેગ કરીશ નહિ. એટલુંજ નહિ પરન્તુ ખર્ચ-નિભાવ પૂરતું મળતું હોય તો અધિક મેળવવાનો ઉદ્યમ ન કરીશ, કારણકે ધન જેમ જેમ વધતું જાય છે તેમ તેમ ધર્મભાવના ઘટતી જાય છે. જીવ રાતદિવસ મહા આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં વર્તે છે, માટે અધિક મેળવવાના લોભમાં ન પડીશ. વળી તું જાણે કે "અધિક ધન મેળવીને ધર્મમાં વાપરીશ" આ ભાવનાએ ધન કમાવાનો ઉદ્યમ કરવો એ તો ચંદનના કોયલા કરીને કમાવા સરખો ધંધો છે, માટે એવી મોહમયી ધર્મ ભાવનાથી પણ અધિક ધન કમાવાની લોભ-વૃત્તિમાં ન તણાઇશ.

કામરાગવિપક્ષ ભાવના—સ્ત્રીના શરીરની અને ચેષ્ટાઓની અસભ્યતા વિગેરે ચિંતવવી તે.

સંતતિવિપક્ષ ભાવના—ધન ધાન્યાદિ સંપૂર્ણ હોય પરન્તુ પુત્રાદિ સંતતિ ન હોય તો શ્રાવકે ઉદ્વેગ ન કરતાં ચિન્તવના કરવી કે—સંસારમાં પુત્રાદિ પરિવાર ઉપાધિ છે, ધર્મકાર્યનો જેટલો અવસર અત્યારે છે તેટલો અવસર પરિવારની ચિન્તા વખતે ન હોય, વળી જેમ જેમ પરિવાર વધે તેમ તેમ તેના ભરણપોષણાદિ અર્થે ધનવૃદ્ધિનો ઉદ્યમ પણ કરવો પડે. જેથી પરિવાર વૃદ્ધિએ એવડી ઉપાધિ વધતાં ધર્મકાર્ય કઇ વખતે કરી શકાય? રાત દિવસ

અર્થ—અર્થમાં રાગભાવ ઉપજતાં (અર્થાત્ ધન લોભ વધતાં) તેને ઉપાર્જન કરવા વિગેરેમાં સંક્લેશ પરિણામ વધે છે, અને ધર્મને અર્થે ધન ઉપાર્જન કરવાનો વિચાર કરવો, તેથી તો ધનને ઉપાર્જન ન કરવું એજ વિશેષ [1]ઉત્તમ છે. ઇત્યાદિ રીતે બાધક દોષોની વિપક્ષ ભાવના ભાવવી. ॥ ૨ ॥

પરિવારની સારવારમાં અને તેના પોષણાદિકમાં આર્તધ્યાન રૌદ્રધ્યાન વધતું જાય, અને શ્રાવકને તો જેમ બને તેમ સંસારનાં અધિકરણ ઓછાં કરવાનાં હોય છે, તેને બદલે વધારવાનો વિચાર કરવો એ પરિણત શ્રાવકને ઉચિત ક્રમ કહેવાય? વળી અન્ય દર્શનમાં અપુત્રીયાને દુર્ગતિ કહી છે તેમ જૈન દર્શનમાં દુર્ગતિ કહી નથી. માટે શ્રાવકે સંતતિના અભાવે ઉદ્વેગ ન કરવો, પરન્તુ સંતતિ નથી તો ઘણું શ્રેષ્ટ છે, ધર્મ કાર્યો સુખે સમાધે સાધી શકાય છે, અને પુત્રાદિ નિમિત્તે ઉપજતાં આર્ત્ત રૌદ્રધ્યાનમાંથી સહજે બચી જવાય છે, એ રીતે સંતતિ સંબંધિ બાધક દોષની વિપક્ષભાવના વિચારવી.

એ પ્રમાણે ધન સ્ત્રી સંતતિ આદિ બાહ્ય બાધકદોષની વિપક્ષભાવનાઓ કહી, અને ક્રોધ, માન, માયા, લોભ આદિ અભ્યન્તર બાધકદોષોની વિપક્ષભાવના ક્રોધાદિનાં દુર્ગતિ આદિ કટુક ફળોને અવલંબીને વિચારવી. શાસ્ત્રમાં કષાયોને જે રીતે કટુક ફળવાળા વર્ણવ્યા છે અને જીવને જે રીતે સંસારમાં ભમાવનારા કહ્યા છે તે રીતે એ અભ્યન્તર બાધક દોષોની વિપક્ષ ભાવના ભાવવી.

૧ શ્રી અષ્ટકજીમાં પણ કહ્યું છે કે—

धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।
प्रक्षालनाद्धि पंकस्य, दूरादस्पर्शनं वरम् ॥

અર્થ—જે શ્રાવકને (વા અન્યને) ધર્મને અર્થે ધન કમા-

॥ ૨ ધર્માચાર્ય ભાવના ॥

સમ્યકત્વ (ઉપલક્ષણથી ચારિત્ર ધર્મની) પ્રાપ્તિ કરાવનાર ગુરૂ તે ધર્માચાર્ય. જો કે સામાન્યથી સર્વે ગુરૂઓ [આચાર્યો] ધર્માચાર્ય છે, પરન્તુ વિશેષ લક્ષણથી તો જેને જે ગુરૂથી ધર્મ પ્રાપ્ત થયો હોય તે તેના ધર્માચાર્ય કહેવાય. તેવા ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળવો અશકય છે તે સંબંધિ ભાવના ચિન્તવવી તે ધર્માચાર્ય ભાવના.

પ્રશ્ન:–ધર્મ પમાડનાર કોઈ શ્રાવક વા શ્રાવિકા હોય તો તે ધર્મગુરૂ વા ધર્માચાર્ય ગણાય કે? કારણ કે જેમ કુમારપાળનો પૂર્વ ભવનો જીવ પોતાના શેઠના ધર્માનુષ્ઠાનથી ધર્મ પામ્યો, એમ અનેક ધર્મી ગૃહસ્થોના ઉપદેશથી વા કરણીથી પણ જીવો ધર્મ પામી શકે છે.

વાની ઇચ્છા થાય તેનાથી તો તેવા ધનની ઇચ્છા ન કરવી એ જ શ્રેષ્ટ છે. જેમ પગે કાદવ લગાડીને પગ ધોવા તેથી તો કાદવનો સ્પર્શ ન કરવો (કાદવથી દૂર રહેવું) એજ ઉત્તમ છે. ॥૧॥ કારણ કે પરિગ્રહ અને આરંભને જેમ બને તેમ વર્જવા રૂપ જે પરિગ્રહ આરંભનો અવ્યાપાર તેજ ધર્મ છે. પરન્તુ ધર્માર્થે પણ પરિગ્રહ આરંભનો વ્યાપાર તે ધર્મ નથી. આરંભ પરિગ્રહોની ઉપાર્જના સંકલેશ પરિણામ વિના થતી નથી. વળી એ રીતે જો આરંભ પરિગ્રહ વધારવો એ ધર્મ હોય તો હિંસા મૃષાવાદ ચોરી ને મૈથુન ઇત્યાદિ પાપારંભો પણ ધર્મના બ્હાને વિધેય થાય, વળી એવા આરંભ પરિગ્રહ વધારવામાં જે ધર્મ બુદ્ધિ માનવામાં આવે છે તે સ્થૂલદૃષ્ટિ જીવોની માનેલી છે, સૂક્ષ્મદર્શી જીવો એ બુદ્ધિને તાત્વિક બુદ્ધિ વા ધર્મબુદ્ધિ માનતા નથી.

ઉત્તર—ગૃહસ્થના ઉપદેશથી ધર્મ પ્રાપ્તિ કોઇ કોઇ જીવોને હોય છે એ વાત સત્ય છે, પરન્તુ તેથી ગૃહસ્થને **ધર્માચાર્ય** તરીકે માનવા વા ધર્માચાર્ય શબ્દથી પ્રસિદ્ધ રીતે કહેવા, એ શુદ્ધ વ્યવહાર નથી. કારણ કે શબ્દોનો ઉપયોગ પણ આભૂષણવત્ યથાસ્થાને શોભે છે. ગળાનો હાર કેડે પહેર્યો હોય તો ન પહેરાય એમ નહિ, પરન્તુ એ રીતે આભરણનો ઉપયોગ વિવેકવાળો ન કહેવાય, તેમ પંચમહાવ્રતધારી મહામુનિઓને અંગે ઘટતો શબ્દ ગૃહસ્થને અંગે ઉપયોગી કરીએ તો એ ઉપયોગ વિવેકપૂર્વક ન ગણાય. માટે ગૃહસ્થથી ધર્મપ્રાપ્તિ થઇ હોય તો તે ગૃહસ્થને વિદ્યાગુરૂ તરીકે માની તેનું ઉચિત રીતે બહુમાન કરવું, કરેલા ગુણને જાણવો એ વસ્તુ યોગ્ય છે. પરન્તુ આ મારા ધર્માચાર્ય છે એવી પ્રસિદ્ધિ કરવી, અથવા એ રીતે માનવું એ વિવેક નથી. પુનઃ ગૃહસ્થનાં ઉપદેશાદિકથી જો પોતે ધર્મ પ્રાપ્ત કરી પ્રવ્રજ્યા અંગીકાર કરી હોય તો ઉપકારી ગૃહસ્થને અનેક રીતે ધર્મોપદેશાદિક દ્વારા સાધુ ધર્મ પ્રાપ્ત કરાવે, તો જ ધર્મોપકારી ગૃહસ્થે ધર્મ પમાડયાનો બદલો વાળી શકાય છે. એ રીતે ગૃહસ્થ વિદ્યાગુરૂનો તો બદલો વાળી શકવાનો માર્ગ છે, પરન્તુ ધર્માચાર્યથી ધર્મ પામ્યાનો બદલો વાળી શકવો અશકય છે, કહ્યું છે કે—

सम्मत्तदायगाणं, दुप्पडियारं भवेसु बहुएसु ।
सव्वगुणमेलियाहि वि, उवयारसहस्सकोडीहिं ॥१॥

सम्यक्त्वदायकानां दुष्प्रतिकारो भवेषु बहुकेषु ।
सर्वगुणमिलिताभिरपि उपकारसहस्रकोटिभिः ॥१॥

અર્થ—સમ્યકત્વ ધર્મ પમાડનાર ગુરૂઓનો ઉપકાર સર્વ ગુણો યુકત હજારો ક્રોડ ઉપકારો વડે ઘણા ભવો સુધી પણ દુષ્પ્રતિકાર છે. (દુઃખે બદલો વાળી શકાય તેવો છે) ॥ ૧ ॥ અર્થાત્ સમ્યકત્વ પમાડનાર ગુરૂની હજારો ભવ સુધી વિનય વૈયાવૃત્ય કરે તો પણ ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળી શકાતો [૧]નથી.

॥ ૩ મુનિના ઉદ્યતવિહારની ભાવના ॥

ઉદ્યત એટલે મુનિચર્યામાં પ્રયત્નવાળો વિહાર=ઉગ્ર આચાર તે ઉદ્યતવિહાર. અર્થાત્ માસકલ્પ વિહાર, ૪૨ દોષ રહિત ગોચરી, અલ્પ ઉપધિ અને રાગ દ્વેષનો ઘટાડો વા અભાવ ઇત્યાદિ પ્રકારનો મુનિમહાત્માઓનો ઉગ્ર આચાર ચિન્તવવો તે ઉદ્યતવિહાર ભાવના. કહ્યું છે કે—

अनिययवासो समुदाणचारिया, अन्नायउंछं पइरिक्कया य ।
अप्पोवहि कलहविवज्जणा य, विहारचरिया इसिणं पसत्था॥१॥

अनियतवासः समुदानचारिता, अज्ञातउंछं प्रतिरिक्तता च ।
अल्पोपधिः कलहविवर्जना च, विहारचर्या ऋषीणां प्रशस्ता ॥१॥

१ શ્રી ઠાણાંગજી આદિકમાં માતપિતા આદિ ઉપકારીનો બદલો તેઓને ધર્મ પમાડવાથી જ વળે છે, બીજા હજારો ઉપાયે પણ વળતો નથી એમ સ્પષ્ટ દર્શાવ્યું છે, તેમ ધર્માચાર્યનો ધર્મ પમાડયાના ઉપકારનો બદલો વળવો અશકય છે. કારણ કે ધર્માચાર્ય તો પોતે જ ધર્મી છે, માટે એ બદલો વાળવાનો કવચિત્ અવકાશ ત્યારે જ હોય કે જ્યારે ધર્માચાર્ય કર્મદોષથી પતિત થયા હોય તો

અર્થ—૧ અનિયતવાસ, ૨ સમુદાનચારિપણું, ૩ અજ્ઞાતઉંછ, ૪ પ્રતિરિક્તતા, ૫ અલ્પ ઉપધિ, અને ૬ કલેશ-વર્જન એ મુનિ મહાત્માઓની પ્રશસ્ત ચર્યા છે. ॥૧૧॥

આ ભાવનાઓ આ પ્રમાણે ભાવવી—

૧ અનિયતાવાસ=એક સ્થાને ઘણો વખત ન રહેવું તે અનિયતવાસ સંબંધિ ભાવના આ પ્રમાણે–અહો! મુનિ-મહાત્માઓનો ધર્મ કેટલો ઉત્કૃષ્ટ છે, મુનિ મહાત્માઓ ૮ માસના ઋતુબદ્ધકાળમાં એક ગામ વા નગરમાં એક માસથી વિશેષ રહેતા નથી, અને ચોમાસામાં એકજ સ્થાને ૪ માસથી વિશેષ રહેતા નથી. એ રીતે એકજ વર્ષમાં નવ વખત વિહાર કરનાર હોવાથી નવ કલ્પ વિહારી હોય છે. એ રીતે વાયુવત્ અપ્રતિબદ્ધવિહારી મુનિઓની લોકોત્તરવિહાર ચર્યા અતિ પ્રશસ્ત છે.

૨ સમુદાનચારિતા=વળી મુનિ મહાત્માઓ ઉચ્ચ નીચકુળમાંથી (મહર્દ્ધિક હોય કે અલ્પર્ધિક હોય તે સર્વના ઘરોમાંથી) ગોચરી વહોરી લાવે છે તેથી સમુદાનચારી છે. અહિં ઉચ્ચ નીચ કુલમાં નીચ કુલ શબ્દથી "અલ્પર્દ્ધિકના-ગરીબના ઘરથી" એ અર્થ છે, અને તે પણ જે કાળમાં જે જાતિઓ અતિ નિન્દ્ય કર્મોવાળી હોવાથી અસ્પૃશ્યાદિ વ્યવ-હારવાળી હોય તેવી નિન્દ્ય જાતિઓને વર્જીને શેષ ગરીબ-વર્ગમાંથી ગોચરી લાવવાનો વ્યવહાર જાણવો. અસ્પૃશ્યાદિ વ્યવહારવાળી જાતિઓમાં ગોચરી ફરવાથી લોકોમાં શાસ-

---

તે પતિત અવસ્થામાંથી કોઈ પણ ઉપાયે ઉદ્ધરી પુનઃ પ્રથમના જેવી ધર્મ અવસ્થા પમાડે તો એ રીતે ધર્માચાર્યના ઉપકારનો બદલો પણ વળી શકે છે.

નની નિન્દા થાય છે, માટે લોક વ્યવહારમાં જેમ ઉચિત મનાતું હોય તે રીતેજ મુનિ મહાત્માઓ પણ ઉચિત લોક-વ્યવહારને અનુસરે છે, પણ ઉચિત લોક વ્યવહારનો સર્વથા અનાદર કરતા નથી. કારણ કે **લોગવિરુદ્ધચ્ચાઓ**—લોક વિરૂદ્ધનો ત્યાગ મુનિમહાત્માઓ પણ કરે છે. અહિં પણ લોક એ શબ્દથી ન્યાય નીતિ અને ધર્મ વસ્તુને સમજ નારો ઉત્તમ જનવર્ગ એ અર્થ છે, પરન્તુ સર્વ જન માત્ર તે લોક એવો અર્થ નહિ.

૩ **અજ્ઞાત ઉંછ**—પોતાની જાતિ કુલ આદિ જણાવ્યા વિના ગોચરીએ ફરવું તે અજ્ઞાત ઉંછ કહેવાય. અર્થાત્ મારાં જાતિ કુલ આદિ ઉત્તમ જાણીને ગૃહસ્થને મારા પ્રત્યે રાગ થવાથી મને આહાર આપશે એવા આશયથી, સીધી રીતે વા આડકતરી રીતે પણ ગૃહસ્થને પોતાનો પરિચય ન કરાવવો અને એ રીતે અપરિચિત રીતે ગોચરી લાવવી એ મુનિમાર્ગ છે તે સંબંધિ ભાવના ભાવવી.

૪ **પ્રતિરિક્તતા**—મુનિને રહેવા યોગ્ય ઉપાશ્રય આદિ સ્થાન પશુ નપુંસક અને સ્ત્રીઓવાળું હોય તો તે પ્રતિરિક્ત સ્થાન કહેવાય. એવા સ્થાનમાં મુનિને રહેવું ઉચિત નથી, કારણકે પશુઓ મૈથુન ક્રિયા ખુલ્લી રીતે કરતા હોવાથી તે દેખીને કામરાગ ઉત્પન્ન થાય, તથા નપુંસકોની અસભ્ય ચેષ્ટાઓથી પણ કામરાગ ઉત્પન્ન થાય, અને સ્ત્રીઓ તો સાક્ષાત્ કામરાગની મૂર્તિજ છે, જેથી એ ત્રણેની વસ્તીવાળી જગ્યામાં ન રહેવું તે પ્રતિરિક્તતા એ મુનિધર્મ છે. તેની ભાવના ભાવવી.

૫ અલ્પ ઉપધિ ભાવના—શ્રાવક પ્રભાતમાં ઉઠીને પોતાનાં વસ્ત્રાદિ અધિકરણ (હિંસક) ઉપકરણોને ઘટાડવાના આલંબન માટે મુનિ મહારાજની અલ્પ ઉપધિનો વિચાર કરે કે હે જીવ! ઉપકરણો જેટલાં અલ્પ થશે તેટલી ઉપાધિ અલ્પ થશે. એ ઉપકરણોની પાછળ તેની સારવારમાં કેટલો બધો કાળ વ્યર્થ જાય છે, એટલો કાળ ધર્મકાર્યમાં જાય તો કેવું સારૂં? માટે ઉપકરણો જેમ બને તેમ ઘટાડવાં સારાં છે, મુનિ મહાત્માઓ અધિક ઉપકરણોથી ઉપજતી અધિક ચિન્તા અને વ્યર્થ કાળવ્યય ન કરવા માટે સંયમના સાધનમાં જેટલાં ઓછામાં ઓછાં ઉપકરણો જોઇએ તેટલાંજ રાખે છે, જેમાં સ્થવિરકલ્પી મુનિરાજો ૧૪ ઔધિક (નિત્યોપયોગી) ઉપકરણો રાખે છે, અને જિનકલ્પી મુનિ જઘન્યથી ૨ ને ઉત્કૃષ્ટથી ૧૨ ઔધિક ઉપકરણો રાખે છે. કહ્યું છે કે—

जिणा बारसरूवाणि, थेरा चोद्दसरूविणो ।
अज्जाणं पन्नवीसं तु, अओ उड्ढं उवग्गहं ॥१॥

અર્થ—જિનકલ્પી મુનિઓને બાર પ્રકારના ઉપકરણો અને સ્થવિર મુનિઓને ૧૪ પ્રકારનાં ઉપકરણ હોય, તથા સાધ્વીઓને ૨૫ પ્રકારનાં ઉપકરણ હોય [એ ઔધિક ઉપકરણ (નિત્ય પાસે રાખવાનાં) હોય છે અને], એથી અધિક ઉપકરણની જરૂર પડે તો તે ઔપગ્રહિક (માગીને કાર્ય પૂરતાં રાખીને ગૃહસ્થને સોંપી દેવા યોગ્ય) રાખવાં,

---

जिनानां द्वादशरूपाणि स्थविराणां चतुर्दशरूपाणि ।
आर्याणां पञ्चविंशतिः तु अत उर्ध्वमुपग्रहः ॥१॥

એ રીતે મુનિની ઉપધિ ઔધિક ને ઔપગ્રહિક એમ બે પ્રકારની હોય છે, ત્યાં ઔધિક ઉપકરણો આ પ્રમાણે—

पत्तं पत्ताबंधो, पायट्ठवणं च पायकेसरिया ।
पडलाइ रयत्ताणं च, गोच्छओ पायणिज्जोगो ॥७७२॥

तिण्णेव य पच्छागा, रयहरणं चेव होइ मुहपोती ।
एसो दुवालसविहो, उवहि जिणकप्पियाणं तु ॥७७३॥
(પંચવસ્તુ)

અર્થ—પાત્ર, પાત્રબન્ધન, પાત્રસ્થાપન (જેના પર પાત્ર ગોઠવાય એવું વસ્ત્ર વિશેષ), પાત્રકેસરિકા (પાત્ર પૂંજવાની પૂંજણી), પટલ (પડ્વા એ વસ્ત્રવિશેષ), રજસ્ત્રાણ (દરેક પાત્રને વીંટવાનું એકજ વસ્ત્ર), ગુચ્છક (પાત્રોની ઉપર સ્થાપવાનું વસ્ત્ર વિશેષ), એ ૭ પ્રકારનો પાત્રનિયોગ (પાત્ર પરિકર, વા પાત્રપરિવાર) છે. ૭૭૨

તથા ૩ પ્રચ્છાદક (શરીર ઉપરનાં વસ્ત્રવિશેષ, કામળી સહિત) ૧ રજોહરણ (ઓઘો), ને ૧ મુહપત્તિ એ પાંચ શારીરિક ઉપકરણો ને પૂર્વોક્ત ૭ પાત્રનાં ઉપકરણ મળી ૧૨ પ્રકારની ઉપધિ જિનકલ્પી મુનિને હોય છે. ॥૭૭૩॥

पात्रं पात्रबन्धः पात्रस्थापनं च पात्रकेशरिका ।
पटलादि रजस्त्राणं, च गुच्छकः पात्रनियोगः ॥७७२॥
त्रयश्च प्रच्छादकाः रजोहरणं चैव भवति मुखपोतिका ।
एष द्वादशविधः उपधिर्जिनकल्पिकानां तु ॥७७३॥

एए चेव दुवालस, मत्तण अइरेग चोलपट्टो अ ।
एसो अ चोद्दसविहो, उवही पुण थेरकप्पंमि ॥७७९॥

(પંચવસ્તુ)

અર્થ—જિનકલ્પી મુનિના એ જ ૧૨ ઉપકરણોમાં માત્રક (પાત્ર વિશેષ)ને ચોલપટ્ટ એ બે અધિક ગણતાં એ ૧૪ પ્રકારનો ઉપધિ સ્થવિર કલ્પી મુનિને હોય છે. [એમાં પણ સાધ્વીને ૨૫ ઉપકરણ હોય છે તે ગ્રન્થાન્તરથી જાણવાં.]

એ પ્રમાણે મુનિ મહાત્માઓ અતિ અલ્પ ઉપધિવાળા હોય છે, અને ગૃહસ્થોની ઉપધિની તો સીમા જ નથી, ગાડેગાડાં ભરાય તો એ ખૂટે નહિ એટલાં ઉપકરણો તો ઘરમાં રાખે છે, અને ઘર બહાર ક્ષેત્રાદિ ઉપકરણો તો જૂદાં. આ રીતે બહુ ઉપકરણોવાળા ગૃહસ્થને ધર્મચિન્તાનો અવસર ક્યાંથી મળે ? માટે હે જીવ ! જે ઉપકરણો અત્યારે વિદ્યમાન છે તેમાંથી પણ જેમ બને તેમ ઘટાડો કરવો ઉચિત છે.

૬ **સંક્લેશ પરિવર્જન ભાવના**—બાહ્ય ને અભ્યન્તર એમ બે પ્રકારનો સંક્લેશ છે. તેમાં સ્ત્રી કુટુંબ ધન ધાન્ય શરીર આદિ સંક્લેશનાં જે સાધનો તે **બાહ્ય સંક્લેશ,** ને એજ સાધનોના નિમિત્તથી ઉપજતો રાગદ્વેષ તે **અભ્યન્તર સંક્લેશ.** અભ્યન્તર સંક્લેશ પરિણામ ભેદે અસંખ્ય લોકાકાશના આકાશ પ્રદેશ જેટલા વિવિધ ભેદવાળો છે, જેને સંક્લેશસ્થાનો કહેવામાં આવે છે. મુનિ-

---

एते चैव द्वादशमात्रकं-अतिरेकं चोलपट्टश्च ।
एष च चतुर्दशविध उपधिः पुनः स्थविरकल्पे ॥७७९॥

મહાત્માએ સ્ત્રી કુટુંબ આદિ બાહ્ય સંક્લેશોનો સાક્ષાત્ ત્યાગ કર્યો છે, જેથી એ નિમિત્તે ગૃહસ્થ જેવા દુરધ્યવસાયો થવા અશક્ય છે, તે સાથે અનન્તાનુબન્ધિ આદિ ૧૨ કષાયોથી થતા ઉત્કટ પરિણામવાળો અભ્યન્તર સંક્લેશ પણ ત્યાગ કર્યો છે, કેવળ સંજ્વલન કષાય જન્ય અલ્પ સંક્લેશ પ્રવર્તે છે. તેને દૂર કરવા માટે રાત દિન ધર્માનુષ્ઠાનો આચરે છે, શાસ્ત્રો ભણે ગણે છે, પર જીવોને ધર્મોપદેશ આપે છે, ઇત્યાદિ શુભ પ્રવૃત્તિઓથી થોડા ઘણા કાળે પણ તે અલ્પ સંક્લેશનો ક્ષય અવશ્ય થશે જ, જ્યારે મારા સરખા તો હજી બાહ્ય સંક્લેશનો ત્યાગ કરવામાં પણ અત્યંત પાંગળા ને નિર્બળ છે. મારો એવો શુભ અવસર ક્યારે આવશે કે હું પણ મુનિ થઈ સર્વ સંક્લેશનો ક્ષય કરવા ઉદ્યમવંત બનીશ. (આ સ્થાને જેઓ એમ માનતા હોય કે સ્ત્રી કુટુંબ આદિ બાહ્ય સાધનોના ત્યાગથી જ શુભ પરિણામ પ્રગટે છે, તો એમ કંઇ નથી. જીવ સમર્થ થાય તો ભોગમાં પણ યોગના પરિણામ વર્તે, ગૃહસ્થપણામાં પણ મુક્તિ પામે, માટે ગૃહસ્થપણું છોડીને સાધુ થવા કરતાં ઘરમાં રહીને જ ધર્મસાધન કરવું સારું છે, 'મન ચંગા તો કથરોટમાં ગંગા' ઇત્યાદિ ઉદાહરણો કહે છે. એવાં વચનો ભવાભિનંદી જીવોજ ઉચ્ચારી શકે છે, કારણ કે તે અજ્ઞાની જીવો એટલું પણ જાણતા નથી કે મુક્તિ શું છે? ને શાથી મળે છે, સાધુપણું શું છે? ને ગૃહસ્થપણું શું છે? વળી એમ પણ વિચારતા નથી કે અનન્ત જીવો મુક્તિ પામ્યા તે ઘરબારી રહીને કે ઘરબાર ત્યાગીને? મોટા ચક્રવર્તી સરખા મહદ્ધિકો છ છ ખંડની દેવ

સરખી ઋદ્ધિઓને સર્પ જેવી જાણી, છોડીને જંગલમાં જઈ વસ્યા; તો તે બધા અજ્ઞાની હશે ? તેમને ઘરબાર વ્હાલું નહિ હોય ? વળી ઝેરથી જો જીવન જીવાતું હોય તો અમૃતને માટે કલેશ કોણ કરે. સર્વ બાજુ સંકલેશ અગ્નિથી સળગતા ઘરમાં જો સુખે ધર્મસાધન થતું હોય તો વાઘ વરૂ ને ઝાડીવાળા જંગલોનો ને પર્વતોનો આશ્રય યોગી મહાત્માઓ શા માટે શોધે ? માટે એ નિશ્ચિત છે કે—સળગતા ઘરમાં કદી સુખે રહેવાય જ નહિ, ઘર એ તો જાજ્વલ્યમાન અગ્નિ જ છે, બીજું કંઈ નથી. (એ પ્રમાણે સંકલેશપરિવર્જન ભાવના ભાવવી.)

૭ ॥ ઉદ્યત વિહાર ભાવના ॥

વળી શ્રાવક પ્રભાતે ઉઠીને ઉદ્યત વિહારની એટલે ઉગ્ર મુનિચર્યા અંગીકાર કરવાની ભાવના ભાવે. આ સ્વગત ભાવના છે, તે આ પ્રમાણે—

कइया होही सो वासरो उ गीयत्थगुरुसमीवम्मि ।
सव्वविरयं पवज्जिय, विहरिस्सामि अहं जंति ॥१॥

અર્થ—અહો ! એવો મારો દિવસ કયારે આવશે કે જે દિવસે હું શ્રી ગીતાર્થ ગુરૂની પાસે સર્વ વિરતિ પ્રવ્રજ્યા અંગીકાર કરીને ગુરૂ સાથે વિહાર કરીશ ! ॥ ૧ ॥ ઇત્યાદિ રીતે ઉગ્ર [1]વિહારની શુભ ભાવના ભાવે.

कदा भविष्यति सो वासरस्तु गीतार्थगुरुसमीपे ।
सर्वविरतं प्रपद्य विहरिष्यामि अहं यस्मिन् ॥१॥

૧ અહિં મુનિપણું અંગીકાર કરવા સંબંધી ઉગ્ર વિહારની ભાવના કહી. તે સાથે શ્રાવક ધર્મમાં પણ ઉગ્ર ચર્યાની ભાવના ભાવે

।। શ્રાવકની ભાવનાનું ફળ–સંવેગ ।।

એ પ્રમાણે ૪૭ મી ગાથામાં કહેલ **सुहुमपयत्थेसु चित्तविन्नासो**= સૂક્ષ્મ પદાર્થોમાં એટલે કર્મના પરિણામ અને આત્માના પરિણામમાં ચિત્ત વિન્યાસ–ભાવનાથી પ્રારંભીને આ ઉદ્યત વિહાર સુધીની ભાવનાઓ શ્રાવક પ્રભાતે ઉઠીને ભાવે, તેનું સ્વરૂપ દર્શાવીને હવે એ ભાવનાઓ ભાવવાથી શું ફળ પ્રાપ્ત થાય તે કહે છે. એ પ્રભાતની ભાવનાઓ શ્રાવકને **संवेग रसायणं देइ**=સંવેગ રૂપી રસાયણ આપે છે. સંવેગ એટલે સંસાર ઉપર ઉદ્વેગ અથવા મોક્ષ પ્રત્યે રાગ તે રૂપ રસાયણ આપે છે. અહિં સંવેગને રસાયણની એટલે અમૃતની ઉપમા આપી છે તેનું કારણ એ કે જેમ ચંદ્રોદયાદિ ભસ્મો (માત્રાઓ) ઇત્યાદિ રૂપ રસાયણો (પારા વિગેરેની ઔષધી) રોગી પુરૂષનો રોગ મટાડી તુષ્ટિ પુષ્ટિ કરી પુનર્જીવન આપે છે, તેમ સંસારોદ્વેગ રૂપ રસાયણ–અમૃત ભવરોગી ભવ્ય જીવનો ભવ રોગ મટાડી (જન્મ જરા મરણ રૂપ વ્યાધિઓ મટાડી) મોક્ષપદ આપે છે, કે જેમાં જન્મ નથી, જરા નથી, મરણ નથી, ભૂખ

તો પણ ઉચિત છે. તે આ પ્રમાણે—હે જીવ! તેં અણુવ્રતાદિ વ્રતો તો અંગીકાર કર્યાં, પરન્તુ એટલાથી તારી સિદ્ધિ નથી જ. તારે ચારિત્ર અંગીકાર કરવું એજ તારો પુરૂષાર્થ છે. શ્રાવક ધર્મ તો અસમર્થને માટે છે, માટે તું સમર્થ કયારે થઈશ? વળી આ શ્રાવક ધર્મમાં પણ દર્શન પ્રતિમા આદિ જેવી ૧૧ પ્રતિમાઓ રૂપ ઉગ્ર ચર્યાવાળો કયારે થઈશ? આની આ સ્થિતિમાં કયાં સુધી રહીશ? માટે હવે કંઇક પુરૂષાતન પ્રગટ કરી મુનિમાર્ગ અંગીકાર કર, અને

નથી, તરસ નથી, રોગ નથી, ક્રોધાદિ કષાયો નથી, ઇત્યાદિ સંક્લેશનું એક પણ સાધન નથી. શાશ્વત અનન્ત સુખનું સ્થાન છે. ॥ ૪૯ ॥

અવતરણ—એ પ્રમાણે શ્રાવકને પ્રભાતમાં ઉઠીને ભાવવા યોગ્ય ભાવનાઓ કહી, તે સાથે શ્રાવકની પ્રાભાતિક પરિચર્યાથી પ્રારંભીને બીજા દિવસની પ્રાભાતિક પરિચર્યા સુધીની વિધિ તેમજ તે પહેલાં સંપૂર્ણ જીવન પર્યંતનો વ્રતાદિ વિધિ એ સર્વ કહીને હવે આ પ્રકરણના ઉપસંહાર (સમાપ્તિ)માં એ વિધિઓનું ફળ દેખાડે છે :—

गोसे भणिओ य विही, इय अणवरयं तु चिट्ठमाणस्स ।
भवविरहबीयभूओ, जायइ चारित्तपरिणामो ॥५०॥

ગાથાર્થ—શ્રાવકનો પ્રભાત સંબંધિ વિધિ કહ્યો. એ પ્રમાણે નિરન્તર પૂર્વોક્ત શ્રાવક અનુષ્ઠાનમાં પ્રવર્તતા શ્રાવકને સંસાર વિરહના કારણભૂત એવો સર્વ વિરતિ ચારિત્રનો પરિણામ અવશ્ય થાય છે. ॥ ૫૦ ॥

ભાવાર્થ—એ **एवकारेण विबोहो** એ ગાથાથી પ્રારંભીને **बाहगदोस विवक्खे** એ ગાથા સુધી શ્રાવકનો પ્રભાત વિધિ

તેમાં પણ હજી તમારી શિથિલતા હોય તો પ્રતિમાઓ જેવી ઉગ્ર ચર્યા અંગીકાર કર; પરન્તુ આની આ સ્થિતિમાં ન રહીશ, ઇત્યાદિ રીતે શ્રાવકપણાની ઉગ્ર ચર્યાની ભાવના (મુનિમાર્ગના લક્ષ્યને તજ્યા વિના) ભાવે.

गोषे भणितश्च विधिरिति-अनवरतं तु तिष्ठतः ।
भवविरहबीजभूतो जायते चारित्रपरिणामः ॥५०॥

કહ્યો, અને સમ્યકત્વ મૂળ બાર વ્રતનો વિધિ તો આ પંચાશકના પ્રારંભથી જ કહેવાયો છે. માટે એ પ્રાભાતિક વિધિ અને દિન વિધિ વા જીવન વિધિ જે દેશ વિરતિ ચારિત્રરૂપ (સમ્યકત્વ મૂળ બાર વ્રત રૂપ) કહ્યો છે તે વિધિ અનુષ્ઠાનોને નિરન્તર– પ્રતિદિન આચરતો શ્રાવક અન્તે સર્વ વિરતિ ચારિત્રના પરિણામને અવશ્ય પ્રાપ્ત કરે છે. કારણ કે દેશવિરતિના અતિ અભ્યાસથી પર્યન્તે સર્વ વિરતિ પરિણામ પ્રગટ થાય જ.

પ્રશ્ન:—દેશવિરતિના અભ્યાસથી સર્વ વિરતિ ચારિત્રનો પરિણામ પ્રાપ્ત થાય તે અન્તર્મુહૂર્તમાં થાય કે તે ભવમાં પ્રાપ્ત થાય કે અન્ય ભવમાં ?

ઉત્તર:—દેશવિરતિના ઉત્કૃષ્ટ અભ્યાસથી વા અધ્યવસાયથી અન્તર્મુહૂર્તમાં પણ સર્વ વિરતિ પરિણામ પ્રાપ્ત થાય, મધ્યમ અધ્યવસાયે તે ભવમાં દેશોન પૂર્વ ક્રોડ વર્ષને અન્તે પણ ચારિત્ર પરિણામ થાય, અને જઘન્ય અધ્યવસાયે અનેક ભવો સુધી દેશવિરતિ પામીને પણ સર્વવિરતિ પરિણામ થાય, માટે દેશવિરતિથી સર્વવિરતિ પામવામાં કોઈ નિયત કાળનું અન્તર નથી. સર્વોત્કૃષ્ટ અન્તર ૦॥ પુદ્ગલ પરાવર્ત જેટલા અનન્ત કાળનું પણ છે, અર્થાત્ ચરમ પુદ્ગલ પરાવર્તમાં કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર શેષ રહ્યે ઉપશમ સમ્યકત્વ સહિત દેશવિરતિ પામીને તે શેષ સંસારના પર્યન્તે ચારિત્ર પરિણામ પામે તો દેશવિરતિ ને સર્વ વિરતિ વચ્ચે એટલું ઉત્કૃષ્ટ અન્તર હોય.

પ્રશ્ન—સંભળાય છે કે ઉત્કૃષ્ટ દેશવિરતિ શ્રાવક ૧૨ મા અચ્યુત દેવલોકે ઉત્પન્ન થયા છે, અને દેવલોકમાં તો અવિરતિ ભાવ છે, તો દેશવિરતિથી અનન્તરપણે સર્વવિરતિ પણું કેવી રીતે હોય ?.

ઉત્તર—ધર્માનુષ્ઠાનનું મુખ્ય ફળ મોક્ષપદ છે. ને દેશવિરતિ અનુષ્ઠાનનું અનન્તર પ્રધાન ફળ ચારિત્ર છે, ને એ બન્ને અનુષ્ઠાનોથી જે ક્રમશઃ અનુત્તર દેવલોક અને બારમો દેવલોક છે, તે તો પ્રાસંગિક ફળ છે અથવા ગૌણ ફળ છે. માટે પ્રધાન ફળ પ્રાપ્તિની તથાભવ્યત્વસ્થિતિ પરિપકવ ન થઇ હોય ત્યાંસુધી એ બન્ને અનુષ્ઠાનો તેમજ સમ્યક્ત્વ એ ત્રણે ધર્મ વૈમાનિક દેવલોકના ફળને આપનારા છે, અને તથાભવ્યત્વસ્થિતિ પરિપકવ થતાં સમ્યકત્વાનુષ્ઠાનો દેશવિરતિ વા સર્વવિરતિ ફળને આપે છે. દેશવિરતિધર્મ સર્વવિરતિ ફળ આપેછે. ને સર્વવિરતિ ધર્મ મોક્ષફળ આપેછે, એ એ ધર્મોનાં અનન્તર પ્રધાન ફળ જાણવાં, ને પરંપર પ્રધાન ફળ તો પહેલા બે ધર્માનુષ્ઠાનોનું મોક્ષફળ છે. એ પ્રમાણે ત્રણે ધર્મોના ફળનો અનુક્રમ હોવાથી આ ગાથામાં દેશવિરતિનો નિરન્તર અભ્યાસ કરનારને ચારિત્રપરિણામ રૂપ ફળની પ્રાપ્તિ કહી, પરન્તુ મોક્ષપદની પ્રાપ્તિ કહી નથી.

પ્રશ્ન—દેશવિરતિ શ્રાવકને ભાવી ચારિત્રના અધ્યવસાય વર્તે કે નહિ કે કેવળ વર્તમાન દેશવિરતિનાજ અધ્યવસાય વર્તે ?

ઉત્તર—જેમ સમ્યકત્વનાં અધ્યવસાયસ્થાનો ભાવી દેશવિરતિ ને સર્વવિરતિ ગર્ભિત હોય છે, તેમ દેશવિરતિનાં

અધ્યવસાય સ્થાનો ભાવી સર્વવિરતિ ગર્ભિત જ હોય,વિરહિત ન હોય, અને જો ભાવી સર્વવિરતિના પરિણામ ગર્ભિત ન હોય તો તે દેશવિરતિના અધ્યવસાયોજ નથી એમ જાણવું. માટે દેશવિરતિ શ્રાવકને સર્વવિરતિ પામવાના મનોરથ અવશ્ય હોય.

હવે દેશવિરતિ શ્રાવકને દેશવિરતિના અનન્તર પ્રધાન ફળ રૂપે જે ચારિત્ર પરિણામ થાય છે તે ચારિત્ર પરિણામ કેવા પ્રકારનો થાય છે ? તે કહે છે—**भवविरहबीयभूओ**= ભવવિરહના બીજ ભૂત એટલે સંસારનો નાશ કરવામાં મૂળ કારણ રૂપ એવો ચારિત્ર પરિણામ તેજ ભવમાં વા અન્ય ભવમાં પણ થાય છે.

પ્રશ્ન—દેશવિરતિના ફળરૂપ ચારિત્ર પરિણામને ભવવિરહ બીજભૂત વિશેષણ આપવાનું શું કારણ ? શું અનુત્તરાદિ ફળ ને મોક્ષફળ એ બન્ને ફળ ચારિત્ર પરિણામનાં જ છે, તો કેવળ ભવવિરહબીજભૂત ચારિત્ર પરિણામ પ્રાપ્ત થાય એમ કહેવાનું તાત્પર્ય શું ? બન્ને વિશેષણ પણ ઘટે કે નહિ ?

ઉત્તર—અહિં **'भवविरहबीयभूओ'**(મોક્ષના બીજ ભૂત) એ વિશેષણથી એ નિશ્ચિત કર્યું કે—સર્વવિરતિના ચારિત્રનું મોક્ષફળ એજ તાત્વિક ફળ છે અને તેથી દેશવિરતિને જે ચારિત્ર પરિણામ પ્રાપ્ત થાય છે તે પણ એ તાત્વિક ફળ આપનારો જ ચારિત્ર પરિણામ પ્રાપ્ત થાય છે, પરન્તુ અનુત્તરાદિ સુખને આપવાવાળો પ્રાસંગિક ફળદાયી ચારિત્ર-પરિણામ પ્રાપ્ત નથી થતો, એમ કહેવાથી દેશવિરતિની

પણ પ્રધાનતા દર્શાવી. કારણ કે અપ્રધાન દેશવિરતિ અનુષ્ઠાન વાળો જીવ તેજ કહેવાય કે જે સુખની લાલસાવાળો હોય, અને એવી લૌકિક સુખોની લોલુપતાવાળા જીવનાં એ દેશવિરતિ અનુષ્ઠાનો તાત્વિક દેશવિરતિ રૂપ નથી. પરન્તુ નિદાનગર્ભિત હોવાથી અતાત્વિક છે, અને એવા અતાત્વિક દેશવિરતિ અનુષ્ઠાનોવાળાને ચારિત્ર પરિણામ ઉપજે તોપણ તાત્વિક ફળવાળો (મોક્ષ ફળવાળો) ચારિત્ર પરિણામ ન ઉપજે એ સ્પષ્ટ છે. તેથી આ ગાથામાં **भवविरहबीजभूत** એ વિશેષણથી સર્વવિરતિનું તાત્વિક ફળ અને દેશવિરતિની પ્રધાનતા એ બે વસ્તુ પ્રગટ કરી.

આ ગાથામાં **विरह** એ પદ શ્વેતાંબર શ્રીહરિભદ્રસૂરિની કૃતિને સૂચવે છે, કારણ કે શ્રીહરિભદ્રસૂરિકૃત ગ્રંથોમાં પર્યન્તે કર્તા તરીકે પોતાનું સ્પષ્ટ નામ ન દર્શાવતાં **विरह** એ પદ દર્શાવ્યું છે. જેમ શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજે પોતાનું નામ ગ્રન્થના પર્યન્તે ન જણાવતાં ગ્રન્થ પ્રારંભમાં **ऐन्द्र** પદથી જણાવ્યું છે. જેથી ઐન્દ્ર પદથી પ્રારંભાતા ગ્રન્થો **શ્રીઉપાધ્યાયજી કૃત** છે, એમ સ્પષ્ટ થાય છે, તેમ અહિં પણ **विरह** પદથી આ ગ્રન્થના કર્તા "યાકિની મહત્તરાસૂનુ" ઉપનામવાળા **આચાર્ય** ભગવાન **શ્રીહરિભદ્રસૂરિ** સ્પષ્ટ થાય છે. ॥ ૫૦ ॥

આ પ્રમાણે પ્રથમ પંચાશક શાસ્ત્રનું વિસ્તાર પૂર્વક વિવરણ તેની ટીકાના અનુસારે કરવામાં આવ્યું છે. આ શ્રાવક ધર્મ વિધાનમાં અલ્પજ્ઞતા અને ઉપયોગ શૂન્યતાદિના કારણે કોઈ પણ વિગત સિદ્ધાન્ત તથા મહાપુરૂષ પ્રણીત

સામાચારી વિરૂદ્ધ લખાએલ હોય તો મિચ્છામિ દુક્કડં પૂર્વક ક્ષમાપના સાથે વિરમું છું.

અને આ ગ્રન્થ સંપાદન કરવામાં મારા પરમોપકારી જ્ઞાન ગુરૂ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીમાન વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજની અસીમ કૃપા દૃષ્ટિથી સફલ થયો છું તેથી તેઓશ્રીનો સદા ઋણી છું. તેમનો અનહદ ઉપકાર ભૂલાય તેમ નથી.

આ ગ્રન્થ વાંચી અનેક ભવ્યાત્મા સમ્યક્ત્વ યુક્ત બાર વ્રતને ગ્રહણ કરવામાં ઉત્સુક થાય એજ અભ્યર્થના.

—: प्रशस्तिः :—

सूरिसम्राट् जगद्वन्द्यो, विजयनेमिसूरिराट् ।
राजते राजतेजोभिर्दीप्यमानो भुवस्तले ॥ १ ॥

तदीयपट्टपीयूष–दीधितिर्व्यवहारविद् ।
शान्तभूर्तिः प्रपूज्यश्री, विज्ञानसूरिपस्ततः ॥ २ ॥

तत्पट्टपद्मपद्मेश– प्राकृतविद्विशारदः ।
क्रियारुचिः प्रशान्तात्मा, कस्तूरसूरिरुत्तमः ॥ ३ ॥

तद्विनेयरत्नसद्धर्म–देशकः कविसत्तमः ।
यशोभद्रमुनिर्नाम्ना तदन्तेवासिना मया ॥ ४ ॥

शुभङ्करेण श्राद्धानां हिताय व्रतकाङ्क्षिणाम् ।
सूरिपुरन्दरश्रीमद्– हरिभद्रमुनीश्वरैः ॥ ५ ॥

गुम्फिते जीवजातानां जीवातुकल्पपुस्तके ।
नाम्ना पञ्चाशके शास्त्रे, विधिरत्नमहोदधौ ॥ ६ ॥

श्राद्धधर्मविधानाख्यं धूर्यपञ्चाशकस्य नु ।
कृतं विवरणं चारु, गुरूणां कृपया सताम् ॥ ७ ॥

सहस्रद्वयपञ्चाब्दे वैक्रमीये च गच्छति ।
माघस्य पूर्णिमायां तत् पूर्णं जीयाद् ध्रुवं चिरम् ॥ ८ ॥

॥ इति सूरिपुरन्दर–सुगृहीतनामधेय–पूज्यपाद–आचार्य-
महाराज–श्रीहरिभद्रसूरीश्वर–विरचित–
श्रीश्रावकधर्मविधानात्मकं–प्रथम-
पंचाशकविवरणं समाप्तम् ॥

શ્રી નેમિ-વિજ્ઞાન-ગ્રન્થમાલાના

—: પ્રકાશનો :—

૧	શ્રી પ્રાકૃતવિજ્ઞાન પાઠમાલા (દ્વિતીયાવૃત્તિ)	૪-૦-૦
× ૨	શ્રી સ્તમ્ભન પાર્શ્વનાથ ચરિત્ર	ભેટ
× ૩	સિરિ આરામસોહા કહા	,,
× ૪	સિરિ ધણુવાલ કહા	,,
૫-૬	કરુણરસ કદંબક પ્રાકૃત તથા સંસ્કૃત	૧-૮-૦
× ૭	શ્રી ભાનુચંદ્ર ગણિ ચરિત્ર	ભેટ
× ૮	સૂર્ય સહસ્રનામ સ્તોત્ર	,,
૯	સિરિ તરંગવઈ કહા	૨-૮-૦
૧૦	સિરિ જંબૂસામિ ચરિત્તં	૧-૪-૦
૧૧	શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર સ્તવવૃત્તિ	૦-૮-૦
૧૨	શ્રી શ્રાવકધર્મ વિધાન	૩-૮-૦

—: હવે પછીના પ્રકાશનો :—

૧ શ્રી સંક્ષિપ્ત પ્રાકૃત શબ્દ રૂપમાલા
૨ શ્રી સંક્ષિપ્ત પ્રાકૃત ધાતુ રૂપમાલા
૩ અભિધાન ચિંતામણિ ગુર્જર સાનુવાદ
૪ શ્રી ભદ્રેશ્વરાચાર્યકૃત-કહાવલિ ભા. ૧ (પ્રાકૃત)

—: પ્રાપ્તિસ્થાન :—

૧ જીવણલાલ છોટાલાલ સંઘવી.
ડે. ડોશીવાડાની પોળ, **અમદાવાદ.**

૨ જસવંતલાલ ગિરધરલાલ શાહ.
૧૨૩૮ રૂપાસુરચંદની પોળ, **અમદાવાદ.**